મંડળ તરફથી પ્રગટ થયેલ ગ્રન્થોના નામો-કિંમત અને તે ગ્રન્થો મળવાના ઠેકાણાં માટે આ ગ્રન્થના છેવટે પેજ ૪૫૯ થી ૬૩ અને ૬૪ ઉપર ધ્યાન આપી ગ્રન્થો વાચી-વંચવી આત્મજ્ઞાનનો વધુ લાભ લેવો જરૂરી છે.

મુદ્રક—[illegible], શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ, ઘાણાપી!

—નિવેદન—

[illegible]

તે પ્રકટ કરવા યોગ્ય લાગ્યું. મંડળના ઉપપ્રમુખ શ્રી. ફતેહચંદ-ભાઈ ઝવેરભાઇને તપાસવા આપ્યું અને તે તેમને ઘણું જ ઉપયોગી જણાયું. તેમા શાસ્ત્રોનું દોહન-તત્ત્વચિન્તનનું સત્ત્વ અને ઉત્તમ જીવનના આદર્શ રૂપ લાગ્યું. માનવમાત્રનું મનન-પૂર્વક જીવન ઉજ્જવળ કરી શકે તેવું ભાસ્યું-સદ્ગુરુશ્રીના વિચારો અને વર્તનને અનુરૂપ જણાયું; જેથી ગ્રંથરૂપે પ્રકટ કરવા નિશ્ચય થયો અને તેનો અમલ થયો. આમ આ સુંદર ગ્રંથ પ્રકાશન પામે છે.

શ્રીમાન્ ફતેહચંદભાઈ શાસ્ત્રના ઊંડા અભ્યાસી હોવા સાથે તેમની અવગાહનશક્તિ તીવ્ર હોવાથી ગમે તેવા મોટા ગ્રંથ-માં શું છે તે ત્વરિત અને પક્ષપાત વિના તપાસી શકે છે. એટલે આ ગ્રંથની ઉપયોગિતા શી છે ? તે તેમના શબ્દો-'પુરોવચન' ના મથાળા નીચે આપ્યા છે જેથી ગ્રંથમાંની વસ્તુ વિષે વિશેષ લખીશું નહિ.

આ પ્રથમ ભાગમા તત્ત્વનાં તારણરૂપે વાક્યો પ્રકટ થયાં છે. હજી છપાવાના કેટલાયે બાકી છે અને લખાયે જ જાય છે. જો આ ગ્રંથનો વિશેષ આદર થશે તો પ્રકટ કરવાની ભાવના છે.

આ. શ્રી કીર્તિસાગરસૂરિજી પોતાના લખેલ ગ્રંથો માટે ધનિકો પાસેથી દ્રવ્ય મેળવવાનું-માગવાનું ઉચિત માનતા ન હોવાથી તેમના શિષ્યોએ પ્રસંગોપાત્ત રૂા ૧૨૫૦) મેળવ્યા છે. બીજા ૧૬૧) મળ્યા છે, એમ આચાર્યશ્રીના લખાણથી સમજી શકાય છે એ રકમના ગ્રંથો (લગભગ ૩૦૦) તે દ્રવ્ય સહાયકો વિ. ને આપવા માટે આ૦ શ્રીને આપવાના છે. અને મંડળના

પેટ્રનો તથા લાઇફ મેંબરો વિગેરેને ૨૦૦) બેટ આપવાના છે; તે જતાં ૫૦૦) નકલજ વેચાણ માટે રહેશે. તે આવું કેમ ધીમું ચલાવ્યું એવી ગમગીની ગરબા બાબામાં કેમ કેટલ કેમાં નેતાં આવી છે કે જલદી આવી જશે અને બીજો ભાગ પ્રકટ કરવા પ્રોત્સાહન મળશે.

સાગરજીનો જન્મ સં. ૧૯૪૬ માં થયેલ છે એટલે તેમનો પાંસઠમા વર્ષમાં પ્રવેશ થાય છે. દીક્ષા સં. ૧૯૬૯ માં લીધેલ છે જેને ૪૨ વર્ષ થયા. પંન્યાસ પદ સં. ૧૯૮૪ મા અપાયું જેને ૨૭ વર્ષ થયા અને આચાર્ય પદ સં. ૧૯૯૬ માં અપાયું તેને ૧૫ વર્ષ થયા.

આ ગ્રંથમળામા પ્રકટ થયેલ ગ્રંથોના નામો, કિંમત અને તે મળવાના ઠેકાણા આ ગ્રંથના ૪૫૯ થી ૪૬૩ મા પાને જણાવેલ છે. તથા ૪૬૪ મા પાને સભ્યો-સભ્યો થવાના પ્રકાર પણ જણાવેલ છે તે જોઈ જવા અને સભ્ય થવા અને અન્યને સભ્ય કરવા સૌ કોઇ સુજ્ઞ વાચકને વિનંતિ છે.

આ ગ્રંથ પ્રત્યેક વાચકના આત્માને જગાડી, સ્વપરનું ભાન કરાવી સ્વકર્તવ્ય પાલન તરફ લઇ જઈ શાશ્વત સુખ મેળવી આપો એ ભાવના અમર છે.

ઠપ-ચોપાટી મહિમ
મુંબઇ ૭
૨૦૧૧ ફાગણ વદ ૧

મણિલાલ મોહનલાલ પાદરાકર
મંગળદાસ લલ્લુભાઈ ઘડીઆળી
ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા
મંત્રીઓ

ગ્રન્થલેખકના બે બોલ

[illegible]

તેઓને હમોએ યોગમાં નાખ્યા; આનંદપૂર્વક યોગોનું વહન ચાલ્યું તે વખતે અમો આ ગ્રન્થનું લખાણ થયું હતું તે જોઈ જતા હતા ત્યારે તે ચારે મુનિવર્યો-પંન્યાસોએ તેને છપાવવા પ્રેરણા કરી અને કહ્યુ કે હમો ઉપદેશ કરી રકમ અપાવીશું અને તેઓએ રૂ. ૧૦૦૦) મેળવ્યા. બાદ પંન્યાસ-મહોદયસાગરજીએ ઉપદેશ આપી બીજા રૂ. ૨૫૦) મેળવ્યા; તેથી મંડળના મંત્રીઓને આ ગ્રન્થ છપાવવા પત્ર લખ્યો અને મંડળે ગ્રન્થ છપાવવા નિર્ણય કર્યો, તે પછી રૂ. ૨૬૧) બીજા પંન્યાસ-મનહરસાગરજીગણીના સદુપદેશથી શ્રાવકો તરફથી મલ્યા-એમ રૂ. ૧૫૧૧) મંડળને આપી તેટલી કિંમતના ગ્રન્થો મેળવી દ્રવ્ય સહાયકો વગેરેને આપવાનું મુકરર થયું છે.

ચારેક વર્ષથી મંડળના મંત્રી શ્રી મંગળદાસભાઇ તથા શ્રી લલ્લુભાઇ આ લખાણ છપાય તેવી પ્રેરણા કરતા હતા અને તેથી આ ગ્રન્થ છપાઈ બહાર પડે છે-મંડળના ઉપ-પ્રમુખ શ્રી ફતેહચંદભાઇએ સારી રીતે ઉપયોગપૂર્વક ભક્તિ કરી છે ને પ્રૂફો કાળજીથી જોયા છે, તે તેમની સહૃદયતા દર્શાવે છે; તેઓનું વાચન વિશાળ હોવાથી અને શાસ્ત્રોનો સારો અભ્યાસ હોવાથી વિવિધ સંસ્થાઓમા રીતસર શાંતિથી સેવા-ભક્તિ કરીને સમ્યગ્-જ્ઞાનનો વધારો કરતા રહ્યા છે તે ધન્યવાદને પાત્ર છે; તેમને હમારી સમલાસાશિષ છે. બાકીના લખાણ માટે યોગ્ય થાય તેમ મંડળની ભાવના અધિષ્ઠાયકો પાર પાડે તથા અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ સમર્થ બને-સભ્યો ખૂબ વધે અને વધુ ગ્રન્થો પ્રગટ કરવું રહે તથા ધનિકો દ્રવ્ય આપતા રહે તેમ ઈચ્છું છું.

સં ૨૦૧૧
મહા વદ ૧૧ } આ૦ કીર્તિસાગરસૂરિ

પુરોવચન.

[illegible]

માનસિક ઉન્નતિ દર્શાવી છે. પ્રસંગે પ્રસંગે અનેક શુભ વિચારોનો સંચય કરી, તેની નોંધ કરી સ્વ-પર ઉપકારની દૃષ્ટિએ સર્વજ્ઞ સિદ્ધાંત-અનુસાર **મુષ્ટિજ્ઞાનરૂપ** આ પુસ્તકમાં ઉપદેશવચનો સમર્પણ કર્યાં છે.

દ્વિતીય વિભાગમાં બાકી રહેલા ઉપદેશના રહસ્યો હવે પછી પ્રકટ થશે. ભાષા સરળ ગુજરાતી છે, અને વાંચકોને રસિકતા અર્પવા સાથે હૃદયના ભાવોને જાગૃત કરી આત્માના અનેક ગુણોનો વિકાસ કરવા અવશ્ય સહાયભૂત થશે.

કર્મયોગ જેવા મહાન્ ગ્રંથમા સ્વ. પૂ. આ. શ્રી **બુદ્ધિસાગરસૂરિજી**એ જેવી રીતે પ્રવૃત્તિમાં નિવૃત્તિ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ સ્યાદ્વાદ દૃષ્ટિએ દર્શાવી છે, તેવી જ રીતે પૂ આ. શ્રી **કીર્તિસાગરસૂરિજી**એ અનેક શુભ પ્રવૃત્તિઓ કર્મયોગી બનવા માટે સુવાક્યોમા સ્પષ્ટ કરી છે. અધ્યાત્મનો આદર્શ સન્મુખ રાખી અનેક નાના કથા વિભાગનાં દૃષ્ટાંતોને રજૂ કરી કુશળ વૈદ્યના ઔષધની જેમ વારંવાર પ્રેરણાઓ (Inspirations) આપી જૈન જૈનેતર માનવોના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક જીવન ઉન્નત બનાવવા પ્રયાસ કર્યો છે, આચાર્યશ્રીના પ્રસ્તુત ગ્રંથમા વ્યવહારથી સ્વતઃ જીવન જીવવાનો તેમજ અનેક પરોપકારી શુભ કાર્યો કરવાનો ઉપદેશ ધ્વનિ છે, તેમજ નિશ્ચયથી સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર વ્રત તપના કારણની મુખ્યતા છે. ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, વ્યવહાર ધર્મ, નિશ્ચય ધર્મ, ત્યાગમાર્ગ, ઉચિત આહારવિહાર, લક્ષ્મીની અનિત્યતા, તેનો સદુપયોગ, નિર્ભયપણું, નિરાસક્તિપૂર્વક જીવનચર્યા, નિર્લેપતા, હર્ષ-

[illegible]

આંતરજ્યોતિ—શુદ્ધિપત્રક

[ા કાનો, ે માત્ર, ૂ રકાર, િ હ્રસ્વાઇ, ી દીર્ઘાઇ, આદિના કુલેક ટાઇપ વાંચકોએ સમજી સુધારી વાંચવા ઉપયોગ રાખવો.]

પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૯	૧૨	તે લીધેલ	અને લીધેલ
૨૯	૧૦	સાધનોના	સાધનો અને
૩૯	૧૦	રહિત	સહિત
૬૩	૮	બગલામા કોઈ	બંગલામા રહેવા કોઇ
૮૮	૧૪	શ્રદ્ધા	શક્તિ
૯૯	૧૬	છતા	તો
૧૦૨	૧૯	જગત	જાગૃત
૧૧૫	૧	કળથી	બળથી
૧૧૫	૯	ચાડી	પાડી
૧૧૭	૧૯	તમો સારી	તમો મારી રીતે
૧૪૦	૧૫	શાસ્ત્રોને	શસ્ત્રોને
૧૬૩	૧	મળતો નથી	મળતો નથી જેથી,
૧૯૨	૧૧	દુઃખ	દુ ખ દૂર
૨૧૨	૩	કોઇ પણ	કોઇના પણ
૨૭૩	૧૩	સંતોના	સતોષના
૩૭૧	૧૧	માટે આત્મિક	આત્મિક
૩૧૪	૩	સૈનિક જો	સૈનિકને જો
૩૮૨	૨	પચે પળે	પચે વળે
૩૯૨	૨૩	થાઓ એવો	થાય એવો
૩૯૪	૧૭	ભાન ભાન થાય છે	ભાન થાય છે
૪૫૮	૭	ચાદ	ચૌદ

શ્રદ્ધાનુસારી.

([illegible])

[illegible] શ્રદ્ધાનુસારી [illegible] !

[illegible]

તું આવ્યો જગપરિમળ ભરવા, પાંદડીએ ભરી લાવ્યો !
આભ-સુરજ તુજ દૃષ્ટિ શોમે, કા ચાટે ભરમાયો ?
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ? ૩

ભ્રમર પરાગે ભૂં-ભૂં ગુંજે, તું સૌંદર્યે ન્હાયો !
શારદ-લક્ષ્મી હૈયે રાખે, ત્હોયે નથી ધરાયો ?
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ? ૪

તું અમૃતનો કૂપો, અમૃત પીવા કા લલચાયો ?
સરવરીયા જળ છોડી-છીછરે તળાવડે અટવાયો ?
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ? ૫

સરવર સોહે, હંસલ મોહે, પ્રભુના શિર ચઢાયો !
રસભર મદમર પાદડી મ્હોર્યા-ત્હનેય મદ ઉભરાયો ?
હંસલા ! ભૂલ્યો કે ભરમાયો ? ૬

સ્વર્ગ-મૃત્યુ-પાતાળે પંકજ, દેવ-મનુ ખીરદાયો !
માનુનીએ કાળજડે ચાપ્યો, ગર્વ ત્હને શું આવ્યો ?
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ? ૭

કરી-કરિણીનો થામ બનીશ, ત્હેં પાખડી ભ્રમર ભીડાવ્યો !
શુષ્ક બની ધરણી ઢળવા, જો શિવ ન ઇશ ચઢાયો !
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ? ૮

માયા પરખી, નાગિણી સરખી, જો નિજ ભાન જગાયો !
આત્મા-પરમાત્મા થા ! પંકજ ! પારસ 'મણિ' પરખાયો !
પંકજ ! ભૂલ્યો કે ભરમાયો ?

—પાદરાકર.

અનંત ગુણો તારામાં ભરેલા છે, છતાં તું મદ–અભિમાનરૂપી અજ્ઞાનતા હજી તજતો નથી ?

ચોરાશી લક્ષ જીવયોનિમા માત્ર મનુષ્ય ભવમાં જ આત્મા સ્વ–ગુણે મોક્ષ પામી શકે છે કારણ અહીં દેવ ધર્મ ગુરુ સમ્યક્ત્વ આદિ સાધનો ઉપલબ્ધ છે. દ્રવ્ય ગુણ પર્યાય તથા નય-નિક્ષેપ–ભંગ–પ્રમાણ સમજવાની તક માનવ ભવમા જ છે. દેવો પણ એથી જ મનુષ્યભવ ઝંખે છે, નિજ ગુણ લક્ષ્મી તારા માટે તલસે છે એનો પણ ગર્વ ન કરીશ. કારણ ? જો તું સ્વ-ગુણરમણતા તજી સંસારના વિષમ–વિષય ભોગોમા ફસાઈશ તો મોહ રાજા અને કુમતિ રાણીરૂપી હાથી–હાથિણી તારા આત્મગુણો ભૂલાવશે જેથી તારા અપ્રકટ સ્વ–ગુણોનો આવિર્ભાવ અટકી જશે અને એ ગુણોવડે તારું સ્વરૂપ વિચારી પ્રભુતા વરવા તૈયાર ન થઈશ તો આખો માનવભવ હારી જઈશ.

જો સ્વ–પર (પોતાનું–પરાયું આત્મા અને પુદ્ગલ) પરખી લે;–પૌદ્ગલિક સુખો વિષ સરખા છે. એના ઝેરી ડંખ ભલભલા માનવને રખડાવી દે છે; તો સત્તાએ સિદ્ધ સમાન એવો તું ત્હારા સ્યાદ્વાદશૈલીયુક્ત અનેકાંત ધર્મને સમજી લે પંકજ ! (આત્મા) આત્મધર્મરૂપી પારસમણિના સ્પર્શે તું પરમાત્મા બની જા ! આમ જ જન્મ જરા મરણના ફેરા ટળશે અને તું ખુદ પ્રભુ બનીશ જ. લે ! આત્મપંકજ ! હે આત્મમણિ ! એજ ત્હારું અમલ સ્વરૂપ છે.

આંતર જ્યોતિ

૧. આ જગતમાં મનુષ્યોનું પ્રાયઃ વિચારો, સંસ્કારો અને વાસનાના આધારે સ્વજીવન ઘડાય છે; અને તેઓ પોતાનું વર્તન પણ તે વિચારાદિક પ્રમાણે રાખે છે; જો તેઓ બરાબર દુર્જન માણસોના સહવાસથી દુષ્ટ વિચારો અને સંસ્કારોની વાસનામા લિપ્ત બને તો સ્વજીવનને બરબાદ કરી મૂકે છે. એટલે તેઓને સદ્વિચારો તરફ પણ રુચિ થતી નથી, દુષ્ટ સંસ્કારોવડે વાસિત બની અસહ્ય યાતનાઓના ભોક્તા બને છે. ધારો કે એક શ્રીમંતના પુત્રને દુરાચારી-વ્યસનીઓની સોબત થઈ અને તેઓ પોતાના ફંદામાં ફસાવા માટે પ્રથમ કલાલ-દારૂ વેચનારનું મન મનાવીને, તે પુત્રની આગળ મદિરાના વખાણ-પ્રશંસા કરાવે છે અને તે દુરાચારીઓ પોતે જાણતા ન હોય શું? તે પ્રમાણે દેખાવ કરે છે કારણ કે પોતાના ઉપર દોષનો આરોપ ન આવે તે માટે તથા પોતે નિર્દોષ છે તે માટે પણ તેવા માણસો દેખાવ કરવામા બાકી રાખતા નથી. દારૂ વેચનારના કથનથી તે પુત્ર, દારૂ પીવાનો વ્યસની બરોબર બન્યો. દારૂ પીધા વિના હવે તેને ચાલતું નથી અને પૈસાનો તોટો પડવા લાગ્યો. પિતાને કહેવાય નહિ તેથી ઘરમાં દુકાનમા ચોરી કરવા લાગ્યો તેનો પિતા જ્યારે કહે ત્યારે શાહુકારીનો દેખાવ કરીને પોતાની નિર્દોષતા દેખાડે છે તેના પિતાને પણ ખબર પડી કે દુરાચારીઓની સંગતિથી દારૂ પીવાનો વ્યસની બન્યો છે, તેને બહુ ઠપકો આપ્યો પણ માને કોણ? વ્યસનીને કોઈ ઠપકો આપે કે માર મારે તો પણ તેઓ વ્યસનનો

[illegible]

નહિ. ધારો કે એક દંપતી સદ્ગુરુના વ્યાખ્યાને દરરોજ જાય છે અને આદરભાવપૂર્વક સાંભળે છે. સંસારની માયાનો મોહ છૂટે છે. રાગ-દ્વેષ અને મોહ-માયા પાછી ન વળગે તે માટે બરોબર સાવધાની રાખવાપૂર્વક વર્તન રાખે છે. એકદા દંપતી કામપ્રસંગે પોતાના બે પુત્રોને ઘરમાં મૂકીને સ્વજનના ઘેર ગયા તેવામાં ઘરમાં રહેલ બે પુત્રો પતંગ ઉડાડવા છાપરા ઉપર ચઢ્યા અને પતંગો ઉડાડવા લાગ્યા. બીજાઓની પતંગના દોરા કાપવામાં ભાન રહ્યું નહિ. અને ઝૂદકા મારતા ભૂમિ નીચે પડીને મરણ પામ્યા. તેટલામાં તેઓની માતા પ્રથમ ઘરના આગણામાં પડેલા, મરણ પામેલા પુત્રોને દેખી, તેના પિતા તથા સગાવહાલા હાયપીટ કરશે અને મને પણ જંપવા દેશે નહિ આમ વિચારીને તે મરણ-શરણ થએલ પુત્રોને મેડી પર લાવી મૂક્યા. આવેલ સ્વપતિને સ્ત્રી કહેવા લાગી કે-સ્વામિન્! આપણા ઘેર આવેલ મહેમાનો આપણા ઘરમાં રહે કે પોતાને સ્થલે જાય? પતિએ કહ્યું કે-મહેમાનો વળી રહેતા હશે? તે તો આવે અને વળી પાછા પોતાને સ્થલે ગમન કરે. સ્ત્રીએ મરણ પામેલ પુત્રોને દેખાડ્યા અને કહ્યું કે-આ મહેમાનો આપણા ઘેર આવ્યા અને થોડા દિવસો રહીને કર્માનુસારે પોતાના સ્થલે ચાલ્યા ગયા છે. આ પ્રમાણે સાંભળી તેનો પતિ ગમગીન થયો પણ સદ્વિચારોના પ્રાધારે શોક-ચિન્તાથી મુક્ત બનીને ભાવના ભાવવા લાગ્યો કે-જેટલા સંયોગો છે તે સર્વે વિયોગવાળા અને દુઃખોની પરંપરા વધારી મુગ્ધ મનુષ્યોને વિડંબનાઓ આપે છે. કર્માનુસારે સંયોગો અને વિયોગો આવીને ઉપસ્થિત થાય છે અને તેનો

[illegible]

વ્રતની આરાધના કરી દેવલોકમાં ગયો. આ પ્રમાણે અનિચ્છાએ પણ પ્રભુની વાણી સાંભળતા દિવ્યતા મળી અને અનુક્રમે મોક્ષ-સુખને પ્રાપ્ત કરશે; માટે પ્રભુની વાણીનો પ્રભાવ અદ્વિતીય છે.

૪. **સદ્ગુરુનો મહિમા અપરંપાર છે.** કામઘટ-કામધેનુ-કલ્પવૃક્ષ-ચિન્તામણિ-ચિત્રાવેલી વિગેરે મહિમાવંત વસ્તુઓ ભાગ્યોદયથી મળી હોય તો પણ યાચના પ્રમાણે જ અર્પણ કરે છે; અને અર્પણ કરે છે દુન્યવી અને ક્ષણભંગુર વસ્તુઓને; પરંતુ ભાગ્યોદય પૂર્ણ થતા તેઓને ખસતાં વિલંબ થતો નથી. તેમા વળી પારસમણિ લોહને સુવર્ણ બનાવે છે પણ પોતાના સરખું બનાવતો નથી. લોહની તરવાર, તેની સોબતથી-સ્પર્શથી સોનાની બને પણ ધાર-માર-આકાર મટતો નથી. સદ્ગુરુની વાણીના સ્પર્શથી તો દુષ્ટ માણસો સુવર્ણ સરખા બનીને ધાર-માર અને આકારથી રહિત થાય છે અને પરમાત્માસ્વરૂપ બની જાય છે અને અનંત-અબાધ સુખને માણે છે

૫. **અજ્ઞાનતાથી અહંકાર મમતા માયાને વશ બનેલ પ્રાણીઓ આહાર મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાને ખાતર મળેલ મોંઘેરો મનુષ્યભવ હારી બેસે છે;** કારણ કે તેમા જ સાચું સુખ માનતા હોવાથી તે સંજ્ઞાઓને પોષવા માટે જીવનપર્યંત મહામહેનત કરતા માલૂમ પડે છે. કેટલાક આહારસંજ્ઞાને આધીન બની અભક્ષ્ય-અનંતકાયને પણ મૂકતા નથી. કેટલાક પુણ્યોદયે પ્રાપ્ત થએલ સંપતિ-સત્તાનું રક્ષણ કરવા અહોનિશ ભયગ્રસ્ત બનીને પ્રયાસો કરતા હોય છે. કેટલાક વળી મૈથુનસંજ્ઞાને પોષવા માટે રસાયનાદિનો ઉપયોગ

[illegible]

૬. આ સંસારમાં ભાગ્ય અને પ્રયત્ન સિવાય જડ વસ્તુઓ પણ મળવી અશક્ય છે. જેઓ ભાગ્યાનુસારે વસ્તુઓને પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે, તેઓ મનગમતી વસ્તુઓને પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બને છે. સદાચારી શુભ ક્રિયાઓ ભાગ્યને ઘડે છે, તેથી સર્વ બાબતમાં તેઓને અનુકૂલતા સ્વયમેવ આવીને ઉપસ્થિત થાય છે અને અનુકૂલતાથી કુસંપ-કલહ વિગેરે રહેતા નથી; માટે ભાગ્ય-પુણ્ય વધે તે માટે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે, તે સિવાય ડગલે અને પગલે પ્રતિકૂલતા આવીને ઉપસ્થિત થાય છે.

એક શ્રીમંતના પુત્રને સાંસારિક વ્યવહારિક કાર્યોમાં બહુ રસ પડતો હતો અને ઘણોખરો વખત તેમાં વ્યતીત કરતો. દેવ, ગુરુ અને ધર્મનું સ્મરણ પણ તેને થતું નહિ. કદાચ કોઈ સંભારી આપે તો પણ રુચિ ધારણ કરે નહિ. જ્યાં સુધી પુણ્યોદય હતો ત્યા સુધી મોજમજા મહોટાઇ મેળવી, પણ પુણ્યોદય ખતમ થતા અને પાપોદય આવતા શારીરિક બલ-બુદ્ધિ-સંપત્તિ વગેરે નષ્ટ થવા લાગી હવે તો કોઇ પણ તેના સામું જોતો નથી માન-સત્કાર તો તેને કોણ આપે? માતપિતા પરલોકધર્મ પામેલા હતા. તેથી એકલો પડેલો બહુ અફસોસ કરવા લાગ્યો ચિન્તાતુર થતો હોવાથી ધંધો-ધર્મ કાંઇ પણ સૂઝતો નથી દરરોજ રડ્યા કરે છે. આ પ્રમાણે આળસુ બનીને રડ્યા કરતો હોવાથી એક સજ્જને તેમને શિખામણ આપી કે-હવે ક્યાંસુધી આળસુ બનીને રડ્યા કરીશ? જાગ્રત્ થા ઉઠ અને ઉદ્યમ કર તેને ઉત્સાહ મળવાથી તેમજ સહકાર મળવાથી ઉદ્યમ કરતાં પ્રગતિની સ્થિતિ પ્રાપ્ત થઇ, અને હવે બરોબર

[illegible]

છે કે પોતાના આત્માના ગુણો સિવાય આ સંસારમાં કોઇ પણ સત્ય સુખ-શાંતિને આપવા સમર્થ નથી. પુણ્યોદયે સર્વે અનુકૂલતા મળે તો પણ તે અનુકૂલતાથી સુખશાંતિ મળવી દુર્લભ છે કારણ કે પુણ્યોદય તે શુભ કર્મજન્ય છે, પણ તેમા પ્રતિકૂલતાનું મિશ્રણ હોય છે એટલે જે સ્થિરતાના યોગે જે સત્ય સુખ મળવાનું હોય છે તે મળતું નથી, અને ચિન્તાઓ વધતી રહે છે પણ ઓછી થતી નથી. તેમજ પુણ્યના યોગે જે સુખશાંતિ-અનુકૂલતા મળે છે, તે વખતે તે સંયોગાદિકમા અત્યંત રાગ હોય-આસક્તિ હોય તો, ધર્મધ્યાન અને આત્મવિચારણાના અભાવે પાપબંધ થાય છે, જેના યોગે ભવોભવ પરિભ્રમણ કરતા પણ દુઃખનો-વિડંબનાનો અંત આવે નહી, માટે સંસારની સ્થિતિનો વિચાર કરીને, અનિત્યાદિ ભાવનાઓ ભાવી તેમજ ધર્મધ્યાનવડે આત્મવિચારણા કરી, ચિન્તાઓથી મુક્ત બનો તથા સંકલ્પવિકલ્પોને સર્વથા દૂર કરી સ્થિરતાને ધારણ કરો.

૮. ચિન્તાઓ કરવાથી સ્થિરતા થતી નથી, અને આત્મતત્ત્વ પરખાતું નથી, તો પછી આત્મસ્વરૂપને ઓળખતા પ્રાપ્ત થતું સુખ, ચિન્તાઓ કરવાથી કે સંકલ્પવિકલ્પો કરવાથી ક્યાંથી મળે? જે એકાતમા સ્થિરતાના યોગે સત્ય સુખ મળવાનુ છે, તે ઇષ્ટ કે અનિષ્ટ સંયોગોથી ક્યાંથી ઉપલબ્ધ થાય? ચક્રવર્તીઓને અનુકૂલતા હતી તેમજ ઋદ્ધિ-સિદ્ધિ પણ અત્યંત હતી તેમજ મનગમતી સ્ત્રીઓ, અનુકૂલ પુત્રાદિક હતાં પણ તેમા સુખશાંતિ, સત્યરૂપે ન ભાસવાથી તે સંપત્તિ-વૈભવનો ત્યાગ કરી સંયમને સ્વીકાર્યો. જો તે સાહ્યબીમાં સત્ય શાંતિ

[illegible]

દાય પણ તેવા વખતે ત્યાગવા લાયક છે જેથી કરીને લીધેલી દવાની અસર થાય અને સુધારો થતો રહે. આમ સમજીને ભીતિનો ત્યાગ કરીને, તેમજ શ્રદ્ધાપૂર્વક દવા લેતાં સારી રીતે આરામ થયો અને સાજો થઇને એક હજાર સોનામહોરો સેવભાવી સજ્જનને અર્પણ કરીને પોતાના વતનમાં ગયો. રાગાસ્નેહીને કોલેરાની ણીના જણાવતા તેઓ અફસોસ ચિંતા કરવા લાગ્યા. સમ્યગ્જ્ઞાન વિનાના માણસો સ્નેહીના દુઃખની, રોગની વાત સાભળી વજ્રાપાત કરવા બેસી જાય છે, ત્યારે સમ્યગ્જ્ઞાનીઓ વ્યાધિઓથી ઘેરાએલ હોય તો પણ તરત મૂંઝાતા નથી. અને ધીરજને ધારણ કરીને સહન કરી લે છે, એટલે જ તેઓ બહારની વ્યાધિઓને તથા આન્તરિક આધિઓને દૂર કરવા સમર્થ બની તેઓને મૂલમાથી દૂર કરે છે. સુખ અને દુ ખ તે મનથી ઉત્પન્ન થાય છે. અને સમ્યગ્જ્ઞાન થતા મનમા પાછા વિલય પામે છે અને સમતા આવી હાજર થાય છે.

૧૦. જ્યાં સુધી કર્મો, આત્મા સાથે ક્ષીર-નીરની માફક મળેલા છે. ત્યાં સુધી આધિ, વ્યાધિ અને ઉપાધિઓ રહેવાનીજ–એ તો જ્યારે સમ્યગ્જ્ઞાનપૂર્વક સમતા દેવીને હાજર થાય ત્યારેજ તે આધિ, વ્યાધિ વિગેરે ટળે છે અને સત્ય સુખ આવીને ભેટે છે, માટે ચિન્તાઓને ટાળવા માટે ઉપાય કરો. સત્યોપાય વિના સાસારિક સાધનોથી તે ચિન્તાઓ અને વ્યાધિઓ ટળતી નથી દુન્યવી પદાર્થોમા સુખની ભ્રમણાના યોગે તે તે પદાર્થોને પ્રાપ્ત કરવા માણસો બહુ મથે છે, પ્રયાસો કરે છે, છતા સુખ કાયમ રહેતું નથી; ઉલ્ટું દુ ખ આવીને હાજર થાય છે, માટે દુન્યવી પદાર્થો સુખના

સાધન માનસિક, વાચિક અને કાયિક વૃત્તિઓને વશ કરવા પ્રયત્નશીલ બનવું તે આવશ્યક છે. પાપ પ્રવૃત્તિઓથી આત્મ-સ્વરૂપનો અનુભવ આવતો નથી પરંતુ તેઓથી આત્મા પર આવરણો અધિકાધિક આવે છે અને આવરણોથી આચ્છાદિત થએલ આત્માને પોતાના ગુણોનું પણ ભાન રહેતું નથી. પ્રથમ ઉત્તમ આલંબન લઇને વૃત્તિઓ સ્થિર કરવા પ્રયાસ કરે તો અનુક્રમે સ્થિરતાની દૃઢતા થતા તે આલંબનની પણ આવ-શ્યકતા રહેતી નથી અને પોતે સ્વતંત્ર બનીને અનંતસુખનો અનુભવ લીધા કરે છે.

બુદ્ધિમાનો, આંખોના પલકારાઓથી તેમજ ચેષ્ટાથી સમજી જાય છે અને સહજ સૂચનાથી સન્માર્ગે વળી આત્મકલ્યાણને સાધવા ઉદ્યમવંત બને છે ચતુર વ્યાપારીની માફક, આત્મ-જ્ઞાનીઓ સંસારના દુઃખદાયક બનાવોને દેખી સ્વયમેવ સમજી જઇ આત્મજ્ઞાન અને આત્મધ્યાનમા રમણતા કરે છે તથા પંડિતો ભવિષ્યનો લાભ વિચારીને ભણવા-ભણાવવા-વિચારવા અને નવા ગ્રન્થો બનાવવામા આપોઆપ સમજી પ્રયત્નશીલ બને છે. જ્યારે અહંકારી-અભિમાનીઓ તો વાદવિવાદ-કલહકંકાસમા ઘણો સમય વ્યતીત કરે છે અને સર્વસ્વ ગુમાવી બેસે છે.

૧૫. આ ભવમાં ચિન્તાઓ બહુ થાય નહિ અને પરલોક સુધરે એટલે સારા સંસ્કારો પડે તે પ્રમાણે પ્રયત્ન કરવો તે આવશ્યક છે. સારો પ્રયત્ન મનુષ્ય ભવમા જ બની શકે તેમ છે, અન્ય ભવોમા બનશે નહિ. મનુષ્યભવમા વિષય-કષાયનો ત્યાગ કરી જે શક્તિઓ મેળવવી હોય તે મેળવી શકાય છે શારીરિક, માનસિક અને આત્મિક શક્તિઓ તેમજ

કરી, ક્ષયની અસર થએલી માલૂમ પડી. દવા લેવા તેમજ પરેજી પાળવા કહ્યું. જમાઈએ પણ મરણની ભીતિથી હા કહી. વૈદ્યરાજે દશ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવું તથા વાલ, ચોળા વિગેરે કઠોળની વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવાનું કહ્યું: તે પણ હા કહી અને દવા સાથે બ્રહ્મચર્ય અને પરેજી-પાલનમાં બહુ લક્ષ રાખવાથી છ માસમાં શરીર નિરોગી બન્યું. દશ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરવાથી શરીરે સારી રીતે શક્તિ જમા થઇ, પણ જમણવારમાં એકદા ગયો અને સ્વાદ પડવાથી વાલ બહુ ખાધા. તેથી સઘળા શરીરે સોજા આવવા પૂર્વક બે ત્રણ દિવસમાં મરણ પામ્યો. એટલે પરેજીનું પાલન ન થવાથી મરણ શરણ થયો. વિષયના સ્વાદે મુગ્ધ બનતાં ઘણી વિપત્તિ આવે છે.

૧૬ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મુગ્ધ બનેલને કોઇ પ્રકારની શક્તિઓ રહેતી નથી તેમજ વધતી નથી અને શક્તિનો ક્રાસ થતા તે મુગ્ધ માનવ, નિર્માલ્ય બની અત્યંત યાતનાઓને પણ સહન કરે છે. વિષ કરતા વિષયની ભયંકરતા કારમી છે. વિષ એક જ ભવમા મારે છે. વિષય તો ભવોભવ મીઠો માર મારીને સંસારમા પરિભ્રમણ કરાવે છે અને કંગાલ-પામર દશામા લાવી મૂકે છે, માટે તેમા મુગ્ધ બનવુ નહિ અને પરમાર્થનો વિચાર કરવો કે જેથી શક્તિએ જાળવી રહે અને સંસારસાગર સુખેથી તરી જવાય. વિષયની મુગ્ધતાનો જો ત્યાગ કરવામા ન આવે તો સિંહ જેમ બકરાને પાંજરામા દેખી માસની લાલચે ખપડાય છે અને પરવશતા ભોગવવી પડે છે, ભૂખનું દુઃખ ટળતું નથી અને છેવટે

વૃત્તિઓ અત્યંત દુઃખોને આપનાર છે, માટે માનસિક વૃત્તિઓને વશ કરવા માટે સદાય ઉપયોગ રાખવો જરૂરી છે, જેઓની માનસિક વૃત્તિઓ જ ખરાબ છે-દુષ્ટ છે, તેઓને જ તેવી સ્ત્રીઓ દુઃખો આપી શકે છે પણ જેની વૃત્તિઓ કબજામા છે તેઓને તેવી સ્ત્રીઓ શું કરી શકે ? સુદર્શન શેઠને ખરાબ કરવા માટે, જિતશત્રુ નૃપની રાણીએ તેમજ તેના દિવાનની રાણી કપિલાએ ઘણી કપટ કલાઓ કરી પરંતુ તે વૃથા ગઈ. કપિલાએ દિવાનજી માદા છે. એ બહાનાથી દાસી દ્વારા પોતાના ઘરમા બોલાવી બીજા ઓરડામાં લઈ જઇને વિષય સુખ માટે પ્રાર્થના કરવા લાગી. શેઠે પોતાની વૃત્તિઓ કબજે હોવાથી, આના ફંદામાથી મુક્ત થવા માટે યુક્તિ વાપરીને કહ્યું કે, તમોએ મને બોલાવ્યો પણ હું તો નામર્દ છું. આ પ્રમાણે કહેવાથી કપિલા હતાશ બની શેઠને જવા દીધા. એકદા કૌમુદી મહોત્સવમા ઉદ્યાનમાં અભયા રાણી અને કપિલા જઈ રહેલા છે તેવામા શેઠની પ્રતિવ્રતા સ્ત્રી મનોરમાને પોતાના પાચ છ બાળકોને સાથે લઇને ઉદ્યાનમાં ગમન કરતા દેખીને કપિલાએ અભયાને કહ્યું : આ સ્ત્રી કોની છે ? અભયાએ કહ્યું કે-તું કેવી દુઃખલ છે. આટલું પણ જાણતી નથી આ તો આપણા નગરના નગરશેઠ સુદર્શનની પત્ની છે. આ પ્રમાણે જાણીને અફસોસ કરતા કપિલાએ કહ્યું કે-શેઠે મને છેતરી અને મારા કબજામાથી નામર્દ કહીને ખસી ગયા છે. તે શેઠ બહુ કુશળ છે અને પરનારીસહોદર અને સ્વનારીમા સંતોષી છે એટલે તારા જેવી સુંદર સ્ત્રીને ઠગવી તે તો તેમને સહજ છે. કપિલાએ કહ્યું કે-તમો જો ચતુર હો તો તેને છેતરીને પાડો તો ખરા. અભયાએ

કલહ-કંકાસ કર્યો હોય તે વસ્તુઓ આ ભવમાં પડી રહે છે. સાથે દુ:ખમાં ભાગ પડાવવા આવતી નથી, ત્હારા ભાઈને ઈચ્છા મુજબ આપીશ તો પ્રેમ જળવાશે અને સલાહ-સંપથી પ્રેમમાં વધારો થતો રહેશે. આ પ્રકારની સલાહ માનીને મ્હોટા ભાઈએ નાના ભાઈને ઈચ્છા મુજબ મિલકતમાં ભાગ આપ્યો, તેથી પ્રેમ સચવાયો અને વધ્યો. મ્હોટા ભાઈને વ્યાપારમાં લાભ ગળવાથી નાના ભાઈ કરતા તે અધિક શ્રીમંત બન્યો. સમાજમાં શાન્તિમા પ્રશંસા થવા લાગી અને જ્યારે ભાઈ ભાઈમા તકરાર થાય ત્યારે તેનું દૃષ્ટાંત અપાતું; માટે સારી ભાવના અને સારા સ્વભાવવાળા સંવેગી અને વૈરાગીનો પરિચય કરીને તેઓની સલાહ-સૂચના લઈને તે પ્રમાણે વર્તન રાખવું, તે હિતકર અને શ્રેયસ્કર છે જો મ્હોટા ભાઈએ સારી સલાહ લીધી ન હોત તો ભાઈઓમા કંકાસ-કલહ અને વૈરની પરંપરા વધત અને ચિકણા કર્મો બાંધીને સુખી થાત નહી; માટે સુખી થવાની ઈચ્છાવાળાઓએ ગમે તે ભોગે પ્રેમ-સંપને વધારવો તે આવશ્યક છે; વ્યાપાર કરતા ભાગ્યાનુસારે અને પ્રયત્નાનુસારે પૈસાઓ-વૈભવ કરતાં પણ પ્રેમ અધિક કિંમતી છે. સજ્જનો પ્રેમને જાળવે છે ત્યારે ઇતરો કોઈપણ ઉપાયે પૈસા એકઠા કરીને જાળવે છે. પ્રેમની કિંમત તેઓને હોતી નથી તેથી કરેલી મહેનત બધી માથે પડે છે અને ધાર્યાની સાર શાન થતી નથી. પ્રાય: જર-જમીન અને જોરૂ આ ત્રણે કજીયા-કંકાસના મૂળ છે. સાચી કમાણી, કંકાસ કજીયો વેર-ઝેરને વોસરાવી, સંપ-પ્રેમ રાખવામાં છે, જ્યાં કુસંપ છે અને વેર ઝેરનું વાતાવરણ છવાએલ હોય ત્યા દ્રવ્ય અને ભાવ-

કેટલેક સ્થલે જોવામાં આવે છે કે, એક જ સમુદાયમાં અને એક જ પ્રકારનાં શાસ્ત્રોને માનવા છતાં માત્ર ક્રિયાના ભેદથી આપસ આપસમાં દ્વેષાનલ જગાડી-ભેદ પ્રભેદ પડાવી, પૂર્વ પુરુષોનાં ગુણરૂપ બગીચાને કલંકિત કરે છે. આ સજ્જનો, શ્રીમંત કે આચાર્યાદિકનું કર્તવ્ય નથી. આ તો ઉન્માર્ગે જવાનું કાર્ય છે. ક્રિયાભેદ તો દરેક કાલમાં રહેવાનો, કારણ દરેક વ્યક્તિઓના સ્વભાવ-મતિ-બુદ્ધિ અને કર્મો ભિન્ન ભિન્ન છે માટે સંપ-એકતા કેમ જળવાય તેના ઉપાયો સદા વિચારીને લેવા જોઇએ. પોતાની સદ્ગતિ પણ આમાજ છે.

૨૧. પરિણામ-શક્તિ અને સાધનો વગેરેનો વિચાર કરી કોઇ પણ કાર્ય કરવું તેમાં બુદ્ધિમત્તા, પ્રવીણતા રહેલી છે. સાધનોનો વિચાર કરે પણ શક્તિનો વિચાર કરે નહી તો વિપરીત પરિણામ આવે તથા શક્તિ અને સાધનો છતે પણ પરિણામનો વિચાર-વિવેક કરે નહીં તો ધારેલા કાર્યમાં સફલતા મળતી નથી; ઉલટી બરબાદી કે ખરાબી થાય છે, માટે સુજ્ઞજનો કહે છે કે સાધન શક્તિ હોય તો પણ પરિણામનો વિચાર કરવો, ઉતાવળ કરવી નહી, તેમજ સાહસ પણ કરવું નહી. પણ ધારેલા કાર્યોનું પરિણામ સુંદર આવે અને આગળ વધવાનો ઉત્સાહ જાગ્રત્ થાય પરિણામ-શક્તિ અને સાધનનો વિચાર કર્યા સિવાય ઉતાવળપૂર્વક જે સાહસ કરે છે તેમા વિપરીત પરિણામ આવતા ઉત્સાહ મંદ પડે છે માટે વિચાર કરીને આગળ પગલું ભરો. કદાચ ભાગ્યયોગે સફલતા નહી મળે તો પણ ઉત્સાહ મંદ પડશે નહી સુજ્ઞજનો તો પરિણામદિનો વિચાર અને વિવેક સાચવીને બહુ ઉતાવળ કરતા

નથી પણ સ્થિરતાપૂર્વક કર્તવ્ય કરતા આગળ વધતા રહે છે, તેમજ કેટલાક તો પરિણામાદિકનો વિચારાદિક કરીને ઓછામ ઉતાવળ કરતા કાર્યો કર્યે જાય છે પરંતુ તેમા ઘણું ઘવાનો સંભવ છે તથા કેટલાક, તેઓનો વિચારાદિક કર્યા વિના, શ રોમ કરીને પડે, દૃષ્ટાંત છે આગે-આ સંસ્કૃતને આગળ ધરીને આગળ દોડતા પાછા પડે છે અને તેમાં કરેલ પરિશ્રમ વૃથા જાય છે એટલે વિપરીત પરિણામ આવવાથી આર્થિક, સામાજિક કે આત્મિક કાર્યો કરવામા હતાશ બની મંદ પડે છે. આ ઉપરથી એમ માની લેવું નહી કે, કર્તવ્ય કાર્યો નહી કરવા પણ શક્ય કાર્યો પણ સાધનોના પરિણામનો વિચાર કરીને જો તે સામાન્ય કાર્યો હોય તો તેઓને વિસરવા નહી.

સાધારણ કાર્યો પણ પરિણામાદિકના વિચારપૂર્વકનો હોય છે, તો તે કાર્યો સફલતાને ધારણ કરે છે અને મહાન કાર્યોને કરવાની શક્તિ જાગે છે. સારા સાધનો હોય તો તે ગુજણ કાર્ય સાધી શકાય છે.

૨૨ 'मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः' આ અર્ધશ્લોકનો વિચાર કરતા માલૂમ પડે છે કે, માનસિક વૃત્તિઓની પ્રબલતા મનુષ્યોને બંધનમાં ફસાવીને આ લોક અને પરલોકમા સુખ-દુઃખનું કારણ બને છે એટલે જે જીવાત્મા વિચાર-વિવેકવિહીન છે અને માયા મમતામા ફસાએલ છે, તેઓને દાસની માફક બંધનમા રાખે છે તેથી તેઓ માનસિક વૃત્તિઓના આધારે નાચ કરે છે, કૂદંકૂદા કરે છે અને ચારે ગતિમા રખડપટ્ટી કરીને હતાશ બને છે અને સાથે સાથે આત્મ ધન-સત્તા અને શક્તિને ગુમાવી બેસે છે પરંતુ જે

મલિન થએલા વસ્ત્રોને તથા વાસણોને શુદ્ધ કરવા તન, મન અને આત્મબલની આવશ્યકતા છે તથા પાણી, સાબુ વિગેરેની જરૂર છે તેની માફક આત્માને શુદ્ધ બનાવવા માટે ત્રણે ય બલોની જરૂર રહેવાની જ, એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્ર બલની આત્મિક શુદ્ધિમા આવશ્યકતા રહેવાની, તેમાં આત્મ-બલ-ચારિત્રબલમા ત્રણે ય બળ-શારીરિક, માનસિક અને આત્મિક આવી મળે છે. એકલી ભાવના જ ફલવતી બનતી નથી. તેમાં શારીરિક અને આત્મિક બલની જરૂર રહેવાની; માટે ભાવના પ્રમાણે શક્તિને ફોરવવા માટે પણ પ્રયાસ કરવાની જરૂર છે. બલ વિનાના માનવો કાંઇ પણ સત્કાર્ય કરવા સમર્થ બનતા નથી અને ઉચ્ચ સ્થિતિમાં આરૂઢ થવામા બેનસીબ રહે છે, માટે એવી કેળવણી લેવી કે શારીરિક, માનસિક અને આત્મિક બલમા વિકાસ થતો રહે અને અનાદિકાલીન વિષયકષાયની બેડીમાથી મુકત થવાય. અનંતજ્ઞાન, અનતદર્શન, અનતસુખ-આ પ્રમાણે વર્તન કરવાથી આપોઆપ આવીને મળે છે. માત્ર જગતની સર્વ સપત્તિઓથી, ફકત પ્રથમ સંઘયણ-વજ્રઋષભનારાચ સંઘયણથી કે જગતના પ્રાણીઓને વશ કરવાથી અનંત-સુખાદિક કદાપિ મળતું નથી, મળશે પણ નહી અને મળેલું પણ નથી-ફકત શારીરિક બલથી તો નરક નિગોદોમા, કારમી કતલો કરીને કેટલાએક ગયા અને જશે, માટે આત્મબલને વધારો

અરે ભાગ્યશાલીઓ ! સુખની અભિલાષા બરોબર હોય તો કર્મોના બંધ વખતે ચેતવાની ખાસ જરૂર છે. જો શુભ કર્મો કર્યા હોય છે તો આયુષ્યના બંધસમયે શુભ ગતિના બંધ પડે છે, અને અશુભ કર્યાં હોય તો અશુભ ગતિના બંધ થાય છે.

દરરોજ પ્રત્યેક સમયે સમયે મન, તન અને વચનની પ્રવૃત્તિઓના સંસ્કારો આયુષ્યબંધ વેળાએ તાજા થતા હોવાથી–શુભ પ્રવૃત્તિઓ હશે તો શુભ આયુષ્યનો બંધ પડશે અને અશુભ હશે તો શુભ આયુષ્યનો બંધ કદાપિ પડશે નહી. અત્રે આ ભવમા સાધનો દ્વારા શુભ પ્રવૃત્તિવડે પરભવમા શુભ ગતિ પ્રાપ્ત થાય, તેની તૈયારી કરી શકાય-અને તે જ સાધનો દ્વારા અશુભ પ્રવૃત્તિવડે પરભવમા અશુભ ગતિની તૈયારી કરી શકાય છે; માટે શુભ આયુષ્યનો બંધ પડે તે માટે શુભ પ્રવૃત્તિ કરવામા પ્રેમથી પ્રયાસ કરવાની ખાસ જરૂર છે. આયુષ્યના બંધ વખતે સારી ભાવનાઓ હોય. આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન હોય તો પરલોકમા કોઇ દુઃખી કરનાર મળી આવશે નહી અને વિડંબનાઓ–વિપત્તિઓ પણ આવશે નહી. મનુષ્યભવને પામી વ્રત–નિયમ–જપ–તપાદિકના આધારે તેમજ અનિત્યાદિ ભાવનાઓના આધારે જેમણે આત્માને ભાવિત કર્યો છે તે મહાશયોને પગલે પગલે અનુકૂલતા જોઈએ તેવી મળી રહે છે; આગળ વધવામા શુભ ભાવનાઓ પણ આવિર્ભાવ પામવાની જ અને આવિર્ભાવ પામેલી ભાવનાના આધારે પ્રવૃત્તિઓ થવાની. શુભ પ્રવૃત્તિઓ હોવાથી કોઇ પણ વિપત્તિ–દુઃખ આપવાને સમર્થ બનશે નહી. તમોએ મનુષ્યભવ પામીને કેવા વિચારો કર્યાં, કેવી ભાવનાથી ભાવિત બન્યા અને કેવી પ્રવૃત્તિઓમા પ્રવૃત્ત બન્યા? તેઓનું નિરીક્ષણ કર્યું કે નહી? આવક જાવકની તપાસ દરરોજ કરો છો? જો આવક કરતા જાવક વધારે હોય તો ચિન્તાતુર બનો છો અને અધિક થતી જાવકને અટકાવવા અને આવક વધે તે માટે શક્ય પ્રયાસ પણ કરો

છો. પ્રયાસ કરતાં કદાચ જાવક અટકે નહી અને આવક વધે નહી તો પણ હતાશ બનતા નથી અને તે માટે પ્રયત્ન ચાલુ રાખો છો. તે પ્રમાણે ઉત્તમ કાર્યોનો પ્રયાસ ચાલુ રાખો તો, છેવટે શુભ પરિણામ આવશે. અશુભ પરિણામ અટકી પડશે માટે સુખાર્થીએ આયુષ્યનો બધ શુભ થાય તે માટે સદ્વિચારો સદ્ભાવનાઓ અને સદ્પ્રવૃત્તિઓ કરવી તે જ હિતકર છે.

૨૫. સંકટના સમયે સંતાપ કરવો તે, દુઃખને બે ગુણું, ત્રણ ગુણું કે તેથી પણ અધિક વધારવા બરોબર છે; અધિક વધેલા દુઃખમા સુખનો અનુભવ ક્યાંથી આવે? સંકટ સમયે તો સંતાપનો ત્યાગ કરીને તે કેવા પ્રકારે ટળે તેના વિચારો-ઉપાયો કરવાની આવશ્યકતા છે. સંતાપ કરવાથી તો સંકટને નિવારવાના વિચારો પણ આવતા નથી, તો પછી પ્રયાસ કરવાની બુદ્ધિ ક્યાથી થાય ? એટલે સારા સંયોગોની અને બૂરા સંયોગોની અનિત્યતા, અશરણતા જાણીને સંકટસમયે સંતાપ કરવો નહી, પણ હિંમત ધારી તેને દૂર કરવાના ઉપાયો લેવા જોઇએ. સંકટોને દૂર કરવાની શક્તિ તમારામાં જ રહેલી છે તે અન્યથી આવશે નહી, માટે વિચાર-વિવેકને લાવીને સંતાપને નિવારો. પશુઓને વિચારશક્તિ અને વિવેકશક્તિનો અભાવ હોવાથી તેઓ આવી પડતા સંકટોને નિવારી શકતા નથી. તમે તો વિચાર અને વિવેક હોવાથી સંકટને નિવારવાની શક્તિ ધરાવો છો, તેથી સંકટસમયે સંતાપ કરવો નહી. અને સંકટો ક્યા કારણે ઉપસ્થિત થયા તેના કારણો શોધીને તેઓને દૂર કરવા સારા નિમિત્તોને સેવો સંકટો આવશે નહી અને સંતાપ પરિતાપાદિ પણ થશે નહી

પ્રાય: સંકટને આવવાના કારણને સેવીએ છીએ તેથી સંતાપાદિને થવાનો અવકાશ મળે છે. જો સંકટોને દૂર કરવાના કારણો ન સેવીએ તો સંતાપાદિ થયાં થાય ?

હિંસા કરવાથી, અસત્ય બોલવાથી, ચોરી જાણી કરવાથી તેમજ પરિગ્રહની મમતાથી સંકટો આવે છે, તેથી સંતાપાદિકને થવાનું સાધન મળી રહે છે. અવ્રતોનો ત્યાગ હોય અને વ્રત-નિયમની આરાધના પ્રભુની આજ્ઞા મુજબ હોય તો સંકટ-અને સંતાપાદિ થશે નહી અને જીવન સુખરૂપે પસાર થશે. સુજ્ઞજનો તો પ્રથમથી ચેતીને સંકટોને આવવાના અને આવેલાને નિવારવાના કારણો અહોનિશ સેવે છે, સંકટોને આવવાના કારણોથી દૂર ખસે છે. અજ્ઞાનીઓને સંકટને નિવારવાનું સમ્યગ્જ્ઞાન નહી હોવાથી સંકટો આવતા જ સંતાપમા બળતા રહે છે તેથી મોઘેરા મનુષ્ય જન્મનો લ્હાવો મળતો નથી. માટે જો બુદ્ધિ હોય, શરીરમા તાકાત હોય તો સત્-સમાગમથી સંકટોને દૂર કરવા સમ્યગ્જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ બનો.

નિરાશ-હતાશ થએલું મન, શત્રુથી પણ અધિક હાનિ કરે છે, શત્રુ તો એક બે વાર દુ:ખ આપીને દૂર જાય છે, ત્યારે નિરાશ અને હતાશ થએલું મન ક્ષણે ક્ષણે ચિન્તા કરાવીને દુ:ખોને આપે છે, અને સમીપમા રહે છે. વિદ્યાર્થીઓ જ્યારે નાપાસ થાય ત્યારે ક્ષણે ક્ષણે ચિન્તાતુર બની આત્મહત્યા કરવા પણ તૈયાર થાય છે. વ્યાપારીઓ વ્યાપારમા લાભને બદલે મોટું નુકશાન થાય છે ત્યારે ચિન્તારૂપી ચિતામાં બળ્યા કરે છે અને હતાશ બને છે. આ પ્રમાણે વ્યાવહારિક કાર્યોમાં

સફલતા ન મળતા અને પ્રતિકૂલતા થતાં મહાદુઃખના ભાગી બને છે, પરંતુ તેમણે વિચાર અને વિવેક લાવી દુન્યવી લાભની અનિત્યતા અને અશરણતાનો ખ્યાલ કરવો જોઈએ કે જેથી ચિન્તા કરવાનો અવકાશ મળે નહી. સાંસારિક પદાર્થોનો તથા સારા સંયોગો અને સાસારિક લાભનો જે વિયોગ થવાનો સ્વભાવ છે તે કદાપિ ખસતો નથી. મહામહેનતે મેળવેલા રક્ષણ કરેલા પણ સમય આવે રહી શકવાના નહી. ભલે પછી તે સંયોગો દેવલોકના હોય કે ચક્રવર્તી વિગેરેના હોય તો પણ કદાપિ રહેવાના નહી, અને રહેવાના જો કોઈ હોય તો ધાર્મિક ક્રિયાઓના આધારે પડેલા શુભ સંસ્કારો માટે ચિન્તાઓનો ત્યાગ કરીને સંસારના સ્વરૂપના લાભનો અને સંયોગોનો બરોબર વિચારપૂર્વક વિવેક કરીને મનને શુભપ્રવૃત્તિઓ દ્વારા શુભજ્ઞાનમા ધ્યાનમાં સ્થાપન કરો તો ચિન્તા થશે નહી અને આગળ વધવાને માટે સારી સ્ફુરણા જાગ્રત્ થશે શત્રુથી પણ અધિક અને ચિતાના કરતા અધિક દાહ ઉત્પન્ન કરનાર ચિન્તાઓને મૂલમાંથી પણ નષ્ટ કરવા સમ્યગ્જ્ઞાનને મેળવો, ચિન્તાઓનો ત્યાગ કરવો અને ઊભી કરવી તે પણ તમારા હાથની બીના છે; ફક્ત મમતા, માયા અને મૂર્છા અને મુગ્ધતા–મોહનો ત્યાગ કરીને આત્મિક ગુણોને ઓળખવા માટે બાહ્ય પરિભ્રમણ કરતી દૃષ્ટિને અન્તરમા ઉતારીને સ્થિર કરો અને સદ્ભાવનામા સ્થાપન કરો.

૨૬. દુન્યવી પદાર્થોને પ્રાપ્ત કરવાની તીવ્રેચ્છા હોય તો પણ તેનો વખત આવ્યા સિવાય તે પદાર્થો પ્રાપ્ત થતાં નથી, ગમે તેવો અથાગ પ્રયાસ કરશો તો પણ પાછળ ઠેલવું થશે. આમ્ર રસનો સ્વાદ લેવા માટે તેના વખતની

શક્ય જેવી પરંતુ અશક્ય તેની ઇચ્છાઓ પરિપક્વ બનતી નથી વિષય સુખો પણ સ્વાવશ્યા આવ્યા વિના ભોગવી શકાતા નથી. તીવ્રઇચ્છાથી વિષયસુખમાં મગ્ન બને તો મરે નહી તો માંદો પડે, વ્યાધિઓથી શરીર શક્ત બને. ભોક્તાસુખ પણ સમય આવતા મળી શકે છે, માટે ઉતાવળીયા થવું નહીં અને ધિરજતા રાખવી તે ઉચિત છે 'સમય સિવાય બુદ્ધિબલ અત્યંત હોય તો પણ તે કાર્યસાધક ક્યાંથી બને ?'

બુદ્ધિના બળથી અને શારીરિક બલથી તેમજ સાધનસામગ્રીઓથી જગતને કદાચ જીતી શકાશે, ચક્રવર્તીઓ પાસે બુદ્ધિબલ-શારીરિક બલ તેમજ ચૌદ રત્નો ઋદ્ધિ દેવોની સહાયતા હોય છે, અને તેઓના યોગે છ ખંડને જીતે છે પણ વિષય-કષાયાદિકને જીતી શકતા નથી તેથી જ તે સર્વેનો ત્યાગ કરીને સંયમયાત્રાનો સ્વીકાર કરી એકલા આત્મગુણોની આરાધનામાં તત્પર બને છે અને આત્મિક વિકાસમાં આગળ વધી કેવલજ્ઞાન મેળવી અનંત સુખના ભોક્તા બને છે. ગમે તેવી શક્તિઓ હોય, દેવોની સહાયતા હોય તેમજ વિપુલ સામગ્રી હોય તો પણ તે સઘળી વિયોગવાળી છે. કોઇ દિવસે, તિથિએ, પખવાડીયે, માસે તેમજ કોઇ પણ વર્ષે કે યુગે ખસી જનાર છે આવી ખસી જનાર સાધન-સામગ્રીમાં કોણ મુગ્ધ બને ? આત્મધન-બલને કોણ હારી બેસે ?

તમારી પાસે બુદ્ધિબલ કે શારીરિક સાધન-સામગ્રી હોય તો પણ તેનો વિશ્વાસ ધારણ કરશો નહી. વિશ્વાસ ધારણ કરવો હોય તો આત્માના ગુણોમાં ધારણ કરશો. તે તમોને દગો

દેશે નહી અને પ્રત્યેક ભવમાં સત્ય સહકાર આપીને સાથે ને સાથે જ રહેશે; માટે દુન્યવી ગમે તેવી એટલે ચક્રવર્તીઓના જેવી સાધન-સામગ્રી મળી હોય તો પણ વિશ્વાસ ધારણ કરશો નહી; કારણ કે આયુષ્ય પૂર્ણ થશે ત્યારે દેવતાઓ પાસે હશે તે પણ ભાગી જશે અને દેહને ભસ્મીભૂત કરી નાંખશે, પરિવારાદિક પડયો રહેશે. 'સાથે આવનાર જો કોઇ હશે તો આત્મધર્મ જ'

૨૭. જેઓને સમ્યગ્જ્ઞાનપૂર્વક વર્તન-ચારિત્ર હોય છે, તેઓને સાત પ્રકારના ભય પૈકી એકેય ભય હોતો નથી. તેમજ નિર્ભય-નિઃશંક બની સ્વકાર્યમા આગળ વધતા રહે છે, જેઓના ચોપડા ચોખ્ખા નિર્દોષ હોય તેની આગળ સરકારી અમલદાર શું કરી શકે? નિર્ભય અને નિઃશંક બનીને સરકારના અમલદારની આગળ ચોપડાને દેખાડે છે અને હૃદયમા શાતિ રાખીને જમે ઉધાર દેખાડે છે, ત્યારે જેઓના ચોપડાઓમા ગોટાળા હોય છે તેઓને તો સરકારી તપાસના ભયના ભણકારા આવ્યા કરે છે. ભલે પછી તપાસ કરનાર અમલદાર ન આવ્યો હોય પણ ભયથી મુકત બનતો નથી. ઇન્કમટેક્ષ ઓછો ભરવા અગર નહી ભરવા માટે ખોટા ચોપડા બનાવીને રાખ્યા હોય છે તો ભય અગર તેના ભણકારા જતા નથી! જેવા ઉપાયો કરવામા આવે તેવા ફલો મળી રહે છે વ્યભિચાર કરનાર ભલે પકડાય નહી. ઘણી સાવધાની રાખતો હોય તો પણ ભયના ભણકારાથી ભડકતો હોય છે, ક્ષણે ક્ષણે ભયભીત બનતો હોય છે અને પકડાઇ જવાની શંકા તો વારે વારે હૃદયને દીવાની માફક કોરી ખાતી

હોય છે; કારણ કે આ પણ પાપના સ્થાનકો છે. ત્યા પાપના સ્થાનકો હોય, ત્યા ભીતિઓ, તેના બણકારા અને ઝંઝાઓ થયા કરે છે. તથા જેઓને સંતોષાદિક નથી તેઓને પરિગ્રહવૃત્તિ અધિક સતાવે છે, અને ભયશરન બનાવી આરંભ-સમારંભોની ઊંડી ખાડીમા પડેલી રે છે, જેથી પરોપકારાદિક કાર્યોના પણ ભય પામતા રહે છે; એ કોઈ શરમમા નાખી મારી પાસેના પૈસાઓ પરોપકારમા અગર સમાજાદિકનો ઉદ્ધાર કરવા પડાવી લેશે અને હું ગરીબ બનીશ આવા આવા વિચારો અને ભીતિથી ભડકયા કરે છે. આવા જીવને કદાપિ નિર્ભયતા આવતી નથી અને સુખશાતિ લાખો યોજન દૂર રહેલ હોય છે; માટે સાત ભયોને નિવારવા માટે સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્ર-સંયમની આરાધના કરવા તત્પર બનવું.

૨૮. માનવો કર્મથી ચંડાલ બને છે, અને કર્મથી બ્રાહ્મણ બને છે. ભલે પછી જાતિથી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય, નામથી ચંડાળ હોય કે બ્રાહ્મણ હોય, તોપણ સદાચરણના આધારે ચંડાલ કુલમા અવતર્યો હોય છતા કર્મ એવા સારા કરે, કે બ્રાહ્મણ કુલના બ્રાહ્મણ કરતા ઊંચા હોય અને બ્રાહ્મણ છતા ચંડાલ જેવા કર્મો કરે. તમો સારા કુલના સુંદર નામ સહિત હો, પણ આચારો-કર્મો એવા હોય કે અધમ જાતમાં લાવી મૂકે; માટે નામની, જાતિની અને કુલની તથા મનુષ્યજન્મની સાર્થકતા મેળવવી હોય તો સદાચરણ સદાય સારા રાખો. મનમા, વચનમા અને કાયામાં દુષ્ટ કર્મોના સંસ્કારોને લગાડો નહી. શુભ સંસ્કારોને ભરપૂર ભરો કે જેથી આ ભવમા અને પરભવમા સુંદર મનોહર બનાય અને દુર્ગતિના દુઃખો ભોગ

કે મોજમજામાં આનંદ માનવાનું કે ધનવૈભવ–સત્તા–સાહ્યબી વિગેરેને પ્રાપ્ત કરવાનું સાધ્ય હોય છે. તે સાધ્ય મનગમતું મળે તેમાં જ આનંદ માને છે પરંતુ જ્યારે તેઓનાં વિયોગ થતાં અનિષ્ટ વસ્તુ આવીને મળે ત્યારે વલોપાત કરવામાં બાકી રાખતા નથી; તે તેમની અજ્ઞાનતા–મમતા અને આસક્તિને સૂચવે છે, કારણ કે સાધ્ય, ક્ષણભંગુર અને વિનાશી માન્યું છે કેમકે ક્ષણભંગુર વસ્તુઓનો વિયોગ સર્જાએલ હોવાથી ખસી જતાં વિલંબ થતો નથી. ભલે તે સાધ્ય વસ્તુને શાશ્વતી સંજ્ઞહે ! પણ તેથી તેઓનો જે સ્વભાવ છે તે જતો નથી અને નિત્યતા તેમા આવતી નથી, અનિત્ય વસ્તુની નિત્યતા માનવી અને નિત્યને અનિત્યતા માનવી તેજ મિથ્યાત્વ કહેવાય છે. એમા ગમે તેવી સુખની અભિલાષાને ધારણ કરીને તનતોડ મહેનત કરવામા આવે તો પણ સત્ય સુખ મળે ક્યાથી ? મૂલમા ભૂલ હોય તો સરવાળે ભૂલ આવે જ, માટે આવા સાધ્યને સુખનું સાધન માનતા નહી, પણ ચિન્તા ઉદ્વેગ, રાગ, દ્વેષ, મોહ, મમતાને વધારનાર છે; આમ સમજી હેય–ત્યાગવા લાયક માનો. સાચું ધ્યેય–સાધ્ય તો ચિન્તા–વ્યાધિ અને ઉપાધિને ટાળી સત્ય શાતિ આપનાર અને અનંત–અવ્યાબાધ સુખને આપનાર, જો કોઇ હોય તો આત્માનું સાધ્ય છે એટલે સદાચારના પાલન દ્વારા થએલ આત્મિક ગુણોનો વિકાસ છે. આત્માના ગુણોનો વિકાસ થતા દુન્યવી મેળવેલી વસ્તુઓનો વિયોગ થતાં પણ વલોપાત–વિલાપ થશે નહી અને સમત્વ ભાવમા રહેવાથી તેમજ પ્રાપ્ત કરેલી તે દુન્યવી વસ્તુઓ પણ સહકારને આપશે, કરેલી મહેનત ફોગટ જશે નહી. દુન્યવી પદાર્થોના ધ્યેયમાં

તેમજ સાધ્યમા ચંચલતા-ઉદ્વેગના-ઉન્માદ તેમજ હર્ષ શોકના વિકારો રહેલા છે; ત્યારે આત્મિક ગુણોના વિકાસના સાધ્યમાં આનંદના ઝરાઓ છે કે જેઓના આધારે ત્રિવિધ તાપ, સંતાપ ઉત્પન્ન થતો નથી પણ શાંતિ રહે છે.

પત્ની-પુત્ર-પરિવારાદિકનો સંયોગ અનિત્ય હોવાથી વિશ્વાસપાત્ર નથી. કારણ કે તે સંયોગ, સ્વરૂપસંબંધે નથી. સ્વરૂપસંબંધે તો આત્માના વિકાસ પામેલ ગુણો છે; આ વિશ્વાસપાત્ર અને વિશ્વાસ કરવા લાયક છે. સંપૂર્ણ વિકાસ પામેલ આત્માના ગુણો કદાપિ અવશતા નથી, જે અવશાય છે તે સંયોગસંબંધે મળેલા ગુણો. સંયોગસંબંધે મળેલા ગુણોની સાર્થકતા, સફલતા, સ્વરૂપસંબંધે થએલ આત્માના ગુણોના વિકાસમા છે, જ્યાં સુધી આત્મગુણોનો વિકાસ થાય નહી ત્યાં સુધી સંયોગસંબંધે પ્રાપ્ત કરેલા ઉદારતા, પાપભીરુતાદિક ગુણોને મૂકવા જેવા નથી, પણ તેઓનું રક્ષણ કરીને આત્મવિકાસ સાધવો કે જેથી કર્મોદયજન્ય હર્ષ, શોક, ચિન્તા, વ્યાધિઓ વિગેરે બહુ સતાવે નહી. આપણને જે હર્ષશોકાદિ થાય છે તેનું કારણ આત્મિક ગુણોના વિકાસનો અભાવજ છે. જ્યાં હર્ષશોકાદિ છે ત્યા કર્મોનો બંધ છે અને જ્યા સમત્વ છે, આત્મવિકાસ છે ત્યાં કર્મોની નિર્જરા છે. આપણને મનગમતા મનોહર સંયોગો મળતા હર્ષના આવેગમાં ઘેરાઇએ છીએ અને અનિષ્ટ સંયોગો મળતા શોક-ઉદ્વેગાદિકને ધારણ કરીએ છીએ, તે બધો કર્મોના ઉદયનો પ્રભાવ છે. આત્મિક ગુણોનો પ્રભાવ તો અચિન્ત્ય અને અગોચર છે-હજારો જિહ્વાથી કહી શકાય નહી એવો અનંત શાંતિ આપનાર છે. આવો પ્રભાવ

આપણને કોઈ પણ ભવમાં મળેલ નહીં હોવાથી અપૂર્વ કહેવાય છે. તમો જે સંયોગોને અપૂર્વ અને સુખજનક માનો છો, તે તો અનંતવાર દેવલોકાદિકમાં પણ મળેલ છે અને મૂકેલ છે તેથી અપૂર્વ કહેવાય નહી; પણ તે પ્રકારનું મન્તવ્ય તમારું છે. તે એક જાતની ભ્રમણા છે. ભ્રમિત બનેલ જીવાત્માઓ, પૂર્વ ભવમા સારા અગર ખરાબ સંયોગો ને વિયોગો અનંતીવાર પણ મલ્યા હોય તેઓને અપૂર્વ માની બેસે છે, તેથી આત્માના અપૂર્વ પ્રભાવને જાણી શકતો નથી તેમજ આદરપૂર્વક મેળવી શકતો નથી; માટે આત્મરૂપ અપૂવ વસ્તુને જાણો-જાણીને આદરપૂર્વક (સંકટને સહન કરીને પણ) મેળવો. તેથી સાસારિક સુખની તૃષ્ણા તમોને સતાવશે નહી અને સ્વયમેવ શાત થશે. કહો, તમો બે સંયોગોમાંથી કયા સંબંધની ચાહના રાખો છો ? **સંયોગસંબંધની કે સ્વરૂપસંબંધથી આવિર્ભાવ પામેલા આત્માના ગુણોની ?**

વ્યવહારમા કહેવાય છે કે ઘર આગણે આવેલા મહેમાનો એક બે દિવસ રહીને સ્વસ્થાને ચાલ્યા જાય છે અને પોતાના જે હોય છે તે જતા નથી. કદાચ જાય તો પાછા આવે છે તે પ્રમાણે સંયોગસંબંધો છે; અને પાસે ને પાસે રહેનાર સ્વરૂપસંબંધ છે; કોઈ પણ કાળે આ સ્વરૂપસંબંધે રહેલા ગુણોનો આવિર્ભાવ કર્યા સિવાય અવિકારી સુખ મળવાનું નથી જ અને તમો અવિકારી સુખની અભિલાષા રાખો છો તે સંયોગસંબંધે કદાપિ મળનાર નથી. ક્ષણમાં ખસી જનાર, સત્ય-અવિકારી સુખ આપે ક્યાથી ? માટે જે જે સંયોગો ઉપસ્થિત થયા હોય તેમાં મૂંઝવણમા પડો નહી. મૂંઝવણમાં

પડવાથી અવિકારી ગુણનો માર્ગ સમજાતો નથી. સમજ્યા સિવાય મેળવવા માટે તમન્ના જાગતી નથી. તમન્ના સિવાય સત્ય માર્ગે ગમન કરાતું નથી. અને સંયોગો જે વિયોગવાળા છે તેમાંજ લાગણી રહે છે; માટે સ્વરૂપસંબંધે મળતા આત્મિક ગુણોના ઉપાયને સમજી તેનો સંપૂર્ણ લાવથી આદર કરો. પછી કોઇ પ્રકારની અભિલાષા રહેશે નહી. આ ગુણો માટે બહાર દેશ દેશાન્તર ભટકવાનું નથી અને ભટકો તો પણ આ ગુણો મળવા અશક્ય જ છે; આ વસ્તુ વેચાતી મળતી નથી. તેમજ લાગવગ, લાચ રૂશ્વતથી કે કોઇને ભીતિ પમાડવાથી કે કોઇને દબાવવાથી કે કોઇનું લૂંટી લેવાથી મળી શકે એમ નથી એ તો તદ્દન સગીયમા જ રહેલ હોવાથી અન્તરમા જ નિહાળો તો જ મળી શકે એમ છે; અન્તરમા નિહાળીને જેટલા દુન્યવી વિચારો છે, સંકલ્પવિકલ્પો છે. તેટલાઓનો ત્યાગ કરવાથી જ મળી શકે એમ છે. બાહ્ય દૃષ્ટિથી વિકાસ સધાતો હોય તો કોઇ પણ માનવ કદાપિ દુઃખી માલૂમ પડે નહી અને દુઃખી હોય નહી; માટે સત્યસુખી થવામા આત્માના ગુણોના વિકાસની આવશ્યકતા રહેલી છે જ.

સત્યસુખને મેળવવા માટે કેટલાક નાચે છે, કેટલાક કૂદકા મારે છે. કેટલાક યુક્તી કરીને અન્ય જનોનું પડાવી લેવા પ્રયત્નો કર્યા કરે છે. કેટલાક તો અહંકાર–મમકારના વિકારોને વધારવા તેમજ વિષયોના સુખને મેળવવા અથાગ પ્રયાસો કરી રહેલ હોય છે. તેઓ એમ માની બેઠેલ હોય કે આમાંથી જ સત્યસુખ જરૂર મળશે. આ પ્રમાણે અજ્ઞાનતાથી ભ્રમિત બનેલ

મન આકાશ પાતાલમાં ભમે છે પણ તેમાં હોય તો મળેને! છે નહી તો મળે ક્યાંથી?

સિદ્ધભગવાનોને કર્મો ન હોવાથી, શરીરો પાંચમાંથી એકેય હોય નહી, તેઓ સંપૂર્ણ ચેતનમય આનંદઘન-સ્વરૂપ હોય છે; તેમજ પાંચેય શરીરોમાથી એકેય શરીર નહી હોવાથી જન્મ, જરા અને મૃત્યુની યાતનાઓ, વિડંબનાઓ તેમજ વિપત્તિઓ પણ ક્યાથી હોય? જન્માદિકની સાથે અનાદિકાલીન વળગેલ, આધિ, વ્યાધિ અને ઉપાધિના દુઃખો પણ હોય નહી; અને અનંત સુખમા સર્વથા-સર્વદા અને સર્વત્ર ઝીલતા હોય છે; આવા સુખની ચાહના કરનારે પ્રથમ કર્મોને આવવાનાં દ્વારો બંધ કરવા સારી રીતે પ્રયાસ કરવો જોઇએ અને **કર્મોના દ્વારોનાં બારણા બંધ કર્યા પછી સત્તામાં રહેલા કર્મોને દૂર કરવા આત્મબલને ફોરવવું જોઇએ. અને કર્મોના ઉદયને વિફલ કરવા માટે સમત્વને ધારણ કરવું તે સાચો ઉપાય છે.** જડ વસ્તુઓમા ચેતના હોતી નથી એટલે નિર્જીવ તે હોય છે; જડચેતનમય આપણે છીએ. જ્યા સુધી આત્મા સાથે જડ કર્મોનો સંબંધ છે ત્યા સુધી નિર્ભેળ સત્યસુખ કદાપિ મળતું નથી. મળેલ નથી અને મળશે પણ નહી જ; માટે સુખ મેળવવા ક્યા દોડધામ કરશો? વિષય કષાયોને સેવી કર્મોના દૃઢ બંધને કેમ બંધાઓ છો? અપરાધો કરીને પાપસ્થાનકોને સેવી ચાર ગતિમા ચોરાશી લાખ યોનિઓમા જન્મ-જરા-મરણના અનંત દુઃખોને કેમ પુન પુન સહો છો? ત્યા સત્ય સુખનો લેશ પણ નથી, ત્યા દુઃખના ડુંગરો રહેલા છે. વ્યાધિની ખાઇઓ ભરપૂર ભરેલી છે અને ચિન્તાના સાગરો ઉછાળા મારી રહેલ છે તેવા સ્થલોએ

ગમન ન કરતાં તમો તમારા પોતાના આત્માના ગુણો તરફ નજર કરીને તેઓની સમીપમા આવો, આવવામા આળસ કરશો નહી. તો, જરૂર તમારી સર્વ અભિલાષા પૂર્ણ થશે. અન્યત્ર પરિભ્રમણ કરવાની આકાક્ષા અનુક્રમે મૂળથી નાશ પામશે અને આધિ-વ્યાધિ વિગેરેના કષ્ટો રહેશે નહી. એટલે કર્મોના બંધનોના ઉદયને દૂર કરવા પ્રયાસ કરવાની ખાસ અગત્યતા છે, કર્મોના બંધનોને દૂર કરવા અને તેઓના ઉદય વિફલ કરવા બીજે સ્થલે જવું પડે એમ નથી, એ તો સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્રની આરાધનાના યોગે આપોઆપ દૂર ભાગશે અને વિફલ થશે

બંધ, ઉદય અને સત્તામા રહેલા કર્મોના બલને દૂર કરવાની તાકાત, તમારા આત્મામા ભરપૂર છે. ફક્ત અન્તર નજર કરીને નેહથી નિહાળો, આદર કરો તેની જરૂર છે. તે તમારી સમીપમા છે, તેથી અવશ્ય આવશે. તમો અન્યત્ર પરિભ્રમણ કરતા હોવાથી તેના સુખની યાદી કરતા નથી. તે તરફ નજર અને આદર કરતા નથી તો તમારી પાસે ક્યાથી આવે ? બહુ દબાઈ ગએલ વસ્તુઓ, આપણી સમીપમા આવી શકતી નથી પણ જ્યારે દબાણ ઓછું થાય કે મૂલમાથી ખસી જાય છે, ત્યારે આપણને સ્વયમેવ આવીને ભેટે છે, કહો ? અત્યાર સુધી કઇ વસ્તુઓ તરફ નજર કરી નેહને રાખ્યો ? તે વસ્તુઓ મેળવવાની લગની લગાડી. ચિન્તાઓ કરી અને પ્રયત્નો કર્યા ? દુન્યવી વિયોગી અને વિકારી વસ્તુઓમાં લગની લગાડવાપૂર્વક જીવનપર્યંત પ્રયાસો કર્યાં ! બે ઘડી પણ આત્માની તાકાત તરફ નેહથી નજર કરી નથી, તો પછી તમોને તાકાત ક્યાંથી આવી મલે અને સત્ય સુખ ક્યાંથી આપે ? જન્મ ધારણ કરીને તેમજ

દુનિયાદારીમાં ઠાઠ્યા બની તમોએ તમારી ફરજ, જે હતી તેને વિસારી છે અને બીજે બાથોડીઆ માર્યા છે; આજીજી કરીને સેવાઓ પ્રાર્થનાઓ કરી છે, તે તો દગો દેનારી થઇ તો પણ અદ્યાપિ ચેતતા નથી અને આળસુ બનીને ઘૂમો પાડ્યા કરો છો. આમ આળસુ બની ઘૂમો પાડવાથી દબાઇ રહેલી તાકાત શું આવી મળતી હશે ? મળવી અશક્ય જ છે; માટે આત્માના ગુણોમા સંપૂર્ણ શ્રદ્ધા ધારણ કરી સદ્‌ગુરુ પાસેથી સમ્યગ્ જ્ઞાન મેળવી ચારિત્રને ખાંડાના ધારની માફક પાળી, તે કર્મોને દૂર કરો. અનંત કેવળજ્ઞાનીઓ, ગણધર ભગવંતો, વૈરાગી-સંવેગી એવા સાચા મુનિરાજો, આત્માના ગુણોની શ્રદ્ધા, જ્ઞાન અને સચ્ચારિત્રનું પાલન કરીને અનંત તાકાત વધારવાપૂર્વક અનંત અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરીને અનંતો કાલ આનંદમા ઝીલ્યા કરે છે. તમારે જો જન્મ-જરા-મરણ તથા આધિ-વ્યાધિ અને ઉપાધિની વિડંબનાઓનો ત્યાગ કરીને સત્ય સુખને પ્રાપ્ત કરવું હોય તો કેવળજ્ઞાની-તીર્થંકર મહારાજના ફરમાન મુજબ સન્માર્ગે વળો અને અનંત સુખ મેળવો.

૩૨. જ્યારે સંસારના સ્વરૂપનો બરોબર ખ્યાલ આવે છે, ત્યારે તેમાં આસક્તિ, રાગભાવ ઓછો થાય છે અને અનુક્રમે આત્માના ગુણોમા સ્થિરતા થતાં મૂલમાથી રાગનો અભાવ થાય છે. એટલે સંસારના સ્વરૂપનો બરોબર ખ્યાલ થવાથી તેમાથી ઉત્પન્ન થએલ રાગનો અભાવ અને આત્મિક ગુણોમા સ્થિરતા, મોક્ષના સુખને મેળવી આપે છે અને તે સુખ અવિકારી હોવાથી ક્ષણવિનાશી હોતું નથી જ. જ્યારે સાંસારિક સુખમાં દુઃખનો ખ્યાલ હોતો નથી ત્યારે જ

તેમા રાગતા–આસક્તિભાવ થાય છે એટલે વિષયના સુખ મનુષ્યોને વહાલા લાગે છે અને વહાલા લાગવાથી જ તેના સુખોને મેળવવા માટે, રક્ષણ કરવા માટે, વિવિધ પ્રકારના પાપારંભો મનુષ્યો જીવનપર્યંત કર્યા કરે છે છતા સત્ય સુખનો લેશ પણ મળતો નથી. તેથી જ વિકારી વૈષયિક સુખમા મુગ્ધ બનતા અનેક પ્રકારની વિડંબનાઓ ભોગવવી પડે છે. આ આવી પડેલી વિડંબનાઓને હઠાવવા માટે પાછા તેવા જ સાધનોની ચાહના કરીને અધિકાધિક વિપત્તિઓના ઘેરામાં સપડાઇ મનુષ્યો દુઃખી દુઃખી થાય છે. એટલે અસંતોષમાં જ આયુષ્ય પૂર્ણ થતા પરલોક જાય છે; ત્યા પણ તેવા વૈષયિક સુખ મેળવવા, સંરક્ષણ કરવા જીવનપર્યંત મહામહેનત કર્યા કરે છે. ભવની પરંપરામાં પણ યાતનાનો–વિડંબનાનો અંત આવતો નથી. આવે પણ ક્યાથી ? ખરજને દૂર કરવા કોઈ મુગ્ધ માનવી કોવચના કાતરાની સાથે શરીર ઘસે તો તે ખરજ મટવાની કે વધવાની ? વધે તેમા શી નવાઈ? કારણ કોવચનો સ્વભાવ જ ખરજને વધારવાનો છે. તે તો ખરજને વધાર્યા જ કરે તેની માફક વૈષયિક સુખનો સ્વભાવ પણ તેના જેવો છે. જેમ જેમ તેનું સેવન થાય તેમ તેમ વિષય વાસનાઓ વધતી રહે છે પણ ઓછી થતી નથી. ઓછી ક્યારે થાય કે જ્યારે શારીરિક બલ રહે નહી. અગર તેના સાધનો બરોબર ન હોય ત્યારે; નહીંતર ભવોભવ તે સુખને પ્રાપ્ત કરવા માટે પ્રાણીઓ પ્રયાસ કરવામાં બાકી રાખતા નથી અને વિડંબનાઓને–વિપત્તિઓને સહન કરતાં આયુષ્યને પૂરું કરે છે; માટે સંસાર-સ્વરૂપને જરૂર જાણવાની તકેદારી રાખવાની આવશ્યકતા છે.

આ સિવાય રાગનો અભાવ થવો તે અશક્ય છે. **રાગમાંથી જ, સમગ્ર સંસાર ઉત્પન્ન થાય છે, અને રાગના અભાવમાં જ વીતરાગ બનીને મોક્ષપદ મેળવાય છે, માટે નિરન્તર સંસારના વૈષયિક સુખના સ્વરૂપને જાણો અને આત્માના સ્વરૂપને જાણો.** વૈષયિકસુખોમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ભરપૂર ભરેલી છે, ત્યારે આત્મિક ગુણોની રમણતામાં તથા ધર્મ-ધ્યાનમાં આનંદના ઝરાઓમા ઝીલવાનું હોય છે. આવા સુખમાં ઝીલવાનું કોને ગમે નહી ? દરેક પ્રાણીઓને પસંદ તો છે જ કારણ કે સત્તામા રહેલ આત્માના ગુણોમાં અનંત સુખ છે. અનંત આનંદની ઊર્મિઓ ઉછળ્યા કરે છે તેથી જ ક્ષણભંગુર, વિકારી ને વળી પરિણામે અત્યંત પરિતાપી એવાં સુખમાં પ્રાણીઓને સંતોષ થતો નથી–એટલે ભવોભવ સુખની ઝંખના રહ્યા કરે છે; પરતુ તેવા સુખની ઝંખના વિકારી–વૈષયિક સુખોથી કયાથી પૂર્ણ થાય ? કદાપિ થાય જ નહી. વૈષયિકસુખની ઝંખના અને મેળવેલી તેની સાધનસામગ્રી કદાપિ સત્યસુખને આપી શકતી નથી જ અને આપશે પણ નહી, માટે તેનો રાગ ઓછો કરો તથા બલ ફોરવીને તેને મૂલમાંથી દૂર કરો.

વિષયસુખની ઝંખનામાથી જ માનસિક વૃત્તિઓની અત્યંત ચંચલતા વધતી રહે છે, જેમ જેમ માનસિક વૃત્તિઓ ચંચલ-તાના વેગમા વધતી રહે છે તેમ ચિન્તાઓ, વ્યાધિઓ અને ઉપાધિઓની વિડંબનાઓને આવવાનો અવકાશ બરોબર મળે છે આ ત્રિવિધ સંતાપોને શાત કરનાર જો કોઈ હોય તો સમ્યગ્જ્ઞાનપૂર્વકની વિચારણા અને વિવેકની જાગૃતિ છે કે જેના યોગે માનસિક વૃત્તિઓનો વેગ અને વિકાર અલ્પ થતો રહે

અને સ્થિરતા આવીને વસે; મનુષ્યોને માટે સ્થિરતાનો સત્યોપાય આ પ્રમાણે છે. બીજા ઉપાયો ભલે તમે માનો પરંતુ તે ઉપાયો ચિન્તાઓ વધારનાર–વ્યાધિ–ઉપાધિઓને વધારનાર છે–માટે બરોબર વિચારણા અને વિવેક કરીને, મનને સ્થિર કરીને, આત્મિક ગુણોમાં સ્થિર થઇને, સત્યસુખને મેળવો, દુઃખનું નામનિશાન પણ રહેશે નહી.

એક માણસ પ્રથમ સામાન્ય સ્થિતિમાન હતો, ત્યારે તેને સંસારના સ્વરૂપનો તથા તેના સંયોગોનો વિયોગોનો કાંઇક ખ્યાલ રહેતો, તેથી ભવભીરુ અને પાપભીરુ બનીને આરંભ-સમારંભના કામો ઓછા કરતો અને કરવા પડે તો પાપભીરુ બનીને બળતા હૃદયે કરતો તેથી તેને સાંસારિક સુખનો ઘણો વલોપાત હતો નહી. સમયે સમયે ધાર્મિક ક્રિયાઓ કરવામાં તેમજ શક્ય પરોપકારના કાર્યો કરવામા પ્રમાદી બનતો નહી અને આનંદમા રહેતો, પરંતુ વ્યાપાર કરતા એવો દાવ–લાગ મળી આવ્યો કે પુણ્યોદયથી આ ભાઇ શ્રીમંત લક્ષાધિપતિ બન્યા. પૈસા પૈસાઓને વધારે છે અને અધિક મેળવવાની અભિલાષા થાય છે. અત્યારે તો શ્રીમંત શેઠે વ્યાપાર વધાર્યો. તેના યોગે કરોડપતિ બન્યા. હવે વધી રહેલા નાણાને ક્યાં નાખવા એ ચિન્તા થવા લાગી. તેમજ ધાડપાડુઓની ભીતિના ભણકારાઓ થવા લાગ્યા. શેઠે એક મ્હોટું કારખાનું તૈયાર કર્યું. મીલ ઊભી કરીને લાખો રૂપીયા તેમાં નાખ્યા. ચાલીઓ તથા માળાઓ તે ધનથી બંધાવ્યા. તેમજ જૂનું ઘર મૂલમાથી નષ્ટ કરીને નવીન પાચ માળવાળો આલેશાન મકાન–બંગલો બંધાવ્યો. અત્યારે શેઠ પ્રથમની સ્થિતિને ભૂલી ગયા છે. રાત–દિવસ કાર-

આનાની, મીલની ચાલીઓની અને માળાઓની ચિન્તામાં પડયા છે. પ્રથમ અવસ્થાનો આનંદ તો ક્યાં ખસી ગયો ? તેની ખબર પડતી નથી. અને આ ઉપાધિઓના તેમજ સ્થાવર, જંગમ મિલ્કતના ઢેફામાં સુખ માની રહ્યા છે. હવે આબરુ-પ્રતિષ્ઠા-લાગવગ કેમ વધે તેની ચિન્તામા પાછા પડયા. શેઠને ઉપાય સૂઝયો તેથી એક આત્મજ્ઞાની મુનિવરને પોતાના નવીન બંધાવેલ બંગલામા પધારવા આગ્રહભરી વિનતિ કરી તેમજ અન્ય શેઠ શાહુકારોને, સગાંવહાલાંઓને આવવા માટે આમંત્રણ આપ્યું. શેઠ-શાહુકારો, સગાવહાલાં બંગલાને દેખી બહુ તારીફ-પ્રશંસા કરવા લાગ્યા તેથી આ શ્રીમંત શેઠ તો ફુલાઇ ફુલાઇને ફાળકો થયા. મુનિવર્ય આ બંગલાને દેખી ખુશી તો થયા પણ શેઠની પ્રશંસા કરતા નહી હોવાથી મુનિવરને કહ્યુ કે-ગુરુમહારાજ આ બંગલો કેવો બન્યો છે ? અમોએ દશ લાખ રૂપૈયા ખર્ચીને આ તૈયાર કર્યો છે, બારી-બારણા-ઝરૂખા વિગેરેથી સજ્જ કર્યો છે; ઇત્યાદિક કહે છે-પણ તમો મારી પ્રશંસા કેમ કરતા નથી ? શરમને લઇને બોલી શકાતું નથી ? ગુરુમહારાજ શેઠની અભિલાષાને-વિચારને જાણી ગયા. અને કહ્યુ કે-તેં રૂપૈયાનો વ્યય કરીને કારખાના-બંગલો વિગેરે બંધાવ્યા પણ તારા માટે તેં શું કર્યું ? તારા માટે તો ત્રણ ચાર હાથની જગ્યા ને ? તે પણ ઝેરમથી ભરેલી અને આયુષ્ય પૂર્ણ થતા ખાલી કરવાની અને તે જગ્યાનો તેમજ તેં વસાવેલ વસ્તુઓનો બીજાઓ ઉપયોગ કરવાના. તને પૂછું કે પ્રથમ અવસ્થામા જે સ્થિરતા હતી, સંતોષ-સુખશાતિ હતી અને જે ધાર્મિક કાર્યો-પરોપકારાદિક કાર્યો થતા હતા તે થાય છે

અને ભેદો રહેલા છે, પણ વિષય: કષાયના ત્યાગના વિવિધ કારણો નથી. મમતાનો ત્યાગ થાય એટલે તેની સાથે પાછળના વિકારો અને વિચારો આપોઆપ દૂર ભાગતા જાય છે. ઉત્તમ મહાશયો તો દુન્યવી સ્વાર્થ સાધવા દાનાદિક કરવાની ભાવનાવાળા હોતા નથી. પણ મમતા, વિષય, કષાયને દૂર કરવા માટે જ ત્યાગાદિક કરવાની ભાવનાવાળા હોય છે. મધ્યમ પુરુષો, સ્વાર્થ સાધવાપૂર્વક ત્યાગાદિક કરવાની ભાવનાવાળા હોય છે, પણ તેઓએ નિષ્કામભાવે ત્યાગ-દાન કરવાની વિચારણા કરવી જોઇએ. તેમા તેમનું હિત અને શ્રેયઃ છે.

૩૪. વસ્તુઓ વિના પણ ચલાવી લેવાની ટેવ પાડવી તે માનસિક બલ વિના બનતું નથી. જેમ જેમ માનસિક શક્તિ વધે છે તેમ તેમ દુન્યવી વસ્તુઓ સિવાય પણ ચલાવી લેવાની શકિત જાગ્રત થાય છે, દુન્યવી વસ્તુ સિવાય ચલાવી શકાય નહી તે સાચી પરાધીનતાની બેડી છે. આ બેડીને તોડવા માટે નિરન્તર ભાવના રાખવી કે દુન્યવી વસ્તુઓની પરાધીનતાનો ત્યાગ કર્યા સિવાય સત્ય સ્વાધીનતા મળવી અશકય છે. આ પ્રમાણે સમજીને તીર્થંકર-વીતરાગકથિત આજ્ઞાનુસારે વ્રત-પ્રત્યાખ્યાન કરીને વસ્તુઓની પરાધીનતાની બેડીને તોડવા માટે મનુષ્ય સમર્થ બને છે. અને તેના યોગે આત્મબલ-માનસિક બલ પણ વધારી શકે છે જ્યારે વસ્તુઓ હોતી નવી ત્યારે આપણે ચલાવી શકીએ છીએ ને ? તો પછી વસ્તુઓ હોતે પણ ધારો તો ચલાવી શકાય, માટે શક્તિ નથી એમ બોલવું તે બીનકાળજી જેવું કહી શકાયઃ મનુષ્ય વ્યાધિગ્રસ્ત હોય અને વૈદ્યોની દવા લેતા હોય ત્યારે વૈદ્યની આજ્ઞા

તૈયાર થાય છે. વેરવિરોધાદિકને વિસારી મિત્ર બને છે. જીભમા અમૃત છે અને ઝેર છે તેમજ વહાલ છે અને વિરોધાદિક પણ છે. જીભને અંકુશમાં રાખવાથી આરોગ્ય બલ બુદ્ધિ અને વચનસિદ્ધિ પણ થાય છે. જીભના ઘણા સ્વાદો કરવાથી આરોગ્ય બગડે છે અને બીમારી થતાં વિવિધ પ્રકારે પીડાઓ આવીને ઘેરો ઘાલે છે અને જીભ વશ રાખવામાં આરોગ્ય-સંપ-સલાહ સચવાય છે અને મધુર વચનોથી પ્રેમ-સંપનું રક્ષણ થાય છે અને સંપત્તિઓ-શક્તિઓ આવીને વસે છે માટે મિત-પ્રિય બોલવું અગર મૌન ધારવું હિતકર છે. આચાર્યાદિકની અવજ્ઞા કરવાથી તથા જ્ઞાન અને જ્ઞાનીઓની આશાતના કરવાથી જીભમા વિવિધ પ્રકારની વ્યાધિઓ થાય છે અને શરીર વ્યાધિઓથી ઘેરાય છે.

૩૭. કર્મજન્ય આધિ, વ્યાધિ, ઉપાધિ, પ્રતિકૂલતા, સંયોગ-વિયોગ, સુખ-દુઃખ, સાનુકૂળ સ્વજન વર્ગ અને પ્રતિકૂલ સગાં વહાલા, લાભાંતરાય, દાનાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાતરાય અને વીર્યાંતરાય વિગેરે કર્મજન્ય છે.

સંસારના સુખદુઃખ કર્મજન્ય છે, અને મોક્ષ સુખ, મોહ રાગ-દ્વેષાદિના અભાવજન્ય છે, જ્યાં સુધી રાગ-દ્વેષ મોહજન્ય ક્લેશ છે, ત્યા સુધી સંસાર જીવતો અને જાગતો રહેવાનો એટલે સુખ મળે તે પણ દુઃખથી મિશ્રિત મળે, નિર્ભેળ સુખ મળે નહી. "**નિર્ભેળ સત્ય સુખને મેળવવું હોય તો રાગ-દ્વેષ અને મોહને ટાળો**" સાંસારિક પદાર્થોના આધારે જ સુખને મેળવવા મથનાર માણસો, વર્તમાનકાલીન સુખને

તે ગુણો તમારામાં આવીને નિવાસ કરશે. દુર્ગુણોની અભિલાષા કરવી, તેનું ચિન્તવન કરવું તે વિષ સમાન છે. વિષનું ભક્ષણ કરવાની કોઈ અભિલાષા કરે ?

૫૨. આત્માની નિન્દા કરશો નહી પણ વિષય કષાયના વિકારોની નિન્દા-ગર્હા કરશો કે જેથી આત્મ-શકિત વધે અને અપૂર્વ લાભ થાય. આત્માની નિન્દા કરવાથી આગળ વધાતું નથી પણ પાછળ પડવું પડે છે.

જે મહાશયોને આત્મશ્રદ્ધા હતી અને તેઓ સદાય આત્મ-રમણતામા રમી રહેલ હતા, તેઓને તુચ્છ જનોએ ઉપસર્ગ પરિસહો કર્યાં પરંતુ જો તે ભાગ્યશાલીઓએ તે પરિસહો વિગેરે-ને સહન કર્યાં ન હોત તો ઉચ્ચસ્થિતિમા આરૂઢ થયા ન હોત.

પર્વતોને ખસેડી શકાય-મહાન દરિયાને પણ ઓળંગી શકાય અને મહાન શત્રુઓને પણ હઠાવી શકાય, એવી આત્મ-શ્રદ્ધા પોતાના આત્મામા રહેલી છે; બહારથી આવતી નથી.

કર્મની નિર્જરા થતાં આત્મશ્રદ્ધા ઉત્પન્ન થાય છે અને સંકલ્પવિકલ્પો શાન્ત થતા વિશેષ કર્મ-નિર્જરાનો આરંભ થાય છે.

૫૩. ભાગ્યના ભોગ બનવાને બદલે આપણે ભાગ્યને બદલી શકીએ છીએ. આર્ત્ત-રૌદ્રધ્યાનથી તેમજ વલો-પાત કરવાથી ભાગ્ય કદાપિ બદલી શકાતું નથી, પણ સદ્વિચાર, વિવેક અને ધર્મધ્યાન દ્વારા તે ભાગ્ય બદલી શકાય છે.

તમારો આદર્શ, તમારી માન્યતા, તમો ભવિષ્યમા કેવા

બનશો તેની આગાહી આપે છે. તમારી માન્યતા ઉચ્ચ ઉચ્ચતર હશે તો તમે ઉચ્ચ-ઉચ્ચતર બનશો.

પ્રત્યેક બાબતમાં પ્રત્યેક સ્થલે તમો પાંચ ઇન્દ્રિયોને તથા માનસિક વૃત્તિઓને કબજે કરીને વિજયને પ્રાપ્ત કરવાની શક્તિ ધરાવો છો. શક્તિનો આવિર્ભાવ કરીને વિજયને મેળવો, નહી તો મનુષ્ય તરીકે તમો શાના ?

સંસારના સ્વરૂપને અનેકાંત દૃષ્ટિથી અવલોકે તો તે તેમાં મુંઝાય નહી. તેજ વ્યકિત મનુષ્ય તરીકે જીવન ગુજારી શકે છે.

૫૪. સદ્ગુણો આત્માના પોષક છે. આપણે ભીતિ, ઉદ્વેગ અથવા કોઇ બીજા પ્રકારની એટલે વિષય વિકારોવડે અશાન્તિને ધારણ કરીને આપણા મનને વિષમય બનાવેલ છે; ગમે તે રીતે આપણા શરીર પરનો તથા મન ઉપરનો અંકુશ ગુમાવી દીધો છે અને શારીરિક માનસિક દુર્બલતા આવીને ઘેરી વળી છે, અને સાગ સાધનો છતાં પણ તેઓનાથી લાભ લઇ શકાયો નથી. આપણે યોગ્ય રીતે જીવન ગાળતા નથી અને પ્રકૃતિના, નીતિના અને ધર્મના કાયદાઓનો ભંગ કરીએ છીએ તેથી માનસિક અને શારીરિક આરોગ્ય ક્યાંથી ઉપલબ્ધ થાય ?

ઉદારતા અને પ્રેમના વિચારો, અદેખાઇ, નિન્દા વેરના વિકારોને દૂર કરે છે અને મન પ્રસન્ન રહે છે. જેમ ઉષ્ણ પાણીમાં ઠંડુ પાણી નાંખવાથી તે ઉષ્ણ પાણી ઠંડું થાય છે તેની માફક કૃપાના વિચારો કરવાથી હિંસક ભાવ ઘટે છે.

૫૬. **સત્ય બોલવાના વિચારો** કરવાથી મૃષાવાદનું વિરમણ થાય છે. બ્રહ્મચર્યના વિચારો કરવાથી અબ્રહ્મચર્ય પરની આસક્તિ અલ્પ થવા માડે છે. મમતાના વિચારોનો ત્યાગ કરવાથી અમમત્વ–નિઃસ્પૃહત્વ ભાવો આવીને વસે છે, માટે સદાય સારા વિચારો કરી, દુષ્ટ–ખરાબ વિચારોનો ત્યાગ કરો. સુખ-શાતિ તમારી રાહ જોઇને બેઠી છે, આવા વિચાર અને આચારવાળા ક્યારે આવે ?

વિચારો તે બીજ રૂપે છે. કોઇ પણ માળી ઝેરના બીજો વાવતો નથી અને બાગમા નકામા ઊગી નીકળેલા ઘાસને દૂર કરી બાગને સુંદર બનાવવા માટે ઘણી કાળજી રાખે છે તે પ્રમાણે કુશળ અને સમજણો મનુષ્ય, પોતાના મનના બાગમાં વેર–ઝેરના બીજો તે વાવતો નથી પરંતુ નકામા બીજો–વિચારોને પણ રહેવા દેતો નથી, તેમ જ માનસિક શુદ્ધિ રાખે છે.

૫૭. **વિચારોના આધારે વિવેક ઉત્પન્ન થાય છે** અને વિવેકથી જિનવર–તીર્થંકરકથિત તત્ત્વોમા શ્રદ્ધા બેસે છે શ્રદ્ધા દૃઢ થતા વર્તન–ચારિત્રમા આત્મશક્તિ ફોરવાય છે તેમજ આત્મશક્તિનો વિકાસ થતા સ્વજીવન, નવજીવનને પામે છે. તત્ત્વોમા દૃઢ શ્રદ્ધા થતા શંકા, કાંક્ષા, ભય, નિરાશા આપો-

આપ ખસી જાય છે. તીર્થંકરકથિત તત્ત્વોમા શંકાદિ ધારણ કરનારને કદાપિ નવજીવનની પ્રાપ્તિ થતી નથી.

૫૮. તમો મહાન છો. તમારામાં મોટા ઉત્તમ કાર્યો કરવાની શક્તિ તથા હિંમત રહેલી છે તેથી ધારણા પ્રમાણે કાર્યો કરી શકાશે. આ પ્રમાણે શ્રદ્ધા રાખવાથી ઉત્તમ કાર્યો કરવાની હિંમત આવશે; એટલે આળસને દૂર કરી, ઉત્તમ વિચારોપૂર્વક હિંમતને ધારણ કરીને ઉત્તમ કાર્યમા તત્પર બનો. અમારાથી આ કાર્ય બની શકશે નહી; ઘણા વિઘ્નો આવશે–આવા વિચારોનો ત્યાગ કરો. હલકા વિચારો કરવાથી હિંમત તૂટી જાય છે અને તેથી ઉત્તમ કાર્યો છતી શક્તિએ પણ બની શકતા નથી. મહાન ઉત્તમ કાર્યો કરવામા આશાની સાથે દૃઢ શ્રદ્ધાને ધારણ કરવી પડશે. તમો ગમે તેવા પંડિત હશો–સંપત્તિમાન હશો કે સત્તાને ધારણ કરનાર હશો, પણ જો દૃઢ આત્મશ્રદ્ધા નહી હોય તો કોઇપણ કાર્યમાં સફલતા મેળવી શકશો નહી. સર્વકલાઓ પણ આત્માની દૃઢશ્રદ્ધા દ્વારા સફલતાને ધારણ કરે છે; શ્રદ્ધા સિવાયની કલાઓ, કલેશ–કંકાસને કાપી શકતી નથી–તમારી શ્રદ્ધા પ્રમાણેજ ઉત્તમ કાર્યો કરી શકશો; માટે સર્વ શક્તિઓને આપનાર તેમજ ઋદ્ધિ–સિદ્ધિને તથા શુદ્ધિને આપનાર આત્મશ્રદ્ધા ઉત્તમ લાગણીથી ધારી રાખો.

જેમ જેમ આપણે સમજતા થઇએ–સમ્યગ્જ્ઞાની થઇએ–તેમ તેમ થએલા અને થતા અપરાધો–ભૂલો ઉપર તિરસ્કાર છૂટે છે તથા પશ્ચાત્તાપ થાય છે; માટે આવો પ્રસંગ આવે નહિ તે માટે પ્રથમ ઉપયોગ રાખો.

૫૯. માણસોને વિષય-વિકાર-વિલાસ અને વિનોદ, અજ્ઞાનતાથી તેઓના સ્વ-સ્વભાવને સમજતા નહી હોવાથી બહુ પસંદ પડે છે, પણ તે વિષય-વિકારો વિગેરે પોતાના જીવનની કેવી બરબાદી કરી રહેલ છે તેની ખબર પડતી નથી. જેમ જેમ વિષયોમા આસક્તિ, તેમ તેમ તેના વિકારો વધતા રહેવાના અને વિકારો વધતા આત્માની શુદ્ધિ-સિદ્ધિ અને બુદ્ધિ નાશ પામે છે તેથી તેઓને અધિક-અધિક મુંઝવણમા પડી સ્વજીવનની સફલતા પ્રાપ્ત થઇ શકતી નથી અને મનગમતા વિષયાદિ જો ન મળે અગર તેમા કોઈ આવીને વિઘ્ન નાખે તો ક્રોધાદિકની પારાશીશી વધતી જાય છે; વખતે બોલાબોલી અગર મારામારી ઉપર આવી જાય અને આત્મભાન રહે નહી. વિલાસમા સુખ ભાસતું હોવાથી તેના સંયોગોનો વિયોગ થતા પરિતાપનો પાર રહેતો નથી તેમજ વિનોદમા પણ બહુ ગુમાવવાનું હોવાથી જે કાર્ય, મનુષ્યજન્મ ધારણ કરીને કરવાનું હોય છે તે કરી શકાતું નથી; માટે ઉપરોક્ત-વિષયાદિકને વશ બનીને સ્વકાર્ય-આત્મવિકાસ-અવરાય નહી તેની ખાસ કાળજી રાખવાની આવશ્યકતા છે અત્યાર સુધી મળેલું ગુમાવ્યું હોય તો વિષય-વિકાર, વિલાસ અને વિનોદાદિકને લઈને જ, હવે જો પુનઃ પ્રાપ્ત કરવું હોય તો વિષયાદિકમા આસક્ત બનો નહી પણ તેઓના કબજાનો ત્યાગ કરાવી, પાંચે ઇન્દ્રિયો અને મન, જે પુણ્ય આધારે મળેલ છે તેનો સત્ય લાભ લઈ વિષય-વિષ, આ બેમાંથી "ય" કાઢી નાખવામા આવે તો સમાન થાય. તફાવત માત્ર "ય"નો છે. વિષય વિષની માફક જાણતાં તેમજ અજાણતાં તેનો અનુભવ કર્યો તો પણ મારે છે. એક અપેક્ષાએ

કહીએ તો આપેલું વિષ એક ભવમા મારે અને વિષય તો ભવોભવ અથડાવી-પીટાવી-લૂંટાવી અને ઢેડફજેતો કરાવીને મરાવે છે અને તેના સ્મરણથી પણ વિકાર થાય છે. શુદ્ધિ-બુદ્ધિ ભૂલાય છે અને પ્રાણીઓને પાગલ જેવા કરી નાખે છે; માટે તેના સ્વરૂપને ઓળખીને તેઓનાથી દૂર રહવા પ્રયાસ કરવો જોઇએ. પ્રયાસ કર્યા સિવાય તેના સંસ્કારો ખસે એવા નથી અને આત્મા સત્યસુખને મેળવી શકે એમ નથી.

૬૦. સંપત્તિને પ્રાપ્ત કરવામાં તેમજ અન્યનો પરાજય કરી તેનું રાજ્ય સ્વાધીન કરવામા અગર પોતાના મતને પ્રસારવામાં અને અન્ય પ્રાણીઓને કબજે કરવામા તથા જગત્મા પ્રશંસાપાત્ર બની મહાન્ બનવામા-વિગેરે બાબતોમા જે બલ જોઇએ છીએ-તેના કરતાં સંયમનું પાલન કરવામાં-એટલે પંચમહાવ્રત પાળવામાં અત્યંત અધિક માનસિક બલ જોઇએ. સર્વવિશ્વની સંપત્તિને પ્રાપ્ત કરનાર અને ભલભલા રાજાઓને પરાજિત કરનાર પણ સંયમનું પાલન કરી શકતા નથી અને તેમા નિર્બલતા બતાવે છે; સંયમનું નામ સાભળતા ભયભીત બની નાશી જાય છે માટે જે શૂરવીર હોય તેજ સંયમનું પાલન કરવામાં સમર્થ બને છે.

આત્માના ગુણોનો આવિર્ભાવ કરવાના વિચારવાળાઓને, સંયમમાં પૂર્ણ શ્રદ્ધા હોય છે, તેથી સમ્યગ્જ્ઞાનપૂર્વક મન, વચન અને કાયાને કબજે કરીને વિના લડાઇએ, ત્રણ લોકના સ્વામીઓને નમાવે છે અને અનંત-અવ્યાબાધ સિદ્ધિ-શુદ્ધિના સ્વામી બની અનંતસુખનો સમયે સમયે અનુભવ કરતાં મહાલે છે.

તેથી વિનય-વિવેકાદિ સદ્ગુણો તે વખતે દૂર બસે છે અને ભૂતની માફક ભમતો ફર્યા કરે છે. મનની શુદ્ધિ તેમજ વિનય, વિવેક વિગેરે સદ્ગુણો, જ્યાં મોહનું સામ્રાજ્ય હોય છે ત્યાં રહેતા નથી અને તે સદ્ગુણો સિવાય માણસાઈ આવતી નથી, માટે વિષય અને કષાયની આસક્તિ અલ્પ કરવા માટે તેના અવગુણોની વિચારણા કરવી જરૂરની છે. સ્થિરતા-ચંચલતાના યોગે સદ્ગુણ અને દુર્ગુણ આવીને વસે છે, માટે મોઘેરું મનુષ્યપણું મેળવીને વિષયાસક્ત બનવું જોઈએ નહી અને વિનય વિવેકને સદાય ભૂલવો નહી.

માતપિતા પોતાના પુત્રને પાળી-પોષી મ્હોટો કરી વીસ વર્ષ કે પચીશ વર્ષ સુધી કેળવણી આપી ડાહ્યો બનાવે છે અને માણસાઇના સંસ્કારો નાખી કુશળ બનાવે છે એટલે માણસાઇ આવતા પચીસ વર્ષ લાગે, પણ જ્યારે પરણીને પતિ બને અને પત્નીમા આસક્ત બને તો એક દિવસમા પાગલ જેવો થઈ વિનય-વિવેકને વિસારી દે; એટલે કહેવાય છે કે પુત્રને કેળવતાં તેમજ માણસાઈ લાવતાં માતપિતાને વીસ-પચીસ વર્ષ લાગે ત્યારે પરણેલી સ્ત્રી એક દિવસમા મૂર્ખ બનાવે. મોહની અકથ્ય કથની છે.

કૃપણ પૈસાદારની પાસેથી પૈસા લેવા હોય તો ખુશામત કરો છો. તેઓ ખુશામતથી બહુ ખુશી થાય છે અને કહ્યા પ્રમાણે પૈસા આપવા તૈયાર થાય છે, ખુશામત વિના કોઈ માગવા જાય તો ચોખ્ખું કહી દે કે તમો ભટકતા ક્યાંથી આવ્યા છો? ફક્ત અમોને જ કેવા છે, અમો ખુશામતીની કેટલી મેહનત છે!

૬૩. દરેક વસ્તુઓમાં રહેલો સ્વભાવ ખસતો નથી. ગમે તેવા ઉપાયો કરો તો પણ જે સ્વભાવ પડેલો હોય છે તે સમયે પ્રગટ થાય છે; માટે સજ્જનોએ પોતાનો સ્વભાવ મૂકવો નહી. કહ્યું છે કે–સાકર તજે નહી સરસતા, સોમલ તજે નહી ઝેર; સજ્જન તજે નહી સજ્જનતા, દુર્જન તજે નહી વેર; સજ્જનો અન્ય એવા માણસોથી પીડાય, તિરસ્કારાય કે ધિક્કારાય તો પણ જે ગ્રહણનો, સહન કરવાનો અને ગમ ખાવાનો ગુણ–સ્વભાવ રહેલો છે તે જતો નથી. એક દયાળુ સજ્જન, કારણવશાત્ રાજમાર્ગે ગમન કરી રહ્યો છે તેવામા તાપની ગરમીથી તરફડતા વીંછીને દેખીને દયા આવી તેથી હાથમાં લઇને છાયડે મૂકવા જાય છે, તેવામા તેણે દંશ દીધો તેથી નીચે પડી ગયો; બીજી વાર તે વીંછીને હાથમાં ગ્રહણ કરીને છાંયડે મૂકવા જાય છે ત્યારે પણ દંશ દીધો. ત્રીજી વાર પણ દંશ દીધો પણ સજ્જન, કરુણાભાવના યોગે છાંયડે મૂકવાનો પ્રયાસ છોડતો નહી હોવાથી પાસે ઊભા રહેલ માનવીએ કહ્યું કે–અરે ભલા ભાઇ, આ વીંછી તમોને પુનઃપુનઃ દંશ દીધા કરે છે, છતાં તેને તાપમા જ રહેવા દોને! શા માટે દંશની પીડા સહન કરો છો? પીડા કરનારને તજી દેવો કે તેના પર ઉપકાર કરવો? તમે તો મૂર્ખા જેવા દેખાઓ છો. આ સાભળી શાતિપૂર્વક તેને કહેવા લાગ્યા કે–અરે ભાઇ! જે આ વીંછી છે તે તેનો સ્વભાવ મૂકતો નથી તો હું મનુષ્ય અને કાંઇક સમજણો છું, તો પછી મારે મારો દયાનો, પરોપકારનો સ્વભાવ કેમ મૂકવો જોઇએ? સર્વ પ્રાણીઓ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તે છે માટે મારે શા માટે રીસ કરીને તેને તડકામા રહેવા દેવો? "પીડા સહન કરીને

પણ કરેલો પરોપકાર વિફલ થતો નથી." દુન્યવી ફલ ન થાય તોપણ આત્મિક શક્તિ જાગ્રત્ થાય છે અને સહન કરવાની ટેવ પડે છે, માટે આ વીંછીને દંશની પીડા સહન કરીને છાંયડે મૂકવામાં હું લાભ જ માનું છું. આ પ્રમાણે સાંભળી તે અનુમોદન કરતો પોતાને સ્થલે ગયો.

૬૪. જગત્માં ઉત્તમ, મધ્યમ અને નીચ, પોતાના વર્તનથી પ્રાણીઓ બને છે. ઉત્તમ, મધ્યમ અને હલકા-નીચ બનવું તે પણ પોતાના હાથની વાત છે. સારી રીતે સંયમ અને તપની આરાધના કરે તો જ્ઞાની બની, ઉત્તમ થાય છે અને તેની આરાધના કરે નહી તો અધમ બને એમાં કાઇ આશ્ચર્યની વાત નથી. સંયમી હોય પણ જો સમ્યગ્જ્ઞાનપૂર્વક તપની આરાધના કરે નહી, અને નિમિત્ત પામી ઇન્દ્રિયોને કાબૂમા રાખે નહી તો અધમ બનતા વિલંબ થાય નહી. જે અધમ છે, તે અસંયમના વિકારોના વિપાકો અત્યંત દુઃખકારક છે, આમ જાણી સંયમની આરાધના કરે તો જરૂર સંયમી બની ઉત્તમ થાય અને આત્મવિકાસમાં આગળ વધતો રહે. હલકામા પણ હલકા મનુષ્યો વિકારોના વિપાકોને જાણી તેનાથી પાછા હઠી સંયમની આરાધનાના યોગે ઉત્તમ બન્યા છે અને આત્મવિકાસ સાધી અક્ષય અને અનંત સુખના ભોક્તા બનેલ છે—એમ શાસ્ત્રકારો વારંવાર ઉપદેશે છે અને સખત શબ્દોમાં પણ કહે છે કે તમો ઠગા ભૂલ્યા ભમો છો! સુખ તમારી પાસે તદ્દન સમીપમા રહેલ છે. તેના તરફ બે ઘડી નજર તો કરો. આમ વિષયવૃત્તિમા પરિભ્રમણ કરવાથી જે સુખ જોઇએ છે તે કદાપિ મળવાનું જ નથી, અને તમે

પણ તેનો અનુભવ કર્યો છે તો કહો સુખ ક્યાં છે? સંયમમાં કે અસંયમમા? વિકારો વિષયવૃત્તિને પોષવાથી કદાપિ શાંત થતા નથી તેમજ તેનો ક્ષય થતો નથી. માટે પાચ ઇન્દ્રિયોને અને મનને કોઈ એક શુભ આલંબન લઈ કબજે કરો આનંદ આવશે દુઃખ ભાસશે નહી. તમો એમ કહેશો કે મન-ઇન્દ્રિયો કબજામા આવતી જ નથી તે અસત્ય છે, કારણ કે વિપત્તિના વખતે તેમજ ઇષ્ટ લાભ મળવાના સમયે બીજા તરફ નજર ન રાખતા વિપત્તિ ટાળવામા લક્ષ્ય રાખો છો અને ઇષ્ટ લાભ ક્યારે પ્રાપ્ત થાય, તે તરફ જ તમારું લક્ષ હોય છે; માટે તમો વિચાર અને વિવેકપૂર્વક પુરુષાર્થ કરો તો ઇન્દ્રિયો અને મન કબજામા આવે; માટે સંયમનો લાભ લઈ આત્માનો વિકાસ કરો, સત્ય સુખ તમારી સમીપમાં જ છે. સમજો અને મેળવો.

પાચ ઇન્દ્રિયો અને મનને કાબૂમાં રાખવાથી આત્માની શક્તિનો આવિર્ભાવ થાય છે. પીડાકારક સંયોગો મળતા તેમજ પ્રતિકૂલ પ્રસંગો મળતાં પણ આત્મામા મૂંઝવણ થતી નથી. ઉલટો આનંદ થાય છે, પરંતુ જ્યારે તે ઇન્દ્રિયો અને મન કાબૂમાં ન હોય ત્યારે પ્રતિકૂલ સંયોગો દુઃખરૂપે ભાસે છે. અને તેઓને હઠાવવા માટે સર્વ શક્તિ વપરાય છે. તેટલી શક્તિઓ મન વિગેરે કાબૂમા રાખવા માટે જો વપરાતી હોય તો અધિક કષ્ટ સહન કરવુ પડે નહી, અને આનંદથી રહેવાય. પણ અજ્ઞાની આત્માને આ વાત ગમતી નથી. મન-ઇન્દ્રિયોને કાબૂ કરવાની વાત નીકળે ત્યારે કેટલાક અણગમો લાવી ઉઠીને ઘેર જાય અગર બેઠા બેઠા નિદ્રાવશ બને અગર પોતે સમજે

છે–એમ દેખાવ કરતા હોય, પણ સંયમ કેળવવામાં તો પાછળ પડતા હોય છે. તો પછી અજ્ઞાનજન્ય કે સંયોગજન્ય દુઃખ ક્યા જાય ? અને સત્ય સુખ ક્યાંથી આવીને મલે ? **માટે અસંયમમાં જ દુઃખ રહેલ છે.** આમ સમજી સંયમને આરાધી સત્ય સુખના લ્હાવા લો, અને સુખી થાઓ. અનંત ભવમાં સાધન–સામગ્રી પ્રાપ્ત થઇ પણ સંયમની આરાધના વિના તેજ સામગ્રી, પરિણામે પીડાકારક બનેલ છે. તેમજ અજ્ઞાનતા–મોહને હઠાવી શકેલ નથી. માટે મોજમજા, વિષય સુખની વૃત્તિનો સમજણપૂર્વક ત્યાગ કરીને કાંઇક મનમાં વિચાર અને વિવેક લાવો કે સંયમમાં સુખ છે કે અસંયમમાં ? જેથી તેનો ખ્યાલ આવશે. અને તમારી મેળે સંયમને કેળવવાની શક્તિ જાગશે. અદ્યાપિ એવો સંયમ કેળવવાનો પુરુષાર્થ કર્યો નથી, જેથી તમને તેમા કષ્ટ ભાસે છે. પણ એવું કાઇ પણ નથી. જ્યા સુધી મહાવરો પડ્યો ન હોય ત્યા સુધી કઠિનતા ભાસે; પછી તો અભ્યાસ વધતા આનંદની ઉર્મિઓ અંતરમાં ઉછળવાની પછી તમો સ્વાભાવિક બોલશો કે ભલું થયું કે અમે સયમને કેળવી અને આરાધના કરી, હવે પીડા–દુઃખ જેવુ કાઇ રહ્યુ નથી. આટલો વખત અમોએ એળે ગુમાવ્યો હવે એક ક્ષણ માત્ર ગુમાવીશ નહી હવે જગત્ થએલ આત્મિક શક્તિને દબાવનાર દુનિયામાં કોણ છે, કે દબાવી શકે ?

બાહ્ય પદાર્થોને પ્રાપ્ત કર્યા, પણ તેથી તમારા આત્માની સાથે લાગેલા કર્મો ગયા કે નહી ? આત્મવિકાસ સધાયો કે નહી ? તેનો વિચાર કર્યો ? તમોએ સુખની ખાતર એવો પ્રયાસ

કર્યો કે જગતના સર્વે જનો મને ઝુકાવીને સલામો ભરે-નમસ્કાર કરે, તેથી સુખની પ્રાપ્તિ થાય. માનો કે સર્વ જનોએ તમોને સલામો ભરી તેથી તમારા આત્માને શો લાભ થયો?

બાહ્ય સુખની ખાતર વિવિધ પાપારંભો કરી, અનેકને રડાવી-રઝળાવી હીરા-માણેક-મોતીના ઢગલા કર્યા. તેવા લોકોએ તમારી પ્રશંસા કરી-આદર-સન્માનાદિક કર્યું. સઘળા તમોને પૂછતા આવ્યા પણ મોહ-મમતા-અહંકાર-અભિમાન વિગેરે દુર્ગુણો કેટલા અલ્પ થયા તેનો વિચાર કર્યો? સંપત્તિ-સાહ્યબી મળે ત્યારે વિનયાદિ સદ્ગુણો આવ્યા કે ગયા?

તમોએ વિવિધ પ્રયાસ કરીને જગત ઉપર સત્તા જમાવીને કેટલાકને કબજે કર્યા. પણ તમારા સમીપમાં સમીપ રહેલ મન, વચન અને કાયાને કબજે કરીને અત્યંત કષ્ટદાયી કર્મોના ઉપર સત્તા મેળવી કે નહી? પ્રથમ તો મન, વચન અને કાયાને કબજે કરીને કર્મોના ઉપર-મોહના ઉપર સત્તા મેળવીને સ્વતંત્ર બનવું ઉચિત છે. તે સિવાયની સત્તા-સંપત્તિ વગેરે વૃથા છે.

તમો પ્રસિદ્ધ વક્તા બની જાહેર સભાઓમાં શ્રોતાઓના મનરંજન કર્યા, તેઓના દીલને જીતી લીધું અને પ્રશંસાપાત્ર બન્યા, પરંતુ આત્માને ખુશી કરવા કેટલી સ્થિરતા પ્રાપ્ત કરી? માયા-મમતાને હઠાવી કે નહિ? અને બોલ્યા પ્રમાણે કેટલું વર્તનમાં મૂક્યું? કે જેથી આત્મિક ગુણોનો આવિર્ભાવ થાય.

તમો સારા પ્રમાણમાં કેળવણી લઇને સત્તાધીશ-ન્યાયાધીશ

બન્યા, પણ તમોએ કાયાના અધિપતિ–મનના અધિપતિ બનવાનો વિચાર કર્યો કે નહી ? સત્તાધીશ બન્યા તેથી આત્માનું શું ?

૬૫. વડીલો અને પૂજ્યોનું ઘસાતું બોલનાર પોતે જાતે ઘસાય છે. માન–પ્રતિષ્ઠા વિગેરે મેળવવાની ઇચ્છાવાળો, કદાપિ માન–પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરી શકતો નથી. કારણ તે વડીલો અને ગુરુદેવના સદ્ગુણોને ગ્રહણ નહી કરતા દોષો ગ્રહણ કરીને તેઓના દોષો જાહેરમાં મૂકવાની કલાબાજી રમતા હોય છે, તેઓ આમ સમજતા હોય છે-કે વડીલોનું ઘસાતું બોલવાથી અમારું માન વધવાનું–અને અમોને મ્હોટાઈ મળવાની–પરંતુ તેઓને ખબર નથી કે વડીલોનું કે પૂજ્યોનું તો શું ? પણ સામાન્ય અન્યજનોનું ઘસાતું બોલવાથી પોતાની જ હલકાઇ દેખાય છે, અને નિન્દાપાત્ર થવાય છે આવાને સદ્ગુણો આવે ક્યાથી ? ભલે પછી ઘસાતું બોલનાર પ્રસિદ્ધ વકતા હોય કે ન્યાય-વ્યાકરણવિશારદ હોય તોપણ તેની હલકાઇ થયા વિના રહેતી નથી.

ઘસાતું બોલનાર, જાહેર સભામા કે એવા મેળાવડાના પ્રસંગે–હાથ ઠોકીને કહે છે કે કોઇની પણ નિન્દા કરવી નહી અને ઘસાતું બોલવું નહી, પણ તે પોતાને માટે કાઈપણ નહી, આ કેવી બુદ્ધિમત્તા ! અને આ કેવી ચતુરાઇ ! તેને ખ્યાલ હોતો નથી કે બોલ્યા પ્રમાણે વર્તનમા મૂકવા માટે પ્રયાસ કરવો જરૂરી છે. આવા નિન્દકો બીજાઓના મલને મુખથી ધોઇને પોતાના અંગને મલિન બનાવે છે; સત્કાર્ય જે કરેલ હોય છે તેનુ સત્યફલ મળતું નથી અને દુર્ગતિનું પ્રસ્થાન કરે છે; માટે કોઈનું ઘસાતું બોલવું જોઇએ નહી–વળી વડીલો તથા પૂજ્યોનું ઘસાતું બોલાય જ કેમ ? કોઈ બોલતું હોય તો

તેનો પ્રતિકાર કરવાનો તો દૂર રહ્યો અને પોતે ઘસાતું બોલવું તે અધમતા સૂચવે છે.

તમોએ પદવી માટે પડાપડી કરી–મહત્તાને મેળવવા માટે કેટલાયે સજ્જનોની નિન્દા કરી તેઓને ઉતારી પાડ્યા–પણ હજી સાચી પદવી બાકી છે તે પદવીને પ્રાપ્ત કરવા માટે મોહ–મમતા–અહંકાર–વેર–ઝેરને દૂર કરવાની ખાસ આવશ્યકતા છે. જ્યાસુધી મોહ–મમતા–અહંકારાદિકની નિન્દા કરીને તેઓને સર્વથા ઉતારી પાડ્યા નથી ત્યા સુધી લીધેલી પદવીની સાર્થકતા સધાશે નહી; માટે માયા–મમતાદિકને ઉતારી પાડી સત્ય પદવીના સ્વામી બનો. આ પદવી લેવામા પૈસાનો વ્યય કરવો નહી પડે તેમજ આડંબરની પણ જરૂર રહેશે નહી અને મોહાદિક ઉતરી ગયા પછી આપોઆપ પદવી આવીને ભેટશે. અને સાથે અનંતશક્તિ–અનંતજ્ઞાનનો પ્રાદુર્ભાવ થશે.

તમોએ શરીરને મજબૂત બનાવવા કાઈક દવાઓ ખાધી–માલમલીદા ખાધા અને વિવિધ પાપ કરીને તેનું પોષણ કર્યું તેમજ ઘણી કાળજીપૂર્વક તેનું રક્ષણ કર્યું, પણ આત્માના ગુણો માટે શું કર્યું ? તેનો વિચાર આવે છે ?

માન–મહત્તા મેળવવા ખાતર તેમજ લાડી, વાડી, ગાડી પાછળ લાખો રૂપિયાનો વ્યય કર્યો, પરંતુ સાત ક્ષેત્રોને પોષવાનું ભૂલી જવાયું, તે કેવી હુશિયારી !

પુત્રપરિવારાદિકને તથા જગતજનોને ખુશી કરવા, વિવિધ કલાઓ બતાવી તેમજ તેઓ ખુશી કેમ રહે, તેને માટે ઘણી

ચિન્તા કરી, તેથી તમારા-પોતાના આત્માનું શું વળ્યું? **આત્માને ખુશી કરવા માટે તો ધર્મકલાની જરૂર છે. ધર્મકલા બતાવી પુત્રપરિવાર વિગેરેથી ખુશી થાઓ તો બલિહારી!**

વિવિધ પ્રકારના તપો કરીને સિદ્ધિઓને મેળવી, જનતામાં ચમત્કારો બતાવ્યા તેથી પણ આત્માનું શું કલ્યાણ થયું? વિચાર કરવો જોઈએ.

૬૬. અજ્ઞાનતાથી વસ્તુઓની તથાસ્વરૂપે ઓળખાણ થતી નહી હોવાથી-વારે વારે મનુષ્યોને મુંઝવણ થાય છે તેથી રાગ-દ્વેષ કરતા હોવાથી વિવિધ વિડંબનાઓ આવીને ઉપસ્થિત થાય છે અને વિડંબનાના યોગે માનસિક અને શારીરિક યાતનાઓ ભોગવવી પડે છે, માટે પ્રથમ વસ્તુઓની ઓળખાણ કરી લેવી જોઇએ કે જેથી મૂંઝવણ થાય નહી તેમજ રાગ-દ્વેષનું જોર પણ ઓછું થાય અને આનંદપૂર્વક જીવન પસાર થાય.

અનાદિ કાળથી અજ્ઞાનતા રહેલી હોવાથી પ્રાણીઓ, રાગ-દ્વેષ, વિષય અને કષાયમાં સુખ માની બેઠેલ છે તેથી જે પુણ્યોદયે સારા સંયોગો પ્રાપ્ત થયા છે, તેનો પણ લાભ લઈ શકતા નથી અને રાગ-દ્વેષની જંજાળમાં ઝકડાય છે.

રાગ-દ્વેષ અને મોહથી આત્માના ઉપર આવરણો આવે છે, તેથી આત્મિક શક્તિઓ અવરાતી હોવાથી અનંત શક્તિમાન આત્મા પાગલ જેવો બની રહેલ છે; પાગલને જેમ વ્યવહારમાં બોલવા-ચાલવાનું ભાન રહેતું નથી તેમ રાગ-દ્વેષમાં

વિકારો વડે ઘેરાએલા આત્માને, સ્વભાન ભૂલેલ હોવાથી આ ભવમા શું કર્તવ્ય છે તેનો ખ્યાલ રહેતો નથી; તેથી મળેલી અનુકૂલ સાધન-સામગ્રી વિફલ બને છે અર્થાત્ તેનો સદુપયોગ થતો નથી.

વસ્તુની વસ્તુ રૂપે વિચારણા થાય ત્યારે સમકિતદૃષ્ટિનો આવિર્ભાવ થાય છે અને વિચારણાના યોગે વિવેક-વહેંચણ થતાં સંયમ આવીને ઉપસ્થિત થાય છે ત્યારે મનુષ્યમાં માણસાઈ આવી કહેવાય. મળેલ મનુષ્યભવની સફલતા, સંયમમાં રહેલી છે, નહી કે વિષય-કષાયમાં આસક્ત બનવાથી; જેટલે અંશે સંયમ સાધી શકાય, તેટલે અંશે આવતા કર્મોનો નિરોધ થાય છે અને સત્તામા રહેલી કર્મોને ખેરવવાની શકિત જાગ્રત્ થાય છે, માટે વસ્તુઓનું સ્વરૂપ સમજી સંયમને કેળવવામા તત્પર બનવું આવશ્યક છે.

'સંયમમાં સત્ય સુખ સમાએલ છે.'

૬૭. હલકા-નીચ માણસો, ઉત્તમ પુરુષોને નિન્દે-તિરસ્કારે કે ધિક્કારે તો પણ-તેઓને તે સજ્જનો ધિક્કારતા નથી તેમજ તિરસ્કારતા નથી અને તેઓની નિંદા પણ કરતા નથી; પરંતુ તેઓનો પ્રપંચ કપટ-જાળને સારી રીતે જાણી તેમા ફસાતા નથી. બનતા સુધી તેઓને સમજાવવા ઉપાયો કરે છે અને તેઓ ન સમજે તો મૌન ધારણ કરી તેઓની આગળ હલકાઈ કરતા નથી. તેમાજ ઉત્તમ પુરુષોની ઉત્તમતા છે અને મહંતોની મ્હોટાઈ છે પણ લોકકહેવત એવી છે કે, "થાય એવા થવું" આને અનુસરતા નથી.

વિચારમાં પડયા કે ભૂંસ્યા વિના નાની કેવી રીતે બનાવી શકાય! એટલામાં વિનય અને વિવેકવાળા એક સજ્જને તે લીંટીની આગળ મ્હોટી લીંટી દોરી તેથી તે લીંટી નાની માલૂમ પડી. આ પ્રમાણે મ્હોટા સત્કાર્યો કરવાથી પોતે મહાન દેખાશે; બીજાનાં સત્કાર્યો ભૂંસવાની જરૂર નથી.

૭૬. **વિષય સુખમાં મુગ્ધ બનેલ** અનેક પાપારંભો કરવાપૂર્વક હજારો લાખોને રડાવી ભીખારી બનાવી પોતે પૈસાદાર બને છે અને અભિમાનને ધારણ કરી પોતાની બહાદુરી બતાવે છે કે અમો કેવા હુશિયાર છીએ કે બીજાઓને મૂર્ખ બનાવી અમે પૈસાદાર બન્યા. અરે! અન્ય જનોને તુચ્છ માની મનમા મલકાય છે પણ તેઓને ખબર નથી કે, કાવાદાવા કરીને પ્રાપ્ત કરેલ પૈસાઓ કયાં સુધી રહેશે? પાપોદયે તેજ પૈસાઓ ખસી જતા અધિક કલ્પાત કરાવશે કારણ કે જ્યારે અતિશય રાગ હોય ત્યારે અધિક પાપો કરીને પણ તે મેળવાય છે અને તે ખસી જાય અગર લૂંટાઇ જાય, ચોરો લઇ જાય ત્યારે તેને દુ:ખનો પાર રહેતો નથી; અગર આ ભવમાં તેનો વિયોગ થાય નહી તો પરભવમા તેના વિપાકો જંપીને બેસવા દેવાના નથી, તો પછી આ હુશિયારી શા કામની? એ તો બહાદુરી કે બેલોશી? આવી બહાદુરી બતાવવામા શો માલ છે કે પરિણામે દુઃખના ડુંગરો ખડકાય? માટે સંપત્તિ મેળવીને બહાદુરી બતાવવા જેવી નથી. તેમજ મનમાં મલકાવા જેવું નથી. પરિણામનો વિચાર કરશો તો બધું ય સમજાશે. પોતાને સમજણ ન હોય તો સમ્યગ્જ્ઞાનીની સલાહ લઇને મદ્વર્તન રાખો તેમા જ હિત સમાએલ છે; નહીતર

અનાદિકાલથી ભટકતા, છેદાતા, પીટાતા, રડતા આવ્યા છો, તે પ્રમાણે ભવિષ્યમાં એવી અવસ્થા આવીને ઉપસ્થિત થશે; ક્ષણભર જેનો વિશ્વાસ નથી અને જે ક્ષણભંગુર છે, એવી ધન-સંપત્તિને મેળવવામાં મકલાવવાનું શું ? એ તો અજ્ઞાની જડ જેવો હોય તે મકલાય. જ્ઞાનીને તો ઉપેક્ષા હોય છે. શરીરનો વિશ્વાસ નથી તો ધનાદિકનો વિશ્વાસ કેમ રખાય ! આમ સમજી લેપ લાગે નહી તે પ્રમાણે વર્તે છે; તેથી તેઓ ધનાદિક ન હોય તો પણ મનમાં ખેદ-દ્વેષ ધારણ કરતા નથી અને જે અવસ્થા પ્રાપ્ત થઈ તેમાં સંતોષી બની આનંદનો અનુભવ કરતા રહે છે અને વિશ્વની વિચિત્ર ઘટનાઓ જોયા કરે છે.

૭૭. આત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં-તત્ત્વમાં સ્થિર થતો રહે છે, તેમ તેને દ્રવ્યથી ક્ષેત્રથી કાલ અને ભાવથી પ્રતિબંધ રહેતો નથી અર્થાત્ સ્વતંત્ર બનતો રહે છે; માટે વિષય-કષાયની વિષમસ્થિતિના વિપાકોને સારી રીતે સમજી તેઓનાથી હઠવા માટે નિરન્તર પ્રયાસ કરવો આવશ્યક છે; તમોએ સુખ કાયમ રહે, તે માટે બહુ પ્રયાસો કર્યા-ચિન્તા પણ વારેવારે ઘણી કરી પણ પ્રાપ્ત થએલ સુખ કાયમ રહ્યું નહી અને હાથ તાલી દઇને નજરે દેખતા ખસી ગયું-તે તમો સારી જાણો છો. હવે બીજી વાર એવી ભૂલ ન થાય તે માટે કલ્પિત સુખની ભ્રમણાનો ત્યાગ કરીને વૃથા પ્રયાસો કરો નહી. પ્રયાસ કરવો હોય તો આત્મતત્ત્વને ઓળખવા માટે કરો કે જેથી કરેલો પ્રયાસ સફલતા પામે અને સત્ય સુખનો અનુભવ આવતો રહે. તમોએ ધન-દારાદિકમાં મમતા ધારણ કરીને તેમાં જ સુખની શ્રદ્ધા ધારણ કરી, તે પ્રથમની ભૂલને

સુધારવા માટે કેટલો પ્રયાસ કર્યો ? કેટલી ચિન્તાઓ કરી ? તેમજ કેટલો સદ્ગુરુનો ઉપદેશ સાંભળીને વર્તનમાં મૂકવા માટે મહેનત કરી ? પૂછો તમો તમારા જ આત્માને, સાચો જવાબ મળશે અને થતી ભૂલ બીજી વાર થશે નહી, સઘળુંયે કુટુંબ તમારી પાસે છે. શુદ્ધોપયોગ પિતા અને ધીરજ માતા તમારી વાટ જોઈ રહેલ છે અને સમતારૂપી સ્ત્રી તમોને ભેટવા માટે તલસી રહેલ છે. તમો ક્યાં અન્યત્ર ભટકો છો ? યાતનાઓ-વિપત્તિઓ અને વિડંબનાના દુઃખોને ભૂલી કેમ જાઓ છો ? તેઓને હઠાવવા માટે તમારામાં તાકાત રહેલી છે; પણ ભટકવાનું ભૂલીને નિજ ઘરમાં આવો ત્યારે તેની સમજણ પડે. અનંતકાલ સુધી પરિભ્રમણ કર્યું તેથી તમોએ સુખ મેળવ્યું કે સંકટ ! તેનો વિચાર કરો. સુખ તો તમારી પાસે છે, અન્યત્ર છે જ નહીં; માટે અન્તરને શોધો.

૭૮. **જેઓને પોતાની આત્મશકિત ઉપર શ્રદ્ધા નથી** કે "મારા આત્મામા અનંતશક્તિ રહેલી છે તેનો આવિર્ભાવ પ્રથમ કરું અને આત્મશક્તિમા સર્વશક્તિઓનો સમાવેશ થાય છે, કાઈપણ કમીના રહેતી નથી." આવો જેઓને વિશ્વાસ નથી તેઓ, સારા નરસા સંયોગો ઉપસ્થિત થતા તેના દાસ બની જાય છે-સારા સંયોગો મળતા અહંકાર-અભિમાનનો ઢેફ ચઢે છે તેથી તેઓ સારા સંયોગોનો સત્ય લાભ લઈ શકતા નથી-અહંકાર અભિમાનના નશામા પાગલ જેવા બની રહે છે-વિનય-વિવેકને વિસારી વિષયવૃત્તિમા આસક્ત બને છે, તેથી મળેલા સુંદર સંયોગો વિકૃત બને છે, અને પાપોદયે અશુભ સંયોગો મળતા-પ્રતિકૂલ સયોગો ઉપસ્થિત થતાં તેઓના

પ્રાણો નીકળી જાય છે, અગર હૈયાના ખળાપામાં શેકાતા રહે છે અને કાંઇપણ ધાર્મિક કાર્યો કરવાની ભાવના પણ થતી નથી; આવા માણસો સંયોગોના દાસ બની નિરન્તર પરાધીનતાની બેડીમાં બરોબર જકડાઈ અધમ કોટીના થાય છે. પણ જેઓને આત્મ શક્તિ ઉપર પૂર્ણ વિશ્વાસ છે અને આત્મશક્તિનો આવિર્ભાવ કરવા માટે સદાય પુરુષાર્થ કરતા હોય-તેઓને ગમે તેવા-સારા કે નરસા સંયોગો આવ્યા હોય તોપણ લેશમાત્ર ભીતિ પામ્યા વિના તે સમયે દૃઢ બને છે, મળેલા સંયોગોને દાસ બનાવે છે અને આત્મશક્તિનો આવિર્ભાવ કરતા રહે છે. આવા મહાશયો સ્વપરનું કલ્યાણ કરવામા સમર્થ બને છે વિષય-વૃત્તિમાં કે કષાયોના પ્રસંગે તેઓને મૂંઝવણ થતી નથી અને આસક્ત બનતા નથી-એટલે આત્માર્થી જનો સંયોગોને દાસ બનાવે છે ત્યારે અન્ય માણસો સંયોગોના દાસ બને છે; માટે પરાધીનતાને ટાળી સ્વાધીનતાનો અનુભવ લેવો હોય તો જે સંયોગો ઉપસ્થિત થયા હોય તેમાં આસક્ત બનો નહી અને આત્મશક્તિનો આવિર્ભાવ કરવા માટે હૈયામા ઘણી લાગણી રાખો. પરના સંયોગો કાયમ રહેતા નથી તેમજ પરાવર્તન પામતાં કે ખસી જતાં વિલંબ થતો નથી-તે સમયે હૈયાને એવું મજબૂત બનાવો કે લેશમાત્ર ચિન્તાઓ થાય નહી અને આત્મબલ ઘટે નહી.

૭૯. **મમત્વ.** તમોએ જે ઘર-મહેલ-બાગ-બગીચા વિગેરેને પોતાના માન્યા છે અને તેઓનું રક્ષણ કરવા નિરન્તર પ્રયાસ કરી રહેલ છો પણ તે ઘર વિગેરે તમારી જ વસ્તુઓ છે તે વિચાર કરતા સાબિત થતી નથી; તમો જે ઘર-મહેલ-

બાગ–બગીચાને પોતાનો કહો છો તે પ્રમાણે તમારો પુત્ર–પુત્રાદિ પરિવાર તેમજ તમારા માતપિતાદિ પણ તે ઘર વિગેરેને પોતાના જ માને છે અને કોઇ પૂછે તો કહે છે કે–આ ઘર–આ બંગલો–આ બાગ અમારો છે–તમોએ તે વસ્તુઓ ઉપર માલિકી ધારણ કરી; પણ તે બાગ–બગીચામાં પણ અન્ય પ્રાણીઓએ નિવાસ કરેલ હોય છે. બીલાડા–ઉંદર–ગીરોલી–કરોળીઆ વિગેરે પ્રાણીઓ તેમા આનંદથી રહેલ હોય છે. ચકલા–પારેવા વિગેરે પણ મારું માનીને ઘર કરતાં માલૂમ પડે છે, તો પછી 'આ ગૃહ વિગેરે મારા પોતાના જ' એ કહેવુ વૃથા છે. વસ્તુતઃ તે તમારા નથી જ. જો તમારા હોય તો, જ્યા ગમન કરો ત્યાં સાથે ને સાથે આવવા જોઇએ. પણ કોઇ સાથે આવતું ન હોવાથી–તે તમારું છે જ નહી; છ ખંડની સાહ્યબી–સંપત્તિ હોય તો પણ મનની ચિન્તા તેમજ કર્મોદયે ઉત્પન્ન થતી વ્યાધિઓને હઠાવી શકાતી નથી. કદાચ માનવી, માને કે તેથી અમારી ચિન્તાઓ નાશ પામે છે, તે એમની ભ્રમણા છે, કારણ કે બે ઘડી તે ચિન્તાઓ ખસી જતા, એમ ન કહેવાય કે હવે પુનઃ થશે નહી. આશા–તૃષ્ણા તો ચાલુ રહેલ હોવાથી, ક્ષણભરમા પણ ચિન્તાઓ આવી ઉપસ્થિત થાય છે.

માટે મમતાનો ત્યાગ કરી તેમજ અહંકારને દૂર કરીને વ્રત–નિયમબદ્ધ બનવુ જોઇએ, કારણ કે વ્રત–નિયમોથી, અહંકાર–અભિમાન–મમત્વ–માયા રાગ–દ્વેષ અને મોહના વિકારોનો વેગ ઓછો થાય છે અને તેના યોગે થતી ચિન્તાઓ પણ ઓછી થતી જાય છે. મન, વાણી અને કાયાની કમોટી થાય છે અને કમોટી થવાથી માનસિક–શારીરિક બલ વધતું રહે છે, અને

૮૧. જેઓ આત્મિક ગુણોનું નિરન્તર સ્મરણ કરે છે તેઓ તીર્થંકર મહારાજાના ગુણોને ભૂલતા નથી, અને તેમના જેવા ગુણોને મેળવવા સર્વ શક્તિઓને વાપરે છે. પણ જડ પદાર્થોના ગુણોમાં રાચીમાચી રહેલાઓને અને તેઓનું સ્મરણ કરતા જનોને પોતાના આત્મિક ગુણોની યાદી ક્યાંથી આવે ? એ તો જ્યારે સદુપદેશ શ્રવણ કરવાનો વખત લે ત્યારે અને રુચિ જાગે ત્યારે આત્મિક ગુણોની કાંઇક યાદી આવે, પણ વિષયસુખના સંસ્કારો હોવાથી પાછો ભૂલી જાય; આ પ્રમાણે ભૂલો કરતા ઘણા ભવ કરે ત્યારે કાઇક આત્મિક ગુણોના સંસ્કારો પડે છે, આસક્તિ ઓછી થતાં આત્મિક ગુણોનું સ્મરણ ભૂલાતું નથી, અને સ્મરણ થતાં જિનેશ્વરોના ગુણો જેવા પોતાના ગુણોને પ્રાપ્ત કરવા રુચિપૂર્વક પ્રયાસ થાય. તમારી ઇચ્છાઓ–આશાઓ–અને તૃષ્ણા કદાપિ તૃપ્ત થવાની નથી. ભલે પછી દેવોની સંપત્તિ મળે, તો પણ તૃષ્ણા ઘટવાની નહી જ; પરંતુ જ્યારે આત્મિક ગુણોને મેળવવા આદર થશે ત્યારે દુનિયાની તૃષ્ણાઓ ઓછી થવાની અને તજ્જન્ય આધિ, વ્યાધિ અને ઉપાધિઓ ઘટવાની; માટે નિરન્તર આત્માના ગુણોનું સ્મરણ કરવું તે આવશ્યક છે. જે સામાયિક–પ્રતિક્રમણ–પોષધાદિક ક્રિયા કરવાની શાસ્ત્રકાર મહારાજાએ કહી છે તે પણ આત્મિક ગુણોના સ્મરણ માટે અને વિષય–કષાયની આસક્તિ ઓછી કરીને આત્મિક ગુણો મેળવવાને માટે જ; આત્મિક ગુણોનો આવિર્ભાવ થયા સિવાય કદાપિ પ્રાણીઓની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ ખસવાની નથી અને વિડંબનાઓ ટળવાની નહી; માટે વખત કાઢીને બે ઘડી પણ આત્મિક ગુણોનું સ્મરણ કરતાં

રહેવું જોઇએ. અનંતકાલ વિષયોનું સ્મરણ કરતાં વ્યતીત થયો તેથી કયું સુખ મેળવ્યું ? સત્ય સુખનો કેટલો વખત અનુભવ આવ્યો તેનો વિચાર કરવો જરૂરી છે, નહીતર આવ્યા એવા ચાલ્યા જશો અને જન્મ, જરા અને મૃત્યુનાં દુઃખો જે ભોગવ્યા તે માથે પડશે.

૮૨. **મિથ્યાભિમાનનો** ત્યાગ કરી અનેકાંત દૃષ્ટિએ વિચાર કરતા નમ્રતા યુક્ત સત્યનો આગ્રહ હોય તો જુદા પડવા છતાં હૃદયનો સંબંધ તૂટે નહી.

નજીવી બાબતમાં ઉદારભાવે નમતું રાખવામા આવે અગર ખુલ્લા દિલની ચર્ચાથી એક બીજાનું મન્તવ્ય સમજી લેવામા આવે તો આપણા જીવનવ્યવહારમાં પ્રેમ અને સહકારની ભાવના વધે.

૮૩. **જીવનસિદ્ધિ માટે** ચિત્તશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ માટે સારું વાચન, મનન, સંયમ, નિગ્રહ વિગેરેની તેમજ પોતાના જીવનનિર્વાહ માટે સદ્વ્યવસાયનીયે જરૂર છે.

૮૪. **વ્યવહારની શુદ્ધિના** આધારે ચિત્તની શુદ્ધિ થાય છે અને ચિત્તશુદ્ધિ થયા પછી ઉદારતા, સદાચરણ, ગંભીરતા, ઇન્દ્રિયનિગ્રહ વિગેરે સદ્ગુણો આપોઆપ આવીને વસે છે; એટલે કંકાસ, ઠલેશ, ઝગડા, વેર-ઝેર વિગેરે દુર્ગુણો રહી શકતા નથી. વ્યવહારશૂદ્ધતામા ધર્મની સફલતા સમાએલી છે. જ્યાં સુધી વ્યવહારશુદ્ધિ થતી નથી ત્યા સુધી કરેલી ધર્મની આરાધનામા વિવિધ વિઘ્નો ઉપસ્થિત થાય છે. ચિત્તની ચંચલતા ઘટતી નથી. આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનના વિચારો અને વિકારો

ઉછાળા માર્યા કરે છે, માટે વ્યવહારની શુદ્ધિ, ચિત્તની શુદ્ધિ માટે અને ધર્મની આરાધના માટે અનન્ય સાધન છે. આ સંસારમાં માયા-મમતાથી અને અજ્ઞાનતાથી અનેક પ્રકારની ચિન્તાઓ તેમજ વ્યાધિઓ આવીને ઘેરો ઘાલી રહેલ છે. તે ઘેરાને દૂર કરનાર જો કોઇ હોય તો વ્યવહારશુદ્ધિ છે. વ્યવહારશુદ્ધિનો સંક્ષેપમા અર્થ કરીએ તો અરસ્પરસ મૈત્રીભાવના અને પરિગ્રહ પ્રતિબદ્ધતાનો અભાવ કહેવાય.

પ્રાપ્ત થએલી સાધન-સામગ્રીનો સદુપયોગ કરવો તે પણ વ્યવહારશુદ્ધિ છે, કારણ કે પરિગ્રહની પ્રતિબદ્ધતાથી તેમજ પ્રાપ્ત થએલી સાધન-સામગ્રીનો સદ્ઉપયોગ ન કરવાથી વિષય કષાયના વિકારો વેગ પકડીને, માનવીઓને ઉન્માર્ગે ખસેડી લઇ જાય છે. તેથી ભવોભવમાં વિડંબનાઓ તેમજ વિવિધ વિઘ્નો પ્રસંગે પ્રસંગે આવીને ઉપસ્થિત થાય છે. જેને પરિગ્રહની મમતા કહો કે પ્રતિબદ્ધતા કહો તે દોષ રહેલો છે, તથા તેનો સદુપયોગ નથી; તેને સંતોષ કોઇ પ્રકારે થતો નથી. ઉત્તરોત્તર અસંતોષ વધતો રહે છે અને તૃષ્ણા વધતી હોવાથી એક ઘડી પણ સ્થિરતા રહેતી નથી. આશાઓ ઇચ્છાઓ અને તૃષ્ણા દેખાદેખીથી વધે છે. અમુક ધનાઢ્યની સંપત્તિ સાહ્યબીને નજરે નીહાળી કે તરત તેવી સાહ્યબી મેળવવાને માણસો મથે છે. પરંતુ તેવી સંપત્તિ અને સાહ્યબી મેળવવાની આવડત હોય નહી, તેમજ તથાપ્રકારનું જ્ઞાન હોય નહી ત્યારે મહેનત કરતાં જ્યારે ન મળે ત્યારે અનેક પ્રકારની ચિન્તાઓથી ગમગીન બને છે. કદાચ પુણ્યોદયે પ્રાપ્ત થાય તો પણ સમ્યગ્જ્ઞાન ન હોવાથી તેનો લાભ લઈ શકાતો નથી. હજાર મળે ત્યારે

મનરૂપી મુનીમજીની તથા પાંચ ઇન્દ્રિયોરૂપી ગુમાસ્તાની પ્રવૃત્તિઓ સતત નિહાળ્યા કરે તો તે મન અને ઇન્દ્રિયો શું કામ કરે છે? સોંપેલુ કાર્ય કરે છે કે અન્યત્ર પ્રવૃત્તિઓ કરે છે? તે જરૂર માલુમ પડે અને અન્ય પ્રવૃત્તિઓથી નિવારી શકાય. મન તોફાને ચઢે નહી તેમજ આત્માને સહકાર આપી શકે. શેઠ પોતે જો બીજે ભમતો હોય તો મુનીમજી તથા ગુમાસ્તાઓ વશમાં રહે નહી અને ધારેલ કાર્ય સાધી શકે નહી, માટે આત્માએ સ્વકાર્ય સાધવા માટે પ્રથમ હૃદયમાં સ્થિર થઇને દૃષ્ટિને, મનને અને ઇન્દ્રિયોને કબજે કરવા સ્થિર કરવી જોઇએ; તો જ મન અને ઇન્દ્રિયો વશવર્તી બની સેવકરૂપે થાય છે—આત્માએ મન અને ઇન્દ્રિયોને કબજે કરી તેઓને સેવક બનાવવા જોઇએ પણ પોતે સેવક બનવું ન જોઇએ. જો આત્મા સ્થિરતા ધારણ કરીને સ્થિર દૃષ્ટિએ જોયા કરે તો મન-ઇન્દ્રિયોનું એટલું જોર નથી કે કબજે આવે નહી—અને પોતાના કહ્યા પ્રમાણે વર્તે નહી. આત્મિકશકિત આગળ તેઓ આપોઆપ નમી પડે છે અને આત્મિવિકાસમાં કાંઇક સહકાર આપતા રહે છે, માટે આત્માને હૃદયસ્થ કરો. બાહ્ય પ્રવૃત્તિઓને દૂર કરીને સ્થિર નજર કરો. આપોઆપ અનંત ઋદ્ધિ-સિદ્ધિના સ્વામી બનશો. કોઈ પ્રકારે દીનતા—હીનતા લેશમાત્ર રહેશે નહી અને અનંતસુખનો અનુભવ આવશે. ભાવનાને ભાવી-સ્થિર થયેલ આત્માને અન્યપ્રવૃત્તિમા પડવું પણ ગમશે નહી, માટે ભાવનાને ભાવી આત્માને જ્ઞાનગર્ભિત પ્રથમ બનાવવો જરૂરી છે; તે સ્થિર થતા સઘળા કાર્યો સફલ થતા વિલંબ લાગશે નહી અને ક્રિયાઓ પણ સફલ થશે.

જગતમાં નકલી વસ્તુઓનો પ્રચાર કરવા જેટલા પ્રયાસ કરવાં પડે છે તેટલાં અસલી વસ્તુ માટે પ્રયાસ કરવાની જરૂર રહેતી નથી–એ તો પોતાના ગુણોથી પ્રસિદ્ધ થાય છે અને તેનો સર્વત્ર પ્રચાર થાય છે. મનુષ્યો આપોઆપ તે વસ્તુઓને ઓળખી તેને ગ્રહણ કરવા પડાપડી કરે છે, પરંતુ દુન્યવી નકલી સુખને ખાતર માનવીઓ ઓછો પ્રયાસ કરતા નથી અને તેનો પ્રચાર કરવા માટે પણ ખામી રાખતા નથી, છતાં તે મળેલું સુખ લાતો મારી–ઠુંસાઓ લગાવીને ચાલ્યું જાય છે ત્યારે આત્મા પરિતાપ કરવામાં બાકી રાખતો નથી; એટલે નકલી સુખ વિષયના વિકારમાં રહેલું છે અને અસલી કહેતાં સત્ય સુખ સમતામાં સમાએલ છે. નકલી સુખમાં જગત, મુગ્ધ બનેલ હોવાથી સત્યસુખનો અનુભવ આવવો દુઃશક્ય છે, માટે નકલી સુખનો વિશ્વાસ રાખવા જેવો નથી અને તેમાં મુગ્ધ થવું તે રત્નજડિત કડું આપીને બોર ખરીદવા જેવુ કહી શકાય. સમજુ જનો તો નકલી સુખમા મુગ્ધ બનતા નથી અને તેનાથી સર્વથા મુક્ત થવા કમ્મર કસે છે–અનેક ઉપાયો યોજીને વખતસર તેનાથી મુક્ત બને છે. નકલી વસ્તુમા પ્રથમ ચળકાટ હોય છે, પણ તે વખત જતાં તે ચળકાટને સ્થાને શ્યામતા આવીને સ્થાન જમાવે છે, તેવી રીતે વિષયસુખમાં ચળકાટ હોવાથી પ્રથમ અધિક પસંદ પડે છે, પણ પરિણામે અતિશય પરિતાપ ઉત્પન્ન કરાવનાર બને છે, માટે તેમા મુગ્ધતા ધારણ કરવા જેવી નથી, કારણ કે તેનાથી રાગ–દ્વેષના વિકારો તે મુગ્ધને ચારે બાજુએથી ઘેરી લે છે–તેથી આત્મિક શક્તિ અવરાતી હોય છે–દબાતી હોય છે–આત્મિક શક્તિ ઉપર દબાણ આવવાથી માનવો જડ જેવા બની નીચ ગતિના ભાજન બને છે.

૮૯. ધન, યૌવન અને મ્હોટાઈ તેમજ બળવાન કાયાની સફલતા, વિનય-વિવેક અને પ્રસન્ન મન ઉપર રહેલી છે. ધન હોતે પણ જો વિનય હોય નહી તો, મદ-અભિમાન-અહંકાર આવશે અને મદાદિ વડે તેજ ધનવાન-હલકો પડવાનો. તેમજ જ્ઞાનાદિક આત્મિક ગુણો તરફ રુચિ નહી જાગે; માટે ધનાદિક પ્રાપ્ત કર્યા પછી પણ વિનયને વિસરવા જેવો નથી. ધનના અભિમાનથી જે મ્હોટા હોય છે તે છોટા બને છે અને છોટા અધમ બની નીચગતિના ભાજન બને છે, માટે વિનયથી ધનની સફલતા કહેલી છે. તે સિવાય તેને માટે કરેલો અથાગ પરિશ્રમ વૃથા જાય છે. પુણ્યોદયે પ્રાપ્ત થએલ યૌવનમા જો વિવેક ન હોય તો અનેક પાપારંભોમાં તે યુવાવસ્થા લાવી મૂકે છે, અનેક પાપો કરાવીને અનેક યાતનામાં ફસાવે છે. વિવેકથી ગુણદોષ માલૂમ પડે છે; તે સિવાય પશુઓને પણ યુવાવસ્થા પ્રાપ્ત થાય છે. પણ વિવેકરહિત હોવાથી તેની સાર્થકતા તેઓ મેળવી શકતા નથી અને સહજ પ્રતિકૂલતા થતાં મારામારી ઉપર આવે છે.

મનુષ્યો તો વિચારશીલ હોવાથી ધનવાન્ બને કે યુવાન હોય તો પણ વિનય-વિવેકને વિસરતા નથી અને તેનો વિચાર કરે છે કે ધન અને યૌવન ક્યાંસુધી રહેવાનું? વિણસતાં વાર લાગતી નથી, તો પછી તેનો મદ કરવો તે વૃથા છે. આ પ્રમાણે વિચારના યોગે તેઓને વિનય-વિવેક આવે છે. માનવી, ચક્ષુવાળા હોય પણ જો વિનય અને વિવેક ન હોય તો અમુક અપેક્ષાએ અંધ કહેવાય માટે ધન-યૌવન-મ્હોટાઈ વિગેરે પ્રાપ્ત થયે છતે તેનો મદ અવશ્ય ત્યાગ કરવો તે આવશ્યક છે; મદ

એક જાતનો નશો છે. નશાવાળા માનવીને સારાસારની સમજણ પડતી નથી.

૯૦. સગાં સ્વબંધુઓમાં તથા જ્ઞાતિજનો અને સમાજમા તેમજ રાષ્ટ્રમા વિચારભેદ તથા હૃદયભેદ પડાવી સ્વકાર્ય સાધનારાઓ ભલે ખુશી થયા હોય કે ખુશી થતા હોય પણ તેનું પરિણામ કષ્ટજનક આવ્યા વિના રહેતું નથી. કારણ કે ભેદ પડાવવામાં ઈર્ષ્યા-કપટ-તથા પડાવી લેવાની ઇચ્છા રહેલી હોય છે. આવા દોષોનું પરિણામ કદાપિ સુખજનક બનતું નથી. કદાચ આ ભવમાં પુણ્યોદયે તેનો વિપાક માલૂમ પડે નહી, પણ પરલોકમા તેની ભયંકરતા તથા દુઃખજનકતા જશે નહી. સાંસારિક વિષયોની આસક્તિ જ આવા ભેદો પડાવવામાં ખરેખરો પોતાનો ભાવ ભજવતી હોય છે. આસક્તિ સિવાય કષ્ટદાયક ભેદો પડાવવાની ભાવના થતી નથી. આ લોકમાં કે પરલોકમા કષ્ટ ભોગવવાનો અવસર આવે નહી તે માટે પરિણામનો સારી રીતે વિચાર કરીને એકતાનું રક્ષણ થાય અગર ઐક્ય દૃઢ થાય તે માટે પ્રયાસ કરવાની અગત્યતા છે.

ભેદ પડાવીને મહત્તા મેળવશો તો પણ તે મહત્તા તમોને સુખેથી જંપવા દેશે નહી, વિવિધ ભયો ઉપસ્થિત કરીને ચિન્તાની હોળીમાં ફસાવશે અને પાપનો ઉદય થતાં તે મળેલી મહત્તા ભારરૂપ બનશે, માટે વિચાર-વિવેક લાવી જે તમોને પ્રાપ્ત થએલ છે તેમાં સંતોષ રાખી મૈત્રીભાવના ભાવો કે જેથી ઈર્ષ્યા-કપટ, અન્યનું પડાવી લેવાની વૃત્તિ થાય નહી અને એકતા સચવાય. વિચારભેદ પડાવવાથી મનભેદ અને હૃદયભેદ પડતો હોવાથી કંકાસ-લડાઇ-મારામારી થાય, તેમાં શો લાભ ?

૯૧. **દુન્યવી જ્ઞાનથી શાંતિ નથી થતી.** દુન્યવી પ્રવૃત્તિમાં ઘણો રસ લેવાથી અને ઘણી આસક્તિ રાખવાથી આત્મશક્તિ દબાણમાં આવે છે અને આત્મિક વિચારણા કરવાથી કે સમ્યગ્ જ્ઞાન મેળવવાથી આત્માની શક્તિનો આવિર્ભાવ થાય છે અને જડતાના મૂલ ઉખડે છે.

આત્મજ્ઞાન વિનાનો પંડિત પણ, અહંકાર મમતાના આવિષ્કારોમાં લપટાઈ ભાન ભૂલે છે.

દુન્યવી જ્ઞાનથી કદાપિ શાતિ વળતી નથી અને કદાપિ વળશે પણ નહી. માણસો જાણીબૂઝીને પણ દુરાચારોનો ત્યાગ કરવા સમર્થ બનતા નથી તેનું કારણ તેઓને ભવિષ્યમાં કેવી આફત આવી પડશે તેનું જ્ઞાન હોતું નથી, તેથી માનસિક કલ્પના યોગે તેઓને આનંદદાયક લાગે છે પણ પાછળ કષ્ટ છે તેને દેખતા નથી.

૯૨. **પંડિત અને ડાહ્યા તે કહેવાય કે** વિષયના સુખો ભોગવતા અગર તેઓના વિચારો કરતાં ભવિષ્યનો પૂરેપૂરો ખ્યાલ રાખે અને તેમા આસક્તિ ધારણ કરે નહી, અને તેવા વિચારો થાય ત્યારે ભવિષ્યનાં દુઃખોનો વિચાર કરીને દૂર કરે.

૯૩. **અભ્યુદય શબ્દને શ્રવણ કરતાં તન અને મન ઉલ્લાસ પામે છે.** આ શબ્દ તમને પસંદ પડતો નથી ? સગાવહાલા અને શત્રુમિત્રને અને સારા ય વિશ્વના પ્રાણીઓને પસંદ છે. તેનું નામ સાભળતાં, ફાફાં મારતા માનવીઓ સ્થિર થાય છે, તો પછી અભ્યુદયનો લાભ મળતા સ્થિર થાય, એમાં

કહેવાનું હોય નહી. કોઈ પણ આમ કહેશે નહી કે, અમોને અભ્યુદય ઇષ્ટ નથી માટે અભ્યુદયના કારણો શોધવા.

૯૪. **પ્રાજ્ઞ પુરુષો, પોતાના પ્રજ્ઞાના બળથી, યોગીઓ પોતાના યોગના બલથી,** શ્રીમંતો પોતાની શ્રીમંતાઇના જોરથી, શૂરવીરો પોતાની શારીરિક શક્તિથી અને વિદ્યાધરો પોતાની વિદ્યાઓથી, અભ્યુદયનો સદા જાપ કરતા હોય છે. આળસુ અને ઉદ્યમીના મનોરથો, અભ્યુદય માટે સરખા હોય છે, પરંતુ કયા માર્ગે અભ્યુદય થાય અને જન્મ જરા મરણના દુઃખો ટળે, તેનું તેઓને સમ્યગ્ જ્ઞાન હોતું નથી તેથી તેઓ અભ્યુદયનો લાભ મેળવવા બેનસીબ બને છે.

જો સાંસારિક અભ્યુદય ખાતર તેઓ પ્રયાસ કરતા હોય તો તે વૃથા જવાનો, કારણ કે તે અભ્યુદય, માત્ર પ્રયાસ કરવાથી ઉપલબ્ધ થતો નથી, પરંતુ આત્માના ગુણોના આવિર્ભાવથી પ્રાપ્ત થાય છે. જેમ જેમ આત્મિક ગુણોનો વિકાસ થતો રહે છે, તેમ તેમ અભ્યુદયનો લાભ મળતો રહે છે, માટે વિષયસુખોની આસક્તિનો ત્યાગ કરીને, સમ્યગ્જ્ઞાનને મેળવી મન, વચન અને કાયાની આત્મિક ગુણોમાં એકતા કરો અને દૃઢતા ધારણ કરો.

૯૫. **વિષયનાં સાધનો દુઃખજનક છે.** વિષયનાં સાધનો પણ મગરૂરી કરનારને, તોફાનો–લડાઇ કરનારને, આસક્તિ રાખનારને, શાંતિદાયક બનતા નથી; ઊલટા દુઃખજનક થઈ પડે છે. એટલે તેઓએ, જે સાધનો દુઃખ વેઠીને મેળવ્યા છે તે નમ્રતા, સરલતા અને સંતોષ વિગેરેને ધારણ કરે તો જ સુખ શાંતિજનક બને, સદ્વિચાર અને વિવેક જાગે.

૯૬. જે માણસો પોતાના આત્મામાં રહેલ સત્ય સુખને, સત્યજ્ઞાનને અને એક એક પ્રદેશે રહેલા ગુણોને જાણે છે તેઓને જન્મમરણના દુઃખો ક્યાંથી હોય?

જ્યાં સુધી આત્મામાં રહેલ ગુણોનું સમ્યગ્જ્ઞાન નહી થાય ત્યાં સુધી પ્રાણીઓ માનવ, દેવ, દાનવ વિગેરેને હજારો, લાખો અગર કરોડો ભવોમાં અથડામણો આવવાની, લડાઇ કંકાસ થવાના જ. અરે! બરબાદી પણ થવાની; માટે આવા સંકટોમાંથી બચવા માટે પૂર્ણ પ્રેમથી આત્માના ગુણોનું જ્ઞાન મેળવો.

વિવિધ વિડંબનાઓમાંથી બચવાને માટે સમજ્યા પછી જે આત્માના ગુણોને મેળવે છે, તેઓએ પોતાનું કરવા લાયક કાર્ય કર્યું કહેવાય, તે સિવાય મજૂરી અને કરેલી વેઠ માથે પડે અને બિચારા બનીને પરલોકે ગમન કરે છે.

આત્મિક ગુણોને મેળવવા માટે મજૂરી કરવી પડતી નથી તેમ વેઠ વિગેરે પણ કરવી પડતી નથી. તેમજ તે દુકાનોમાંથી વેચાતી પણ મળતી નથી. એ તો સહજ સ્વભાવે મળી શકે એમ છે, પરંતુ રાગ–દ્વેષ અને મોહનો ત્યાગ કરે તો જ મળે.

૯૭. રાગ, દ્વેષ અને મોહે, સર્વ શક્તિઓને હણી નાંખેલ છે અને હણી રહેલ છે જેણે રાગ, દ્વેષ અને મોહને અદૃપ કર્યો છે, તેણે જ શક્તિઓ મેળવીને વિડંબનાઓ ટાળી છે અને તેઓએ ધર્મધ્યાનમા મસ્ત રહેવાની શ્રદ્ધા કેળવી છે; રાગ, દ્વેષ અને મોહના પ્રબળ વિકારોનો નાશ થયા વિના આત્મશ્રદ્ધા થવી તે અશકય છે, તો પછી આત્માનો અનુભવ ક્યાંથી

આવે ? વિષય સુખનો અનુભવ કરવો તે હિતકર કે કલ્યાણ-
કારક નથી તેમજ સત્ય અભ્યુદયની નિશાની પણ નથી.

વિષય-કષાયના વિકારોમાં વશ બનેલ માનવી, બળીઓ
હોય તો બે ભાગ માગે અને તેમાં જો બુદ્ધિ ભળે તો ચાર-
છ ભાગ માગે. અને તેવા મનુષ્યમાં બળ અને બુદ્ધિ હોય તો
સગા-વહાંલાનું તેમજ પારકાનું સઘળુંયે પડાવી લે; આવી
બલ બુદ્ધિ માટે અધિક અભ્યાસ કરવો પડતો નથી, જગત-
ના માણસોના સંસર્ગથી તેમજ વાતાવરણથી પોતે જાતે
શીખી લે છે.

ભલે તે વિકારોથી વકરેલો માનવી, બલબુદ્ધિને વાપરી
બીજાઓનું બથાવી પાડે તો પણ તેને શાંતિ કે સંતોષ પ્રાપ્ત
થતો નથી; ઉલટો ઉકળતો રહે છે અને છેવટે તે બથાવી પડેલા
ધનાદિકવડે જ આર્ત્તધ્યાનને-રૌદ્ર ધ્યાનને ધરતો દુર્ગંધનું ભાજન
બને છે જેથી ત્યાં અસહ્ય વેદના-પીડાઓ સહવી પડે છે.

૯૮. **બળ અને બુદ્ધિમાન સજ્જનો, પોતાના સાધનો
દ્વારા** અન્ય જનોને રીતસર સહકાર આપીને દરરોજ આનં-
દનો અનુભવ મેળવે છે, ત્યારે બળ અને બુદ્ધિમાન્ વિકારી
માણસો, મળેલા પોતાના સાધનોવડે બીજાઓનું ધનાદિક પડાવી
બથાવી લઇને ખુશી થાય છે પરંતુ તેનો આનંદ સજ્જનોની
માફક ટકતો નથી. પુણ્યોદયે, અનુકૂલતા રહે પણ પાપોદયે તે
સઘળું ખતમ થાય છે અને તે ખતમ થતાં ત્રણ લાતો મારતું
જાય છે. એક તો કંગાલીયત અને બીજી ચિન્તાની અસહ્ય તાપ-
ની હોળી, ત્રીજી દુર્ગતિના મહેમાન-આ પ્રમાણે આનંદ આનંદ-

માં તફાવત હોય છે, આરંભે મળેલો આનંદ કહી શકાય નહિ, પણ છેવટ સુધી રહે તેજ આનંદ કહેવાય છે.

૯૯. સજ્જન મહાશયોનું હૃદય સદ્ગુણીઓને દેખવાથી ખુશી થાય છે તેમજ કમલોનું હૃદય, સૂર્યના દર્શનથી ખીલે છે, કુમુદનું હૃદય ચંદ્રમાના દેખવાથી ખુલે છે,

૧૦૦. શ્રદ્ધાને પણ પાંચ ભૂષણો જોઇએ છીએ. ત્યારે તે બરોબર કાર્ય કરી શકશે. ધૈર્ય–દૃઢતા–સહિષ્ણુતા–ઉત્સાહ અને નિઃસ્વાર્થ પ્રેમ તેના પાંચ ભૂષણો છે આ પાચ ભૂષણોને પહેરી શ્રદ્ધા, ઘણા જોરમા આવી ધારેલાં કાર્યોને પાર ઉતારે છે.

૧૦૧. જુદા જુદા સંબંધો, સ્વાર્થ અને સ્વાર્થીઓ. મનુષ્યાકૃતિનો વેશ ભજવવા સંસારરૂપી રંગભૂમિમાં આવેલા મનુષ્યોને જુદા જુદા સંબંધોમા આવવું પડે છે. માત, પિતા, ભાઇ, ભગિની, ભાર્યા, સુત્ર, મૂર્ખ, શેઠ શાહુકારાદિ સાથે તેઓ સંબંધ બાંધે છે અને વખતે તેઓનો વિયોગ પણ થાય છે. પણ તે દરમ્યાન રાગ–દ્વેષ અને મોહને લઇને તે સંબંધો લાભદાયક નીવડતા નથી.

સંબંધોને આગળ વધારવા માટે શકિતમાન હોય છે, પણ સ્વાર્થી માણસો તેનો લાભ લઇ શકતા નહી હોવાથી તેઓને દુઃખજનક થાય છે. ખટપટો, કલહકંકાસ, વેર–ઝેર વરસાવીને પોતે દુઃખી થાય છે અને સંબંધીઓને દુઃખી બનાવે છે.

નિઃસ્વાર્થ પ્રેમવડે બાધેલા સંબંધોને આધારે માદોમાંહી સહકાર મળવાથી આગન્તુક વિડંબનાઓને–વિપત્તિઓને ટાળવા

માટે મુનિઓ તથા મનુષ્યો સમર્થ બને છે અને જો તેમાં સ્વાર્થે પ્રવેશ કર્યો તો તે વિડંબનાઓ અકરચકરમાંથી ઉભી થાય છે.

સ્વાર્થની ખટાશને લીધે, સ્વજનવર્ગમાં, મિત્રોના સ્નેહરૂપ દૂધમાં ખટાશ થાય છે અને પ્રેમરૂપી દૂધને બગાડી નાંખે છે અને જોઇતી મદદ મળતી નથી.

સમજણા મનુષ્યો, સ્વાર્થ કરતાં પરમાર્થની અનંતગુણી કિંમત આંકે છે. એટલે આખુંએ વિશ્વ, તેઓને કુટુંબી તરીકે લાગે છે, અને મમતા-મત્સર તેઓને હોતા નથી.

સ્વાર્થના આંધળા ચશ્મા પહેરનારને કદાપિ પ્રકાશ મળતો નથી અને પરમાર્થના સન્માર્ગે ગમન કરવા શક્તિમાન થતા નથી. પરમાર્થના સન્માર્ગે વળ્યા વિના નિશ્ચિંત થવાતું નથી માટે સ્વાર્થના અંધ ચશ્માનો ત્યાગ કરવો જરૂરી છે.

સારી રીતે ભણેલા પંડિતો પણ સ્વાર્થના અંધ ચશ્માને ઉતારે નહી તો સંસારાટવીમાં અરહોપરહો અથડાઇને દુઃખી થાય છે, કોઇ પ્રકારે તેઓને શાંતિ મળતી નથી. સ્વાર્થી માણસો સ્વાર્થખાતર હલકામા હલકાની સેવા બજાવીને હલકા બને છે.

સ્વાર્થીને બુદ્ધિ-બલ-પરાક્રમ અને સાહસ હોય તો કારમો કેર વર્તાવવામાં બાકી રાખે નહી. જૂઠાનું સાચું અને સાચાનું જૂઠું કરીને વિશ્વમાં ત્રાસ વર્તાવી પોતાનું ઘર ભરે છે; બીજાઓ ભલે પીડાઓ ભોગવે કે મરણ પામે તેની પરવા હોતી નથી.

સ્વાર્થી માણસો આ ભવ અને પરભવ, સ્વાર્થને લઇને બગાડે છે, અને કૂડકપટ, દગા-પ્રપંચ કરીને પ્રાપ્ત કરેલી દોલત અહીંઆ પડી રહે છે, સાથે આવતી નથી.

રણા કરીને ખસેડી નાંખે છે, એટલે તેઓને વ્યાવહારિક કાર્યોમાં કે ધાર્મિક કાર્યોમાં સફલતા મળે છે.

૧૧૧. માણસોની માન્યતા પ્રાયઃ એવી હોય છે કે અમોને પૈસા ટકાની આવક સારી હોય, તેમજ સવ પ્રકારની ઉપાધિ ન હોય અને અનુકૂલતા જો હોય તો પરોપકારના તેમજ ધાર્મિક કાર્યોમાં સઘળી જિંદગાની વ્યતીત કરીએ; સંસારની ઉપાધિમાં પડ્યા છીએ તેથી અમારાથી કાંઇ પણ બનતું નથી. ઉપાધિમાથી ઊંચા આવતા નથી. અરેરે શું કરીએ? પરોપકારના તેમજ ધાર્મિક કાર્યો કરવાનું અમારા નસીબમાં નથી! એક વ્યાધિને મટાડતા ચાર ઊભી થાય છે અને ચારને મટાડતા દશ ઊભી થાય છે. એટલે મનુષ્યભવ પામીને કાંઇ પણ અમારાથી બનતું નથી. ધન્ય છે તે ભાગ્યશાલીઓને કે જેઓ તન, મન અને ધનથી ધાર્મિક કાર્યો તેમજ પરોપકારનાં કાર્યો કરે છે; એક ઘડીભર દેરાસર–ઉપાશ્રયે જઇએ તો પણ મનોવૃત્તિ પરિભ્રમણ કર્યા કરતી હોય છે, ત્યા પણ ઉપાધિને લઇને મન શાત રહેતું નથી! આ પ્રમાણે કોઇ પૂછે ત્યારે લૂલો બચાવ કરીને મનમાં સંતોષ માને છે પણ પોતાના પ્રમાદને દૂર કરવા પ્રયત્ન કરતા નથી; પટલાઇ–શેઠાઇ, જ્ઞાતિજનો આગળ ફૂટવી હોય તો, કલાકોના કલાકો મળે, રાત્રીના બાર વગાડે, અને સત્કાર્યો કરવામાં લૂલો બચાવ કરીને ધર્મીનો દેખાવ કરવામા બાકી રાખતા નથી. આવા માણસો, પીત્તલને ચળકાટવાળું કરીને સોનામા ખપાવવા માગે છે, પરંતુ તેમના દંભનો પડદો ચીરાતાં વાર લાગતી નથી અને હાસ્યપાત્ર બને છે.

તેઓ પોતાના પ્રમાદ–આળસને પૂવ કર્મના રૂપમાં ફેરવી

મળી રહે છે. સમ્યગ્જ્ઞાન નહી હોય તો પણ આવીને મળશે. આસક્તિ–મમતા–અહંકારાદિક પણ રહેશે નહી. મનુષ્યમાં એવી તાકાત અચિન્ત્ય રહેલી હોય છે કે–તે ધારે તે કાર્ય કરવા સમર્થ બને છે. **પ્રમાદને પકડી પાડી પરમપદને પણ પ્રાપ્ત કરી શકે છે,** માટે જે પ્રતિકૂલતાના સંયોગો મલ્યા છે. તેઓને ટાળવા માટે ધીરજને ધારણ કરો આવી પડેલી વિડંબનાઓને સહન કરી લો; પ્રમાદ–પરિતાપાદિને કરો નહી અને ઉદ્યમશીલ બનો. જે ધારશો તે મળી રહેશે, એવો દૃઢ વિચાર રાખો–સરખી રીતે સર્વદા કોને અનુકૂલતા રહી છે ? કોઈને પણ રહી નથી.

૧૧૫. યોગ્યતાને મેળવો–સાનુકૂલ સાધનો આપણે પોતે જ મેળવીએ છીએ. તે તમારી રાહ જોઈ રહેલ છે પરંતુ તમો યોગ્યતાને ધારણ કરો તો જ મેળવી શકો એમ છો, યોગ્યતા વિના સાધનસામગ્રી મળી હોય તો પણ લાભ આપી શકશે નહી.

યોગ્યતા સિવાય મહાન્ થવા માટે મહેનત કરવી તે મોતનું કારણ છે. એક ખાબોચિયું, સરોવરની બરોબરી કરી શકે નહી અને જો બરોબરી કરવા જાય તો હાંસીપાત્ર થાય અને તેની શક્તિ પણ હણાઈ જાય એક બાળક, યુવાનની હરિફાઈ કરવા જાય અને વધારે ખાય, વધારે દોડે, તો નાસીપાસ થયા સિવાય રહેશે નહી; કારણ કે તે બાળકમાં દોડવાની અગર ખાવાની તાકાત નથી. પાઠશાલામાં સાતમા ધોરણના વિદ્યાર્થીની બરોબરી પહેલા ધોરણની વ્યક્તિઓ કરી શકતી નથી. યોગ્યતા ક્રમેક્રમે ધોરણાનુસાર આવીને મળે છે; નથી મળતી એમ તો

નહી, પરંતુ એકદમ આવીને મળે નહી–ઉતાવળ કરવામાં પાછળ પડવાનું થાય છે અને આગળ વધવાની તાકાત કમી થાય છે, ઉત્સાહ રહેતો નથી.

ક્રમેક્રમે ધોરણાનુસાર પ્રયત્ન કરવાથી ઉત્સાહ વધે છે; પાછળ પડાતું નથી. ઘણા ય ભાગ્યશાલીઓએ ધોરણોને પસાર કરીને જ મહાન પદવીઓ મેળવી છે અને મેળવશે. જગતમા તપાસ કરીએ તો માલૂમ પડશે કે, યોગ્યતા—તાકાત વિના, માણસો જે વસ્તુઓને મેળવવા માટે પ્રયાસો કરે છે, તેઓ આગળ વધ્યા નથી પણ પાછા પડયા છે. એક શિયાળ, ઊંચા માંડવા ઉપર દ્રાક્ષની લુંબને લેવા માટે ઘણા કૂદકા મારે તો પણ તે શું લઇ શકશે ? નહી, ઉલ્ટું પડી જવાથી તેને વાગવાનું જ; માટે યોગ્યતાને કેળવવા માટે પ્રયત્ન કરો. ઉતાવળા થાઓ નહિ. કદિવસે, કંકોડા હોય નહિ.

૧૧૬. મનની વૃત્તિઓને કબજે કરો—મનુષ્યો, કુશલતા–પ્રવીણતાપૂર્વક સતત ઉદ્યમશીલ બને છે, ત્યારે સિંહ અને તેના જેવા શિકારી જાનવરોને પકડી કબજામા રાખે છે. સિંહ, ભયંકર અને ઘાતક છે; વાઘ પણ તેના જેવો કહી શકાય, તો પણ તેઓને વશ કરી, તેઓને નચાવી, કુશલ કારીગર, ઇષ્ટલાભ ઉઠાવી શકે છે–હાથીને પણ મનગમતી ખોરાકી આપીને મહાવત, અંકુશવડે કબજામા રાખે છે. મદારી લોકો, સાપ-નોળીયાને તેમજ વાદરાને કુશલતાથી વશ કરીને પોતાની આજીવિકા ચલાવે છે–દરેક જાનવરોને વશ કરવામા લગામ-અંકુશ વિગેરેની જરૂર પડે છે–તે જ પ્રમાણે માનસિક વૃત્તિને કબજામાં રાખવા માટે લગામ અંકુશની જરૂર

પડે એમ છે. તમો કુશલતા વાપરી વ્યાપારદ્વારા શ્રીમાન્ બન્યા-સારી રીતે શિક્ષણ લઈ અધિકારી થયા અને પુત્રાદિકને પણ સારી શિખામણ આપીને પ્રવીણ બનાવ્યા, પરંતુ તમે પોતાને માટે, તમારા આત્માને માટે કેટલું શિક્ષણ લીધું અને શિક્ષણ લઈ માનસિક વૃત્તિને કેટલી કબજામાં રાખીને આત્મિક લાભ લીધો ? ખ્યાલ રાખશો કે, તે વૃત્તિને કબજામાં રાખીને શિક્ષાઓ આપ્યા વિના ચાલશે નહી, કારણ કે તે માનસિકવૃત્તિ ઉપર જ સુખદુઃખનો આધાર છે. ઉન્નતિ-અવનતિ તે ઉપર રહેલી છે. માટે માનસિક વૃત્તિને સારી રીતે કેળવી કબજામાં રાખો; તે વિના લીધેલી કેળવણી અને પ્રાપ્ત કરેલી સત્તા, તેમજ ધનાદિક, ઈષ્ટલાભ આપવા સમર્થ બનશે નહી; પણ ચિન્તા-પરિતાપાદિકથી પીડાવું પડશે.

૧૧૭. **માનસિક વૃત્તિને સ્થિર કરવા માટે સમ્યગ્જ્ઞાન, વ્રતનિયમાદિ રૂપ લગામની જરૂર છે.** તેઓના આધારે માનસિક વૃત્તિઓ કબજામાં આવી સ્થિર થશે. દરેક પ્રાણીઓને ચેતના હોવાથી કેળવણી-શિક્ષણ મળતા તેઓની ચેતના વિકાસ પામે છે; વિકાસ થતાં પ્રાણીઓ, ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરે છે અને ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થયા પછી જ પ્રાણીઓ, સ્વપરને ઉપકારકારક બને છે; તેવી રીતે માનસિક વૃત્તિને, પોતાની ચેતનાને જો કેળવણી આપવામાં આવે તો તે શિક્ષણ-યોગે પોતાને અને પરને લાભદાયક થાય અને આધિ, વ્યાધિ, ઉપાધિનાં દુઃખો ટળે; જન્મ-જરા અને મૃત્યુનાં દુઃખો પણ રહેવા પામે નહી. શારીરિક કેળવણી લેશો તો શારીરિક વ્યાધિ મટશે પણ માનસિક આધિ તો રહેવાની, આધિ જેવું દુઃખ

બીજું છે નહી. વક્તા બનવાની કેળવણી લેશો તો પ્રસિદ્ધ વક્તા બનશો, પણ માનસિક ચિન્તાઓ તો રહેવાની જ; માટે સર્વ દુઃખનું મૂલ, જે માનસ છે, તેને બરાબર શિક્ષણ આપીને કબજામાં લો. પશ્ચાત્ જૂઓ તો ખરા, કેવા ચમત્કારિક કાર્યો બને છે કે જે કાર્યોને દેખી મનુષ્યો તેમજ દેવદાનવોને પણ આશ્ચર્ય થાય, અને મનને વશ કરનાર પણ ઉત્તરોત્તર સદ્ગતિને પ્રાપ્ત કરી પરમપદને પામે; માટે અન્ય જંજાલનો ત્યાગ કરીને **જો તમો સમયજ્ઞ હો કે વિદ્વાન્ હો તો માનસિક વૃત્તિને વશ કરવા કટિબદ્ધ બનો.** જે કાર્ય ધારશો તે જલ્દી સધાશે. અષ્ટ સિદ્ધિઓ, જે શાસ્ત્રમાં બતાવી છે તે પણ મન સ્થિર થતાં હાજરાહજુર થશે. સુખ લેવા તેમજ સંપત્તિ લેવા માટે ગમે ત્યાં દોડધામ કરશો, દરિયાને ડોળશો, ડુંગર પર કષ્ટ સહન કરીને આરૂઢ થશો, કોઈ શ્રીમાન્ની તાબેદારી ઉઠાવશો, અગર પ્રાપ્ત કરેલી સત્તા–સંપત્તિના આધારે સુખ લેવા પ્રયત્ન કરશો તોપણ મળી શકે એમ નથી. ત્યાં તો બનાવટી અને કાલ્પનિક સુખો મળશે પણ તે સુખ, દુઃખથી મિશ્રિત હશે.

૧૧૮. સ્વાધીનતા, માનસિક વૃત્તિને વશ કર્યા પછી પ્રાપ્ત થાય છે, અને ઇષ્ટ લાભ આપવા સમર્થ બને છે. મનને વશ રાખ્યા વિના પ્રાપ્ત કરેલી સ્વાધીનતા સ્વચ્છંદને લાવી મૂકે છે. વ્રત–નિયમાદિકવડે વશીભૂત થએલી મનોવૃત્તિ, સ્વચ્છંદતાનો ત્યાગ કરાવી, સાચી સ્વતંત્રતા અર્પણ કરે છે; માટે સાચી સ્વતંત્રતાનો લાભ લેવો હોય તો, સ્વચ્છંદતાને ટાળવા માટે દુઃખને સહીને પણ પ્રયાસ કરો.

ઘણા માણસોને તથા યુવાનીઆઓને તેમજ શિષ્યોને, માતપિતાની, શેઠ શ્રીમંતની તેમજ ગુરુદેવાદિકની તાબેદારી ગમતી નથી; તેથી મુક્ત થવા માટે અનેક ઉપાયો કરે છે. રીસાઈ બીજે સ્થલે નાશી જાય છે, પણ બીજે સ્થલે પ્રથમની તાબેદારી કરતાં તેઓને વધારે તાબેદાર થવું પડે છે; કારણ કે સ્થલ તથા સંયોગને બદલ્યા પણ મનનું વલણ તો પ્રથમની સ્થિતિવાળું છે એટલે ત્યા સ્વાધીનતા ક્યાંથી મળે ?

ગાય કે બળદ, લીલું ઘાસ ખાવાને માટે ખીલાને જોરથી તોડી ભાગે અને સારા લીલા ઘાસમાં જઇને પડે પણ તેનો માલીક આવતાં માર ખાઇને નાસવું પડે; તેમ જ વધારામા ડબ્બામાં પૂરાવાનો વખત આવે છે. તેવી રીતે સ્વચ્છંદતાથી ભમતા માનવીઓ અન્ય સ્થલોએ ભમે છે ખરા પણ કષ્ટને વેઠી પાછા હઠે છે. આવો વખત ન આવે તે માટે વડીલ ગુરુવર્યોની તાબેદારી સ્વીકારીને માનસિક વૃત્તિને બરોબર સ્થિર કરવી આવશ્યક છે કારણ કે **વડીલ ગુરુવર્યોની તાબેદારી મનને સ્થિર કરી સાચી સ્વાધીનતાને અર્પણ કરે છે;** એટલે તાબેદારીના કષ્ટને સહન કરીને પ્રાપ્ત કરેલી સ્વાધીનતાથી કદાપિ પાછળ પડાતું નથી, ઉન્નતિના શિખરે આરૂઢ થવાય છે માટે સાચી સ્વાધીનતા મેળવવા પ્રયાસ કરવો તે યોગ્ય છે.

૧૧૯. **કબજામાં રહીને ઘાટ ઘડાવ્યા પછી શોભાસ્પદ બનાય છે.** કુંભાર માટીનો ઘાટ ઘડે છે ત્યારે ઘડો–ગાગર વિગેરે ભાજન બને છે. **કોઇ પાણી ભરવા માટે માટીને માથે ઉપાડતું નથી,** તેમજ સોની સોનાના ઘાટ ઘડીને વિવિધ પ્રકારના અનેક આભૂષણો બનાવે છે ત્યારે જ સ્વશરીર

ઉપર માણસો ધારણ કરીને ખુશી થાય છે; કોઇ પણ પોતાની શોભા વધારવા સોનાને માથે ઉપાડતું નથી. તે પ્રમાણે મનુષ્યોના બરોબર ઘાટો ઘડાય તો સમગ્ર વિશ્વ, તેઓને ચાહે, પ્રશંસા કરે અને તેઓના અનુયાયી પણ બને. જડ જેવાની કોઈ પ્રશંસા કરતું નથી તેમજ ચાહના પણ કરતું નથી, માટે જ્યાં ઘાટ ઘડાતાં હોય, ત્યાંથી ખસી જવું નહી અને માનસિક વૃત્તિને સ્થિર કરવી.

કબજામા નહી રહેલો અગ્નિ તેમજ પાણી મહાભયંકર આફતને ઉપસ્થિત કરે છે. અને કબજામા રહેલ અગ્નિ અને પાણી પ્રાણીઓને જીવાડી પોષણ આપે છે, તો પછી ઘડાએલ મનુષ્ય એવો કોઈ લાભ નથી કે જે ન આપી શકે? ઘાટમા જ મુશ્કેલી રહેલી છે. એ મુશ્કેલીમાં લાભ છે અને સારી રીતે ઘાટ ઘડાય છે; આમ સમજવામાં આવે તો કામ નીકળી જાય માણસોને લાભ લઈને અભ્યુદય પોતાનો કરવો છે, પણ સહજ મુશ્કેલી આવતા ભાગાભાગ કરે છે, ગભરાય છે, પરિતાપ કરવા બેસી જાય છે; તો પછી ઇષ્ટ લાભ જેવો કે આબરુ–પ્રશંસા–ધનસંપત્તિ–આત્મિક વિકાસ અને સાચી સ્વાધીનતા ક્યાથી આવીને પ્રાપ્ત થાય? મુશ્કેલી વેઠ્યા વિના તો, પેટ પણ ભરાતું નથી, તો પછી પરિવારનું પોષણ તો ક્યાથી થાય? તેમજ માન–સન્માનાદિ પણ ક્યાથી મળે?

૧૨૦. સંસારમાં ઘાટ ઘડાવાની અનેક શાળાઓ છે, તેમાં બેસીને ઘાટવાળા બનો. આપણને જીવનમાં જીવનાં આવડતું હોય તો તે સરલ અને સુગમ છે. પણ વિષયકષાયના વિકારોથી તેમજ તૃષ્ણામાં તણાએલ હોવાથી

તે જીવનને વિષમ બનાવીએ છીએ, અને તેના યોગે જીવનનો માર્ગ, કષ્ટ અને આફતરૂપ બને છે. સન્માર્ગનો ત્યાગ કરી ઉન્માર્ગે, જ્યાં ખાડા ટેકરાઓ રહેલા છે તે માર્ગે ગમન કરનારને સુખશાંતિ ક્યાથી મળે ? તૃષ્ણાનો માર્ગ આફત રૂપે રહેલો હોવાથી કષ્ટ સિવાય અન્ય ઉપલબ્ધ થતું નથી. વાસના અને તૃષ્ણાથી વ્યાપ્ત બનેલું જીવન, તે સાચું જીવન નથી. ખરું જીવન તો, સમ્યગ્ જ્ઞાનપૂર્વક સદાચારોનું પાલન કરવામાં જ સમાએલ છે. જ્ઞાનીઓને વ્યવહારનું પાલન કરવું પડે છે, પરંતુ તૃષ્ણા અને વિકારોથી અલિપ્ત હોવાથી તેઓના જીવનમાં વિષમતા આવતી નથી. વિકારોમા તથા તૃષ્ણાના વેગે તણાએલને, સમ્યગ્ જ્ઞાનનો અભાવ હોવાથી વ્યવહારમા ડગલે ને પગલે વિષમતા–અથડામણો–કંકાસાદિક આવીને ઉપસ્થિત થાય છે એટલે તેમનું જીવન, દુઃખમય–દુઃખજનક અને દુઃખની પરંપરા વધારનાર બને છે.

વિષય કષાયના વિકારો તેમજ તૃષ્ણાઓ જ કષ્ટજનક છે, તેથી સુખરૂપ જીવનથી જીવાતું નથી. કેટલાક તેવા કારણોના આધારે દુકાન–મીલ વિગેરેનો વિમો ઉતરાવીને પછી પોતાના હાથે તેમાં અગ્નિ સળગાવે છે. અને જો પકડાઈ જાય તો તેઓની બેહાલ દશા પૂરેપૂરી થાય છે; કેટલાક તો અજ્ઞાની હોવાથી અન્ય જનો ઉપર કાળો કેર વર્તાવી પોતાનું જીવન દુઃખમય બનાવતા જોવામાં આવે છે અને કેટલાક તો આબરુના ભયથી પોતે પોતાની મેળે દરિયામા પડે છે અગર ગ્યાસતેલ છાંટી અમૂલ્ય કાયાને સળગાવી મૂકે છે. વિકારો શું નથી કરતા ?

૧૨૧. શક્તિનો દુરુપયોગ ન કરો, સદુપયોગ કરો.

માણસોમાં બુદ્ધિ-બલ અને સત્તા તો હોય છે, પરંતુ તેઓનો સદુપયોગ કરવામાં વિષયાસક્તિ, વાસના અને તૃષ્ણા આડી આવતી હોવાથી બુદ્ધિબલમાં આવરણ આવે છે, તેથી સન્માર્ગે ગમન ન કરતાં ઉન્માર્ગે દોડયા જાય છે. કોઇ, સન્માર્ગને દર્શાવનાર મળે તો પણ તેઓને સાંભળતા પણ નથી, તો તેના કથન પ્રમાણે વર્તન તો થાય ક્યાંથી ? આવા માણસો પોતાના જીવનને વિષમય બનાવે છે. મળેલા મનુષ્ય જન્મનો લાભ લઇ શકતા નથી અને પોતે જ ઉત્પન્ન કરેલ વ્યાધિમાં સપડાઇને સડ્યા કરે છે, માટે બુદ્ધિમાન-બલવાન્ તેમજ સત્તા-વાળાઓએ દુર્ગુણોનો ત્યાગ કરવા નિરન્તર દરરોજ કાળજી રાખવી જરૂરની છે

સમ્યગ્ જ્ઞાન ચારિત્રનો માર્ગ સરલ અને સુગમ છે; પણ તે માર્ગને દુન્યવી-ક્ષણભંગુર વસ્તુઓ ખાતર કંકાસ-કલહ-લડાઇઓ કરીને તેવા માણસો વિષમ અને દુઃખજનક બનાવે છે. પોતે જ દુઃખના ખાડાઓને ખોદી તેમાં પડે છે. પછી દુઃખી થાય તેમા અન્યનો શો દોષ કાઢવો ?

ઘણાય વ્રતધારીઓ, સમ્યગ્જ્ઞાન ચારિત્રના સુગમ માર્ગે ગમન કરીને અનાદિકાલના દુઃખોને દૂરે કરે છે અને કરશે. આ સિવાય સુખ માટે અન્ય માર્ગ છે જ નહી.

વિષય કષાયના વિકારોને તથા વિચારોને સત્ય માનવાથી સુંદર વિચારો અને વર્તન થતું નથી, અને સન્માર્ગ સૂઝતો નથી; સન્માર્ગ બતાવનારને તેઓ દંભી કહી હાંસી કરે છે. આવા પણ માણસો, જગતમાં માલૂમ પડે છે. તૃષ્ણાના તોરમાં

ને તોરમાં ગમે તે માર્ગે ગમન કરીને પાછળ ને પાછળ પડીને પસ્તાવો કરતાં મરે છે.

૧૨૨. સંગ-સંસર્ગ કરીને પણ પાછળ વિચાર કરો- કામકુંભ, કલ્પવૃક્ષ, પારસમણિ, કામધેનુ કરતાં પણ સમ્યગ્જ્ઞાન-પૂર્વક ચારિત્રની આરાધના અત્યંત અને અવ્યાબાધ સુખને આપનાર છે; છતા ગર્વમાં ઘેરાએલ માનવીઓ, તેની આરાધનાનો ત્યાગ કરીને કંટકમય બાવળીઆ સાથે બાથ ભીડે છે, તો પછી કંટકો ભોંકાય તેમાં દોષ કોનો ? માટે સત્ય સુખદાયી, સમ્યગ્ જ્ઞાનચારિત્રની આરાધના જ સુખમય-સુખજનક અને સુખની પરંપરાવર્ધક છે.

દુનિયાના માણસોના સંસર્ગમાં આવ્યા પછી જેઓ, એકાંતે બેસીને પોતે વિચાર કરે તો, તેમજ વિવેકનો પણ આધાર લે તો, જરૂર સન્માર્ગની ખબર પડે. દુન્યવી વાતાવરણમા-સંજ્ઞાઓમા મુંઝવણ આવે નહી અને સૂગમતા પડે માટે હે મહાનુભાવો ! એકાંતમાં બેસીને જેનો સંસર્ગ થયો હોય તેનો વિચાર કરજો અને સારાસારનો વિવેક કરજો. વિચાર કરવામાં પૈસાઓ બેસતા નથી તેમજ પ્રયાસ કરવો પડતો નથી. ગાડરીઆ પ્રવાહની માફક દોડતા જાઓ નહી. જે બુદ્ધિબલ, ચાર સંજ્ઞાઓને પોષવામાં વાપરો છો તેમા પરિણામે દુઃખ છે કે સુખ છે, તેની વિચારણા કરનારને ઉન્માર્ગે ગમન કરવું પસંદ પડતું નથી, સન્માર્ગની ચાહના થાય છે, આદરમાન વધે છે અને અનુક્રમે તે માર્ગની પણ આરાધના થાય છે.

તમારી જાતે વિચાર કરવાની તમારામાં તાકાત નહી હોય

પણ દ્વેષ રાખે નહી અને ધર્મધ્યાને રહે. અને જેઓની પાસે ધનાદિ સાધનો છે તેઓ દુઃખી સીદાતા માણસોને મદદ કરે. **દેવાદારોનું શક્તિ પ્રમાણે વિક્રમ નૃપની માફક દેવું ચૂકવે** તથા દાન પુણ્ય કરી ધનાદિકનો લ્હાવો લે. બીમાર માણસોને **દવા આપીને સાજા બનાવે, જ્ઞાનની પરબો મંડાવે,** ધન વિગેરેનો સહકાર આપીને **ગરીબોને ધંધે ચઢાવે. આ પ્રમાણે વર્તન કરવાથી દીવાળી ઉજવાઈ કહેવાય.** જ્ઞાતિના-શેરીના-પોળના-પાડાવાડાના તેમજ સમાજના માણસો સુખી હશે તો દાન દેનારને પણ સુખ મળશે. યથાશક્તિ જે દાન-શીયલ-તપ-ભાવનાને ભાવતા નથી તેઓની ઉપર અનેક પ્રકારના ઉપદ્રવો આવીને ઘેરો ઘાલે છે અને વિડંબનાઓનો પાર રહેતો નથી.

૧૨૮. નવપદના ધ્યાનથી વિપત્તિઓ ટળે. વિષય-કષાયના વિચારોથી માનસિક ચંચલતા અધિક વેગમા આવે છે અને તે વેગના યોગે માનસિક શક્તિની હાનિ થાય છે. માનસિક શક્તિ ઓછી થતાં ચિન્તાઓ થયા કરે છે તેથી જ વ્યાધિઓ આવીને શરીરને ઘેરી લે છે તે વ્યાધિઓને દૂર કરવામા વૈદ્ય ડૉકટરોની દવા એકલી કારગત થતી નથી. જો માનસિક ચિન્તા, ધર્મભાવનાના આધારે પ્રથમ દૂર કરવામાં આવે તો જ દવા લીધેલી સફલ થાય છે; માટે માનસિક ચિન્તાની દવા તેમજ શારીરિક વ્યાધિઓની દવારૂપ ધર્મભાવનાને ભાવવી જોઇએ. **નવપદના ધ્યાનના આધારે તેમજ પરમેષ્ઠિના જાપના આધારે, વ્યાધિઓ-વિપત્તિઓ અને વિડંબનાઓ રહેતી નથી** અને પાછી આવવા માટે તેઓને અવકાશ

મળતો નથી. વિષયકષાયના વિચારો તેમજ વિકારો પણ આત્માના ગુણોના ઘાતક બનતા નથી, કારણ કે નવપદના જાપથી મંદ પડેલા હોય છે; મનઃશુદ્ધિ થતા માનસિક વૃત્તિ આત્માના અસંખ્યાતા પ્રદેશમાં વિલય પામે છે એટલે આત્મોન્નતિમા આગળ વધાય છે.

માનસિક અને શારીરિક વિકારોએ, આપણું સત્ય ધન–પુણ્ય લૂંટી લીધું છે. અને ઉન્માર્ગે–અંધકારનો પટ બાંધી ચઢાવી દીધા છે. **હવે સન્માર્ગે ક્યારે વળાય** તે કહી શકાય નહી. ભવિતવ્યતાના યોગે જો **સાચા સદ્‌ગુરુ મળે,** તેઓને ખરા સ્વરૂપે ઓળખી તેમનો આદર–વિનય કરીએ ત્યારે તેમના ઉપદેશને શ્રવણ કરવાની રુચિ જાગે છે અને રુચિ થતા જો આત્મિક બલ ફોરવીએ ત્યારે જ ઉન્માર્ગનો ત્યાગ કરીને સન્માર્ગે વળીએ અને તેમની **આજ્ઞા–સેવા–ભક્તિ–યોગે સમ્યગ્‌જ્ઞાન થાય.** અંધકાર પટ ખસે ત્યારે સત્ય પ્રકાશ થતા સત્ય સુખના અધિકારી બનાય છે.

૧૨૯. વાદવિવાદમાં જો ઉતરવું હોય તો કદાપિ ઉશ્કેરાઈ જવું નહી. કારણ તેથી જે આનંદ મળવાનો હોય અગર સમજણ પ્રાપ્ત કરવાની હોય તેથી બેનસીબ રહેવાય છે. અને કલેશ–કંકાસ–અદેખાઈ વિગેરેને આવવાનું સ્થાન મળે છે

૧૩૦. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં તેના અનુભવીની સલાહ લેવામાં આવે તો તે કાર્યમાં સફલતા આવી મળે છે. અને સરલતાથી–સુગમતાથી એ કાર્ય પાર પડે છે; માટે અહંકાર–અદેખાઈનો ત્યાગ કરીને અનુભવીની સલાહ લેવી ઉચિત છે.

૧૩૧. ભાગ્યોદયમાં, શાસ્ત્રીય સમ્યગ્જ્ઞાનની તેમજ નૈતિક-રાજનીતિની સાથે વ્યવહારિક જ્ઞાનની પણ આવશ્યકતા રહેલી છે. આ સિવાય ભાગ્ય, બરોબર સફલતા ધારણ કરતું નથી; માટે નીતિમય ધાર્મિક જ્ઞાનની પણ જરૂર રહેવાની જ.

૧૩૨. કોઈ એક ગ્રન્થની પ્રસ્તાવના જોવાથી સારાએ ગ્રન્થનો સાર માલૂમ પડે છે અગર કેવા કેવા વિષયો રહેલા છે તેની ખબર પડે છે. તે પ્રમાણે મનુષ્યોની આકૃતિ ઉપરથી અને મુખ ઉપર થતાં પરિવર્તનોદ્વારા તીવ્ર બુદ્ધિવાળાઓ તેઓના માનસિક વિચારોને કળી જાય છે એટલે સમજી જાય છે.

૧૩૩. તમો જે ઉચ્ચ પદવીઓ તેમજ મહાન્ સત્તા, ઘણી સંપત્તિને મેળવવાની ભાવના રાખો છો, તે તો ઠીક છે; પરંતુ તમોએ તે માટે લાયકાત-યોગ્યતા મેળવી છે ? જો યોગ્યતા નહી મેળવી હોય તો તે વસ્તુઓ ભારે પડશે.

૧૩૪. હલકા વિચારોવાળાને તથા હલકા આચારવાળા માણસોને સત્તા, સંપતિ જો મળે તો, અનર્થ કરવામા બાકી રાખે નહી. તેઓ શીકારી પ્રાણી કરતા પણ અત્યંત ભયંકર નીવડે છે, અને કારમો કેર વર્તાવે છે.

૧૩૫ થએલી હાનિ નુકશાનીને વારંવાર યાદ કરીને રડ્યા કરવું અને આળસુ બનીને બેસી રહેવું તે અણસમજુ જનોનું લક્ષણ છે. સમજુ જનો તો ગુર્યા ન કરતાં સાવધાનતા રાખીને પ્રવૃત્તિ કરે છે અને પ્રમાદમા પડી રહેતા નથી.

૧૩૬. પોતાના પુત્રોને તથા શિષ્યોને અને અનુયાયી

વર્ગને, ભૂલો થતાં યોગ્ય સમયે મીઠા વચનથી શિખામણ આપવી જરૂરી છે; પણ વારે વારે ટકટકારો કરવો તે ઉચિત નથી. કારણ કે તેનાથી તો તેઓ વધારે નઠોર બનવા સંભવ છે.

૧૩૭. કહેવત છે કે, બેસીએ એવી જગ્યાએ કે ઉઠવાનો વખત આવે નહી અને શરમાવવાનું થાય નહી. તે પ્રમાણે બોલીએ એવું કે તે બોલેલું પોતાના મુખમા પાછું પેસે નહી અને આચરીયે એવું કે પાછળથી પસ્તાવો ન થાય.

૧૩૮. પ્રાય· આજીવિકાની હાનિ થતાં મનુષ્યોને સ્થિરતા રહેતી નથી. અને ચોરી કરવાની ઇચ્છા જાગે છે, માટે માણસને શક્ય સહકાર આપવો તે ધર્મમાર્ગમા સ્થિર રાખવા બરોબર છે.

૧૩૯. સફળ પ્રયત્ન. મનુષ્યોએ, દેહ ગેહાદિક માટે જેટલો બની શકે એટલો પ્રયત્ન કર્યો, પણ આત્મિક અને માનસિક શક્તિ માટે કેટલો પ્રયાસ કર્યો તેનો વિચાર કરવાનો રહે છે; જો આત્મિક શક્તિ માટે પ્રયાસ કર્યો હશે તો સઘળો પ્રયત્ન સફળ થશે.

૧૪૦. તીવ્રેચ્છાના આધારે નિકાચિત કર્મો બંધાય છે, તે ભોગવ્યા સિવાય દૂર ખસતા નથી. સારા કે બૂરા કર્મો બેડીના જેવા છે અને તે સમય મળતા પુરુષાર્થના યોગે દૂર ખસે છે માટે તે કર્મોને દૂર કરવા સબળ પુરુષાર્થ કરવાની ખાસ જરૂર છે.

૧૪૧. આત્મિક બલ વધારવા માટે તે પુરુષાર્થને કરે છે. તેઓની શુભાશુભ અને શુભતર બેડીઓના બંધન ખસતા

રહે છે અને અનુક્રમે સ્વતંત્ર બને છે; તેથી શુભ કર્મોમાં બહુ આસક્તિ ન રાખતાં, નિર્લેપતાએ કર્મો કરવા ઉચિત છે.

૧૪૨. આત્મિક ધ્યાનના યોગે અગર સંવરના યોગે પૂર્વસંચિત કર્મો, દૂર ખસતા રહે છે અને આત્મિક જ્ઞાન, બલનો વિકાસ થતો જાય છે માટે તદર્થે ખાસ વખત કાઢવાની આવશ્યકતા રહેલી છે. ઉપેક્ષા કરવા જેવી આ બીના નથી.

૧૪૩. સમ્યગ્ જ્ઞાનબલ નહી હોય તો, કરેલી તપસ્યા તેમજ ધાર્મિક ક્રિયાનું તાત્પર્ય મેળવી શકાશે નહી. ઉલ્ટી નિન્દા, અદેખાઇ, અસહિષ્ણુતા આવીને હાજર થવાની; માટે રીતસર જ્ઞાન મેળવીને તપસ્યા વિગેરે ધાર્મિક ક્રિયાઓ કરવી જોઇએ.

૧૪૪. આત્મજ્ઞાનવડે ઘડાએલ આત્માજ, વિડંબનાઓને સહન કરવા સમર્થ બને છે તે વખતે આત્માને બહુ લાગી આવતું નથી અને નવીન કર્મનો બંધ થતો નથી તેથી સંવરપૂર્વક નિર્જરા થવા માંડે છે.

૧૪૫. સમ્યગ્જ્ઞાન અને ક્રિયાયોગે આત્મા પોતે પોતાનું ઘડતર કરે છે. તેમાં અન્યનું કાઈ ચાલતું નથી. **શુભ નિમિત્તો તો દિશા બતાવીનેજ કૃતાર્થ થાય છે.** પછી ઘડતર કરવા માટે પોતાનો પુરુષાર્થ ખપમા આવે છે માટે નિમિત્તોને પામીને આળસુ પ્રમાદી થવું ન જોઇયે. પ્રભુ અને ગુરુ પુરુષાર્થી ઉપર પ્રસન્ન થાય છે.

૧૪૬. તીર્થની તેમજ તીર્થંકરોની તથા મહાજ્ઞાની ગુરુવર્યોની ભક્તિ તો ઘણા માણસો કરનાગ મળી રહેશે પણ

તેમની આજ્ઞા પ્રમાણે ભક્તિ કરનાર કેટલા ? તેઓની આજ્ઞા પ્રમાણે વર્તન કરનાર જ મહાન્ પદવીને લાયક બને છે; મહાન્ થાય છે.

૧૪૭. જ્યારે વિકલ્પો શમે છે ત્યારે ચિત્તની પ્રસન્નતા થાય છે માટે દુન્યવી પદાર્થોના વિકલ્પોનો ત્યાગ કરી ચિત્તપ્રસન્નતાને મેળવો તેથી આપોઆપ આત્મબલ–આત્મજ્ઞાન, અવ્યાબાધ સુખ આવીને ભેટશે દુ ખ રહેશે નહી.

૧૪૮. આત્મબલવાળા ગમે તેવા મનુષ્યો થઈ શકે છે. ભલે પછી રંક હોય કે રાજા હોય, શેઠ હોય, સેવક હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય, પુરુષાર્થવાળાઓ જ આત્મશક્તિ મેળવી શકે છે.

૧૪૯. જીવનમાં જે જે બનાવો બને છે અને જુદી જુદી પરિસ્થિતિઓમાં અવાય છે તે તમામ બનાવો તથા પરિસ્થિતિઓ નવા નવા અનુભવો અર્પણ કરે છે, દુઃખ આવે છે, તે પણ આડકતરી રીતે સુખ માટે થાય છે, માટે તેથી ભય પામવો નહી.

૧૫૦. આવતા ભવમાં જે પ્રાપ્ત કરવાનું હોય છે, તેનો આધાર વર્તમાન મનુષ્ય જીવન ઉપર રહેલો છે. હાથમાં આવેલું અમૃતનું પાન કરી શકાય છે તેમજ ઢોળી પણ શકાય છે, માટે વર્તમાન જીવનમાં બહુ સાવધાન રહેવાની જરૂર છે.

૧૫૧. જે મનુષ્યો ભવિષ્યમાં અગર આવતી દિન-

રાત્રીમા ખપમાં આવે તે વસ્તુઓને વાપરી નાંખે છે. તે બીજે દિવસે કંગાલ બને તેમા નવાઇ શી ? તે માટે ભવિષ્યમાં ખપમાં આવે એવું **પુણ્ય ધનનો વ્યય કરો નહી.**

૧૫૨. **જેઓ, કર્મોના ઉદયને** વશવર્તી બનતા નથી, જેઓ હમ્મેશાં અમૃતના ભોજન કરીને સંતુષ્ટ બની રહે છે, તેઓને વિષય-વિષનું ભોજન ગમે ક્યાંથી ? **કર્મોના ઉદયને વિફલ કરવા માટે સમ્યગ્જ્ઞાનપૂર્વક આત્મરમણતા તે ઉત્તમ સાધન છે.**

૧૫૩. **કથન પ્રમાણે કાર્ય કરનાર** અને વિશ્વાસઘાત નહી કરનારા એવા સામાન્ય માણસો ઉપર વિશ્વાસ રખાય છે, પણ ટેક વિનાના અને વિશ્વાસઘાત કરનારાઓ, ભલે ઉત્તમ કુલના હોય તો પણ તેઓના પર વિશ્વાસ રખાતો નથી.

૧૫૪. **દેવ, ગુરુ અને ધર્મના સોગન ખાઇને** પોતાનું કામ કાઢી લેનારાઓ કરતાં હલકી કોમના માણસો જલ્દી ધર્મને પામી શકે છે, ભલે પછી તેઓ ધર્મને જાણતા ન હોય-પણ ધર્મને ઉત્તમ માનતા હોય છે-તેથી તેઓ તેવા સોગંદ ખાતા નથી; માટે કોઇપણ પ્રસંગે દેવ, ગુરુ અને ધર્મના સોગંદ ખાવા ન જોઇયે.

૧૫૫. **પુરુષ સમર્થ હોય** પણ અન્યના સહકાર સિવાય સ્વપરની ઉન્નતિ કરવામા સફલ બનતો નથી તથા યોગ્ય શોભાને મેળવતો નથી. અન્યના સહકારની, **અપ્રમત્ત ગુણસ્થાને** હોય ત્યારે આવશ્યકતા રહેતી નથી.

૧૫૬. રણસંગ્રામમાં ચઢેલા, શૂરવીરની માફક, મોહ મમતા સાથે બાથ ભીડનાર, સાવધાની રાખે તો જરૂર જયપતાકા મેળવીને સત્ય રાજ્યનો સ્વામી બને, અને પાછો પડે તો જરૂર લૂંટાય અને સંપત્તિ હોય તે ગુમાવી બેસે.

૧૫૭. લાંચ-રૂશ્વત-મોહ મમતા તેમજ અહંકાર અભિમાનાદિક, આગળ વધવામા લપસણા પગથીઆં છે. જો ઉપર ચઢતા સાવધાની રાખે નહી તો જરૂર નીચે પટકાઇ પડે. પછી ઊભા થતાં ઘણો વખત લાગે માટે ખાસ ઉપયોગ રાખવો

૧૫૮. કર્મનો કાયદો, કિંકર અને શંકર, શેઠ કે શઠ, શ્રીમંત કે દાસ, રાજા કે રંક, સર્વને માટે સરખો છે. તેમાં લાગવગ કે લાચ ચાલી શકે એમ નથી.

૧૫૯. ઉન્નતિના શિખરે આરૂઢ થવું કે નીચે પટકાઇ પડવું તે પોતાના હાથની વાત છે, માટે સર્વ મમતાનો ત્યાગ કરીને આગળ વધો. ક્યા નીચે પટકાઇ પડો છો ? મમતાનો ત્યાગ કરશો ત્યારે જ સર્વે આશાઓ સંપૂર્ણ થશે.

૧૬૦. આશાના દાસ બન્યા કરતાં આશાના સ્વામી બનો, કોઇની ઓશીઆળી રહેશે નહી અને આશાના દાસો પગે પડતા આવશે. નહીં ચિન્તવેલી સંપત્તિ અને શક્તિઓ, આપોઆપ આવીને ઉપસ્થિત થશે ક્યા બીજે ભટકો છો ?

૧૬૧. આગળ વધવામાં કે પાછળ પડવામા પોતાના વિચારો ઘણો ભાવ ભજવે છે માટે જ્ઞાનીઓના વચનોને માની સદાય ઉમદા વિચારો કરવા જોઇયે.

૧૬૨. જગતરૂપી મહેલ, રાગ-દ્વેષની દીવાલો ઉપર નભી રહેલો છે. તેમજ જગતરૂપી ચોથીના પાના બે છે. એક તો અહંકાર અને બીજું પાનું મમતા છે. જો રાગ-દ્વેષ, અહંકાર અને મમતાનો ત્યાગ થાય તો જીવ તે શિવરૂપે થાય.

૧૬૩. જ્ઞાની અને અજ્ઞાની માણસોના વ્યવહારમાં બાહ્યદૃષ્ટિથી જોતાં તફાવત પ્રાયઃ માલૂમ પડતો નથી, પરંતુ અન્તર્દૃષ્ટિએ જોતાં ઘણું અન્તર માલૂમ પડશે. અજ્ઞાનીઓ, ખાનપાનાદિ વ્યાવહારિક કાર્યોમા આસક્તિ રાખીને વર્તન રાખે છે ત્યારે સમ્યગ્જ્ઞાનીઓ, ખાનપાનાદિક વ્યવહાર, નિર્લેપતાએ કરે છે, અર્થાત્ તેમા રાચીમાચી રહેતા નથી.

૧૬૪. આપણે જો પ્રમાદ-આળસરૂપ ભૂલને સુધારવા ધર્મધ્યાનપૂર્વક વિચાર કરીએ તો આપણને સત્કાર્યાદિક કરવાનો અભિલાષ જાગશે, માટે વ્યતીત થએલ જીવનનો વિચાર કરવાની ખાસ જરૂર છે.

૧૬૫. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના આધારે પુણ્ય તથા પાપનો ઉદય થાય છે તથા તેનો ક્ષય પણ થાય છે. તેમજ વ્યાધિ અને આધિની પણ સરખી દશા રહેતી નથી માટે મુંઝવણ આવે સત્કાર્યોને મૂકવા ન જોઇએ.

૧૬૬. શરમ-લાગવગ વિગેરેને લીધે માણસો એક બીજાના અપરાધોને જતા કરે છે, દબાવી રાખે છે, પણ કર્મને શરમ-લાગવગ વિગેરે હોતી નથી, જેવા કર્મો કરવામાં આવશે તેવાં તેઓના વિપાકો ભોગવવા પડશે માટે ઉપયોગ રાખવો.

૧૬૭. ગાડી-લાડી-બાગ-બગીચા વિગેરેમાં મોજ કરનારે, સમજી લેવું કે, એકદા પુણ્ય અતમ થયા પછી સઘળું ખસી જવાનું-અને ભીખારીની માફક ભટકવાનું થશે; માટે તેનો મદ મૂકીને પરોપકારાર્થે અને ધર્મધ્યાનાર્થે વખતને કાઢવો.

૧૬૮. સંસારનો સંબંધ, કર્માધીન છે અને કર્મોનો સંબંધ, રાગ-દ્વેષ-મોહ-મમતા-અહંકારાદિકના આધારે રહેલો છે; માટે સંસારની વિડંબનાઓથી દૂર ખસવુ હોય તો રાગ-દ્વેષ-મોહ-મમતાનો ત્યાગ કરીને સમતાનો આદર કરવો.

અજ્ઞાનતાને લઇને પ્રાણીઓને કોઇ બાબતની સમજણ પડતી નથી અને સુખને માટે જે જે કર્મો કરે છે તેમા અધિક અધિક બંધાતો જાય છે. તેથી સુખને બદલે દુઃખ આવીને ઉપસ્થિત થાય છે અને કાઇપણ લાભ થતો નથી.

વિડંબનાઓ આવીને ઉપસ્થિત થવી; તેમજ માનસિક-શારીરિક કષ્ટને ભોગવવું તે, કર્મરાજાનું દેવું ચૂકવ્યા બરોબર છે. આમ સમજી સમ્યગ્ જ્ઞાનીઓ તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થએ છતે, તેઓને સહન કરી સમત્વને ધારણ કરે છે.

અજ્ઞાનીઓ, કર્મરાજાનું દેવું ચૂકવતાં, પરિતાપ કરીને ઝુર્યા કરે છે, તેથી તે દેવું ચૂકવાતું નથી પરંતુ અધિક થાય છે તો પછી તેઓને સુખશાતિ રહે કેવી રીતે ? માટે જે જે અવસ્થા ઉપસ્થિત થાય, તેમાં સમત્વ ધારણ કરવું તે અગત્યનું છે.

૧૬૯. જો આપણે દેવું નહી કરીએ તો ચૂકવવાનું રહેશે નહી, અને જો દેવું કર્યું તો ચૂકવ્યા વિના છૂટકો નથી જ, તો પછી તે દેવું ચૂકવતાં શા માટે પરિતાપ કરવો ?

અને બીજાઓ ઉપર શા માટે દોષનું આરોપણ કરવું ? તેથી સમતા રાખીને દેવું ચૂકવતાં રહેવું અને નવીન ન થાય તે માટે સાવધાન રહેવું.

૧૭૦. મ્હોટામાં મ્હોટું જો કેદખાનું હોય તો, માતાના ઉદરમાં રહેવાનું છે, માટે આવા કેદખાનામાં આવવું ન પડે તે માટે આ જન્મમાં પુરુષાર્થ કરવાની આવશ્યકતા છે. પુરુષાર્થવડે આ જગતમા જો લગની હોય તો શું સાધ્ય ન થાય ?

૧૭૧. આત્મજ્ઞાન થયા પછી શારીરિક આસક્તિ ઓછી થાય છે અને માનસિક ચિન્તાઓ પણ અલ્પ પ્રમાણમાં થાય છે. જે જ્ઞાનથી ચિન્તાઓ વધે અને શારીરિક બલ ઓછું થાય તે જ્ઞાન નહી પણ અજ્ઞાન કહેવાય, માટે આત્મજ્ઞાન મેળવવા લગની રાખવી.

૧૭૨. પુરુષાર્થથી આત્મા પરમાત્મા બને છે. મોહ-મમતા-અહંકારાદિકને સ્થાન મળતું નથી. પ્રમાદથી તો જે સારી સ્થિતિ હોય છે તે નષ્ટ થાય છે અને ભવોભવ ભટકવાનો વખત આવે છે, માટે પુરુષાર્થ એવો કરો કે, મોહ મમતાનો ત્યાગ થાય

૧૭૩. ભવપરંપરાને વધારવી અગર ઘટાડવી તમારા હાથની વાત છે, અન્ય નિમિત્તોથી તે પરંપરા ઓછી થશે નહી. સારા નિમિત્તોને પામી શુભ પ્રયત્ન કરતા ભવની ભાવટ-ભવપરંપરા ટળે, સાધ્યને ભૂલવું જોઇએ નહી; તો જ નિમિત્તો સફલ થાય.

૧૭૪. સારા નિમિત્તો મળ્યા પણ જો સાધ્ય ભૂલાય તો તમોએ તે નિમિત્તોની કદર કરી નથી, એમ સમજવું; કદર કરનાર તો સારા નિમિત્તો મળતા લાભ લેવામાં બાકી રાખતો નથી. અને વિષય કષાયના કારમા ફેરને મૂલમાથી નાશ કરતો રહે છે.

૧૭૫. સમગ્ર વિશ્વમાં જે સારા કે બૂરા બનાવો બન્યા કરે છે; સંપત્તિ વિપત્તિ જે આવે છે અગર જે ઇષ્ટ અનિષ્ટ સંયોગો આવી મળે છે, તેમાં પોતે જ કરેલા કર્મોનું ફલ છે. વ્યક્તિઓ તો માત્ર નિમિત્ત છે.

મનુષ્યો જો પોતાના કર્મોદયથી જ સુખ-દુઃખ સંપત્તિ-વિપત્તિ અગર સારા બૂરા સંયોગો આવીને ઉપસ્થિત થાય છે-આટલું સમજે તો ઘણી ચિન્તા અને વ્યાધિઓ ઓછી થાય, અને કર્મોને સુધારવા માટે પ્રયાસ થાય.

૧૭૬. ભણી ગણીને અને વ્યવહારિક કાર્યોમાં કુશળ બનીને, કર્મોદયથી સંપત્તિ-વિપત્તિ વગેરે આવી મળે છે. આટલું જો ન સમજે તો જે કુશળતા-ચતુરાઈ વિગેરે પ્રાપ્ત કરી તેનું ફલ મળતું નથી, પણ તેના યોગે સંસાર વધે છે અને ભટકવાનું થાય છે,

૧૭૭. વૃદ્ધાવસ્થામાં કે મરણ વખતે મારી સેવા-ચાકરી કોણ કરશે ? અને મ્હને સમાધિ કોણ કરાવશે ? એવી ચિન્તા કરવી ન જોઇએ; કારણ કે કર્મ પ્રમાણે સઘળું થયા કરે છે જો સારા કર્મ કરેલ હોય છે, તો સારા નિમિત્તો આપોઆપ મળી રહે છે.

પ્રમાણે ઉત્તમ પુરુષોની અવસ્થા–વિચાર અને વિવેક, સંપત્તિના સમયે તથા વિપત્તિના વખતે સમાન હોય છે; ફેરફાર પડતો નથી. શરીરમાં ફેરફાર થએલ તેઓને બહુ સાલતો નથી અને આત્માનુભવનો લાભ લેતા રહે છે.

૧૯૪. વિષય–કષાયના આવેશમાં કરલું સત્કાર્ય, સફલતાને ધારણ કરતું નથી, માટે પ્રભુપૂજા–ધર્મધ્યાન અગર પરોપકારના કાર્યો વખતે સમતાને ધારણ કરવી જરૂરી છે.

૧૯૫. આત્માને પરમાત્મા બનાવવા માટે દેવ, ગુરુ અને ધર્મના શરણે ગયા વિના અન્ય ઉપાય નથી. તેમાં પણ સદ્‌ગુરુનું તો શરણ જરૂર સ્વીકારવું જોઇએ; કારણ કે તે સદ્‌ગુરુ પ્રભુને તથા આત્મધર્મને સમજાવવા સમર્થ હોય છે.

૧૯૬. ગમે તેવી નિર્મલ આંખોવાળો માણસ હોય પણ વિવેક ચક્ષુ વિના અંધ ગણાય. તે વિવેક, સદ્‌ગુરુ સિવાય મળવો દુર્લભ છે, માટે તેમના શરણને સ્વીકારો. સદ્‌ગુરુ સિવાય સત્ય સુખનો માર્ગ મળવો અશક્ય છે, સદ્‌ગુરુ માર્ગદર્શક છે.

૧૯૭. ખાવાના પદાર્થમાં ઝેરની શંકા હોય તો અગ્નિ ઉપર તે પદાર્થ નાંખવો. જો ઝેર હશે તો અગ્નિનું તેજ મંદ પડી જશે, શબ્દ થશે અને તેમાંથી દુર્ગંધ નીકળશે અને તેના ધુમાડાથી માથાને દુઃખાવો થશે. આ પ્રમાણે વેરના ઝેરથી પણ અનેક વ્યાધિઓ થાય છે.

૧૯૮. સ્વાદિષ્ટ ભોજન ખાતાં સ્વાદ વિનાનું લાગે અને કડવું લાગે તો જાણી લેવું કે પેટમાં મોટો વ્યાધિ છે

અગર મરણતુલ્ય કષ્ટ આવી પડશે. તે પ્રમાણે ધર્મકથા તથા આત્મિક વિકાસની વાત ગમે નહી તો, ભાવમરણ નજીકમાં આવી રહેલું સમજવું.

૧૯૯. જે માણસો, સદ્‌ગુરુનો ઉપદેશ માનતા નથી અને ઉન્માર્ગે ગમન કરી રહ્યા છે, તેઓ જ્યારે ઘણા કષ્ટોને ભોગવે છે, અને ખત્તાઓ ખાય છે ત્યારે ઠેકાણે આવે છે; તેજ માણસો, જો સદ્‌ગુરુના ઉપદેશને માની સન્માર્ગે ગમન કરે તો, કષ્ટ પડે ક્યાથી ? કષ્ટ સહન કરીને ઠેકાણે આવવું તેના કરતા સમજીને ઠેકાણું આવવું, તેમા હિત છે.

૨૦૦. મમતાનો ત્યાગ કરો. જેમ બહારની ઉપાધિઓ અને તેઓના ઉપરથી મૂર્છા-મમતા અલ્પ થાય તેમ અન્તરની ઊર્મિઓનો આવિર્ભાવ થાય છે. અને જ્યારે સંપૂર્ણ મમતાનો ક્ષય થાય ત્યારે જ આત્મસત્તા પૂર્ણતાએ પ્રગટ થાય છે, માટે મમતાનો ત્યાગ કરો.

૨૦૧. જગત્‌માં કરેલા અને કરાતાં સત્કાર્યોની ટીકા કરનારા ઘણા છે, પણ જ્યારે પોતાને કામ કરવાનો વખત આવે ત્યારે તેઓ ખસી જતા વાર લગાડતા નથી. તેથી જ તેઓ પોતાની કાર્યો કરવાની અશક્તિ જાહેર કરી રહેલ હોય છે.

૨૦૨. આબરૂ-યશ, પ્રશંસા-કીર્તિ વગેરેની પાછળ પડી દોડધામ કરવાથી અગર બીજાઓને ઉતારી પાડવાથી તે આબરૂ-યશ વિગેરે દૂર ભાગે છે, પરંતુ સદાચારનું પાલન કરીને જેઓએ લાયકાત મેળવી છે તેઓની પાછળ તે દોડતા આવે છે.

૨૦૩. પોતાના સદ્ગુણોની પોતે પ્રશંસા કરનારા અને જગજાહેર કરનારાઓને કોઈ વખત અપમાનના શબ્દો સાભળવાનો વખત આવી ગયો લાગે છે; માટે સદ્ગુણોને ગુપ્ત રાખવામાં આનંદ છે. વૃક્ષના મૂલો ગુપ્ત હોય તો તે ટકી શકે છે અને ફલ આપી શકે છે.

૨૦૪. કેટલાક મનુષ્યો એવા હોય છે કે, કામ થોડું કર્યું હોય તો પણ વધારે કર્યાનો દેખાવ કરવામાં બાકી રાખતા નથી, તેથી તેઓ સમાજમાં હાંસીપાત્ર થાય છે; માટે કરેલા કામનો બહુ દેખાવ ન કરતા, આપણે તે કામ કેવું સારું કર્યું છે તે જોવું. કહેવાય છે કે આપણે કેટલું કામ કર્યું, તેના કરતાં તે કામ કેવું થયું તે જરૂર જાણવું યોગ્ય છે.

૨૦૫. અરે ભાગ્યશાલિન્! જલ્દી કામ કરવાની તેમજ ઘણું કામ કરવાની ઉતાવળ કર નહી. પણ જો થોડું થાય તો તેની ચિન્તા કર નહી. જો કામ શુદ્ધ થશે તો પ્રશંસા થવાની; માટે થોડું કર પણ શુદ્ધ કર, જનસમૂહની વાહવાહથી લોભાઇ ને ફુલાઇશ નહી.

૨૦૬. શુભ-શુદ્ધ ભાવ છે તે જ આપણો દીલોજાન દોસ્ત છે, અને કર્મરૂપી કાષ્ટોને બાળવામાં અગ્નિ સમાન છે, પુણ્યરૂપી ભોજનમા ઘી સમાન છે અને મોક્ષ મહેલમાં આરૂઢ થવામા સોપાન સરખો છે, માટે શુભ અને શુદ્ધ ભાવને ઉપાય કરીને મેળવો.

૨૦૭. દુન્યવી સુખરૂપી કરીઆણાને ખરીદ કરવા

માટે, પુણ્ય ધનની અગત્યતા છે. અને સત્ય આત્મિક સુખને મેળવવા માટે શુદ્ધ ભાવરૂપી ધનની ખાસ આવશ્યકતા છે. આ સિવાય સાંસારિક કે આત્મિક સુખ ઉપલબ્ધ થવું અશક્ય છે.

૨૦૮. ખાન-પાન-હવા-પરિશ્રમ અને વિશ્રાન્તિ વિગેરે ઉપર ધ્યાન રાખવાથી આરોગ્ય અને જીવનમાં શાતિ રહે છે. તે પ્રમાણે વ્રત-નિયમ-નિરહંકાર-મમતાનો ત્યાગ વિગેરે ઉપર આત્મવિકાસનો આધાર છે અને અખૂટ સત્ય શાતિ મળે છે.

૨૦૯. અક્રીણ-સોમલ વિગેરે ઝેરી પદાર્થો કરતાં, કર્મનું દેવું અને પૈસાનું દેવું, અધિક કષ્ટદાયક અને ભયંકર છે, માટે દેવું કરતાં ઘણો વિચાર કરવો જોઇએ. જો ખુશી થઇને દેવું કરશો તો રડી રડી-પોકારો પાડીને જરૂર ચૂકવવુ પડશે, તેમા કોઈ પણ ઉપાય ચાલશે નહી.

૨૧૦. કરેલા કાર્યોની તપાસ કર્યા સિવાય, તે કાર્યો કેવા થયા છે ! તેની માલૂમ પડતી નથી; માટે શાતિના વખતે કેવું કાર્ય થયું છે તેની તપાસ કરવાની જરૂર છે-તપાસ કરતાં સારા-ખોટાની સારી રીતે સમજણ પડે. અગર સુધારો કરવાની ઇચ્છા જાગે.

બીજાઓની ખોડ-ખાંપણ જોતા આપણે ખુશી થઇએ. તેના કરતાં આપણે પોતાની ખોડ-ખાંપણ જોઇને વિચાર કરતાં ઘણો લાભ થાય છે. અન્યની ખોડ-ખાપણ જોવામા તેની નિન્દા થશે અને અનર્થદંડથી દંડાવું પડશે.

૨૧૧. ફલની ઇચ્છાવાળાઓ, કરેલાં કાર્યોનું ફલ

જલ્દી મેળવવા માટે ઘણી ઉતાવળ કરે છે; પણ સમય પાક્યા સિવાય ફલ ક્યાંથી મળે ? માટે કરેલા કાર્યોનું ફલ લેવા માટે સમયની રાહ જોવી તે ઉચિત છે–ઉતાવળથી આબા પાકે નહી.

૨૧૨. ઉદારતા–સહૃદયતા–સહિષ્ણુતા–નિરભિમાનતા–અને નિઃસ્પૃહતા વિગેરે ઉત્તમ સદ્ગુણો, સૃષ્ટિના વૈભવોને–સંપત્તિને ખેંચી લાવે છે માટે વૈભવ કરતા સદ્ગુણોને મેળવવા પ્રયાસ કરવો.

૨૧૩. જે વ્યકિત, તમારી પાસે બીજાઓની નિન્દા કરે છે, તે માણસ તમારી બીજા પાસે નિન્દા નહી કરે તેની ખાત્રી શી ? માટે અન્યની નિન્દા સાભળીને ખુશી થવું નહી. અને નિન્દા કરનાર ઉપર વિશ્વાસ ધારણ કરવો પણ નહિ. કારણ કે નિંદા સાભળવામાં અને નિન્દા કરવામા કોઈ પ્રકારે હિત નથી.

૨૧૪. જે જ્ઞાની, મનમાં ઉત્પન્ન થએલ વિષય-કષાયના વિકારોને તેઓની ક્ષણભંગુરતા જાણી તથા વિકૃપત જાણી કબજામા રાખે છે અને તેઓના વેગમા તણાતો નથી તે જ સાચો જ્ઞાની છે અને જે તેઓના વિકારોના વેગમાં ખેંચાય છે તે જ્ઞાની કહેવાય નહી.

૨૧૫. દરિદ્રના જેવો બીજો કોઈ પરાભવ નથી. મરણ સમાન અન્ય ભય નથી. અને ક્ષુધા–તૃષ્ણા જેવી અન્ય વેદના નથી. દયા સમાન અન્ય ધર્મ નથી. સુપાત્ર દાન જેવું અન્ય દાન નથી તેમજ સત્ય સમાન અન્ય સુખ નથી. શીયળ

જેવો અન્ય કોઇ શણગાર નથી. તથા આત્મજ્ઞાન જેવું અન્ય કોઇ જ્ઞાન નથી.

૨૧૬. સ્વપરના શાસ્ત્રોના બોધ સિવાય અન્યોને ઉપદેશ દેવા તૈયાર થવું કે ઉપદેશ આપવો તે કાચા ફલોને તોડી નાંખવા બરોબર છે–એટલે ઉપદેશ આપનાર આગળ વધી શકતા નથી અને લોકરંજનમા પોતાની મહત્તા માને છે જેથી બોધના ફલ તરીકે વૈરાગ્ય થવો જોઇએ, તે થતો નથી

૨૧૭. કાચા ફલો ખાવામાં મીઠાશ આવતી નથી, ઉલ્ટો અણગમો થાય છે. જ્યારે પરિપક્વ થાય ત્યારે સ્વપરને મીઠાશ આવે છે માટે ઉતાવળનો ત્યાગ કરી પરિપક્વ થાય ત્યા સુધી ફળ માટે ધીરજ રાખવાની ખાસ જરૂર છે તેમા જ સ્વપરનું કલ્યાણ સમાએલ છે.

૨૧૮. જેમ જેમ અનુભવ વધતો રહે છે તેમ તેમ પ્રથમના કરેલા કાર્યોમાં અપૂર્ણતા માલૂમ પડે છે અને અહંકાર–અભિમાન–મોહ–મમતા રહેતી નથી; માટે અનુભવ કરીને પૂર્ણ બનો; તે સિવાય દુન્યવી કાર્યોમા અપૂર્ણતા રહેવાની જ.

૨૧૯. સમ્યગ્જ્ઞાની તથા વૈરાગીને ઔદયિક ભાવે આવી પડેલા રોગો અને ભોગો નિર્જરાનું કારણ બને છે ત્યારે અજ્ઞાની અને આસક્ત માણસને તે રોગો તથા ભોગો બંધના કારણરૂપ બને છે. ભોગો અને રોગો કર્મજન્ય છે અને તેથી ન્યારો આત્મા છે.

૨૨૦. સમ્યગ્જ્ઞાનપૂર્વક ચારિત્રવાનને ઔદયિક ભાવમા

ઘણો રાગ અને દ્વેષ નહી હોવાથી તે ભાવમાં લેપાયમાન બનતા નથી અને જલપંકજવત્ નિર્લેપ રહે છે. નિર્લેપ રહેવાની કળા તેઓને સ્વભાવસિદ્ધ વરેલી હોય છે અને તેની શક્તિ જામેલી હોય છે.

૨૨૧. શાણા અને કુશળ માનવીઓ, સંયોગોના દાસ બનતા નથી પરંતુ સંયોગોને દાસ બનાવે છે અને આત્મવિકાસ સાધતા રહે છે, પછી તેઓને અનુક્રમે આત્મિક શક્તિઓ સ્વયમેવ આવીને વરે છે.

સંયોગોને પરાધીન બનેલા કદાપિ સ્વાધીનતાને પ્રાપ્ત કરવા સમર્થ બનતા નથી, ઉલ્ટા આત્મવિકાસને અને આત્મિક શક્તિને હારતા રહે છે; માટે સંયોગોની તાબેદારી તોડવા માટે અહોનિશ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે; જેઓ સંયોગોના દાસ બનતા નથી તેઓને રાગ–દ્વેષ પણ થતા નથી.

૨૨૨. ધીરતા તે મનની દૃઢતાનો એક વિભાગ છે અને સમતા તે આત્માનો ગુણ છે; ધીરતા અને સમતાના યોગે જ્ઞાની પુરુષો, આવતા વિઘ્નોનો પરાજય કરીને પોતાના આત્મિક વિકાસમાં આગળ વધતા રહે છે અને ક્રમશઃ પૂર્ણતાને પામે છે.

૨૨૩. જો અધીરાઈ અને ઉકળાટ આવે તો આત્મિક વિકાસમાં આગળ વધેલા જ્ઞાનીઓ પણ પાછા પડે છે અને વખતે સર્વસ્વ ગુમાવવાનો પણ પ્રસંગ ઉપસ્થિત થાય છે; માટે મોહના બંધન તોડવા માટે ધીરતાને ધારણ કરવી જરૂરની છે.

૨૨૪. આશામાં સુખ છે અને દુઃખ પણ છે.

ત્યારે નિઃસ્પૃહતામાં સુખ માત્ર રહેલ છે; માટે વિષય સુખની આશાનો ત્યાગ કરીને નિઃસ્પૃહ બનો–દુઃખોને આવવાનો માર્ગ બંધ થઇ જશે. જ્યાં સુધી વિષયના સુખની આશા છે ત્યાં સુધી દુઃખ રહેવાનું જ.

૨૨૫. તમારા જીવનની લગામ કોઇના આધારે રાખો નહી. તમારા પોતાના હાથમાં રાખો. અન્ય કોઇના આધારે રાખેલી લગામ, તેઓની ઇચ્છા પ્રમાણે તમોને લઈ જશે. સ્વેચ્છા પ્રમાણે ઇષ્ટ સ્થલે જવાશે નહી, માટે અન્યનો બહુ આધાર રાખો નહી.

૨૨૬. કાર્ય કરવામાં–થાપણ મૂકવામાં–વિશ્વાસ રાખવામાં તથા લેવા–દેવામા, બોલવા–ચાલવામા, ખાવા–ખવરાવવા વિગેરે વ્યવહારિક કાર્યોમા જેવો વિચાર અને વિવેક રહે છે તેવો વિચાર અને વિવેક, જડચેતનની વહેંચણમા રાખે તો, મોહ મમતા રહે નહી અને સ્વાધીનતા આવીને મળે.

૨૨૭. આત્માની શક્તિ અને આધાર વિના પ્રાણીઓ, પોતાનું જીવન ચલાવી શકતા નથી, તેમજ વિકાસ પણ સાધી શકતા નથી; માટે દુન્યવી પદાર્થોની માયા–મમતાનો ત્યાગ કરીને આત્મિક શક્તિનો આધાર લેવો તે હિતકર છે.

૨૨૮. જેઓને આત્મશક્તિ ઉપર વિશ્વાસ નથી તેઓને નિરાશાઓ વારેવારે સતાવ્યા કરવાની જ અને દરેક બાબતમા પાછળ પડવાના જ; તેમજ પુદ્ગલની પરાધીનતા સદાય રહેવાની જ; માટે આત્મશક્તિ ઉપર વિશ્વાસ ધારણ કરવો.

૨૨૯. આત્મશક્તિના પ્રભાવને જેઓ જાણતા નથી

તેઓ સદા બિચારા-બાપડા બને છે-બહાદુરી તેઓમાં આવર્ત નથી અને દીનતા હીનતાના વિચારોમા સદાય સપડાએલા રહે છે; કોઈએ કરેલી સહાય પણ કારગત બનતી નથી.

૨૩૦. જ્યારે ત્યારે આત્મશક્તિની ઓળખાણ થશે અને તે શક્તિને પ્રાપ્ત કરવા માટે આદરભાવ વધશે ત્યારે જ હીનતા-અને દીનતા ટળવાની અને સત્ય પુરુષાર્થ થવાનો; માટે આળપંપાળનો ત્યાગ કરીને પ્રથમ આત્મશક્તિને ઓળખો.

૨૩૧. સર્વે નિરાશાઓ, દુન્યવી પદાર્થોમાંથી આવવાની જ. આશાઓ પૂર્ણ થવાની નહી. એક આશા પૂરતા હજારો આશાઓ ઊભી થવાની અને હજારોને પૂર્ણ કરતા લાખો આવીને વળગવાની જ. તેનો અંત આવશે નહી અને નિરાશા સતાવ્યા કરશે, માટે તેઓનો ત્યાગ કરીને આત્મિક ગુણોની આશા રાખો.

૨૩૨. દૂતોને મોકલવાની જરૂર નથી, કારણ કે સદ્ગુણીઓના જે સદ્ગુણો છે તે દૂતનું કામ કરે છે અને પ્રસિદ્ધ કરે છે; માટે પ્રથમ સદ્ગુણોને મેળવવા; જો સદ્ગુણો નહી હોય તો જાહેર ખબરોથી કે દૂતોને મોકલવાથી કામ સરશે નહી, સુગંધીકાર પુષ્પો, ભ્રમરોને બોલાવવા જાહેર ખબરો મોકલતા નથી તેમજ દૂતો મોકલતા નથી; છતાં સુગંધના ગુણોને લઈને સ્વયં આવીને રસને ગ્રહણ કરે છે.

૨૩૩. સંયોગવશાત્ ઇષ્ટ પદાર્થો પ્રાપ્ત થતા નથી તોપણ તેની અભિલાષા તો કાયમ રહે છે. તે અભિલાષાઓ જ્યારે ટળે ત્યારે આત્મિક શક્તિનો આવિર્ભાવ થાય છે, કારણ

કે ઇષ્ટ પદાર્થોની ઇચ્છાએ આત્મશક્તિને અનાદિકાલથી દબાવી છે; તેથી આત્મશક્તિનો બરોબર પ્રાદુર્ભાવ થયો નથી માટે ઇચ્છાઓને નાબૂદ કરો.

૨૩૪. આત્મિક ગુણોની અભિલાષાથી દૂરદર્શી બનાય છે અને સત્યપુરુષાર્થની સફલતા આવીને ભેટે છે. આવી આશા તો નિરન્તર કરવી જોઇએ કે જેનાથી આત્મજ્ઞાન થાય–અને કષાયવિષયના વિકારો મૂલમાથી નાશ પામે. દુન્યવી પદાર્થોની ઇચ્છાથી તો સદાય અને સર્વથા ચિન્તાઓ–પરિતાપ વિગેરે ઉત્પન્ન થવાના જ.

૨૩૫. વાતો ઓછી કરો અને કામ વિશેષ કરો. ફક્ત વાતો કરવાથી કામ થતું નથી. જિંદગી ઓછી છે અને ક્ષણેક્ષણે આયુષ્ય અલ્પ થતું જાય છે. ધારેલું કામ ક્યારે કરશો ? વ્યતીત થએલો સુઅવસર પાછો આવતો નથી–ગયો તે ગયો–માટે રાગ–દ્વેષ–મોહ–મમતાનો ત્યાગ કરી મળેલા અવસરને સફલ કરો.

૨૩૬. પ્રવૃત્તિ સિવાય નિવૃત્તિ પ્રાપ્ત થતી નથી, પરંતુ પ્રવૃત્તિ એવી કરવી કે ચીકણા કર્મનો બંધ થાય નહી અને આસક્તિનો ત્યાગ થાય. જે પ્રવૃત્તિમા આસક્તિ નથી અર્થાત્ નિષ્કામભાવે પ્રવૃત્તિ થાય તો નિવૃત્તિ આપોઆપ આવીને મળે છે.

૨૩૭. મુખની આકૃતિને નિરખવા માટે આરિસામાં મનુષ્યો દરરોજ જુવે છે. તે પ્રમાણે આત્મિક દુર્ગુણોને જોવા માટે આગમ આરિસામાં દરરોજ જોવું જોઇએ અને

સ્વીકારે ? સામાન્ય દુન્યવી વૈદ્યની પાસે જઈ, કષ્ટ સહન કરીને ફી પણ ભરે, પણ સાચા મહાવૈદ્ય પાસે જવાતું નથી !

જે દવામાં ભવોભવના રોગોને મૂળમાંથી ટાળવાની શક્તિ નથી તેમજ શારીરિક, માનસિક અને આત્મિક શક્તિને વધારવાની તાકાત નથી તેવી દવા લેવાથી શો લાભ થવાનો ? માટે **એવી દવા લો કે ભવોભવના રોગો ટળે અને શક્તિ વધે.**

તમો શારીરિક રોગને ટાળવા માટે દુન્યવી વૈદ્યની પાસે ગયા, પૈસાઓ આપ્યા તેમજ તેના કથન મુજબ પરેજી પાળી પણ મૂળમાથી રોગ ગયો નહી અને નિમિત્તો મળતાં રોગો પાછા હાજર થાય છે માટે એવી દવાથી સર્યું. વીતરાગની દવા લો તો જ મૂળમાં જે જે રોગો રહેલા છે, તેઓનો સર્વથા-સર્વદા-સર્વત્ર નાશ થશે અને શક્તિ અપરંપાર આવીને હાજર થશે. બે દિવસ રોગને મટાડે અને પાછી તે રોગની વિડંબના હાજર થાય તે સાચી દવા કહેવાય નહી. સાચી દવા તો જે વીતરાગ તીર્થંકર મહારાજે કહેલી છે અને આપેલી છે તેજ ખરી દવા કહેવાય, માટે ભ્રમણામાં પડીને કયા ભમ્યા કરો છો ? **સાચા ઉત્તમ વૈદ્યને ઓળખી તેમની કહેલી દવાને લો,** રોગો રહેશે નહી અને અનંત શક્તિ આપોઆપ આવશે.

રપદ. પૂર્ણભાગ્યયોગે, **તીર્થંકર મહારાજને મહાવૈદ્ય તરીકે** ઓળખાય છે અને આદરપૂર્વક તેમણે કહેલી દવા લેવાય છે. પુણ્ય વિના તો આવા વૈદ્યની દવા લેવાતી નથી. અને શ્રદ્ધા બેસતી નથી; માટે પવિત્ર વિચારો કરીને મહાવૈદ્યને ઓળખો.

આત્માની શક્તિમાં શંકા કરાવનાર, એક જાતના શત્રુ સમજવા; કારણ કે આત્મિક શક્તિનો વિકાસ તેથી અવરાય છે અને આત્માના વિકાસ માટે કાંઇ પણ બની શકતું નથી. આત્મવિકાસ સિવાય સત્ય સુખશાંતિ આવી મળતી નથી.

મનુષ્યોમાં ગમે તેટલી મહાન્ શક્તિ હોય, બુદ્ધિ વિશાળ હોય અને સારી રીતે વ્યાવહારિક કેળવણી લીધી હોય છતાં આત્મશ્રદ્ધાના પ્રમાણમા જ, મનુષ્યો સત્કાર્યો કરવા સમર્થ બને છે, એ નક્કી સમજવું, શંકા લાવવી નહી.

કોઇના કહેવાથી કે આપત્તિ આવી પડવાથી આત્મશ્રદ્ધાને ઢીલી થવા દેવી નહી અને સમજવું કે આ તો કસોટી કરવા આવેલ છે તેથી આત્મિક લાભ અધિક થવાનો; અધિક લાભ માટે અધિક સહન પણ કરવું પડે છે.

૨૫૯. **પાપોદયે સંપત્તિ ચાલી જાય,** આરોગ્ય બગડી જાય, અપમાનાદિક થાય તેમજ લોકોની શ્રદ્ધા ઉઠી જાય તો પણ આત્મશ્રદ્ધા જેનામા બરોબર છે તે ખસતી નથી અને સઘળું સહી લેવાની શક્તિનો આવિર્ભાવ થાય છે, માટે આત્મિક ગુણોમાં શંકા લાવો નહી.

૨૬૦. **તમે તમારી જાતને-આત્માને હલકો ગણો નહી.** હલકો માનવાથી મહત્વનાં કાર્યો કરી શકાતાં નથી. જે માણસો પોતાની-આત્માની કિંમત જેટલી આકે તેથી વિશેષ કિંમત બીજાઓ આંકી શકે એમ નથી-સર્વજ્ઞ સિવાય.

જો આત્માને દીન-હીન માનશો તો મહાન બહાદુર બની

શકશો નહી. અનંત શકિતમાન્ આત્માને દીન-હીન માનનારને કદાપિ આત્મશકિતનો લાભ મળતો નથી, અને પોતે અનંત શકિતને પ્રાપ્ત કરી શકતો નથી.

ભલેને કાર્ય નાનું હોય તો પણ ચિત્ત દઇને સારી રીતે કરનાર, મહાન કાર્યો કરવા સમર્થ બને છે. કોઇ પ્રકારે કંટાળો લાવવો નહી-એટલે તદ્દન નાના કાર્યો પણ કુશળતાથી ચિત્ત દઇને કરવા જોઇએ; નાનું કાર્ય જાણી ઉપેક્ષા કરવી નહી.

૨૬૧. કાર્ય કાર્યને શીખવે છે-ઉત્સાહ ઉત્સાહને પ્રેરે છે. એમ નાના નાના કાર્યની સફલતાથી, પ્રતીતિ-શ્રદ્ધા અને શકિતમા વધારો થશે એકદમ કોઇ શીખીને, ભણીને જન્મ્યો નથી. પ્રારંભમાં ભૂલો થાય તો પણ કંટાળીને કાર્યનો ત્યાગ કરવો નહી.

આત્મશ્રદ્ધાથી ઉત્પન્ન થએલ, સહનશીલતા-હિંમત અને આત્મજ્ઞાન, અનેક પ્રકારની શકિતઓનો આવિર્ભાવ કરે છે. અને પછી મહાનમાં મહાન કાર્યો કરવાની શકિત જાગ્રત્ થાય છે, માટે પ્રથમ આત્મશ્રદ્ધા રાખીને કાર્યો કરવા જોઇએ.

૨૬૨. શંકા-કાંક્ષા-ચિકિત્સા-પરપુદ્ગલની આશા તેમજ તેનો પરિચય મૂકીને જેઓ નિર્ભયતા, નિશ્ચલતા અને વીરતાને ધારણ કરે છે તેઓને શકિતઓ માટે પછી બહુ પ્રયાસ કરવો પડતો નથી-તે તો આપોઆપ આવીને વરે છે.

૨૬૩. બહારની કોઇ પણ શકિત કરતાં મારામાં પ્રચંડ શકિત રહેલી છે, આ વાત બરોબર સમજવામાં

આવે નહી તો મહત્વનાં કાર્યો કરવાની ઈચ્છા પણ જાગતી નથી. તેથી જ મનુષ્યો ભોગોપભોગના કીડાઓ બની આત્મ-શકિતને હારી બેસે છે.

૨૬૪. પોતે જ પોતાના ભાગ્યને ઘડે છે અને ભાગ્યાનુસારે, અનુકૂલતા-પ્રતિકૂલતા, સારા સંયોગો કે બૂરા સંયોગો આવીને ઉપસ્થિત થાય છે માટે આત્મશ્રદ્ધા રાખીને એવું ભાગ્ય ઘડો કે પ્રતિકૂલતા ભાસે નહી અને અનુકૂલ-તામાં વધારો થાય.

'ભાગ્યમા નથી' આ પ્રમાણે માનીને આળસુ-એદી બનીને બેસી રહેનારને પ્રતિકૂલતા પગલે ને પગલે આવે છે અને સતાવ્યા કરે છે. આળસુને અનુકૂલતા કયાંથી મળે? કારણ કે તે તો પુરુષાર્થને આધીન છે માટે પ્રમાદ-આળસનો ત્યાગ કરો.

૨૬૫. બાહ્યની ઋદ્ધિ-સિદ્ધિ અને આત્મિક ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ પુરુષાર્થને તાબેદાર હોવાથી આળસુને દેખી તેની હાસી કરે છે કે આ કેવો પાગલ છે! પ્રયત્ન સિવાય અને હિંમત વિના, અમારી આશા રાખે છે, માટે હાસી ન થાય તે પ્રમાણે વર્તો. પ્રયાસ કરનારની પાસે તે ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ આનંદથી આવે છે.

૨૬૬. મનની સ્થિરતા અને આત્મગુણોમાં લય-લીનતા વિના સત્ય શકિતઓ જાગ્રત્ થવી તે અશકય છે માટે બે ઘડી પણ સિદ્ધિ અર્થે વખત કાઢવો જોઇએ. કૂવામા પાણી હોય તો જ હવાડામાં આવે છે અને વાવેલું અનાજ પરિપકવ થાય છે.

મૂળમાં માલ હોય નહી તો, મોલ પાકે નહી; તે પ્રમાણે સ્થિરતા અને લીનતા સત્ય શક્તિઓ વિના ક્યાંથી ઉત્પન્ન થાય ? માટે પ્રથમ મૂલને બરોબર મજબૂત બનાવો. વાતોમાં વખતને ગુમાવો નહીં. પ્રયત્ન કરશો તો બધું જ આવી મળશે.

ફક્ત તીવ્રચ્છાથી કાંઈ પણ પ્રાપ્ત થતું નથી, પણ સાથોસાથ **પ્રયાસની આવશ્યકતા રહેલી છે.** પ્રયત્ન સિવાય ફક્ત ઇચ્છા કરવાથી જ શક્તિઓ મળતી હોય તો જગત્માં કોઇ હીન દીન દેખાય નહી; પરંતુ જે દેખાય છે તેનું કારણ પ્રયત્ન નથી તે છે.

૨૬૭. વિપત્તિઓને હઠાવવાના ઉપાયો પણ વ્યાધિઓને હઠાવવાના ઉપાયોની માફક હોય છે. જો વ્યાધિઓને હઠાવવાના ઉપાયોની માફક વિપત્તિઓ, વિડંબનાઓ વિગેરેને દૂર કરવાના ઉપાયો બરોબર લેવામાં આવે તો જરૂર તે વિપત્તિઓ વિગેરે રહે નહી.

વિપત્તિઓ-વિડંબનાઓ-ચિન્તાઓ વિગેરે ઉપસ્થિત થાય નહી તેને માટે પણ શાસ્ત્રકાર મહારાજે વિવિધ ઉપાયો બતાવ્યા છે તેમાથી એકનો પણ અમલ કરે તો ઘણો લાભ થાય, અને દુઃખો ટળે.

વિડંબના આવ્યા પછી તેને દૂર કરવાના ઉપાયો કરવા તેનાં કરતાં વિડંબનાઓ વિગેરે આવે નહી તેવા ઉપાયો કરવા તે શ્રેયસ્કર છે.

૨૬૮. મૃષાવાદ-અસત્ય બોલવું, તેને બંધ કરવાનો ઉપાય, સત્ય બોલવું. તેથી વચનના ઝગડાઓ, ક્લેશ-કંકાસ નાશ પામે છે અને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ઉત્પન્ન થએલ આત્મિક ગુણોના વિકાસવડે સંપત્તિ-સાહ્યબી મળેલી હોય કે મેળવેલી હોય તોપણ તેના ઉપર આવરણ આવતું નથી એટલે તેમાં મુગ્ધતા થતી નથી. તથા વિપત્તિઓ-વિડંબનાઓ આવી પડે તો પણ પરિતાપ-વલોપાત થતો નથી, કારણ કે સંપત્તિ સત્તા કે સાહ્યબી પ્રાપ્ત થયા પછી મુગ્ધ બનાવનાર-તેમજ પરિતાપાદિક કરાવનાર જો કોઇ હોય તો વિષય કષાયોના વિકારો છે, તથા આત્મભાન, સ્મરણ-ધારણાને પણ નષ્ટ કરનાર આ વિષયકષાયના વિકારો જ છે. જેમ કોઇક મહાન્ વ્યાધિ થએલ હોય અને ક્ષણ માત્ર પણ ચેન પડવા દે નહી, અને પીડાઓ અસહ્ય હોય તેની માફક વિકારો પણ મહા વ્યાધિ છે. વ્યાધિને દૂર કરવા માટે બને તેટલા ઉપાયો, કષ્ટ-કરજ વેઠીને કરો છો તથા સાદો ને સાત્વિક આહાર લો છો તથા બતાવેલી કે આપેલી દવા નિયમસર લો છો ત્યારે વ્યાધિ, આધિ સાથે દૂર ભાગે છે તેની માફક વિકાર વ્યાધિને દૂર કરવા બનતા ઉપાયો લેવાની આવશ્યકતા છે, સાદો અને સાત્વિક ખોરાક તેમજ નિર્દોષ પાણી અને ધર્મધ્યાન, આત્મનિરીક્ષણ અને તપાદિક રૂપી દવા, જો લેવામાં આવે તો વિકારોનો ભાર છે, કે તેઓ ક્ષણ માત્ર પણ રહી શકે ? એટલે તે વ્યાધિની દવા છે; તે પ્રમાણે માનસિક વિકારોની, વિષય કષાયના વિકારોની પણ દવા તો છે જ, પરંતુ તે વિકારોને વેગ આપવો હોય, ફટાવવા હોય, ત્યાં તેઓની દવા લેવાનો ઉપાય સૂઝે ક્યાથી ? માટે વિકારોને ફટાવવાનું-પોષણ આપવાનું બંધ કરીને સાત્વિક અને સાદો ખોરાક વિગેરે લો ! આધિ વ્યાધિ રહેશે નહી.

ભાજન બને છે, છતાં તેમાં સુખ માની પડ્યા રહ્યા છે, કોઇ બહાર કાઢે તો પણ નીકળવા માટે તૈયારી કરતા નથી. આ કેવી મુગ્ધતા !

૨૭૭. મનરૂપી બગીચામાં ધર્મધ્યાનરૂપી સિંહ જ્યાં વાસ કરીને રહેલો છે અને ગર્જના કરી રહેલ હોય ત્યાં હલકા નીચ શિકારી જાનવરરૂપી અપધ્યાન રહી શકતા નથી. દુર્ધ્યાનને દૂર કરવા માટે ધર્મધ્યાનની ખાસ જરૂર છે. જ્યારે ધર્મધ્યાનરૂપી સિંહ સૂતેલો હોય છે, ત્યારે જ ભૂંડ-શીયાળ-ચિત્તારૂપ અપધ્યાનનું જોર ચાલે છે. જ્યારે પ્રકાશ હોય નહી ત્યારે અંધકાર તો હોય જ ને ? તમો ધર્મધ્યાનને ચાહો છો કે અપધ્યાનને ? હીરામણિને ચાહો છો કે પથ્થરને ? હીરા-મણિ પસંદ હોય તો પથ્થરનો ત્યાગ કરવો જોઇએ, તે પ્રમાણે ધર્મધ્યાનને ચાહતા હો તો અપધ્યાનને દૂર કરવું તે આવ-શ્યક છે. બાકસ બુકસ ખાવાથી પેટ નહી ભરાય. પેટ ભરવા માટે તો અનાજની જરૂર પડવાની જ; તે પ્રમાણે અપધ્યાનથી આત્મિક ગુણોનો આવિર્ભાવ નહી થાય; તેને માટે તો ધર્મ-ધ્યાનની જરૂર રહેવાની; ધર્મધ્યાનથી અને તેના સાધનોથી જ આત્માના ગુણોનો પ્રાદુર્ભાવ થશે; અપધ્યાન કરવાથી તો જે વિકાસ થયો હશે તે ઉપર આવરણ આવશે, માટે ધન વિગેરેને પ્રાપ્ત કરવા જે લગની લગાડો છો તેવી લગની-લાગણી ધર્મ-ધ્યાન માટે રાખવી. ધર્મધ્યાનથી ચિન્તા-સંતાપ-પરિતાપ કલેશ વિગેરે થશે નહી, મોહ મમતાની મુંઝવણ જે વારે વારે થાય છે તે પણ થશે નહી. અને આત્મિક ગુણો જેવા કે ક્ષમા-નમ્રતા-સરલતા-સંતોષ વિગેરે આવીને હાજર થશે.

પાછા હઠો; તથા સંસારનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનો વિચાર અને વિવેક કરો. સંયોગો અને વિયોગોની પરંપરા ચાલુ છે અને તેનાથી દુઃખની પરંપરા-રાગ-દ્વેષની પરંપરા વધતી રહે છે. આ પ્રમાણે **ધર્મધ્યાનના ચારે પાયાનો** પણ વિચાર-વિવેક કરીને ચિન્તારૂપી ચિતાને બુઝાવો. આ સિવાય અન્ય ઉપાય જગતમાં નથી.

૨૭૮. સમ્યગ્જ્ઞાની, સદ્વિચારો અને વિવેક વડે કર્મોના બંધ વખતે ઘણા સાવધાન હોવાથી નિકાચિત એટલે ભોગવવા લાયક કર્મોનો બંધ કરતા નથી; તેથી કર્મોદયને તેઓ જલ્દી વિફલ કરવા સમર્થ બને છે; એટલે ઉદય કાલમાં તેઓ મૂંઝવણમાં પડતા નથી-અતએવ આત્મવિકાસને સાધવામા બહુ વિઘ્નો ઉપસ્થિત થતાં નથી, માટે ક્રિયાઓ કરતી વખતે દુર્ધ્યાન થાય નહી અને સમતા રહે તે પ્રમાણે સાવધાની રાખવા તત્પર બનવું જોઇયે; વારે વારે ઉપયોગ રાખવો જોઇયે. દુન્યવી રૂપાળા પદાર્થોને દેખી માનસિક વૃત્તિઓ તે તરફ લલચાય છે અને તે વસ્તુઓને ગ્રહણ કરવા પ્રાણીઓ પ્રયત્ન કરે છે; પણ તે વસ્તુઓના ગુણો કેવા છે તે તરફ વિચાર પણ કરતા નથી; તેના રૂપમાં જ મુગ્ધ બને છે; તેથી જ્યારે તે વસ્તુઓ પોતાનો સ્વભાવ દેખાડે છે ત્યારે પ્રતિકૂલતાના યોગે, પરિણામે પરિતાપ કરે છે; સુંદર મનોહર વસ્તુ મળી હોય તો હર્ષઘેલા બની ઉન્મત્ત બનીને આત્મભાન ભૂલી બેસે છે, માટે નવીન મનોહર વસ્તુઓને દેખી તેઓના ગુણોની પણ તપાસ કરવી જરૂરની છે. ચેતનવાળી-અચેતનવાળી-અગર ચેતનાચેતનવાળી વસ્તુઓને-શુભાશુભ વસ્તુઓને દેખી

રાગ-દ્વેષની વૃત્તિ થાય છે અને તેના યોગે પ્રાણીઓ પોતાના પરિણામ જેવા હોય તેવા પ્રકારના કર્મોના બંધનોમા સપડાય છે; પછી ભોગવવા લાયક જ જે બાધ્યા હોય તો ભોગવ્યા સિવાય તે કર્મોનો વિયોગ થતો નથી; અને પાછા નવીન કર્મોનો બંધ, પરિણામના યોગે પડતો જાય છે, **માટે બંધ વખતે ખાસ સાવધાન રાખવાની આવશ્યકતા છે;** વસ્તુઓનો વિચાર કરીને રાગ-દ્વેષ નહી થાય તો સમતા રહેશે અને કર્મોના બંધનો છૂટવા માડશે.

૨૭૯. **વિદ્વત્તા-વાક્‌પટુતા અને સમયસૂચકતા** આ ત્રણ ગુણોવડે પંડિતો શોભે છે. અને માન-સત્કારને મેળવે છે; તે સિવાય તેઓની પંડિતાઈ શોભતી નથી. પંડિતમા વિદ્વત્તા હોય એટલે તે શાસ્ત્રોનો જ્ઞાતા હોય: પણ વાક્‌પટુતા-બોલવાની ચતુરાઈ-કુશળતા જો ન હોય તો ભાષણ કરતા કે વ્યાખ્યાન કરતા તેઓનું ભાષણ કે વ્યાખ્યાન, રસજનક નિવડતું નથી અને શ્રોતાઓમાં અરુચિતા જન્મે છે એટલે વિદ્વત્તા સાથે વાક્‌પટુતાની પણ જરૂર છે. વિદ્વત્તાની સાથે વાક્‌પટુતા હોય પણ સમયસૂચકતા એટલે આ સભા કેવી છે? કેટલું પચાવી શકે છે અને કેવા પ્રકારનું વ્યાખ્યાન આપવું? તે જો ન જાણતો હોય તો પણ મૂર્ખ ઠરે છે અને શ્રોતાજનોમા હાસ્યાસ્પદ થાય છે, માટે પ્રથમ કહેલાં ત્રણે ય ગુણોની જરૂર છે. આ ત્રણે ગુણો હોય, અને સભાજનોમા આદરભાવ ઉત્પન્ન કરવાની તાકાત હોય, સભાજનોનો પણ આદરભાવ-માન-સન્માન હોય અને શ્રોતાજનોને ઉપદેશદ્વારા ખુશી કરતો હોય પરંતુ વર્તનમાં જો શૂન્ય હોય તો આદરભાવને પંહિત નનો

આત્મોન્નતિ કરવામાં બેનસીબ રહે છે; ફક્ત નાટકીઆની માફક શ્રોતાવર્ગને ખુશ કરે અને તે દ્વારા માન-સન્માનને મેળવે તેથી શું ? આત્મામાં રહેલા ગુણોનો ઉઘાડ થયો નહી; ફક્ત જનતાને ખુશી કરવા માટે પેટ, પટારો અને પરિવારને માટેજ પરિશ્રમ કર્યો કહેવાય, કારણ કે બોલ્યા પ્રમાણે અમુક અંશે પણ વર્તન થયું નહી; માટે પંડિતોએ વિદ્વત્તા-વાક્ પટુતા તથા **સમયસૂચકતાની સાથે વર્તન-સચ્ચારિત્રતાને લાવવા માટે પણ પ્રયત્ન કરવાની જરૂર છે.**

૨૮૦. સચ્ચારિત્ર-વર્તન વિદ્વત્તા-વાક્પટુતા તેમજ સમયસૂચકતાની સાથે જો સચ્ચારિત્રત્વ ન હોય તો તે ગુણો શોભાસ્પદ બનતા નથી અને આત્મીય લાભ ન મળતો હોવાથી વૃથા જાય છે, માટે સદ્વર્તન રાખવાની પણ ખાસ અગત્યતા છે. એક શેઠને શરીરે વ્યાધિ થએલ હોવાથી ઘણી પીડા થતી હતી; તથા આ વ્યાધિ ક્યારે ટળે ? તેની ચિન્તા રહ્યા કરતી હતી. જો કે આ શેઠ વિદ્વાન્ તથા બોલવામાં કુશળ હતા તથા સમયસૂચકતા પણ સારા પ્રમાણમાં હતી, પણ તે ગુણો પ્રમાણે વર્તનમા ઘણી ખામી હોવાથી આ વ્યાધિથી ખાંસી અને તાવ આવતો હતો. વૈદ્ય પાસે જવામાં શરમ આવતી, પરંતુ જ્યારે વ્યાધિએ જોર પકડયું અને પીડા ને ચિન્તા અધિક થવા લાગી ત્યારે અનિચ્છાયે અને સ્વજન વર્ગના આગ્રહથી વૈદ્ય પાસે ગયા વૈદ્યે બરોબર નિદાન જાણીને દવા આપી. પ્રથમ રેચની દવા, પછી ખાંસી અને જ્વર મટાડવાની તથા શક્તિ વધારવાની દવા આ પ્રમાણે દવા આપીને કહ્યું કે-જ્યારે ખાંસી અને જ્વર મટે ત્યારે દૂધની સાથે ભાત લેવો. આમ કરતાં જ્યારે

તાકાત આવે ત્યારે શેર બદામ, શેર પીસ્તા, શેર ચારોલી અને સાલમનો પાક બનાવીને ખાજો કે જેથી શક્તિમાં વધારો થશે. શેઠ વૈદ્યે લખેલી યાદી લઇને ઘેર આવ્યા. વૈદ્યના કથન મુજબ વર્તન કરવાની મરજી નહી હોવાથી, તે યાદીને હમ્મેશા બે ત્રણ વાર દિવસમાં જોયા કરે છે, પણ રેચ વિગેરે લેતા નથી; તેમાં કષ્ટ ભાસે છે, પણ તેમને સમજણ પડતી નથી કે વ્યાધિની પીડા કરતાં આ પીડા અલ્પ છે. કોઇ પૂછે ત્યારે કહે કે વૈદ્યની પાસે ગયો અને દવાની યાદી લઇ આવ્યો. કહો ત્યારે વર્તન વિના વ્યાધિ ક્યાંથી ટળે અને શક્તિ આવીને ક્યાથી મળે ? માટે વર્તનની ખાસ જરૂર છે.

૨૮૧. કામ કરીને પૈસાઓ મેળવવા, ધનાઢ્ય બનવું અને પ્રશંસાપાત્ર થવું તે તો સામાન્ય બીના છે, પણ કામ કરતા કેવો અનુભવ આવ્યો તે જાણવામા બુદ્ધિમત્તા અને બહાદુરી છે. પૈસાઓ મળવા, શ્રીમંત બનવું કે સત્તા-સાહ્યબી મેળવવી તે તો પુણ્યોદયથી બને છે, પણ અનુભવને મેળવીને તેના પ્રકારો અને વિકારો જાણવા તે મહામુશીબતનું કામ છે. જો સાંસારિક કામો કરતા સાચો અનુભવ તમોને આવ્યો હોય, તો તેમા મોહને ધારણ કરશો નહી અને પૈસા વિગેરે પદાર્થો સાચા સુખના-સંતોષના સાધનો છે તેમ તમો માન્યતા ધરાવશો નહી. જેથી સાધન તરીકે જાણી તેમા સાધ્યની ભ્રમણા થશે નહી, એટલે પદાર્થોના સાચા સ્વરૂપનું ભાન થશે, અનુભવ આવતો રહેશે, અનુભવના યોગે રાગ-દ્વેષના વિકારો શાંત થશે અને ઘટવા માંડશે, માટે કામ કરી પૈસા વિગેરે મેળવીને તેનો

એક શ્રીમંતને વિચાર આવ્યો કે તિજોરીમાં રહેલી સોનાની લગડીઓ, નોટોના બંડલો ભરપૂર છે, તેથી લાભ શો ? ખપમાં તો આવતી નથી, માટે કોઈ પણ ખપમાં આવે, સગાંવહાલાં ખુશી થાય, મિલ્કતનું રક્ષણ થાય અને કદાચ ભાવ વધે તો બમણી ત્રણગણી કિંમત થાય. આમ વિચારી નવશેરા મોતીના ત્રણ હાર વેચાતા લઇ શેઠ પોતાના ઘેર આવ્યા અને ત્રણ પુત્રવધૂઓને પહેરવા માટે આપ્યા ચોથી પુત્રવધૂને હાર નહી મળવાથી તે રીસાવા લાગી અને કલહ–કજીઓ આરંભ્યો. શેઠે કહ્યું કે તને પણ નવશેરા મોતી હાર લાવી આપીશ. હાલ ઝવેરી બજારમાં કિંમતી મોતીઓ મળતાં નથી; માટે ધીરજ ખમો. અજ્ઞાની આ વધૂ શેની માને ? બોલાચાલી અને તોફાન કરવા લાગી. પિયરમાં ચાલી ગઇ તેથી ઘરમા હલકી પડી. સમજીને ધીરજ ખમી હોત તો હલકી ગણાત નહી. બીજી સ્ત્રીઓએ કહ્યું કે–અમારે પહેરવો નથી. તું જ પહેર પણ અહંકારમા આવેલી શેની માને ? મને પ્રથમ હાર કેમ ન આપે ? હું પણ પુત્રવધૂ છું. કાંઇ માર્ગમા રખડતી ભીખારણ નથી. જેઠાણીઓ કહેવા લાગી–અમોને પ્રથમ હારો આપ્યા તેથી તેમા અપમાન માનવું જોઇએ નહી. તને લાવી આપવા સસરાજી કહે છે; અમો વ્યવહારમા તારા કરતાં મોટા કહેવાઇએ તેથી અમોને પ્રથમ હારો આપ્યા. અમે તને પહેરવા આપીએ; માટે ઇર્ષ્યા અદેખાઈનો ત્યાગ કર, સમતા રાખ. તને પણ મળશે. બજારમા વસ્તુઓ જ ન મળતી હોય ત્યાં શો ઉપાય ? આપણે સંપીને રહીશું તો આપણી આબરૂ વધશે અને સાસુ સસરાને તથા આપણા પતિને સંતોષ થશે અને આનંદમાં

આવી નવીન નવીન વસ્ત્રાભૂષણો લાવીને આપશે. આ પ્રમાણે સમજાવી છતાં રીસાઇને પિયરમાં ગઈ હતી, ત્યાં પણ રીસાઇને આવેલ હોવાથી માતાપિતા તથા ભાઈઓએ, ભાવીનો વિચાર કરીને બરોબર સત્કાર કર્યો નહીં. રીસાઈને આવેલ હોવાથી અને સત્કારાદિક નહીં મળવાથી પિયરમાં પણ શાંતિ મળી નહીં અને અપમાન થવા લાગ્યું; તેથી પાછી અધિક રીસાઇ સાસરે આવીને એક ખૂણે છાનીમાની બીલાડીની માફક લપાઇ રહી. તેની સાસુએ સારી રીતે સમજાવી ખાવા માટે ઉઠાડી. હસકાં લેતી ખાવા બેઠી. જેઠાણીઓ મનમા હસી રહી છે. ખાવાનું પણ ભાવતું નથી. તેના સસરાએ હાર લાવીને આપ્યો પણ લીધો નહી. આ પ્રમાણે અજ્ઞાનતાથી પ્રાણીઓ કેવી વિડંબનાઓને ભોગવે છે! અહંકાર તેમાં કેવો ભાવ ભજવે છે? માટે પદાર્થોને પ્રાપ્ત કરીને અહંકારાદિ ગુણો જે જગતને પ્રિય છે તેનો ધર્મીજનોએ સમ્યગ્જ્ઞાનને મેળવી ત્યાગ કરવા કોશીશ કરવી જોઇએ, તેથી કાંઈ પણ નુકશાન થશે નહી અર્થાત્ તેમાં એકાંતે લાભ છે.

૨૮૪. જે માણસો સંકટના સમયે તેને હઠાવવા માટે પોતાની બુદ્ધિ અને કળા-કૌશલ્યને વાપરતા નથી તે માણસો બુદ્ધિમાન્ હોતે પણ બુદ્ધિહીન ગણાય છે. જો સંકટ સમયે સંતાપ કરે નહી અને જ્ઞાન-પૂર્વક સહન કરી લે તો બુદ્ધિ તથા કલાકુશલતાને વાપરવાની શક્તિ જાગ્રત્ થાય, અને સંકટોને હઠાવવા માટે ઉત્સાહ થાય. સંતાપ કે પરિતાપાદિકથી બુદ્ધિ હોય તોપણ તે બુદ્ધિ કાર્ય કરવા સમર્થ બની શકતી નથી; બુદ્ધિ વિના સંકટો અધિક

જોર પકડે છે માટે સંકટોને નિવારવા માટે સમયનો વિચાર કરી જ્ઞાનપૂર્વક સહન કરવું તે હિતકર છે; સંતાપાદિ કરવા તે તો અજ્ઞાનતા સૂચવે છે, કોઇ પણ લાભ થતો નથી અને તેને હઠાવવાની દિશા સૂઝતી નથી–માટે ધૈર્યને ધારણ કરો અને સંકટોને હઠાવો! **સંકટ સમયે ધૈર્યને ધારણ કરનાર વ્યક્તિને દુઃખ પણ સતાવતું નથી અને કર્મો પણ ચીકણાં બંધાતા નથી.** તેમજ કર્મોદય વિફલતાને ધારણ કરે છે, ધૈર્યને ધારણ કરવાની અને સહન કરવાની શક્તિ આપણામા જ રહેલી છે, બહારથી આવતી નથી. કોઇ આપણને ધીરજ આપશે તો પણ આપણામા જો ધીરજ નહી હોય તો લાંબો વખત ટકશે નહી અને પાછો વલોપાત થયા કરશે, માટે ધૈર્યને ધારણ કરીને સહન કરતાં શીખો. તમો જ્ઞાની અને સમજુ છો, એ ક્યારે માલૂમ પડે કે જ્યારે સંકટના સમયે ધીરજને ધારણ કરતા શીખો ત્યારે જ. સમ્યગ્જ્ઞાનનું ફલ ધીરજ ધારણ કરીને સહી લેવું તે પણ છે, ડાહ્યા બનીને વિપત્તિના વખતે વારંવાર વલોપાત કરો, વિલાપો કરો અને ઝુર્યા કરો તે કર્તવ્ય તમોને શોભાસ્પદ બનશે નહી, અને ગાડા કહેવાશો વિપત્તિ વલોપાતાદિ કરશો તો પણ વિપાક-ફળ દેખાડ્યા વિના તે ટળશે નહી

એક બુદ્ધિ અને બલવાળી સ્ત્રી પિયરમાંથી સાસરે જતી હતી, સાથે તેનો પતિ નહોતો. ફક્ત એક ગાડી અને ગાડાવાળો માર્ગમા લુટારો અને તે લૂંટારાના સાથીદારો મલ્યા. ગાડીવાળાને તો એક ડાગના ફટકે નીચે પાડ્યો અને તે લુંટારાઓ કહેવા લાગ્યા કે–તારા ઘરેણા સર્વ કાઢી આપ.

સ્ત્રીએ અંગ ઉપરના સર્વે દાગીના કાઢી આપ્યા ચોરોએ લીધા પણ તે સ્ત્રી રૂપવતી હોવાથી તેનું શીયળ લૂંટવાની ભાવના જાગી, અને પાછા કહેવા લાગ્યા કે–તારો કિંમતી ચણીઓ છે, તે કાઢી આપ. ચોરોને પણ જ્યારે વિષયવાસના જાગે છે ત્યારે તેમની સર્વ પ્રકારે પડતી થાય છે, બુદ્ધિબલ નાશ પામે છે; અને ભયંકર કારમા જોખમમા આવી પડે છે. જ્યા સુધી વિષયવાસનાની ખગળ દાનત થતી નથી, ત્યા સુધી તેઓનું જોર ચાલે છે. વિષય વાસનામા પુણ્ય જલ્દી ખતમ થાય છે સ્ત્રી બુદ્ધિશાળી હોવાથી તે સમજી ગઈ કે આ લૂંટારાઓની બુદ્ધિ બગડી છે, અને વિષય વાસના જાગી છે; શિયળ તો પ્રાણને સાચવું ભલે તરવારના ઝટકા લગાવે કે પ્રાર્થના કરે તો પણ ચલિત થવુ નહી અવી વિપત્તિ સમયે વલોપાત ન કરતા ધીરજ રાખી. તેથી શીયળનું રક્ષણ કરવાની બુદ્ધિ જાગ્રત્ થઈ અને કહેવા લાગી કે–તમોએ માગ્યા પ્રમાણે સર્વે દાગીના તમોને આપ્યા, હવે અન્ય કાઇ પણ માગો નહી, તેમા તમોને લાભ નથી, માટે હવે તમારા માર્ગે તમો ચાલ્યા જાઓ અમારી લજ્જાનું રક્ષણ કરનાર ચણીયાની માગણી કરવાથી તમોને શો લાભ થવાનો છે ? ઘણા પ્રકારે સમજાવ્યા પછી પણ વિષય વાસનાવડે વકરેલા તેઓ માન્યા નહી ત્યારે ધીરજ ધારીને તેણીએ ચોરોને કહ્યુ કે–તમોને ચણીઓ ઘરેથી કાઢી આપુ. પણ તેનું નાડું કીલ બંધાઈ ગયું છે, માટે તમારી પાસે તરવાર છે, તે મને આપો કે જેથી તે નાડને કાપીને ચણીઓ આપું. વિષય વાસનાથી બુદ્ધિ બહેર મારી ગઈ અને પુણ્ય ખતમ થવાની તૈયારીમા હતું તેથી, એક એક

કરોડપતિ થવાની ચિન્તા પાછી આવીને ઉપસ્થિત થાય છે અને એની ચિન્તામા લાખો જે મળ્યા છે તેનો પણ લાભ લઈ શકાતો નથી અને જ્યારે આરંભ કરતાં પણ કરોડ મળતા નથી ત્યારે વલોપાત કરવામા જીવન ગુજારે છે, એટલે તેઓને સંતોષ નહીં હોવાથી મરણ વખતે પણ ચિન્તા ઓછી થતી નથી, અને આર્તધ્યાને મૃત્યુ પામી દુર્ગતિના મહેમાન બને છે.

૨૯૦. સંતોષી જ્યારે મમતા રહિત બને છે ત્યારે અનુક્રમે દેહ-ગેહાદિકના ઉપર જે રાગ-પ્રેમ રહેલો છે, તેપણ તેનો અલ્પ થાય છે, અને રાગભાવ અલ્પ થતા આત્માના ગુણોમા રાગ થાય છે, તેથી તે ગુણોમા પ્રેમ વધતા આત્મ-રમણતાના યોગે આત્મશક્તિનો આવિર્ભાવ થાય છે અને સાથે અનંતી ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિ આપોઆપ આવીને હાજર થાય છે, તેવી અનંત સુખસાગરમા સર્વદા ઝીલ્યા કરે છે, ત્યારે અસંતોષીને પુણ્યોદયે ઋદ્ધિ મળે તો પણ મમતા ઓછી થતી નથી. પણ મમતાદિક વધતા રહે છે અને આધિ, વ્યાધિ અને ઉપાધિની વિડંબનાનો પાર રહેતો નથી, અંતે નીચ ગતિમા પડી યાતનાઓ સહન કરતો આયુષ્યપૂર્ણ કરે છે; અસંતોષી જ સંસારના સંકટોમા અથડાઈ જન્મ મરણની પરંપરાને વધારી મૂકે છે. ત્યારે સંતોષી સાંસારિક સંકટોમા નહી સપડાતા જન્મ મરણાદિના દુઃખો નિવારવા માટે સમર્થ બને છે, અસંતોષીને જગતની ઋદ્ધિ સિદ્ધિ મળે તોપણ સાચા સુખનો અનુભવ આવવો તે અશક્ય છે; માટે **અસંતોષ, લોભના ઘરનો હોવાથી** તેના દોષનો બરોબર વિચાર કરીને તેમજ વિવેક કરીને ત્યાગ કરવા લાયક છે. જ્યારે તેનો

તો પરિણામે તેઓના હાથ અને મુખ કાળા બને છે અને પ્રજાના શ્રાપથી તે પદભ્રષ્ટ બની નીચ સ્થિતિમાં આવી પડે છે; માટે હે બુદ્ધિમાન સત્તાધારીઓ! સત્તાને મેળવી તેનો સદુપયોગ કરો, પ્રજાના દુઃખને જાણો અને નિવારો! સત્તા મળી પણ જો સદુપયોગ થયો નહી અને દુરુપયોગ થાય તો તે સત્તા નહી પણ એક જાતનું શસ્ત્ર કહેવાય. શસ્ત્રને વાપરતા ન આવડે તો તે પોતાને પણ હણે છે, તે પ્રમાણે સત્તાને વાપરતાં જો ન આવડે તો તે સ્વપરની ઘાતક બને છે. શેર દારૂના કેફ કરતાં સત્તાનો કેફ ભયંકર હોઇને સાવધાન થઇને વર્તન રાખવું તે હિતકર છે.

૨૯૨. દુનિયા આપણી શક્તિ, કલાકૌશલ્ય-મુત્સદ્દી ઉપર ખુશી થાય છે તેના કરતાં પણ સદ્વર્તન-સદાચારને દેખી અધિક ખુશી થાય છે. કળાકૌશલ્ય અને મુત્સદ્દીગીરી, સદ્વર્તન સિવાયની હોય તો તે જ દુનિયા તેના પર નારાજ બને છે અને તિરસ્કાર કરે છે. કહેવાય છે કે શ્રીમંત મુત્સદ્દીના દોષો દુનિયા જોતી નથી તથા કુશલ પ્રસિદ્ધ વકતાના દોષોને પણ દોષો તરીકે જોતી નથી; તેથી તે દોષો દબાયેલા રહે છે. પરંતુ વખત જતાં તે દોષોમાં અધિકતા થતાં શ્રીમંતના કે તે વકતાના દોષો પ્રકટ થાય છે; અને જ્યારે તેઓના ઉપર જગત ફીટકાર વર્ષાવે છે ત્યારે તેમની કિંમત કોડીની થાય છે, અને પછી તેઓનું માન રહેતું નથી; માટે શકિત કલાકૌશલ્ય અને મુત્સદ્દીગીરી સાથે સદ્વર્તનની ખાસ અગત્યતા રહેલી છે; શ્રીમંતવર્ગ ન્યાય-

રાખવો યોગ્ય નથી. મારી પાછળ પુત્રાદિક મારા પુણ્યાર્થે પૈસાઓ વાપરશે અગર વૃદ્ધાવસ્થામાં પુણ્યાર્થે પુત્ર અમોને પૈસા આપશે, આમ ધારી પોતે હાથે સાત ક્ષેત્રોમાં ન વાપરતાં પુત્રોને જ સઘળી મિલકત સોંપી દેવી તે બુદ્ધિમત્તાનુ લીલામ કરવા જેવું છે, કારણ કે સઘળી મિલ્કત પુત્રોના હાથમાં આવ્યા પછી પિતાના પુણ્યાર્થે આપવાને તેઓની ઇચ્છા ઉપર આધાર છે. ઇચ્છા હોય તો વાપરે, ન હોય તો કબજે રાખે. તે વેળાએ રડવાનો વખત આવે નહી માટે ચેતીને પોતાના હાથે ત્યાગ-વૃત્તિ રાખવી જોઇએ. એક પિતાએ પુત્રોના સમજાવવાથી સઘળી મિલકત તેઓને સોપી પોતાની પાસે કાઈ પણ રાખ્યુ નહી; દીકરાઓ પિતાની મિલ્કતને મેળવ્યા પછી ભારે મમતાળુ બન્યા. પિતાને જ્યારે દાન દેવાની ઇચ્છા થાય છે અને માગે છે, ત્યારે તેઓ કહે છે કે-તમોને ભાન નથી. જ્યાં ત્યા ખર્ચી નાખો છો, માટે આપવામા આવશે નહી; બધી મિલ્કત ખર્ચીને અમોને શું ભીખારી બનાવવા છે ?

પિતાએ કહ્યું કે સઘળી મિલ્કતને ખરચવાનું હું ક્યાં કહું છું ? મને પાચ પચીસ આપ કે જેથી પરલોકનું ભાતું ભરું. દીકરાઓ કહેવા લાગ્યા કે-આજે પાંચ પચીસ માગો છો તો કાલે વળી સો-બસો માગશો, વળી ત્રીજે દિવસે પાંચસો હજારો-સોનામહોરો માગશો, તમો ચકમ થઈ ગયા છો. અમોને ભીખારી બનાવી બીજાના ઘર ભરવા ઇચ્છો છો. ગુરુ મહારાજના કહેવાથી તમારી અવળી મતિ થઈ છે. આ પ્રમાણે સાભળી તેઓનો પિતા આખોમા આસુઓ લાવી પસ્તાવો

કરવા લાગ્યો કે પુત્રોને સઘળી મિલ્કત સોપવાથી ચક્રમ જેવો બન્યો ! પાપારંભો કરીને પૈસાઓ એકઠા કર્યાં. તે હાથે સન્માર્ગે ન ખરચતા પુત્રોને આપી દીધા–મોટી ભૂલ કરી; સ્વાધીન મિલ્કત હતી ત્યારે સાત ક્ષેત્રોમા વાપરી હોત તો આવી દશા પ્રાપ્ત થાત નહી. હવે કોઈ પ્રકારનો ઉપાય નથી. આ પ્રમાણે વિચાર કરતો રહે છે અને મનને ઠારે છે. વળી વાપરવાની એક યુક્તિ શોધી કાઢી કે દુકાનદારોની પાસેથી ઇષ્ટ વસ્તુઓ ઉધાર લઇને સાત ક્ષેત્રમા વાપરું. આ પ્રમાણે દુકાનદારોની પાસેથી કોઇ વખતે પતાસા લાવી લ્હાણી કરે છે; કોઈ વખતે પેડા લાવી પ્રતિક્રમણ પૌષધાદિક ક્રિયાઓ કરનારાઓને લ્હાણી તરીકે આપે છે દુકાનદારો તેના પુત્રોની પાસે પૈસાઓ માગવા લાગ્યા ત્યારે તેઓને તે પુત્રો કહેવા લાગ્યા અત્યારે અમો અમારા પિતાએ જે માલ ઉધારે લીધો તેની કિંમતના પૈસાઓ આપીએ છીએ; હવેથી તમારે અમારા પિતાને અમારા કહ્યા સિવાય–પરવાનગી મેળવ્યા સિવાય આપશો તો અમો પૈસા આપીશું નહી. દુકાનદારો ઉધાર આપતા બંધ થયા અને તેઓના પિતા કોઈ ઉધાર પણ ન મળતાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા

શક્તિની સાથે ભક્તિ હોય તો, મુક્તિને આવતાં વાર લાગે નહી. શક્તિને ચાહનારા સઘળા પણ ભક્તિ કરનારા કેટલા?

ભક્તિના માર્ગે ગયા સિવાય મુક્તિનો માર્ગ બહુ મુશ્કેલ છે.

૨૯૭. બુદ્ધિની કેળવણીની ઝંખનામાં આત્મ-વિકાસની કેળવણી આજે ભૂલાય છે તેથી સ્વરાજ્ય મળ્યું છતાં આબાદી આવી નથી.

આત્મ-વિકાસની સાધનામાં નિવૃત્તિ હોતી નથી, તેથી નિરન્તર તેની સાધનામા પરાયણ બનવું આવશ્યક છે.

જડપદાર્થોને મેળવવામા જેટલી જહેમત-મહેનત કરવી પડે છે, તેટલી આત્મવિકાસમાં મહેનત કરવી પડતી નથી.

૨૯૮. મનુષ્યો, સ્થિર થઇને સુખ દુઃખનો હિસાબ દરરોજ રાખે તો તેઓ જડપદાર્થોમા મુઝાય નહી અને સુખનો માર્ગ જડે.

ખાવાપીવામા તેમજ વિષયસેવનમા જો વધારે સુખ હોય તો ખાતા-પીતા અને વિષયસેવનમા આસક્ત બનતા અધિકાધિક સુખ મળવું જોઇએ, પરંતુ તેમાં આસક્ત બનતાં તો પરિણામે પરિતાપ અને વિવિધ વ્યાધિઓ આવીને ઘેરો ઘાલે છે, સુખને મેળવતા દુઃખ હાજર થાય છે, માટે તેમા સત્ય સુખ છે જ નહી.

બીજાની પાસે તમોને માગણી-યાચના કરવી પસંદ પડતી નથી, મનમા દુઃખ થાય છે, તો તમોને યાચના કરવાનું ગમતું ન હોય અને માગ્યા વિના તેમજ યાચના કર્યા વિના ઇષ્ટ વસ્તુ-

ઓ મેળવવાની ઇચ્છા હોય તો તીર્થંકર મહારાજાએ ફરમાવેલ કાયદાઓ–આજ્ઞાઓને શ્રદ્ધાપૂર્વક અમલમાં મૂકો; સર્વ અભિલાષાઓ, આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી પૂર્ણ આપોઆપ થશે. માગણી કરવાની કે કરગરવાની ઘડીઓ આવશે નહી

માગણી કરનારને જો પુણ્ય હોય તો જ મળે છે, નહીંતર ધક્કા ખાઈ પાછું વળવું પડે છે માટે માગ્યા વિના મળે, તેની આ ભવમાં તૈયારી કરો; સદ્ચારિત્રવાનને માગ્યા વિના પણ મળી રહે છે.

૨૯૯. સુખ દુઃખનો આધાર મનની વૃત્તિઓ ઉપર છે. જો સંકટની કિંમત જાણી તેને સુખનુ કારણ માનીએ, તો દુઃખ જેવું કંઇ પણ ભાસે નહી, અને આનંદપૂર્વક સહન કરી શકાય.

૩૦૦. અજ્ઞાનતા અને મોહના આધારે ઇર્ષ્યા–કલહ–કંકાશ ઉત્પન્ન થાય છે એમા સ્વાર્થની અતિમાત્રા મળે તો મનુષ્યો ન કરવાનું કરી બેસે છે, ભાઇભાઇમા, સગાવહાલામા વેર–ઝેર થતું હોય તો સ્વાર્થની અતિમાત્રાથી ઇર્ષ્યા–અદેખાઇથી શુભાનુરાગના સ્થાને નિન્દા વિગેરે આવીને ઉપસ્થિત થાય છે. અને સ્વજનવર્ગમા પણ દોષાદિ ઘણો ભાવ ભજવે છે, તેથી સંપત્તિ સાચવી હોતે પણ સુખપૂર્વક જીવન પસાર થતુ નથી

૩૦૧. ગુણાનુરાગથી, સગાં સંબંધી વિગેરેમાં પ્રેમ વધે છે. આર્ત્તધ્યાન બહુ થતું નથી અને આત્મા નિર્મલ બનતો જાય છે.

૩૦૨. પુણ્ય પ્રભાવે, જો વિષય કષાયની સત્તા નાબૂદ થાય અગર અલ્પ થાય તો જ આત્મની સુખસંપદ

સ્વયં આવી મળે. અને પુણ્યપ્રભાવે વિષયની ફકત અનુકૂલ સામગ્રી મળે તો તેને ખસતાં વિલંબ થતો નથી માટે પુણ્યથી શાશ્વતી સામગ્રીની ઇચ્છા કરવી, પણ નશ્વર અને ક્ષણમંગુરની ઇચ્છા ન કરવી!

૩૦૩. **એક બીજાની મદદ અને સહકાર સિવાય જગતમાં કોઇપણ પ્રાણી જીવી શકતું નથી** અને ટકી શકતું નથી; માટે પરસ્પર સહાય કરવી, પરસ્પર હિતની વિચારણા કરવી તે મૈત્રીભાવના. પરસ્પરની ઉન્નતિ-ગુણો દેખી ખુશી થવું, તે પ્રમોદ. સંકટમા સહાય કરવી તે અનુકંપા અને દોષોની ઉપેક્ષા કરવી તે મધ્યસ્થતા.

૩૦૪. **સ્વતંત્રતાના તેમજ આત્મશક્તિના દાન-આદાન હોતા નથી.** તે તો પોતાના સમ્યગ્જ્ઞાનથી પ્રાપ્ત થાય છે અને આત્મબલદ્વારા રક્ષણ થાય છે. દુન્યવી પદાર્થોની સત્તાથી મળી શકતા જ નથી.

૩૦૫. **ઉતાવળી મનોવૃત્તિ, ઉપકાર અને સહકાર કરવાની તકને-અવસરને ઓળખતી નથી.** માટે ધૈર્ય રાખવાની ખાસ જરૂર છે. ધૈર્ય રાખ્યા સિવાય કોઇ પણ કાર્યમા સફલતા મળતી નથી. **ધૈર્ય પણ એક પ્રકારની આત્મશક્તિ છે કે જેના યોગે અનેક ગુણો આવી મળે છે**

૩૦૬. **અન્યના અપકારો પ્રત્યે ક્ષમા રાખવી** અને આવી પડેલી વિપત્તિઓને જ્ઞાનપૂર્વક સહન કરવી તે, સંકટોને નિવારણ કરવાની અમોઘ દવા છે. આ દવા લેવામા પૈસાનો વ્યય કરવો નડી પડે.

૩૦૭. કામાંધ બનેલ માનવીઓ કયું અકાર્ય કરતા નથી ? તેમજ લોભાંધ-ક્રોધાંધ પણ અકાર્ય કરવામા પાછી પાની કરતા નથી; માટે સુખની પ્રાપ્તિ માટે કષાયાંધ બનવું જોઇએ નહી.

અદેખાઇ-અહંકાર-મમતાદિક વિગેરે જે દુર્ગુણો, પ્રાણીઓને વિલંબ રહિત સતાવ્યા કરે છે, તેનું જે કારણ કોઈ હોય તો, કષાયાંધતા છે કારણ કે તેવી અંધતામા વિચાર-વિવેક આવી શકતો નથી.

૩૦૮. કોઈ વ્યક્તિની પાસે હથિયારો હોય પણ જો હિમ્મત ન હોય તો તે વ્યક્તિ ફક્ત હથિયારોના આધાર કોઇ પણ ધારેલું કાર્ય સફલ કરી શકતો નથી, માટે હથિયારો સાથે હિંમત પણ જોઇએ હિમત આત્મબલ છે અને હથિયારો જડ છે. એટલે આત્મબલ વિના ગમે તેવા સાધનો હોય તો પણ સ્વકાર્ય સાધી શકાતું નથી.

સ્વકાર્ય સાધવામા જો આત્મિક બલ હોય તો શારીરિક-બલ પણ સહકાર આપે છે. નહીતર શરીરબલ હોય તો પણ શિથિલ બને છે, માટે આત્મબલની વૃદ્ધિ કરવા માટે યોગ્ય સાધનો યોજવા જોઇએ

સાંસારિક સાત ભયોને નિવારવા માટે હિમત ધરવી કરવી અને તેના સાધનોને મેળવવા તે સાચા હથિયારો-સાધનો છે; તે સિવાયના અન્ય સાધનો ગેર-પરિતાપ તેમજ બન્ને ભવને બગાડનાર છે, માટે તેવા સાધનોને મેળવી હિમત ધરવી કરવી ઉપર મોહ ધરવો સાથે સંયમ માર્ગે તે જીવનમાં આવશ્યક છે.

મોહ વડે જ સમજણા મનુષ્યોને પણ સાત ભય આવીને ઉપસ્થિત થાય છે અને હિંમત હારી બેસે છે. પછી સાધનો ગમે તેવા સારા હોય તો પણ કામ આપી શકતા નથી; માટે પ્રથમ મોહને હઠાવો.

મુગ્ધ થએલ પ્રાણીઓ, બલાબલનો વિચાર-વિવેક કરી શકતા નથી. તેથી જ તેઓના સાધનો ફલીભૂત થતા નથી અને ધારેલ કાર્ય સારા પ્રમાણમાં કરી શકતા નથી, માટે વસ્તુની વિચારણા કરવી.

૩૦૯. વિચારણા અને વિવેક વિના વસ્તુનું સ્વરૂપ સમજાતું નથી; તે સિવાય આત્મસત્તાની કે આત્મસંપત્તિની સમજણ પડતી નથી.

સમાજમા સારા કહેવરાવવા તેમજ સારા બનવા માટે કોઇએ કટુક અણગમતા વચનો કહ્યા હોય અગર મર્મભેદક વચનો કહ્યા હોય, તો પણ તેને કડવી દવાની માફક સહન કરીને પી જવા જોઇએ આ જ સરલ અને સુગમ માર્ગ છે. અંટશ રાખીને લાગ લેવામા સુખ નથી.

મોટા અને સજ્જનોની જે પ્રશંસા થાય છે અને મહત્તા જાહેરમા આવે છે તેનું મુખ્ય કારણ તેવા વચનોને દવાની માફક સહી લે છે અને પોતાની ભૂલોની તપાસ કરીને સુધારી લે છે, પણ કોપ કરતા નથી.

૩૧૦. પ્રગતિમાં સંપત્તિ આવી મળે છે પરંતુ વિપત્તિને સહન કર્યા સિવાય તો નાહી. સંપત્તિ અને વિપત્તિને ગાઢ સંબંધ રહેલો છે માટે વિપત્તિ આવતાં જે

પૂર્વક બાર પ્રકારોની આરાધના સારી રીતે થાય તો પરમેષ્ઠિના જાપમાં પણ સ્થિરતાયોગે સારી રીતે આનંદ ઉભરાય છે અને કેટલો વખત ગયો તેની ખબર પડતી નથી.

જેઓ જિનાજ્ઞા પ્રમાણે તપસ્યા કરતા નથી તેઓ વિષયોમાં આસક્ત બનતા જાય છે; પછી તેઓનો પીછો આધિ, વ્યાધિ કે ઉપાધિ મૂકતી નથી; અને આધિ, વ્યાધિ વિગેરેથી ઘેરાએલા જીવાત્માને સ્વપ્ને પણ સુખ ક્યાંથી ? છતાં પણ તેમાં સુખ માનતો જીવ વિવિધ પ્રકારના આરંભો કરીને અધિકાધિક વિડંબનાઓને આમંત્રણ આપતો રહે છે, અને પોકારો પાડતો અન્યની સમીપમાં દીનતા દાખવે છે.

૩૧૩. **ચિત્તવૃત્તિનો નિરોધ, વિષયોમાં પ્રતિબદ્ધ બનેલને થવો અશક્ય છે;** વિષયમા પ્રતિબદ્ધ બનેલ, ચિત્તવૃત્તિનો નિરોધ કરવા બળજબરી કરે તો ઉલટી વ્યાધિ આવી સતાવ્યા કરે; માટે પ્રથમ વિષયોનો ત્યાગ કરવો તે પણ યોગ છે; સાધનને સુંદર બનાવ્યા સિવાય સાધ્ય બરોબર સધાતું નથી; વિષય વિકારોનો ત્યાગ તે સાધન છે અને ચિત્તવૃત્તિનો નિરોધ તે સાધ્ય છે. આ પ્રમાણે સાધ્ય સારી રીતે સધાતા કર્મોથી આત્માને મુક્ત કરવો છે, પોતાને પોતાના ઘરમા આવવું છે અને પરમાનંદનો આસ્વાદ કરવો છે, તે આવી મળવાનો જ; ધર્મ આરાધના આ પ્રમાણે બનતાં અનાદિ કાલના કર્મોના પાશ ખસવા માંડે છે અને આત્મસ્વરૂપ–આત્મસત્તા અને આત્મજ્ઞાનનો આવિર્ભાવ થાય છે; માટે કર્મોનો ત્યાગ કરવામાં તત્પર બનો; આમ મૂઢતયા બેસી

૩૧૫. **છુપા ઊભા રહેવું નહિ.** કેટલાક મનુષ્યોને એવી ટેવ હોય છે કે, પોતે કહેલી બીના ઉપર સાભળનાર કેવી વાતો કરે છે, તે સાંભળવા ખાતર તેઓની પાસેથી ખસી બહાર જઇને ભીંત પાછળ ઊભા રહીને ચિત્ત દઇને સાંભળ્યા કરે. જો પ્રશંસાની વાતો કરતા સાભળે તો ફુલાઇને ફાળકો થાય અને અણગમતી વાત સાંભળવામા આવે તો જોઇ લો તેઓનો મિજાજ! ગુસ્સો કરી તેઓની પાસે આવી બોલવામાં બાકી રાખે નહી અને અણસરજી પીડા ઊભી કરે. આવા ચીડીઆ માનવોને અનુકૂલ સાધનો હોતે પણ ઘડીભર ચેન પડતું નથી. મનમાં ને મનમા બબડતો ભમ્યા કરે છે. ઝાડે ફરવા જાય તો પણ તેઓનો બડબડાટ ચાલુ હોય છે. આવી બૂરી ટેવને દૂર કરવા માટે સાચો ઉપાય એ છે કે **પાછળ શી વાતો અન્ય કરે છે તે સાંભળવા ઊભા રહેવું નહી** અને સાભળવાની અભિલાષા પણ રાખવી નહી; કારણ કે સરખી પ્રકૃતિવાળા બધાય હોતા નથી; કહેલી બીના પસંદ પડે તો પ્રશંસા કરે અને રુચિકર ન હોય તો અણગમો દેખાડી નિન્દા પણ કરે; જો તમોએ કહેલી બીના સાચી હશે તો અણગમો દેખાડી નિન્દા કરનારથી કાઈ પણ નુકશાન થવાનું નથી; માટે તેવી વાતો બીજાની પાસે સાભળવામા આવે તો પણ મનમાં કાઈ પણ લાવવું નહી, અને ચિન્તાતુર બનવું નહી

૩૧૬. કેટલીક વાર એવું બને છે કે, **સદ્વિચારાનુસારે આપણે કાર્ય કરતા હોઇએ તે વખતે અન્યની નિન્દા** શ્રવણ કરી સત્કાર્ય કરવામા મંદતા લાવી તેને પડતું મૂકવાની ઇચ્છા થાય છે, તે પણ ઠીક કહેવાય નહી. કારણ કે કરાતાં

કાર્યોની સઘળા માનવોએ ક્યારે પ્રશંસા કે અનુમોદના કરી છે ? કોઇને પસંદ પડે નહી તો તે અણગમો દેખાડશે અને જેને પસંદ પડશે તે ભૂરિભૂરિ પ્રશંસા કરશે; માટે તેવી વાતો ઉપર લક્ષ ન દેતા, તેવી નિન્દા સાભળવામા આવે તા પણ, ઉગતા સત્કાર્યોમા મંદતા લાવવી નહિ

જેમને કર્મોનો ક્ષયોપશમ થયો હશે અને જેમાને કરાતું કાર્ય પસંદ પડતું હશે. તેમા જ સત્ય કાર્યોને દેખી ખુશી થવાના. તે સિવાયના મનુષ્યો કર્મોથી લિપ્ત હોવાથી આગુગમો દેખાડવાના, માટે મનમા કદાપિ કંઇ પણ લાવ્યા વિના સત્કાર્યો કર્યે જવું, પણ ઉદાસીનતા ધારણ કરવી નહી

જેમનામા વિષયવિકારોનો તેમજ કષાયનો ત્યાગ છે તથા આત્મ સન્મુખ રહિ છે ત્યા દુનિયાએ કહેલી વાતાની અસર થતી નથી. ઉલટી તે વાતો કસોટીરૂપ બને છે અને આત્મા વિમુખતા રીતસર બની રહે છે, માટે વિષય વિકારોનો ત્યાગ કરવો તેમજ કષાયનો ત્યાગ કરવો તે સાચો માર્ગ છે અને સત્ય માર્ગ છે

૬૬૭. પદ્દર્શનના ઉપભોગથી ઘણો આનદ [illegible] અને [illegible] છે અને પરિણામે [illegible] વિષયો [illegible] કરતા પણ સ્વાધીનતાએ [illegible] [illegible] [illegible] છે.

ઉપર પ્રેમ રાખવો તે અધર્મ કે પાપ નથી; પરંતુ તેઓની ઉપેક્ષા કરવી તે પાપ છે; જેઓ, ચઢવાના સાધનને પાપ માનતા હોય; તેઓ કદાપિ સાધ્યને પહોંચી વળતા નથી અને ભ્રમણામાં ભૂલા પડે છે.

૩૨૯. જે માણસ, બીજાઓના માથા ઉપર પગ દઇને ચાલવાની ઇચ્છા રાખે છે એટલે બીજાઓને દબાતા રાખીને પોતાનો સ્વાર્થ સાધવા પ્રયાસ કરે છે. તેઓને કદાપિ સુખશાતિ મળતી નથી અને સદાય દબાતા રહે છે.

૩૩૦. આત્મરમણતા. માન-સત્કાર-આબરુ પ્રતિષ્ઠા-કીર્તિ વિગેરે, સદાચારના પડછાયા છે; જ્યા સદાચાર હોય છે ત્યાં તેની પાછળ દોડતા આવે છે અને આ આત્મરમણતા થતાં વિલય પામી જાય છે; માટે પડછાયાને પકડવા પ્રયાસ કરો નહિ; પણ સદાચાર અને આત્મરમણતા માટે પ્રયાસ કરો.

સંપત્તિ, માનપાન અને સત્તાને લીધે માણસો, આત્મિક વિકાસના સાધનોને ભૂલે તેમ જ આત્મિક સુખની પ્રાપ્તિ માટે નાલાયક થાય; તેવા સંપત્તિ-માનપાન અને સત્તા વિગેરેને પ્રાપ્ત કરવા કોણ પ્રયાસ કરે ?

૩૩૧. મોટાઇ માટે મહેનત ન કરો. જગત્‌મા પોતાની વાહવાહ કહેવરાવવી અગર મ્હોટાઇ મેળવવા ખાતર મહેનત કરવી, તેના જેવો જોખમનો બીજો વ્યાપાર નથી; કારણ કે-તે તો આત્મવિકાસ સધાતાં આપોઆપ પાછળ આવવાના છે.

૪૬૬. **દુન્યવી વાસનાઓ, તે મહાબંધન છે.** પૂર્વજન્મના સંસ્કારો અને આ ભવના સંસ્કારોના યોગે દરેક પ્રાણીઓની વાસનાઓ જન્મે છે અને તે તે વાસનાઓના આધારે વિવિધ ક્રિયાઓ કરવાની રુચિ જન્મે છે કોઇએ વાસનાના યોગે ખાવા–પીવામા જ સુખ માનેલ હોય છે ત્યારે બીજા કોઇએ સંગીત વિનોદાદિકમા સુખ માનેલ હોય છે. કોઇએ દાનાદિકમાં લાભ માનેલ હોય છે, ત્યારે કોઇએ દંભ કરીને પણ અન્ય પાસેથી લેવામાં આનંદ માનેલ હોય છે. કોઇક ભાગ્યશાલી આત્મજ્ઞાન–આત્મધ્યાન અધિક પસંદ કરે છે, કોઇને વિવિધ પ્રકારની વાતો કરવામા આનંદ પડે છે, તેમજ કોઇને પરસ્પર કલહ કરાવી વૈમનસ્ય ઉત્પન્ન કરાવવામાં સુખ ભાસે છે. આ પ્રમાણે વાસનાના યોગે વિવિધ પ્રકારની. ક્રિયાઓ દૃષ્ટિગોચર થાય છે તેઓમાં જે આત્મજ્ઞાન–આત્મધ્યાનમાં જે મગ્ન હોય છે તે મહાશયો આત્મવિકાસમાં આગળ વધે છે તેમજ

વ્યવહારમાં જ રાચીમાચી રહેલાના વિકારો શમતા નથી પણ વધતા રહે છે. વિકારો, વિકારોના સેવનથી નાશ પામતા નથી; પણ નિર્વિકારીનું આલંબન લઇ સ્થિરતાના યોગે નાશ પામે છે, માટે જેટલી બુદ્ધિ હોય, જેટલી શક્તિ હોય, તે એકઠી કરી વિકારોના વેરીનો નાશ કરવા કમ્મર કસવી જોઇએ.

૪૬૮. પાણીથી ભરેલો ઘડો છલકાતો નથી, અને સ્થિર રહે છે; કદાચ એકદમ ઊંધો વાળવામા આવે તોપણ પાણી બહાર પડતું નથી; તે પ્રમાણે જ્ઞાન-ધ્યાનથી ભરપૂર મુનિવર્ય, વિકારોથી તેમજ વિકલ્પ-સંકલ્પોથી છલકાતા નથી; પણ સ્થિરતાને ધારી રાખે છે, કદાચિત્ વિપત્તિઓ આવીને ઘેરો ઘાલે તોપણ જ્ઞાન-ધ્યાન ચૂકતા નથી અને ચિદાનંદની લહેરમાં ઝીલતા રહે છે. આવી સ્થિતિ જ્યારે પ્રાપ્ત થાય ત્યારે આધિ, વ્યાધિ અને ઉપાધિની વિડંબના રહે નહી; માટે હે મુનિવર્યો ! જ્ઞાન-ધ્યાનના આધારે સ્થિરતાને ધારણ કરો કે જેથી કોઇ પ્રકારની ચિન્તાઓ આવીને સતાવે નહી.

જ્ઞાન-ધ્યાનમા સદાય રમણતા કરનાર મહાનુભાવો શ્વાસો-શ્વાસે કરોડો ભવના પાપોને ભસ્મસાત્ કરીને નિર્મલ બને છે; ત્યારે જ્ઞાન-ધ્યાન રહિત અને સાંસારિક સંકલ્પ-વિકલ્પોના વિકારોમા અટવાતો અજ્ઞાની આત્મા, શ્વાસોશ્વાસે કરોડો ભવ સુધી ભોગવાય એવા ચીકણાં કર્મો બાંધી અસહ્ય યાતનાઓને સહે છે; માટે સુખના અર્થીઓ ! સાચા સુખનો અનુભવ કરવો હોય તો સંકલ્પ-વિકલ્પો ટળે અને વિકારો નાશ પામે એવો પ્રયાસ કરો કે જેથી મોઘેરા મનુષ્યભવની સફલતા થાય અને મોક્ષસુખ સમીપે આવતું રહે. સાંસારિક વિકલ્પો અને વિકારો-

એ તમોને ચારે ગતિમા અને ચોરાશી લાખ યોનિમા પરિ-
ભ્રમણ કરાવવામા બાકી રાખી નથી; માટે ચેતો, હજી હાથમાં
બાજી છે, પાછી બની બાજી હારો નહી.

૪૬૯. સાથે આવે તેવી વસ્તુઓનો સંગ્રહ કરો.

એ મહાપ્રયાસો કરીને દુન્યવી વસ્તુઓ તમારા ઘરમા
છે તેથી તમો પોતાને પૂર્ણ માનો છો અને હવે અન્ય
ા કરવાનું નથી એમ માની બેઠા છો; પણ તમારી એમા
મણા થઈ લાગે છે, કારણ કે, જે વસ્તુઓ કાળા ધોળા
કરીને ઘરમા ભરી છે તે સાગી લાવેલ ઘરેણાની માફક
પાછી મૂકવી પડશે, સાથે પરભવમા આવનાર નથી; માટે
સાથે આવે તેવી વસ્તુઓનો સંગ્રહ કરો, સાથે આવે તેવી
વસ્તુઓ પણ છે, પરંતુ તેઓને ઓળખી તમો સંગ્રહ કરો
ત્યારે જ સાથે આવે; મેળવ્યા વિના તે સાથે આવી શકે એમ
નથી. તે વસ્તુઓ કઈ? તે વસ્તુઓને તમો જાણો છો ખરા;
પણ તેઓને પ્રાપ્ત કરવા માટે પ્રેમ ધારણ કર્યો નથી, તેથી જ
કહેવું પડે છે કે તે વસ્તુઓ સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર
છે. આ વસ્તુઓને પ્રાપ્ત કર્યા પછી તેઓના રક્ષણથી કદાપિ
કોઇ પણ સ્થિતિમા છૂટી પડશે નહી; જ્યા જશો ત્યા સાથે ને
સાથે અને સમીપમા સમીપ તમારી પાસે રહેશે. આજ
વસ્તુઓ સાચી છે; અનંત અને સત્યસુખને આપનાર છે;
આ સિવાય ઘરમાં ભરેલી વસ્તુઓ, વિકારોને વધારશે; સંકલ્પ-
વિકલ્પોના વમળમા ગોથાં અવડાવશે.

પડી રહેવાવાળી વસ્તુઓને સાથે આવનારી માનીએ પણ
તે સાથે આવતી નથી; અને રાગ-દ્વેષ અને મોહ-મમતા

બેઠેલા છો અને તેઓને સર્વસ્વ માની રક્ષણ કરવામાં વખતને વ્યતીત કરો છો અને સત્ય ધનાદિક માટે કાંઇ પણ વિકાસ થાય એવો વિચાર કરતા નથી.

૪૭૧. જે વિષયરસને કારણે માનવીઓ, વિવિધ પ્રકારના આરંભસમારંભો કરે છે, નિરન્તર ચિન્તાતુર રહ્યા રહે છે અને તે રસની સામગ્રી ન મળતાં અનેક પ્રકારની લડાઇ કરી મારામારી-કાપાકાપી કરી બેસે છે; તે વિષયરસના વિકારોએ, મનુષ્યોને બાડીઆ ગધેડા ઉપર બેસાડી સારા શહેરમાં પરિભ્રમણ કરાવી લરબજારે ઉતાર્યા; તેમજ મૃતરની માફક અને લક્કડ ધક્કડની પેઠે સારા ગામમા ઘસરડા રાવ્યો; તથા ભીંતની પાસે ઊભા રાખીને લોહ ખીલા મરાવ્યા, ન્દ્રિયોને છેદાવી, તોપણ હજી તે વિષયરસની અલ્પતા થતી થી. આનાથી અધિક દુઃખ ભોગવવું છે શું? વિષયરસથી તમોને પરિણામે શું સુખ મલ્યું તેનો વિચાર કર્યો? વિચાર અને વિવેક વિના કયાંસુધી આવી અસહ્ય યાતનાઓને ભોગવ્યા કરશો? જો વિચાર અને વિવેક નહી લાવો તો તેના વિપાકો ભોગવવા માટે તિર્યંચગતિ કરતા અધમ કોટીની નરકગતિ ભોગવવાનો વખત આવી લાગશે. તે ગતિમાં પરમાધામિકકૃત જ તે ક્ષેત્રથી ઉત્પન્ન થતાં શીતતા-ઉષ્ણતાના તેમજ પરસ્પરભાવથી ઉત્પન્ન થતાં મારામારી-કાપાકાપીના અત્યંત સહન કરવા પડશે અને ત્યા ક્ષણભર શાન્તિ રહેશે નહી; જેટલા શરીરના ટૂકડા થવાના; શસ્ત્રોના ઘા વાગવાના; ન્નયે કોઇનું શરણ કે આધાર હશે નહી, માટે આ

મનુષ્યભવમાં વિષયરસનો ત્યાગ કરી આત્મધર્મમાં પ્રીતિ ધારણ કરો કે જેથી તે તે દુઃખોને ભોગવવાનો વખત આવે નહી અને આનંદપૂર્વક જીવન પસાર થાય.

૪૭૨. વ્રત-નિયમાદિકને ધારણ કરી વિષય રસને હઠાવો. જે જે વિષયરસ પ્યારો લાગ્યો, તે તે રસને લઈને આત્માએ એવું કર્યું, કે તે સિવાય અન્ય કોઇ કરવાને સમર્થ નથી. પોતાની ભૂલોથી યાતનાઓ ભોગવવી પડી ત્યારે બીજાના ઉપર આત્માએ ઇતરાજી કરીને દ્વેષ કર્યો, અદેખાઈ કરી; બોલાબોલીમા બાકી રાખી નહી, લાગ મળતાં લડાઇ પણ કરી, આ કેવી અજ્ઞાનતા ?

જેના ઉપર ઇતરાજી-અદેખાઇ-દ્વેષાદિક કરવાના હતા તે અપરાધોને-ભૂલોને ભૂલી જવાયું અને ઊભા રાખ્યા, તો પછી ચેતન સિવાય અન્યનો શો વાંક ? સહજ અન્તર વૃત્તિને વાળી તપાસ કરો કે-અનાદિકાલથી અને અત્યાર સુધી જે જે વિપત્તિઓ-સંકટો કે યાતનાઓ ભોગવવી પડી છે, તેમા કોની ભૂલ છે ? પોતાની કે અન્યની ? જે જે વિપત્તિઓ ભોગવવી પડી છે, યાતનાઓ સહી છે તેમા અન્યોનો વાક નથી, પણ પોતાનો જ છે; આમ સમજી વિષયરસને મૂલમાંથી ત્યાગ કરવા માટે અથાગ પ્રયાસ કરવાની આવશ્યકતા છે, તેનો ત્યાગ કરવા માટે વ્રત-નિયમ-તપસ્યા-જપ-જ્ઞાન-ધ્યાન-સેવા-ભક્તિ કરવાની જરૂર છે, વિષય રસને પોષવાથી તે અલ્પ થવાનો નથી; પણ વધતો જ રહેવાનો; માટે તે રસના પરિણામનો વિચાર કરી તેમા મગ્ન બનો નહી અને ફજેતી કરાવો નહી. જેમ જેમ વિષય રસ ઓછો થશે, તેમ તેમ આત્મગુણોમા રસ પડતો

રહેશે. આત્મગુણોમાં રસ પડ્યા પછી વિષય રસ ઝેર જેવો લાગશે, માટે આત્મગુણો તરફ લક્ષ રાખો અને તેના રસને પ્રાપ્ત કરો.

૪૭૩. ચારે ગતિનો એટલે નરક-તિર્યંચ-મનુષ્ય અને દેવ ગતિમાં સુખ-દુઃખનો વિચાર કરવાથી મનુષ્યોને વૈરાગ્ય જાગે અને તે વૈરાગ્યના યોગે વિષયરસમાં પ્રેમ જાગ્રત્ થાય નહી; વિષયરસમાંથી પ્રેમ ઓછો થતાં ક્રોધાદિક પણ ઓછા થાય છે. અને તે ઓછા થતાં સમતા-એટલે રાગ-દ્વેષ અને મોહનો વેગ જે ઉછાળા મારી રહેલ છે તેની અલ્પતા થતી રહે છે; માટે ચાર ગતિનો વિચાર કરવો જરૂરી છે; નરક ગતિમા તો એકાતે દુઃખ રહેલું છે, તિર્યંચગતિમા પશુ પંખીઓને વિવેક અને વિચાર નહી હોવાથી તેઓનાથી દુ ખના પ્રતિકારનો ઉપાય સૂઝતો નથી, એટલે તેઓને સદાય પરાધીનતા ભોગવવી પડે છે. ખાવામાં, પીવામાં, રહેવામા પણ સ્વાધીનતા તેઓને છે નહી. દેવગતિમા પણ પરાધીનતા રહેલી છે; તેમજ ખેદ-દ્વેષ-અદેખાઇના યોગે દેવો પણ સત્ય સુખને માણી શકતા નથી, તેમજ ચ્યવન વેલાએ તેઓને દેવત્વનો વિયોગ થતો હોવાથી ઝૂરવું પડે છે, આ કાઇ ઓછું કષ્ટ નથી, મનુષ્ય ભવમા તો આપણે સઘળા કષ્ટોને અનુભવી રહ્યા છીએ, વિષય-કષાયના વિકારોથી આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપૂર રહેલા છીએ; જન્મ-જરા અને મરણના દુઃખોનો વિચાર કરતાં આત્મા કંપી ઉઠે છે અને આવા દુઃખો પુનઃ પ્રાપ્ત ન થાય, તે માટે વિચારો આવે છે. વિચારો કરતાં વિવેક જાગે છે અને વિવેકથી વિકારો શમતાંની સાથે સમતા આવીને વસે છે, માટે ચાર ગતિની સ્થિતિના વિચાર પણ સદાય કરતાં રહેવું જોઇએ.

૪૭૪. આન્તરિક મળને ત્યાગ કરવા સદ્‌ગુરુને શરણે જાઓ. જ્યારે પેટમાં મલ ભરાય ત્યારે શરીરની શકિત તથા શરીર મંદ પડે છે, તેવી રીતે આત્માની સાથે ચીકણા કર્મોનો મલ લાગુ થએલ હોવાથી, આત્મા શકિતહીન બનેલ છે તેથી તેને કાંઈ પણ આત્મકલ્યાણ સૂઝતું નથી, નાહક વિષય કષાયના વિકારોમાં લુબ્ધ બની મનુષ્યો ચારે ગતિમાં અટવાઇ રહ્યા છે, અને અનંત કષ્ટ ભોગવી રહેલ છે. જો તે મલ ઓછો થાય અગર મૂલમાંથી ખસે તો, જે આત્મશકિત છે તેનો પ્રાદુર્ભાવ થાય; અને અનંતજ્ઞાન ઝળહળી ઉઠે; તેને માટે સદ્‌ગુણની પ્રથમ જરૂર છે; તેથી સદ્‌ગુરુની પાસે વિનયપૂર્વક ઉપદેશ સાભળવો અને સાભળી શ્રદ્ધા સહિત વર્તનમાં મૂકવા પ્રયાસ કરવો જોઇએ. સદ્‌ગુરુ ફરમાવે છે કે પ્રથમ અહંકાર, અભિમાન તેમજ મમતાનો ત્યાગ કરી નિયમબદ્ધ બનો; જેનાથી રાગ-દ્વેષ અને મોહના ઉછાળા વધે છે, તેવા ખાન-પાનાદિક વ્યવહારોને બંધ કરો; પંચ મહાવ્રત પાળવાની સંપૂર્ણ અભિલાષા રાખો; મલ વધશે નહી અને આત્મિક શકિત વધતા મલ ઘટવા માડશે અને અનુક્રમે સંપૂર્ણ મલનો ત્યાગ થશે; માટે મન-વચન અને કાયાને કબજે કરી કર્મોને આધીન જે સત્તા રહી છે, તે પાછી લઇ લો અને તેનું રક્ષણ કરવા પ્રબલ પુરુષાર્થ આદરો. આ પ્રમાણે કરવાથી આઝાદી અને આબાદી આપોઆપ મળી રહેશે; પછી બીજા કોઇની પરવા રહેશે નહી; માટે લાગેલ મલનો ત્યાગ કરો.

૪૭૫. અધિક વિપત્તિઓ તથા વિડંબનાઓનું જો કોઈ મૂલ હોય તો અહંકાર-અભિમાનના વચનો છે. તેવા

વચનો બોલવાથી અણસરજી ઉપાધિ આવીને હાજર થાય છે અને ધારેલું કાર્ય પાર ઉતરતું નથી; માટે પ્રથમ અહંકાર અને અભિમાનના વચનનો ત્યાગ કરવા વિચારણા અને વિવેક લાવવો જોઇએ. તેવાં વચનોથી હરિફાઇ તથા ઈર્ષ્યા જન્મે છે અને વિવિધ પ્રકારના વિકલ્પો અને સંકલ્પો વધે છે, તેથી આત્માના ઉપર આવરણ થાય છે તથા મન પણ વધારે ચંચલતા ધારણ કરે છે; આત્માના ઉપર આવરણ વધતાં તેમજ મન ચંચલ બનતા, સત્ય શાંતિને સ્થાને અશાંતિને આવવાનો અવકાશ મળે છે, માટે વિપત્તિઓ અને વિડંબનાઓનો જો ત્યાગ કરવો હોય તો પ્રથમ અહંકાર તથા અભિમાનના વચનો બોલવાનું બંધ કરો. ત્યારબાદ વ્રત-નિયમને ધારણ કરીને શરીરને તથા મનને કસવા તત્પર થાઓ. જુઓ તો ખરા, કેવો આનંદ આવે છે? કોઈ પ્રકારે કલેશ-કંકાસનું વાતાવરણ રહેવા પામશે નહી; સઘળુંએ જગત આનંદરૂપ ભાસવાનું, શમ-સંવેગ-વૈરાગ્ય-અનુકંપા તથા આસ્તિક્યના અસ્વાદનો જરૂર અનુભવ થવાનો, મન અને કાયા નિયમબદ્ધ બનવાની; અને આરાધેલ ધર્મનાં ફલો જલ્દી મળી રહેવાના જ.

૪૭૬. તીર્થંકર મહારાજાઓએ, જે શક્તિ અને સત્તા મેળવી છે, તે બાહ્ય સમૃદ્ધિના આધારે મેળવી નથી. તેમણે જે અનંત શક્તિ અને સત્તા મેળવી છે તે અહંકાર, અભિમાન તેમજ મમતા વિગેરે દુર્ગુણોનો ત્યાગ કરવાથી જ મળી છે. જે શક્તિ તેમને મળી છે, તેની તુલનામા દેવોની તથા રાજા મહારાજા તેમ જ ચક્રવર્તીઓની સત્તા અને શક્તિ શતાંશ

ભાગે, સંખ્યાત-અસંખ્યાત ભાગે પણ આવી શકે નહી; તો પછી પ્રાપ્ત થએલ વિનશ્વર અલ્પકાલ સ્થાયી સત્તાનો તેમ જ સંપત્તિનો અભિમાન લાવી અહંકાર કરવો તે વૃથા છે. અહંકાર કરવો તે વ્યાજબી ત્યારે જ કહેવાય કે તેવી એટલે તીર્થંકર મહારાજ જેવી સત્તા અને શકિતને પ્રાપ્ત કરો તો; નહીંતર તે અહંકાર અને અભિમાન, કરનારનેજ થકવે છે, દીનતા અને હીનતાની અવસ્થામાં લાવી મૂકે છે, અહંકાર અભિમાન કોઇને કદાપિ છાજતો નથી; તે તો અજ્ઞાનતાજન્ય કર્મ બંધના વિકારો છે.

સર્વે અજ્ઞાનતાજન્ય કર્મોના બંધના વિકારો ટળે છે, ત્યારે જ કોઈ પણ સ્થિતિમાં નહી અનુભવેલ સુખશાતિનો અનુભવ થાય છે, માટે જે સત્તા અને સંપત્તિ તમોને પ્રાપ્ત થએલ છે, તેમા અહંકાર મૂકી નિરહંકારી બનો; અને **સત્ય અહંતાને શોધી કાઢી, વિકારોમાં મુંઝાઓ નહી; નમ્રતા, સરલતા, સંતોષ અને ક્ષમાને ધારણ કરીને સત્ય અભિમાની બનો.**

૪૭૭. મમતામાં જે મગ્ન બનેલ છે તે જીવતાં મરણ પામેલ છે. અગર મરી રહેલ છે, કારણ કે પૌદ્ગલિક પદાર્થોની મમતાના આધારે પ્રાણીઓ આત્મભાન ભૂલી અનંત મરણ જન્મ કરે છે, પ્રાપ્ત થએલ આયુષ્યને પણ સંપૂર્ણ ભોગવી શકતા નથી; અને જલ્દી આયુષ્ય ખતમ થાય છે; માટે જ તેનો ત્યાગ કરવો આવશ્યક છે. મમતાનો ત્યાગ થાય છે ત્યારે જ સમ્યગ્જ્ઞાનપૂર્વક સમતા આવી હાજર થાય છે. **સમતાથી પ્રાણીઓ, જન્મ મરણની વિડંબનાઓને**

નિવારી અક્ષયપદની પ્રાપ્તિ કરે છે, તેથી સમતાવાળા મહાશયો જીવતા કહેવાય છે, સમતાથી જ મનુષ્યો તીર્થંકર મહારાજની તથા સિદ્ધ ભગવાનની સંપદાને પામે છે; તે મળેલી અનંત સંપદા, શકિત અને સત્તાનો કદાપિ અંત આવતો નથી; માટે હે ભાગ્યવાનો ! તુચ્છ વસ્તુઓ ખાતર અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિને અર્પણ કરનાર સમતાને કયાં ભૂલો છો ? **સમતાનો આદર કર્યા સિવાય રાગ-દ્વેષ અને મોહના વિકારો કદાપિ નાશ પામતા નથી** અને પામવાના નહી, તેમજ સત્ય સુખનો આસ્વાદ આવવાનો નથી. અજ્ઞાની બાળક બોર માટે રત્નજડિત કડું ગુમાવી બેસે તે પ્રમાણે પૌદ્ગલિક પદાર્થો માટે અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિને ગુમાવી બેસો નહી, મનુષ્ય ભવ સિવાય અન્ય ભવોમા મમતાનો ત્યાગ થવો જ અશકય છે, માટે મનુષ્યભવને હારી બેસો નહી.

૪૭૮. **આત્મિક ગુણોથી પરવસ્તુઓમાં મમતા ધારણ કરીને વિષયોનો ત્યાગ કરનાર,** યથાર્થ લાભને પ્રાપ્ત કરવા સમર્થ બની શકતા નથી; કારણ કે તે મમતા, વિષયનો ત્યાગ કરનારમાં રહેલી હોવાથી વિષયો પાછા આવીને વળગે છે, અને વિડંબના આવીને ઘેરી લે છે, એટલે મમતાનો ત્યાગ કરી જો વિષયોનો ત્યાગ કર્યો હોય તો, યથાર્થ લાભ મળે છે; મમતાનો ત્યાગ કરવામાં વિચારણા અને વિવેકની આવશ્યકતા રહેલી છે, વિચાર અને વિવેકવિહીન જનો વ્યાધિગ્રસ્ત બન્યા હોય અગર ઇષ્ટ વસ્તુના અભાવમાં તેમજ પ્રયાસો કરતાં પણ તે ન મળતી હોય ત્યારે વિષયોનો ત્યાગ કરે

હોવાથી તેને મારવામાં આવે છે, આ સાંભળી તેણે મૌન ધારણ કર્યું અને પેલો ચાબુકો મારવાપૂર્વક ઘોડાને જલ્દી ચલાવવા લાગ્યો. આ બાબતમાં સમજવાનું કે ગાડીના માલીકે તો પૈસાના લોભથી પાચને બેસાડ્યા, પણ દયાવાળાએ સમજવું જોઇએ કે, પાંચ માણસનો ભાર ઘોડો ખમી શકતો નથી, માટે દયાખાતર એક બે જણાએ નીચે ઉતરી પગપાળાએ ચાલવું જોઇએ, અગર બીજી ગાડી કરવી જોઈએ. આમ કરવાને બદલે ઘોડાને **મારે નહી, માર નહી આ પ્રમાણે બોલવાથી કાંઇ દયા પાળી શકાતી નથી, થોડું સહન પણ કરવું પડે છે,** માત્ર દયાના વચનોથી દયા પળાતી નથી, પણ તેનું સ્વરૂપ વિચારી વર્તન કરવાથી પાળી શકાય છે.

૪૮૪.પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં લંપટ બનેલ માનવી, ભલે તે પછી ઉત્તમ કુલ-જાતિનો હોય તો પણ અધમ જાતિ અને કુલને પસંદ કરી, તેની સોબત કરી અધમ બનતા તેને વિલંબ લાગતો નથી, માતપિતાની અને સગાંવહાલા તેમજ પોતાની જ્ઞાતિ વિગેરેની તેને લાજ-શરમ રહેતી નથી.

પાલીતાણામા એક કચ્છીબાઈ પોતાની બે જુવાન પુત્રીઓ તેમજ પુત્ર સાથે નવાણું યાત્રાઓ કરવા આવી, અને નરસી કેશવજીની ધર્મશાળામાં મુનીમે આપેલી એક ઓરડીમાં રહ્યા. કચ્છી લોકોનો ભાટ તેઓનું [illegible]ાજ કરતો હતો. ગિરિરાજ ઉપર લઇ જઇને [illegible]ળી [illegible]ન કરાવી પોતાનું પેટ ભરતો. એવામાં પુત્રી જે [illegible] ભગની હતી તેને દેખી વિકારી તેથી [illegible] ખત લઇ વિકારી વચનો બો[illegible] [illegible]નેવા મીઠાઈ વિગેરે

મતી હોય કે દેવના જેવી સંપત્તિ મળી હોય તો પણ આત્માથી અને આત્મિક ગુણોથી ભિન્ન છે; જેમાં આત્મિક ગુણો અને તે ગુણોનો સહકાર આપવાની તાકાત નથી. તે સઘળા પરગુણો છે, અને પર જડપદાર્થોના ગુણોથી આત્માને શો લાભ થવાનો ? તે પદાર્થો, આત્મા સાથે લાગેલા નિકાચિત કર્મો દૂર કરવામા શક્તિ ધરાવતા નથી, તેમજ સત્ય આત્મવિકાસમાં સહકાર આપવા સમર્થ પણ નથી; તો શા માટે તેનો સંબંધ દૂર ન કરવો ? જડના સંબંધથી આત્મા જડ જેવો બની બેઠેલ છે માટે તેનું ભેદજ્ઞાન કરીને સત્ય સ્વરૂપને ઓળખવામાં સદાય તત્પર બનવું.

૪૮૩. દયા-દાન કરવાની ભાવનાવાળા ધર્મીજનોએ દયાના સ્વરૂપને વિચારીને તેના સાધન તરફ લક્ષ્ય આપવું જોઇએ. તેનો વિચાર કર્યા સિવાય કોઈ વખતે અદયા જેવું બને.

પાલીતાણામાં યાત્રા કરવા આવેલ એક કુટુંબે તળાટી જવા માટે ઘોડાગાડી કરી. આમાં ચાર માણસો બેસી શકે એટલી જગ્યા હતી, પણ બીજી ગાડી કરવી ન પડે તે ખાતર ગાડીવાળાને ચાર આના વધારે ઠરાવી, પાંચ માણસો તેમાં બેઠા લોભથી ગાડીવાળાએ પણ તેઓને બેસાડ્યા પરંતુ વજન વધારે પડતું હોવાથી, ઘોડો ધીમે ધીમે ચાલવા લાગ્યો; તેથી તેના માલીકે ચાબુક લગાવવા માંડી. ચાર પાંચ ચાબુકો લગાવ્યાથી તેમા બેસનારને દયા આવી ને તેમાંથી એક વ્યક્તિએ કહ્યું કે-ભાઈ ઘોડાને ચાબુકો માર નહી; તે અબોલ પ્રાણી બહુ પીડા પામે છે. ગાડીવાળાએ કહ્યુ કે બહુ ધીમો ચાલતો

હોવાથી તેને મારવામાં આવે છે, આ સાંભળી તેણે મૌન ધારણ કર્યું અને પેલો ચાબુકો મારવાપૂર્વક ઘોડાને જલ્દી ચલાવવાં લાગ્યો. આ બાબતમાં સમજવાનું કે ગાડીના માલીકે તો પૈસાના લોભથી પાંચને બેસાડ્યા, પણ દયાવાળાએ સમજવું જોઇએ કે, પાચ માણસનો ભાર ઘોડો ખમી શકતો નથી, માટે દયાખાતર એક બે જણાએ નીચે ઉતરી પગપાળાએ ચાલવું જોઇએ, અગર બીજી ગાડી કરવી જોઇએ. આમ કરવાને બદલે ઘોડાને **માર નહી, માર નહી આ પ્રમાણે બોલવાથી કાંઇ દયા પાળી શકાતી નથી, થોડું સહન પણ કરવું પડે છે,** માત્ર દયાના વચનોથી દયા પળાતી નથી, પણ તેનું સ્વરૂપ વિચારી વર્તન કરવાથી પાળી શકાય છે.

૪૮૪.પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લંપટ બનેલ માનવી, ભલે તે પછી ઉત્તમ કુલ-જાતિનો હોય તો પણ અધમ જાતિ અને કુલને પસંદ કરી, તેની સોબત કરી અધમ બનતા તેને વિલંબ લાગતો નથી, માતપિતાની અને સગાંવહાલાં તેમજ પોતાની જ્ઞાતિ વિગેરેની તેને લાજ-શરમ રહેતી નથી.

પાલીતાણામાં એક કચ્છીબાઇ પોતાની બે જુવાન પુત્રીઓ તેમજ પુત્ર સાથે નવાણું યાત્રાઓ કરવા આવી, અને નરસી કેશવજીની ધર્મશાળામા મુનીમે આપેલી એક ઓરડીમાં રહ્યા. કચ્છી લોકોનો ભાટ તેઓનું કામકાજ કરતો હતો. ગિરિરાજ ઉપર લઇ જઇને સઘળી ટૂંકોમાં દર્શન કરાવી પોતાનું પેટ ભરતો. એવામા એક પુત્રી જે સત્તર વર્ષ લગભગની હતી તેને દેખી વિકારી બન્યો તેથી તેની સાથે વધારે વખત લઇ વિકારી વચનો બોલવાપૂર્વક પોતાની ગાંઠનું પણ મેવા મીઠાઇ વિગેરે

તુચ્છ વસ્તુઓ માટે એવો કલહ કરીઓ કરે, કે જીવન પર્યંત સ્વજન વર્ગ સાથે બોલવાનો પણ વ્યવહાર બંધ રાખે તેમજ વેપારાદિક કાર્યોમાં એવું કાળું ધોળું કરે કે, સામાન્ય અજ્ઞાત મનુષ્યો તેમજ બુદ્ધિમાન માણસોને પણ ખબર ન પડે. રીતસર ધર્મનું ફલ લેવું હોય તો પ્રથમ નીતિ-ધર્મની પણ આરાધના સારી રીતે કરો અને તે ધર્મપૂર્વક દાનાદિક ધર્મની આરાધના કરો, તેનું ફલ, તમોને તત્કાલ મળવાનું. ઉદારતા સંતોષ-નમ્રતા-સરલતા-નિયમબદ્ધતા વિગેરે સદ્ગુણોથી ઉત્તરોત્તર આત્મવિકાસ સધાતો રહેશે તેમજ અહંકાર-અભિમાન તેમજ માયા-મમતા ધીમે ધીમે અલ્પ થતી જશે અને કર્મબંધ ચીકણો બંધાશે નહી.

૪૮૬. **અન્તરનો પાપનો ભય ધનના કેફને, પરિવારાદિકના કેફને અને શારીરાદિક મદને હણી નાંખે છે;** તેમજ અનિત્યાદિક ભાવનાના આધારે પણ મદ-કેફ રહેતો નથી; માટે આત્મવિકાસના અર્થીઓએ અન્તરમા પાપનો ભય રાખીને ઉત્તમ ભાવના ભાવવી જોઈએ; ધનની વૃદ્ધિ થતા કેટલા દોષોનું સેવન કર્યું, કેટલા આરંભ-સમારંભો કર્યા. અને કેટલું પાપ બાંધ્યું, તેનો વિચાર કરતાં મન અને કાયા કંપે છે, કે આ ધન મેળવીને મારા આત્માને શો લાભ થયો? જે ધન પ્રાપ્ત કર્યું છે તે સાથે આવનાર નથી અને કોઈ સાથે લઈ ગયું નથી-આ પ્રમાણે વિચાર કરતાં જે મદ અગર કેફ ચઢ્યો હોય તે ઉતરી જાય છે, તેમજ જે પરિવારાદિક મને મળ્યો છે, તેનો સંબંધ ક્યાં સુધી રહેશે? પ્રતિકૂલતાના પ્રસંગે તે પરિવાર વફાદાર રહેશે કે નહી, તેમજ અનુકૂલતાના પ્રસંગે

પણ રહને આત્મિક લાભ કેટલો મળશે ? આમ વિચારતાં પરિવારનો ગર્વ રહી શકતો નથી, તેમજ શરીર ભલે શક્તિમાન હોય, જુવાનીનું જોર ભરપૂર હોય, તો પણ વૃદ્ધાવસ્થાને આવતાં વિલંબ થતો નથી; તેમજ આધિ વ્યાધિના યોગે યુવાવસ્થાનું જોર કમી થવાનું, અગર નાશ પામવાનું; તેમજ તે શક્તિના આધારે કેટલા સત્કાર્યો થયા ? આ પ્રમાણે વિચાર ને વિવેકથી વિકારો રહેતા નથી અને નમ્રતા–સરલતા આ-ા હાજર થાય છે.

૪૮૭. **સમ્યગ્જ્ઞાની જલ્દી ચેતી જાય છે.** સ્ા-ા જ્ઞાનીને પણ કષાય હોય છે, પરંતુ કષાયની અલ્પતા હે વધારે વખત રહી શકતો નથી. તેવા પ્રસંગે કોઈ ચેતવ. ઉપયોગ આપનાર જો કોઈ હોય તો તે શમી જાય છે.

સમ્યગ્જ્ઞાની એવા હરિભદ્રસૂરિના બે શિષ્યો બૌ શુરુની પાસે ન્યાયના તથા તેમના શાસ્ત્રનો સાંગોપાંગ અભ્યા કરવા ગયા. અભ્યાસ કરતા બૌદ્ધોને ખબર પડી કે આ ં વિદ્યાર્થીઓ જૈન સાધુઓ છે અને આપણા શાસ્ત્રનો અભ્યાસ કરીને આપણા ધર્મનું ખંડન કરશે. આમ ધારી તેઓને મારી નાખવા તૈયાર થયા. તેટલામાં તે શિષ્યો ચેતીને નાશી ગયા પણ માર્ગમાં તેઓએ મોકલેલા મારાઓએ તે બે શિષ્યોને મારી નાખ્યા. આચાર્ય–હરિભદ્રસૂરિજીને ખબર પડી; ક્રોધા-વેશમાં આવીને મંત્રના બલથી તેઓને આકર્ષી ૧૪૪૪ ને મારી નાખવા તૈયાર થયા. તે અરસામાં સાધ્વીજી–યાકિની-મહત્તરાને ખબર પડી; તેથી સૂરિજી પાસે આવીને કહેવા લાગ્યા–ગુરુદેવ ! આજે માર્ગમાં ગોચરીથી આવતાં એક દેડકી

પગ નીચે કચરાઈ મરણ પામી તેનું શું પ્રાયશ્ચિત્ત? સૂરિજીએ પ્રાયશ્ચિત્ત આપ્યું ત્યારે મહત્તરાએ કહ્યું કે–એક દેડકીનું આટલું પ્રાયશ્ચિત્ત છે તો તમો ૧૪૪૪ બૌદ્ધોને મારી નાખવા તૈયાર થએલ છો તેનું શું પ્રાયશ્ચિત્ત? આ પ્રમાણે મહત્તરાની વાણીથી ઉપયોગમાં આવી તે બૌદ્ધોને પાછા મોકલ્યા અને પ્રાયશ્ચિત્ત તરીકે ૧૪૪૪ ગ્રન્થોની રચના કરી–આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનીને તેવા સમયે ચેતવનાર હોય તો ચેતી જાય છે.

૪૮૮ સાદાઇ સંસ્કાર અને સંયમને કેળવવાની ખાસ અગત્યતા, મનુષ્યોને હોવી તે સુખના સાધનો છે, અને હોવા જોઇયે; સાદાઇ, કરકસરની માતા છે. તેમજ આસક્તિ તેનાથી અલ્પ થાય છે તેથી ખરચ પણ ઓછું થાય છે.

સંસ્કારથી વિવેકબુદ્ધિ જન્મે છે. તેથી હેય, જ્ઞેય અને ઉપાદેયની સારી રીતે સમજણ પડતી હોવાથી વ્યાવહારિક કાર્યોમાં મૂંઝવણ થતી નથી અને વિડંબનાઓને હઠાવવાની શક્તિ જાગ્રત્ થાય છે; તેમજ સંપત્તિમા મદ થતો નથી. એટલે સ્વજીવન નવજીવન બનીને આનંદપૂર્વક પસાર થાય છે, સારા સાધનો હોતે પણ તેઓ તરફથી આત્મલાભ મળતો નથી. તેનું કારણ વિવેકબુદ્ધિનો અભાવ સમજવો; વિવેકબુદ્ધિ હોય તો ગમે તેવા સાધનો મળે તો પણ મદ અને મૂંઝવણ થાય નહી અને અનાસક્તિએ દરેક કામો કરવાની શક્તિ આવે અને તે વિવેકબુદ્ધિના આધારે સંયમ આપોઆપ આવીને ઉપસ્થિત થાય. સંયમ પશુને માનવી બનાવે છે અને માનવીને દિવ્યતામાં લાવી મૂકે છે. પંડિત, રાજામહારાજા કે શ્રીમંત શેઠ હોય તો પણ જો વિવેક ન હોય તો પશુ જીવનની માફક

તેઓનું જીવન ગણાય છે. પશુઓમાં અને મનુષ્યોમાં તફાવત માત્ર વિવેકબુદ્ધિનો છે. પશુઓને દશ પ્રાણો અને છ પર્યાપ્તિ હોય, ચારે સંજ્ઞાઓ હોય છે; પણ વિવેકબુદ્ધિનો અભાવ હોવાથી તેઓ પોતાના જીવનમાં ક્રાંતિ લાવી શકતા નથી અને જ્ઞાન દશામાં આવી શકતા નથી. મનુષ્યોને તો વિવેકશક્તિ હોવાથી સત્સમાગમ મળતા ચારે સંજ્ઞાઓને વિવેકબુદ્ધિદ્વારા કબજે કરીને પોતાના જીવનનો વિકાસ સાધી શકે છે અને સંપૂર્ણ આત્મવિકાસ સધાતા મોક્ષના સુખોને મેળવી જન્મ મરણના બંધનો મૂલમાથી તોડી નાંખે છે. સાદાઈ, સારા સંસ્કારો અને સંયમ આ ત્રણેય ગુણો એક બીજા પરસ્પર સહકાર આપે છે, અને તેના યોગે તેઓ પુષ્ટ બને છે. જો સાદાઈ ન હોય અને ઉદ્ભટતા રહેલી હોય તો સારા સંસ્કારો પડતા નથી, માટે શુભ સંસ્કારો પાડવામાં સાદાઈની પણ જરૂર રહેલી છે, એટલે સાદાઈ શુભ સંસ્કારોમાં સહકાર આપે છે; શુભ સંસ્કારોમાં સહાય કરે, તેને જ સાદાઈ માનવી. સાદાઈ સહિત પડેલા શુભ સંસ્કારોવડે સંયમની ભાવના જાગે છે અને ભાવનાથી સંયમનું સારી રીતે પાલન થાય છે; અને સંયમની આરાધના કરવાથી જે મોઘેરો મનુષ્યભવ મળ્યો છે તેની સફલતા થાય છે. અને ઉપરોક્ત ત્રિપુટીની આરાધના કરનાર, આજ્ઞાદીનું રક્ષણ કરીને આબાદીને મેળવે છે. જો તેની પાલના કરે નહી તો બરબાદીને આવતા વિલંબ થતો નથી. દરેક વ્યક્તિ જો મોજમજાનો ભોગ–વિલાસનો ત્યાગ કરી સંયમને કેળવે તો સાદાઇ અને શુભ સંસ્કારો અવશ્ય આવ્યા સિવાય રહે નહી. સાદાઈ સાથે સંસ્કારપૂર્વક વર્તન કરનારને સંયમનું

કાર કરનારને ચિન્તાઓ-શોકાદિ થતા નહી હોવાથી સદા આનંદમા તે રહે છે; કોઇ પ્રકારનો ભય પણ રહેતો નથી, અને પછી સાહ્યબી વધતી રહે છે. પરોપકારનાં કાર્યો કરેલા હોવાથી હૃદયમા દિવ્યતાનો આવિર્ભાવ થાય છે એટલે ક્રોધાદિ કષાયના બીજો બળતાં હોવાથી આત્મવિકાસમા અંતરાયો આવતા નથી; તેથી પરોપકારના કાર્યો કરવામાં તેઓને પ્રેમ વધે છે. જો સત્કાર્યો, સાહ્યબી મળ્યા પછી સધાય નહી, થાય નહી તો તેજ પ્રાપ્ત થએલી સાહ્યબી, અંધકાર-મમતાને વધારી, તથા વિષય-કષાયના વિકારોને વધારીને તેના માલીકને શાંતિ-સમતાનો લાભ લેવા દેતી નથી; માટે સાહ્યબીને મેળવીને પણ પરોપકાર સેવાધર્મને ભૂલવો નહી કે જેથી સ્વપરનું કલ્યાણ સધાય અને સુખ માટે આડીઅવળી વૃત્તિ જાગે નહી, અને જ્યા ત્યાં બાથડીયા મારવાનો પ્રયત્ન થાય નહી. પરોપકારનાં કાર્યો કરનારના મનમાં ઓર પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય છે, અનિચ્છાએ શુભ વૃત્તિઓને આવવાનો અવકાશ મળે છે; સાથે સાથે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, એટલે જ્યા સુધી અક્ષય અને અનંત મોક્ષ પદ મળે નહી ત્યાં સુધી સહકાર મળ્યા જ કરે છે. વિષય વિકારોનું બહુ બલ ચાલતું નથી. એક શેઠને સાહ્યબીનો પાર નહોતો. ઇષ્ટ વસ્તુઓ આવીને હાજર થતી. પુત્ર પત્ની પરિવારાદિક સર્વે અનુકૂળ હતા છતા ચિન્તા-
નો અંત આવતો નહી. કારણ કે ચિન્તાઓને ચૂરવામાં
ી કે પુત્રાદિક સમર્થ નથી. ઇન્દ્રના સરખી સાહ્યબી મળે
ો તો રહેવાની જ. સાહ્યબીવાળો અન્યની ચિન્તા-
ી શકે પણ સમ્યગ્જ્ઞાની હોય તો

પણ પોતાની ચિન્તાને ચૂરવા પોતે સમર્થ બનતો નથી; કારણ કે તેણે હજી નિષ્કામભાવે પરોપકાર કરેલ નથી. એકદા તેણે સદ્ગુરુદેવની પાસે જઇ વંદનપૂર્વક પૃચ્છા કરી–હે ગુરુદેવ! મનગમતી અનુકૂલ સાહ્યબી હોતે પણ માનસિક ચિન્તાઓ ઓછી થતી નથી પણ વધતી રહે છે તેનું કારણ કહો. ગુરુદેવે કહ્યું કે–મમતાનો ત્યાગ કરીને પરોપકાર કર્યા સિવાય ચિન્તાઓ ટળશે નહી. તેમજ સુખશાતિ પ્રાપ્ત થશે નહી, માટે શકય પરોપકારના કાર્યો કર. ચિન્તાઓ થશે નહી અને સુખ-શાતિ આપોઆપ આવીને હાજર થશે. શેઠે ગુરુદેવની આજ્ઞા મુજબ નિષ્કામ ભાવે મમતાનો ત્યાગ કરીને પરોપકારના કાર્યો કરવામા લગની લગાડી. પરોપકારના કાર્યો કરવામા ચિત્ત લાગેલ હોવાથી દુનીઆદારીની ચિન્તાઓ અલપ થઇ અને સુખશાતિ થવા લાગી, માટે પરોપકાર કરશો તો ચિંતાઓ રહેશે નહી.

૪૯૨. **સદ્વર્તન–સદાચારોના સંસ્કારો તે અખૂટ ધનનો તેમજ ધર્મ–પુણ્યનો ખજાનો છે,** તેથી સંસ્કારી જનો કદાપિ દુઃખના–વિડંબનાઓના ભાજન બનતા નથી. જો સદ્વિચાર અને સદાચારવાન્ માતપિતા હોય તો તેમના સંતાનો, શુભ સંસ્કારોના યોગે સમજુ, આનંદી અને બુદ્ધિ-માન બનીને પોતાના જીવનનો વિકાસ કરવા સમર્થ બને છે. અને પરોપકારમાં તત્પર બની મનુષ્ય જન્મની સાર્થકતા સાધે છે. શુભ સંસ્કારોનો વારસો તે ધનના વારસા કરતાં અત્યંત બલવાન અને કિંમતી છે. ધનાદિકના વારસાને તથા જન્મની સફલતા માટે શુભ સંસ્કારો અને શુભાચારની આવશ્યકતા રહેલી હોવાથી માતપિતાએ પ્રથમ તે આપવાની તમન્ના

રાખવી અગત્યની છે. ધર્મ–સદ્વર્તનથી સંસ્કારી બનેલા સંતાનો જ વૃદ્ધાવસ્થામાં પણ માતપિતાની સારી રીતે વિનયપૂર્વક સેવા કરી શકે છે. તેથી તે માતપિતાઓ પણ આનંદપૂર્વક જીવન પસાર કરે છે, પરંતુ માતપિતા સુસંસ્કારી અને સદાચારી હોવા જોઇએ પિતા કરતાં માતા જો સારા સંસ્કાર-વાળી હોય અને સદાચારી હોય તો સંતાનોમા સદાચારના સારા પ્રમાણમા સંસ્કારો પડે છે. અને તે પડેલા શુભ સંસ્કારો જીવન પર્યંત ભૂસાતા નથી. સારા સંસ્કારના યોગે સદાચારી બનેલ સ્ત્રી, પોતાના પતિને પણ સદાચારી બનવામા સારી રીતે સહકાર આપવા સમર્થ બને છે. જો શુભ સંસ્કાર વિનાની તે હોય તો. પોતાનું તેમજ તેના પતિનું અને બાલકોનું જીવન બગાડી નાખે છે; અને કલેશ–કંકાસમા જીવન પસાર થાય છે. પ્રથમ તો ઘરમા જ શુભ સંસ્કારી સ્વજન વર્ગનો સંબંધ હોય તો તે ઘર નંદનવન જેવું બને છે; નહીતર નરકાગાર જેવું બને, એટલે સંસ્કારી સ્વજન વર્ગના યોગે તથા ઘરની બહાર શુભ વર્તનશાલી મિત્રોના યોગે, જીવનમા અપૂર્વ આનંદ આવે છે અને ધર્મક્રિયાઓમાં વિઘ્નો આવતા નથી, રીતસર પરોપ-કારાદિક કાર્યો બની શકે છે; તેથી મૂલ ધર્મની–અહંકાર–અભિ-માન–મમતા–અદેખાઇના ત્યાગની વૃત્તિનો પ્રગટ ભાવ થાય છે. જો કુસંસ્કારી ઘરના માણસો તથા મિત્રો મળ્યા હોય તો ઉદારતા–સંતોષ–ગંભીરતા–સહનશીલતા વિગેરે સદ્ગુણો આવતા નથી. હોય તો પણ તેમાં હાનિ થાય છે માટે સદ્ગુરુના યોગે સદ્વિચાર અને વિવેક લાવીને પોતે શુભ સંસ્કારી બનવું અને પુત્રાદિક સંતાનોને તથા નોકર–ચાકરોને તથા મિત્રોને સારા

સંસ્કારવાળા બનાવવા તે સુજ્ઞજનોનું પ્રથમ કર્તવ્ય છે; બીજું જો સ્વજન વર્ગાદિક સીદાતા હોય અગર ગરીબ હાલતમા હોય તો આશ્વાસન આપવાપૂર્વક શક્ય સહકાર આપવા ચૂકવું નહીં. શુભ સંસ્કારયોગે જો આ પ્રમાણે ન બને તો તે સંસ્કારો તથા સદાચારો પ્રશંસા–અનુમોદનાને પાત્ર બનતા નથી.

૪૯૩. ધન કરતાં ધર્મનો વારસો બલવત્તર છે. સારા સંસ્કારી સંતાનો, પોતાનો તથા બંધુઓનો ઉદ્ધાર કરીને જગતમાં–સમાજમાં અને સ્વજ્ઞાતિમાં પ્રશંસાપાત્ર બને છે. અને મહત્તાને મેળવી આ ભવને તથા પર ભવને પણ સુધારી સુખના સ્વામી બને છે. એક શ્રીમંત અને સંસ્કારી માત-પિતાએ પોતાના પુત્રને સ્વસદાચારોના યોગે સુસંસ્કારી અને સદાચારી બનાવ્યો, તેથી વિનયથી અને આનંદી સ્વભાવથી ઘરના માણસોને, શેરીના તથા પોળ–પાડાના માણસોને બહુ ગમી ગયો હતો. માતપિતાને પણ ધાર્મિક ક્રિયાઓમા વિઘ્નો આવતા નહી. આ પુત્ર વીશ વર્ષનો થયો. દુકાનનો તથા વ્યાવ-હારિક કાર્યોનો ભાર માથે લીધેલ હોવાથી તેના પિતા વિગેરેને સંતોષ સારી રીતે થતો; તે અરસામાં તેની માતા આ પુત્રને સારી શિખામણ આપીને કાલધર્મને પામી. પિતા પુત્રને બહુ લાગી આવ્યું. કારણ સંસ્કારી માતા અને પત્ની વિગેરે પરિ-વાર સારા પુણ્યના યોગે મળી શકે છે. પુત્રે શોકને નિવાર્યો–તેના પિતાએ સંસારની અનિત્યતા જાણી–જેટલા સંયોગો છે, તે સર્વે વિયોગવાળા છે–આમ સમજી ચિન્તાશોકને નિવારી પોતાના કાર્યમાં પ્રવૃત્ત બન્યા અને આનંદમાં રહેવા લાગ્યા. તે અરસામા સગા વહાલાએ બીજી પત્ની કરવા માટે ઘણીવાર

કહ્યું; ઘરના કાર્યોમાં ખામી આવતી હોવાથી તે સ્વજન-વર્ગનું કથન માન્યું અને બીજી વાર શેઠે એક કુસંસ્કારી કન્યા સાથે લગ્ન કર્યું. કન્યાના માતપિતાને ગ્રહોટી થએલ હોવાથી પરણાવવાની ઇચ્છા હતી પણ શેઠે બરોબર તપાસ કરી નહી અને તે કન્યાને પરણી સ્વપત્ની બનાવી. આ પત્ની ધીરે ધીરે સ્વપતિ, કબજામાં આવે તેવી રીતે ઘાટ ઘડવા લાગી. બે ત્રણ વર્ષ તો ઠીક ઠીક ચાલ્યું પણ આગળ જતાં કુવિચાર અને કુસંસ્કારના યોગે આખા ઘરની સંપત્તિ તથા પતિ વશમાં આવે તો મારા સંતાનોને ભવિષ્યમાં સુખ મળશે; નહીતર જૂનીના દીકરાના કબજામા રહેવું પડશે અને તેની આજ્ઞા પ્રમાણે વર્તન રાખવું પડશે. આમ વિચારી પ્રથમ પોતાના પતિને વશ કરીને સઘળી મિલ્કતને કબજામા કરવા માટે કહેવા લાગી અને સાથે સાથે દંભથી સેવા કરવા લાગી શેઠને જો કે આ વાત ગમતી નથી પણ તેણીના વશવર્તી-પણાથી પ્રથમના પુત્રને વિસારી સઘળી મિલ્કત તેણીના નામે ચઢાવી દીધી. હવે પતિ તથા મિલ્કત કબજામાં આવ્યા પછી એક પુત્રની ભીતિ રહેલી હોવાથી તેને ઘરમાંથી બહાર કાઢવા માટે ભૂલ ન હોય તો પણ દૂધમાંથી પોરાની માફક ભૂલો સ્વ-પતિને દેખાડવા લાગી. શેઠ નવીને કહે છે કે—આ ભૂલો બતાવે તે ખરી નથી. મારો પુત્ર ડાહ્યો ને કુશળ છે, બનતા સુધી તે બહુ સાવધાન રહે છે અને ભૂલ થવા દેતો નથી. માટે જંપીને બેસ અને હવે જંપીને અમોને બેસવા દે તો ઠીક.

આ સાંભળી આ સ્ત્રીએ કલહ કરવા માટે [illegible] રહ
મનો હોવાથી સંસ્કારી પુત્રે [illegible] કર્યો કે [illegible] બહાર

વેઠડી નાંખે છે. જ્યારે મા પૈસાઓ આપતી નથી ત્યારે માર મારીને પણ પૈસા પડાવી મહેફીલ ઉડાવે છે. આ પ્રમાણે વર્તન હોવાથી તદ્દન તેઓની બેહાલ દશા થઈ. આ બીના જૂનીના પુત્રે સાંભળી અને બહુ અફસોસ કરવા લાગ્યો અને સંસ્કારી હોવાથી અપરમાને મદદ કરવા પોતાને ઘેર આવ્યો. નવી તો આ સદ્ગુણીને દેખી ફ્રૂસકે ફ્રૂસકે રડે છે અને પોતાની થએલ ભૂલોની તથા અપરાધોની ક્ષમા માગે છે. આ પુત્રે, ગંભીર હોવાથી અપરમાતાને આશ્વાસન આપીને સારી રીતે મદદ કરી, અને સદાચારી બનવા માટે કહ્યુ. આ અપરમાતા પણ સદાચારી બની. તેના સંતાનોને સારી શિખામણપૂર્વક કામ-ધંધે વળગાડ્યા પોતાના સ્થલે આવ્યો, અને ધર્મક્રિયામાં તથા પરોપકારાદિકમા અધિક તત્પર બની સંપત્તિનો સારો લાભ લીધો અને અપરમાતાને તથા તેના પુત્રોને સન્માર્ગે વાળીને જીવનને સફલ કર્યું; માટે ધન કરતા ધર્મનો વારસો અત્યંત બલવત્તર છે. સારા સંસ્કારોવડે ધર્મી બનાય છે અને ધર્મના યોગે અસાર-દુઃખજનક એવા સંસારમાથી સાર લેવાય છે, માટે સત્સમાગમે રહીને શુભ સંસ્કારી બનો અને તમારા સંતાનોને, મિત્રોને તથા અનુયાયી વર્ગને સંસ્કારી બનાવો.

૪૯૪. મનુષ્ય ભવની સફલતા સાધવા માટે તમોએ અદ્યાપિ પર્યંત શો પ્રયાસ કર્યો અને કેટલી સફલતા મેળવી ? તમો કહેશો કે, અમોએ ધન-પત્ની, પુત્ર, પરિવાર, બાગબગીચાને મેળવ્યા અને તેની સારી રીતે સંભાળ રાખી, તેથી શું સફલતા કહી ન શકાય ? સફલતા માટે અત્યાર સુધી અમોએ ઘણી મહેનત કરી કષ્ટ સહનનાપૂર્વક આ સાધનો

મેળવ્યા છે તેથી શું સફલતા નહી મળે ? સુજ્ઞ શાસ્ત્રકારો કહે છે કે–તમારા કથન પ્રમાણે જો તમોને સફલતા મળી હોય તો કોઇ પ્રકારની ચિન્તા રહેવી ન જોઇએ તેમજ અહંકાર–મમતા અદેખાઈ વિગેરે દોષો ટળવા જોઇએ. તે દોષો ટળ્યા છે ને ? તમે કહેશો કે, તે તો વધતા રહ્યા છે અને સાથે સાથે ચિન્તાઓ પણ ચિતાની માફક મન તન તપાવી રહે છે અને અધિકાધિક ધનાદિકની તૃષ્ણા વધતી રહે છે એટલે શાતિ તો છે જ નહી; તો પછી તમો કહો છો કે અમોએ સફલતા મેળવી તે અસત્ય ઠરે છે. મનુષ્યભવની સફલતા તો પ્રભુની આજ્ઞા મુજબ ચારિત્રનું પાલન કરવામાં અને ચારિત્રનું પાલન કરી અહંકાર, મમકાર, ઇર્ષ્યા વિગેરે દોષોને ટાળવામાં છે, તથા સહિષ્ણુતા–સમતા રાખવામા જ છે. ફક્ત ધનાદિકને પ્રાપ્ત કરવાથી સફલતા મળી શકતી નથી. અને સફલતા મળી શકતી હોય તો શોક–પરિતાપ–ચિન્તાદિક ઉત્પન્ન થાય નહી અને જેટલા શ્રીમંતો છે તે સર્વે સુખી બને અને અનુક્રમે મોક્ષના સત્ય સુખ આવી હાજર થાય. પણ તે પ્રમાણે બનવું જ અશકય છે. ઘણાયે શ્રીમંતો રાજા મહારાજાઓ ઇન્દ્રના સરખી સાહ્યબી હોતે છતે પણ મમતા અને અહંકારના યોગે દુર્ગુણી બનીને દુર્ગતિના મહેમાન બને છે જે શ્રીમંતો રાજા મહારાજા ચક્રવર્તીઓ મોક્ષે ગયા છે, તે દુન્યવી સાધન સામગ્રી કે સાહ્યબીના આધારે નહી; પણ તેનો જ્યારે ત્યાગ કર્યો ને પુનઃ તેઓની ઇચ્છાનો પણ ત્યાગ કર્યો ત્યારે મોક્ષસુખના સ્વામી બન્યા છે. તમો જે ધનાદિકના આધારે સફલ ઘડી કે જન્મ માનો છો, તે નરી ભ્રમણા છે; ધનાદિકથી સફલ જન્મ થશે, આમ માની

મહામહેનત અને મહાકષ્ટ તમોએ સહન કર્યું, પણ રાગ-દ્વેષ અને મોહ-મમતા તો હાજર ને હાજર રહ્યા, અને ચિન્તાની જાળમાં પડ્યા તો તે સફલતા કેમ કહી શકાય? તમોએ સફલતા શાથી પ્રાપ્ત થાય અને સત્ય સુખ કયા સાધનોથી પ્રાપ્ત થાય તે બરોબર જાણ્યું નથી. તે સફલતાનું સાધન સમીપે જ છે, તેને માટે તો કાયા-માયાની મમતાનો ત્યાગ કરીને તપ જપ વ્રતાદિકને આરાધવા જોઇએ અને તનમનના વિકારોને ટાળવા માટે સારી રીતે સાવધાની રાખવી જોઇએ.

૪૯૫. **વિકારો, સંપત્તિ-સત્તા અને વૈભવ જીવનને સફલ કરવા દેતા નથી.** અલ્પ જીવનમાં માનસિક, વાચિક અને કાયિક વિકારોને વધારી મનુષ્યો ઘણી ગુંચવણ વધારી મૂકે છે, અને જ્યારે પોતાની બુદ્ધિથી તે ઉકેલાતી નથી ત્યારે અન્યના ઉપર દોષોનું આરોપણ કરે છે, અને પાછી ગુંચવણોને વધારતો જાય છે એટલે તેનો અંત આવતો નથી, માટે પ્રથમ વિકારો વધે નહી તે પ્રમાણે ખાવાપીવામા સાવધાન બનવાપૂર્વક તપ જપાદિ કરવાની આવશ્યકતા છે. જો કે મૂળમાથી તે વિકારોને દૂર કરવાની કોશીશ કરવી તે તો અતિ ઉત્તમ અને શ્રેયસ્કર છે. પણ મૂલમાથી તેઓનો ત્યાગ કરવાની શક્તિ ન હોય તો તે વિકારોને વધારવા તો ન જોઇએ; કારણ કે વિકારો વિષ કરતાં ભયંકર અને ભવોભવ કારમી યાતના ઉત્પન્ન કરનાર છે. સમ્યગ્જ્ઞાનીઓ પણ જો વિકારોને વશ બને તો પતન થયા સિવાય રહેતું નથી. વિકારો માનસિક શુદ્ધતાને મલિન કરી અવળી બુદ્ધિ ઉત્પન્ન કરે છે, અને સારાં અગર બૂરાં કામો કરી બેસે છે. આ વિકારો એક પ્રકારની

સરલ અને સુગમ થતો નથી. મોક્ષમાર્ગના ગામીની ભાવના નિષ્કામ પરોપકાર કરવાની તથા નિષ્કામ સેવા ભકિત કરવાની અવશ્ય હોય છે; પંડિતાઈની કે શ્રીમંતોની સફલતા કે સાર્થકતા, નિષ્કામભાવે વર્તન કરવામાં અને સદાચારનું પાલન કરવામાં રહેલ છે, તે સિવાય પંડિતાઈ કે શ્રીમંતાઈ ચારે ગતિમાં અને ચોરાશી લાખ યોનિઓમાં પરિભ્રમણ કરાવનારી બને છે.

૪૯૮. **માણસો, માને છે કે અમો શત્રુઓને-પ્રતિપક્ષીઓને હરાવીને જીત્યા,** પણ તે જીત્યા કહેવાય નહી. સાચી રીતે જીત્યા ત્યારે કહેવાય કે અંતરના કામાદિકને હરાવો તો જ જીત્યા કહેવાશો, કારણ કે કામ, ક્રોધાદિક અન્તરના શત્રુઓએ તમોને અનાદિકાલથી ઘણી હાનિ પહોચાડેલી છે, આત્માની શકિતને લૂંટી લઇ તમોને અનંતકાલ સુધી હેરાન-પરેશાન કર્યા છે; એકેન્દ્રિયપણામાં ધકેલી દીધા છે. ત્યાં અનંત કાલ પર્યંત છેદનભેદન સહેવું પડયું હતું. નરક નિગોદે તો એટલું બધું દુઃખ સહન કરવું પડેલ છે કે મુખે કહ્યું ન જાય, એટલે અનંત જ્ઞાન-અનંત-દર્શન-અનંત સુખને લૂંટી લઈ તે કામાદિકે આપણી બેહાલ દશા કરેલી છે; એવા અન્તરના શત્રુઓને હઠાવો તો સાચી રીતે જીત્યા કહેવાશો. નહીતર બહારના શત્રુઓને જીતશો તો પણ હારેલા જ છો. બહારના શત્રુઓને ઉશ્કેરનાર, અવળી બુદ્ધિ આપી ઉન્માર્ગે ચઢાવનાર અને વારે વારે વેગ આપનાર અન્તરના શત્રુઓ જ છે. જ્યારે અન્તરના કામ, ક્રોધાદિક શત્રુઓનું જોર ઓછું થાય છે ત્યારે બહારના શત્રુઓનું બલ ઓછું થાય છે અને તેઓનું જોર ચાલતું નથી તેથી જ તે બહારના શત્રુઓ નમી પડી મિત્રતા ધારણ કરે છે

માટે બહારના શત્રુઓ કરતાં અન્તરના શત્રુઓને જીતવા પ્રયત્ન કરવાની ખાસ આવશ્યકતા ભવોભવ રહેલી છે. જ્યાં સુધી આ શત્રુઓ જાગતા ને જીવતા છે ત્યા સુધી ભલે બહારના શત્રુઓને જીતશો તો પણ તમો સુખેથી જીવન ગુજારી શકશો નહિ. અન્તરના શત્રુઓની તાકાત અનંતી છે. બીજાઓનો પરાજય કરશો તો ત્રીજા, ચોથા વિગેરેને તે ઊભા કરશે. તમે કેટલાને હરાવશો ? ભવોભવ તે શત્રુઓ બહારના શત્રુઓ ઊભા કરવાના તમો કેટલાને પહોચી વળશો ? બહારના શત્રુઓ તો બાહ્ય ધનાદિને લૂટી જાય છે અને તેઓની પાસેથી ઉપાયો—પ્રયાસો કરતા લૂંટાએલ વસ્તુઓ પાછી મેળવી શકાય છે તથા તેઓને કેદમા પણ પુરાવી શકાય છે, પણ અંતરના શત્રુઓ ઉપર બાહ્યના ઉપાયો કારગત થતા નથી અને લૂંટાએલ તથા બાળી નાખેલ વસ્તુઓનો લેશ પણ મેળવી શકાતો નથી. બહારના શત્રુઓ લૂટીને પર્વતાદિકમા સંતાઇ રહેલા હોય તો પણ આપણે બહાદુરીથી અને ચાલાકીથી પકડી પાડીએ છીએ. અન્તરના શત્રુઓની ગુપ્તતા એટલી બધી ગહન છે કે, બહાર તપાસ કરતા દૃષ્ટિગોચર થાય એમ નથી અને ચતુરાઈ વાપરી પકડવા જઈએ તો કદાપિ પકડાય એમ નથી. ભલે પછી જીવન પર્યંત દુન્યવી ઉપાયો કરો તો તે ફોગટ જવાના જ, એ તો જ્યારે સર્વથા આસક્તિનો ત્યાગ કરીને તથા યશ કામનાનો ત્યાગ કરવાપૂર્વક અન્તરદૃષ્ટિને વાળી સાહેસાહેબ આત્માના ઉપયોગમાં રહે ત્યારે જ તે શત્રુઓ દેખાય, પકડાય અને દૂર કરાય.

૪૯૯. સ્ત્રીઓ રંગમાં આવીને બોલે છે કે ઇડરીઓ ગઢ જીત્યો રે આનંદ ભર્યો, પરંતુ તેમને ખબર નથી કે ઇડરીઆ ગઢથી પણ કાઇક ઘણા આડા રહેલા, અને દૃષ્ટિગોચર ન થાય તેવા તથા અત્યંત પીડાકારક અને યાતનાઓની પરંપરાને વધારનાર ગઢો વચ્ચે પડેલા છે. તેઓને ઉલ્લંઘો અગર જીતો ત્યારે જ આનંદ થાય. અને તે આવેલો આનંદ કદાપિ અલ્પ થાય નહી, પણ વધતો રહે. ઇડરીઆ ગઢને જીતવાથી થએલ આનંદ તો અલ્પ થવાનો અને એવા દુઃખદ પ્રસંગે વિલય પણ પામવાનો, માટે બહારના ગઢને જીતવાથી આવેલ આનંદમા વિશ્વાસ રાખવા જેવો નથી. **વિશ્વાસ કરવા લાયક તો ચાર ઘાતીઆ કર્મોના ચાર મહાન્ ગઢોને જીતવાથી થએલા આનંદમાં જ છે, માટે કયાં ભ્રમણામાં ભટકાઇ પડો છો ?** બહારના મોટા ગઢના કિલ્લાઓને જીતનારનો આનંદ રહ્યો નથી. ક્ષણભરમાં વિલય પામેલ છે માટે કાઈક હૃદય હોય તો સમજો અને સત્યાનંદ કયા છે તેની અન્તરમા શોધ કરો. બહાર દુનિયામા ભટકવાથી કદાપિ નહી મળે અને કદાચ આનંદ મળશે તો બનાવટી કલ્પનાજન્ય, તેમાં શો આનંદ ? નાની ઉમ્મરના બાળકો પણ તમારી માફક બનાવટી ઘરો બનાવે છે, ઢીંગલા ઢીંગલીને પરણાવે છે અને મુકી લાવેલ ચણા ગાડીઆને ખાઇને આનંદ માને છે તેમ જ મોટા બનાવટી ગઢ-કિલ્લાઓને બનાવીને પાછા પરસ્પર જીતીને ખુશી થાય છે. જ્યારે તેમના માતપિતા બાવડું પકડીને લઈ જાય છે ત્યારે બનાવટી આનંદ ઊડી જાય છે અને તેનું સ્થાન, શોક-પરિતાપ લે છે. તે પ્રમાણે તમોએ

લીધેલો આનંદ પરાવર્તન પામવાનો જ અને તેમનું સ્થાન શોક, ચિન્તા. પરિતાપ લેવાના, માટે બનાવટી અને કલ્પનાજન્ય આનંદમા મુંઝાશો નહી અને ભ્રમણામાં પડશો નહી. એક અસંતોષી લોભી રાજાએ પોતાના રાજ્યની હદમર્યાદા વધારવા માટે બીજા રાજાને હરાવી તેનું રાજ્ય છીનવી લેવાની ધારણા કરેલ હોવાથી પાયદળ–અશ્વદળ–રથદળ અને હાથીની સેના, લાખો સોનૈયાના ખરચે વધારીને સર્વ સામગ્રી સહિત ચઢાઇ કરી પણ સામેનો રાજા પર્વત પર રચેલા કિલ્લામા રહેતો હતો તેમજ પ્રજા પણ તે ગઢમાં હતી. તેથી જલ્દી તેનો પરાજય કરી શકાયો નહી. અને ગઢ તથા રાજાને અને પ્રજાને કબજે કરી ન શકેલ હોવાથી વિમાસણમા પડ્યો. પાછો હઠે તો આબરૂની સાથે સર્વ સામગ્રી લૂટાવાનો ભય હતો, એટલે પાછું જવાતું નથી અને ગઢ જીતાતો નથી. મંત્રીની સલાહથી ફૂપા પોલીસને મોકલી તેને જીતવાની બાતમી મેળવીને બમણા વેગથી ચઢાઇ કરીને કિલ્લાને જીત્યો. રાજા–પ્રજાને પણ કબજે કરી આનંદમાં મહાલવા લાગ્યો, તેવામા એક જ્ઞાની મલ્યા. તેમણે કહ્યુ કે–તેં રાજ્યની હદ વધારવા ખાતર બહુ પ્રયત્ન કર્યો પણ ત્હારું આયુષ્ય સાત દિવસનું છે, તો ચેતવું હોય તો ચેતી લે ? રાજાનો આનંદ ઊડી ગયો અને પરિતાપાદિકે સ્થાન લીધું તે પ્રમાણે બનાવટી કલ્પેલા સુખો રહેતા નથી માટે સત્ય સુખના ઉપાયો ચોજો.

૫૦૦. તમો કોઇને આડે આવશો નહી તો બીજાઓ તમારા કાર્યોમાં આડા આવશે નહી. નમે તે કોઇનું બગાડશો નહી તો અન્ય કોઈ તમારૂં બગાડશે

સુખી થા! પોતાનામાં બળ હોતે બીજાની મદદ માગવી તે મૂર્ખતું કામ છે. જો તારામાં તાકાત ન હોત તો દુઃખને વેઠીને પણ મદદ કરત માટે બલને ફોરવ અને બહાર નીકળી સ્વતંત્ર સુખી થા, ફસાએલે તેના વચનોને માની બળને ફોરવ્યું કે જલ્દી બહાર નીકળ્યો અને લાગેલા કાદવને કિનારે રહીને સાફ કર્યો. બંને મુસાફરો પોતપોતાને માર્ગે ચાલી નીકળ્યા. આ પ્રમાણે વિકારરૂપી કાદવમાં ફસાએલને સુજ્ઞ ગુરુદેવ કહે છે કે-ફસાવાના દુઃખને જાણતો હોય તો બળ વાપરી સંસાર-સરોવરમાથી બહાર નીકળ અને કિનારે બેસી જ્ઞાનગંગાના પાણીથી લાગેલા કાદવને સાફ કર. બળને ફોરવ્યા વિના ઇન્દ્રિયો અને માનસિક વૃત્તિઓને તથા તેના વિકારો ટાળવાનું અશકય થઈ પડશે માટે દુઃખ ગમતું ન હોય તો ઇન્દ્રિયોને વશ કરો.

૫૦૫. મનોરંજન દુન્યવી પદાર્થોમાં નથી, પણ આત્મિક ગુણોમાં છે. તમારું મનોરંજન એવું હોવું જોઇએ નહી કે બીજાઓને પીડાકારક થાય, નુકશાન કરનાર હોય તેમજ ચીકણા કર્મોનો બંધ થાય, પણ એવું હોવું જોઇએ કે અન્ય જનો સન્માર્ગે વળે, ઉન્માર્ગેથી પાછા હઠે અને લાભ-દાયી થાય. તેમજ પુણ્ય-નિર્જરા થાય કે જેથી સ્વપરને કોઇ પ્રકારની હાનિ થાય નહી અને ઉત્તરોત્તર આગળ વધાય. કેટલાક એવા હોય છે કે અન્ય જનોની વિડંબના, વિપત્તિ કે પીડા દેખી ખુશી થાય છે અને તેમા મનોરંજન માને છે, પરંતુ તેથી ખુશી થવામાં શો લાભ થયો? તેનો વિચાર પણ કરતા નથી. કેટલાક વળી એવા હોય છે કે અન્ય પ્રાણીઓને, સમાજ, જ્ઞાતિ તેમજ રાષ્ટ્રને, સત્તા મળતાં હેરાનપરેશાન

કરવામાં મનોરંજન માને છે પણ તેનો નતીજો છેવટે સારો આવતો નથી અને બૂરી હાલતે મરણ પામે છે એટલે જો તમારી પાસે સત્તા હોય કે સંપત્તિ હોય તો સ્વપરની ઉન્નતિ કરવામા જ મનોરંજન માનો. સહકાર આપી, પ્રાણીઓના સંકટોને દૂર કરીને શક્ય ધન વિગેરે વડે મદદ કરીને ખુશી થાઓ તેમાં લાભ જ છે; નુકશાન કદાપિ થશે નહી. તમારી ધનાદિકની જોગવાઈ હોય નહી, તો કાયાવડે પરોપકાર કરો અને કાયામાં શક્તિ ન હોય તો પ્રત્યેક જીવાત્માનું હિત ઇચ્છો. સુંદર મૈત્રી, પ્રમોદ વિગેરે ભાવનાઓને ભાવી મનોરંજન કરો. વિકથાની વાતો સાભળીને મનમાં ખુશી થતા નહી. પણ તેવી વાતો સાભળી વૈરાગ-સંવેગ, મધ્યસ્થતા તથા ઉપશમને ધારણ કરશો. આત્મજ્ઞાનને મેળવી આત્મધ્યાને લગની લગાડશો તેમા જ મનોરંજન અને આત્મકલ્યાણ સમાએલ છે. જગતના રાગ, દ્વેષ અને મોહ-માયાના વિકારો એવા છે કે જો સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ હોય નહી તો તેમા મનોરંજન થતાં વિલંબ લાગતો નથી. અને તેવી જ વાતોમાં રાગ-દ્વેષની આસક્તિ વધે છે. ખસતી નથી, અગર સમ્યગ્જ્ઞાનને મેળવી ખસેડીએ તો પણ તેની વાસના રહી જાય છે;-જેમ કોઈ બાવળીઆને કે વડ-પીપળાને થડમાંથી કાપે, તો પણ તેઓના મૂળ હોવાથી સમય અને સાધન મળતાં બીજી વાર પાંગરે છે અને અનુક્રમે પ્રથમ સ્થિતિમાં તૈયાર થાય છે. તેવી રીતે તપ જપાદિક કરીને આસક્તિનો ત્યાગ કર્યો એમ માનીએ પણ જે મૂળમાં તેની એટલે મનોરંજનની વાસના રહેલી હોય તો પછી તે વાસના સમય અને સાધન મળતાં પાંગરે છે અને પ્રથમની

સ્થિતિ આવી ઉપસ્થિત થાય છે; માટે મૂલમાંથી તેવા મનોરંજનની વાસનાનો ત્યાગ કરવા માટે અનન્ય ભાવથી પ્રયત્ન કરો. પ્રયત્ન કરવાથી ધારેલાં કાર્યો સિદ્ધ થાય છે અને કરેલી મહેનત સફલતાને ધારણ કરે છે.

૫૦૬. **મનોરંજન કરવા કેટલાક શ્રીમંતો, નવા નવા મહેલો બંધાવે છે.** વિવિધ રાચ-રચીલાઓને ગોઠવી આદર્શ ભુવન બનાવે છે. મશરૂની તળાઇઓ સુંદર મનોહર પલંગમાં પાથરીને સૂવે છે. વળી મહેલની આગળ બાગ બગીચાઓ પણ તૈયાર કરાવી તેમાં જ મનોરંજન માને છે. વળી મનગમતી રસવતીનો આસ્વાદ લઇને ખુશી થાય છે, પરંતુ તે મનોરંજન કયા સુધી? જ્યારે વેપાર-ધંધામા એકદમ ખોટ આવી પડે કે કોઇ એવો માણસ, મેળવેલી મિલકત બથાવી પાડે અગર આગ વિગેરેની આફત આવી પડે ત્યારે તે મહેલો, રાચરચીલાઓ, સુંદર મનગમતો પલંગ અને મનગમતી રસવતી કયા ઊડી જાય છે તેની ખબર પડતી નથી અને મનોરંજનના બદલે અફસોસ, પરિતાપાદિ હાજર થાય છે. કોઇની તે સાહ્યબી પુણ્યના પ્રભાવે ટકે છે પણ માનસિક વૃત્તિઓ કુદંકુદા કરતી હોવાથી ચિન્તાઓ ખસતી નથી. કહો હવે મનોરંજન કયાં રહ્યું? એટલે જગતના ઈષ્ટ પદાર્થો અનુકૂલતા મળે ત્યાં સુધી મનોરંજન રહે અને તે જ પદાર્થો તેમજ સ્વજનવર્ગ, પ્રતિકૂલ થાય તો ચિન્તાઓ આવીને હાજર થાય છે. આવા મનોરંજનથી સર્યું. **ઘડીમાં રહે અને ઘડીકમાં ખસી જાય. એવા મનોરંજનમાં કોણ મુઝાય?** માટે સર્વ આળપંપાળને માની તેમજ ક્ષણવિનાશી જાણીને આત્મ-

જ્ઞાનધ્યાનમાં રમણતા કરી મનોરંજનના લહાવા લો અને આત્મવિકાસ કરીને અક્ષયપદને મેળવો !

જે મહાન્ પુરુષો અક્ષયપદને પામેલા છે, તેઓએ દુનિયાદારીના મનોરંજનને ઠોકરે મારીને આત્મરંજનમા લગની લગાડેલી હતી, તેના યોગે જ અનંત સુખને પામ્યા. જન્મજરા અને મરણના સંકટો સર્વથા-સર્વદા અને સર્વત્ર નિવાર્યા. જગતના જીવોને અનાદિ કાલનો દુન્યવી પદાર્થોમા મનોરંજનનો અભ્યાસ હોવાથી તેઓ પ્રાપ્ત થાય ત્યારે ખુશી થાય છે. અને પોતાને ભાગ્યશાળી માને છે, તથા અન્ય શ્રીમંતોને સાહ્યબી મળી હોય તો તેઓને પણ ભાગ્યશાલી માનવા તૈયાર થાય છે, પણ જેઓ દુન્યવી પદાર્થોનો ત્યાગ કરવાપૂર્વક મમતાને મારી આત્મજ્ઞાન અને ધ્યાનમા રહેલા છે, તેઓને કેટલાક ભાગ્યશાલી માનતા નથી તે એક પ્રકારનું આશ્ચર્ય છે. સત્ય રીતિએ તો જેઓનું મન આત્મિક ગુણોમા રમી રહ્યું છે તેઓજ ભાગ્યશાલી છે અને સત્ય મનોરંજન તે જ ગણાય છે. છ ખંડોની સાહ્યબી મળે, રાજ્ય મળે, અરે દેવોની ઋદ્ધિસિદ્ધિ મળે તો પણ મનોરંજન કાયમ રહેતું નથી. પુણ્યોદય, પૂર્ણ થયે છતે હતું નહતું થાય છે અને મનોરંજનનો અનુભવ થયા કરે છે, દુન્યવી મનોરંજનને સત્ય સુખનું સાધન માનો નહીં. દુ ખનું સાધન માની તેની ઉપેક્ષા કરવાની લગની લગાડતા શીખો. મનોરંજન તે ઠગારુ વિશ્વાસઘાતી છે તેથી તેના ઉપર વિશ્વાસ રાખો નહીં અને બનતા પ્રયાસે આત્મધ્યાનમા મનોરંજન થાય તે પ્રમાણે વર્તન કરો.

૫૦૭. પ્રાપ્ત થએલ મનઃશુદ્ધિનું રક્ષણ કરો.

મલિન બનાવો નહી. નિર્વિકારી આહારની શુદ્ધિપૂર્વક થએલી, તેમજ અનિત્ય–અશરણ–એકત્વાદિભાવના ભાવવાથી ઉત્પન્ન થએલી માનસિક શુદ્ધિને બુઝાવા દો નહી. સંસારના સ્વરૂપને વિચારી સદાય મૈત્રીભાવના–પ્રમોદભાવના વિગેરેથી તથા નિષ્કામભાવે તે ભાવનાઓને ભાવી તે ઉત્પન્ન થએલ માનસિક શુદ્ધિનું રક્ષણ કરો કે જેનાથી તે રક્ષિત થએલ મન:શુદ્ધિ મોક્ષમાર્ગની ન બુઝાય એવી દીપિકા બને, મોક્ષમાર્ગ સુગમ અને સરલ થાય, અને અઢળક સંપત્તિ તથા સત્તા પાછળ દોડતી આવે; તેનાથી આધિ, વ્યાધિ દૂર ખસે છે. અને સમત્વના અનુભવો આવીને મળે છે. તેના યોગે સામર્થ્ય યોગ આવીને હાજર થાય છે. માનસિકશુદ્ધિ સિવાય મનુષ્યોને ગમે તેવી સંપત્તિ—સત્તા પ્રાપ્ત થએલી હોય તો પણ મનની મૂંઝવણ ખસતી નથી—સદાય કાઇક કાઇક નિમિત્તને પામી હૃદય બળતું રહે છે તેથી જ સત્ય સ્વરૂપને પરખાતું નથી. રાગ–દ્વેષ અને મોહ–મમતાના વિચારોમા, તેની ભાવનામા તો આત્મા તથા માનસિકવૃત્તિ તેવા નિમિત્તરૂપ ચગડોળે ચઢીને ભ્રમિત બને છે જેથી સત્યશાંતિ હોય ક્યાથી ?

શુભાશુભ ભાવનાઓ જ, પ્રારબ્ધ–ભાગ્યને ઘડે છે. અનુભવ પણ તેવો આવે છે. અશુભ ભાવનાવડે મનની શુદ્ધિ હોય તોપણ મલિન થાય છે, અને શુભ ભાવનાથી માનસિક શુદ્ધિ બનતી હોવાથી સંતોષ થાય છે. જે મનુષ્યોને શુભભાવનાઓ નથી તેઓની અવદશા પાસે આવતી રહે છે. ભલે પછી વર્તનમાં પુણ્યોદયે વિષયાસક્તિમા તથા મોજમજામા મગ્ન બનેલ હોય, પણ તેના યોગે ઉપજેલી અવદશાને ટાળી શકતા નથી–કારણ

કે વિષયાસક્તિથી માનસશક્તિનો હ્રાસ થાય છે. સાથે સાથે શારીરિક શક્તિ પણ ઘવાતી હોવાથી ભાવિમાં આવનારી અવદશા ખસતી નથી. જ્યારે અવદશા આવે છે ત્યારે બેસવા માટે ઓટલો મળતો નથી અને ખાવા માટે રોટલો પણ મળતો નથી. અરે! પહેરવા માટે વસ્ત્ર પણ મળતું નથી. આવી પરિસ્થિતિ આવે નહી તે માટે શુભ ભાવનાઓ ભાવીને માનસિક વૃત્તિને નિર્મલ કરવી તે પ્રથમ કર્તવ્ય છે, કે જેના યોગે શારીરિક સંપત્તિની અનુકૂલતા પણ મળી આવે તથા વિષયાસક્તિ અલ્પ થાય અને અનુક્રમે માનસિક વૃત્તિની દૃઢતા થતા મૂલમાંથી પણ તેની વાસનાનો ત્યાગ થાય જ્યારે વિષયવાસના ટળે છે ત્યારે અન્તરમા પ્રભુના આપોઆપ આવીને હાજર થાય છે. પ્રભુતા કાંઇ વેચાતી મળતી નથી તેમજ લાગવગ લગાડવાથી કે લાંચો આપવાથી આવી મળતી નથી. તે તો વિષયવૃત્તિના ત્યાગપૂર્વક જેમ જેમ મનઃશુદ્ધિ–આત્મિક શુદ્ધિ થતી જાય છે, તેમ તેમ અન્તરમા જ પ્રભુનાનો પ્રાદુર્ભાવ થતો રહે છે. શરીર–વસ્ત્રાદિકની શુદ્ધિથી એકાંતે માનસિક શુદ્ધિ કદાપિ થતી નથી અને થશે પણ નહી; માટે ગમે તે ભોગે માનસિક શુદ્ધિ કરો અને ભાવનાઓનો સત્ય આધાર માનીને આત્માને પૂર્ણરૂપે પ્રગટ કરો

૫૮૮. આપણી અભિલાષાઓ થાય તે પ્રમાણે વર્તન રાખવું તે મનુષ્યજન્મનો ઉદ્દેશ નથી; કારણ કે અનાદિ કાલની આપણો આત્મા, આહાર–ભય–મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓથી અત્યંત કે વ્યાપ્તપણે ઘેરાયેલ છે, તેથી તે

સંજ્ઞાઓને પોષવા તથા વધારવાની ઇચ્છાઓ કર્યા કરે છે. આવા પ્રકારની ઇચ્છાઓ આત્મોન્નતિમા વારે વારે વિઘ્નો ઉપસ્થિત કરીને આત્મશક્તિને હણી નાખે છે, માટે તેવી ઇચ્છાઓને કબજે કરવી અને આત્મવિકાસ સાધવો તે મનુષ્યજન્મનો ઉદ્દેશ છે અને હોવો જોઇએ. આ ઉદ્દેશને જો ભૂલવામા આવે તો મનુષ્યજન્મની સાર્થકતા સધાતી નથી પણ વિપરીત પરિણામ આવ્યા વિના રહેતું નથી. **આહાર સંજ્ઞામાં ફસાઈ પડેલા પ્રાણીઓ વિવિધ વ્યાધિઓવડે વ્યાપ્ત થાય છે.** એટલે પ્રથમ તો શરીરની આરોગ્યતા ઘવાય છે. શરીર આરોગ્ય હોય તો જ માનસિકવૃત્તિ પ્રાયઃ સારી રહે છે–શારીરિક ચિન્તા અલ્પ પ્રમાણમા થાય છે. એટલે જેમતેમ ભક્ષ્યાભક્ષ્યના ભાન વિના ખાવું અગર પીવું તે ઉદ્દેશ ન હોવો જોઇયે. પણ શારીરિક માનસિક શુદ્ધિ થાય તે પ્રમાણે વર્તન રાખવું એ ઉદ્દેશ હોવો જોઇએ. અધમાચારથી ભય શંકાઓ મનમાં થયા કરે છે. તેથી ભવિષ્ય બગડતું હોવાથી અને તેનાથી અનેક પ્રકારની વિડંબનાઓ આવતી હોવાથી અનાચાર–અધમાચારનો ત્યાગ કરીને ભય સંજ્ઞાને ટાળવી તે પણ ઉદ્દેશ છે. **ભય પણ એક પ્રકારનું મરણ છે અને ભયથી પણ ઘણા પ્રાણીઓ તથા માનવીઓ મરણ શરણ થાય છે.** સદાચારીઓને સાતે ભયમાં એકેય ભય હોતો નથી અને ઉત્પન્ન થતો નથી, તેથી તેઓ નિશ્ચિંત બની આત્મધર્મમાં આગળ વધે છે; માટે મનુષ્ય જન્મને પામી અનાચારોને દૂર કરી સદાચારોનું પાલન કરવુ.

મૈથુન સંજ્ઞામાં વશ બનેલ પ્રાણીઓની કેવી દુર્દશા થાય છે, કેટકેટલી વિડંબનાઓ અને વિપત્તિમા ફસાઇ પડે છે તે તો

અજાણી નથી. ભાગ્યોદયે પ્રાપ્ત થએલ સામ્રાજ્યને પણ ગુમાવી નાખે છે. કેટલાક તો માહોમાહી કાપાકાપી કરીને મનુષ્યભવની બરબાદી કરીને નરકનિગોદાદિક અધમાધમ સ્થિતિમાં મૂકાય છે કે જ્યા એક ક્ષણમાત્ર સુખ હોતું નથી; મૈથુન સંજ્ઞામા વશ બનેલને સારી ભાવના–શુભ વિચારો તથા વિવેક હોતો નથી, કામાધ બની જ્યા ત્યા અથડાયા કરે છે. શારીરિક, માનસિક-શક્તિ જોઈતા પ્રમાણમા રહેતી નથી. સંસમગ્રણ તો થાય ક્યાથી? માટે તેને દૂર કરવાનો ઉદ્દેશ રાખવો જોઇએ કે જેથી શારીરિક માનસિક શક્તિમા વધારો થતા અલભ્ય એવો આત્મા સુલભ્ય થાય અને અખંડ અક્ષય સુખની પ્રાપ્તિ થાય. પરિગ્રહવૃત્તિ, જે સર્વ-પાપોનું મૂલ છે, અને સર્વ પાપોને વધારનાર છે માટે આત્મિક શક્તિ–જ્ઞાન વિગેરેને દબાવનાર છે, માટે તેને દૂર કરવો અને અપરિ-ગ્રહ વર્તને કેળવી સ્વતંત્રતા મેળવવી તે અભિલાષા રાખવી જોઇએ.

૫૦૯. આ સંસારમાં ધનાદિ પરિવાર હોય તો પણ ચિન્તાઓ ખસતી નથી. ધન હોય નહી ત્યારે ધન–પૈસા મેળવવાની ચિન્તા, ધન મળ્યા પછી સ્ત્રીની ચિન્તા, સ્ત્રી મળ્યા પછી પુત્રની ચિન્તા, પુત્રને પરણાવ્યા પછી તેને પુત્ર જો ન હોય તો પણ ચિન્તા, એટલે કાઇને કાઇ ચિન્તાઓ મનુષ્યોને સતાવતી હોય છે. આશાનો ખાડો કદાપિ પૂરાતો નથી તો પણ આણુઓ તેને પૂરવા માટે જીવનની અન્તિમ ઘડીએ આશાને મૂકતા નથી. ધનાદિક પરિવાર હોય અને પરણાવેલ પુત્રને જો પુત્ર ન થાય ત્યારે આ મારૂં ધન કોણ ખાશે? અને જ્યારે પુત્રાદિક દશ બાર હોય તો આ પુત્રાદિક શું ખાશે? આવી ચિન્તામાં પોતાનું થશે શું? એનો ખ્યાલ આવતો નથી.

આ કેવી ભૂલભૂલામણી ? જેમકે, એક સિત્તેર વર્ષના ડોસા પથારીએ પડ્યા છે, પણ ઘરની ચિન્તા ગઇ ન હોવાથી વારે-વારે વલોપાત કર્યા કરે છે. તેનો પુત્ર સ્વવધૂ સાથે એક શહેરમાં કમાવા ખાતર રહેતો હતો તેને ખબર પડી કે પિતા મરણ-પથારીએ પડ્યા છે અને મળવાની ઝંખના કર્યા કરે છે. પુત્ર સ્વવધુ સાથે પોતાના ઘેર આવીને પિતાને મળ્યો અને સેવા ચાકરી કરવા લાગ્યો, તો પણ ડોસાનો વલોપાત ઓછો થતો નથી. ત્યારે પુત્રે પૂછયું–પિતાજી, ઘરબાબતની ચિન્તા મૂકી દો. જે કાંઇ પુણ્ય ક્ષેત્રમાં વાપરવાની ઇચ્છા હોય તે કહો, કારણ કે તમારી બીમારી ઘણી વધી છે. ક્યારે પરલોકે સિધાવશો તેની ખબર પડે નહી, માટે પુન્યદાન માટે કહો કે જેથી ચિન્તાને મૂકી ધર્મધ્યાનપૂર્વક સ્વર્ગે જવાય. ડોસાએ કહ્યુ કે, બીજી તો ચિન્તા નથી, પણ તારી ઉમ્મર પચાશની થવા આવી છે. છતાં તારી વહુને દીકરો નથી એની ચિન્તા થયા કરે છે કે, આ સઘળું ધન કોણ ખાશે ? અને વંશની વેલ ક્યાથી વધશે ? જો તારી સ્ત્રી તને બીજી સ્ત્રી પરણાવવાનું માને તો મ્હને ચિન્તા રહે નહી. તેની સ્ત્રી બહુ સમજુ હતી. તેણીએ કહ્યું કે તમો ચિન્તા મૂકી દો. બીજી પરણશે તો વાધો ઉઠાવીશ નહી. આ સાંભળી ડોસા શાંત બનીને મરણ પામ્યા. આ સ્ત્રીએ પોતાના પતિને બીજી પરણવાનો આગ્રહ કર્યો. તે બીજી પરણ્યો અને ભાગ્યો-દયે તેને પુત્ર થયો. એટલે આનંદનો પાર રહ્યો નહી. સાથે જૂની અને નવી સંપીલાં હોવાથી કોઇ બાબતની તેના પતિને ચિન્તા નહોતી, પણ ત્રણ વર્ષ વ્યતીત થયા પછી જૂની ધર્મ-ધ્યાનપૂર્વક સ્વર્ગે ગઇ. નવીને દશ બાર પુત્રપુત્રીઓ થયાં,

ઘરનું ખરચ વધવા લાગ્યું. કમાણી ઓછી થઈ એટલે આ ભાઈને ચિન્તાએ ઘર ઘાલ્યું કે મોંઘવારી વધી છે, ખરચ વધારે થાય છે, કમાણી છે નહી; તો આ પુત્રો ખાશે શું? તેથી વૃદ્ધાવસ્થામાં ધાર્મિક ક્રિયાને મૂકીને ધંધો કરવા લાગ્યા. કોઈએ કહ્યું કે આટલી ઉમ્મરે દુઃખ વેઠીને શા માટે ધંધાનો ઘસરડો કરો છો? તેણે કહ્યુ કે-પુત્રાદિ પરિવાર ભવિષ્યમાં શું ખાય? જ્યારે તેના પિતાને પુત્ર નહોતો ત્યારે આ ધન ખાશે કોણ? એ ચિંતા હતી. અને પુત્રને પુત્રાદિક થયા ત્યારે આ પરિવાર ખાશે શું? આવો વિચાર થયો. આવી પણ ચિન્તા રહેલી હોય છે.

૫૧૦. ધન-યૌવન-પુત્રાદિક સયોગોના સ્વરૂપનો બરોબર વિચાર કરવાથી અને જડચેતનનો વિવેક કરવાથી જે આનંદ ઉત્પન્ન થાય તે આનંદ, અવિકારી હોય છે. આવા સત્યાનંદ માટે સમ્યગ્જ્ઞાન મેળવવાની ખાસ આવશ્યકતા છે. ચિન્તાઓને દૂર કરવાની દવા જો કોઇ હોય તો નિર્વિકારી આનંદ જ છે વ્યાધિગ્રસ્ત માનવી પીડાની વખતે ધનાદિકનો, પુત્રાદિક પરિવારનું સ્વરૂપ વિચારી અને જડ-ચેતનની વહેચણ કરે તો પ્રથમ તેનું અરધું દુઃખ ઓછું થાય. પછી વૈદ્યની દવા લેતો, તે દવા કાર્યગત નીવડે અને અરોગતા પ્રાપ્ત થાય છે, પરન્તુ જો ધનાદિકની ચિન્તાએ હોય અને દવા લે તો તે લીધેલી દવા ફલવતી થતી નથી, માટે પ્રથમ દરદીએ ધર્મભાવનાની દવા લઈને ચિન્તા રહિત બનવુ જોઈએ. વિદ્યાર્થી અગર વેપારી ચિન્તામાં રહીને અભ્યાસ કરે, વેપાર કરે તો બરોબર લાભ મળતો નથી, અને બરોબર લાભ ન

પણ આવી. પુત્રપુત્રાદિ પણ થયાં. છેવટે ધર્મભાવના કાયમ રહેલી હોવાથી દરેક ચિન્તાઓનો ત્યાગ કરી દેશવિરતિને અંગીકારી કરીને ધર્મધ્યાનથી સદ્ગતિ મેળવી.

૫૧૧. વ્યાવહારિક કેળવણીમાં સમ્યગ્જ્ઞાનની મેલવણી કરો. જ્યારે જે ધર્મમાં અનેક જાતિઓને, અનેક વર્ણોને આશ્રય આપવાની શક્તિ હોય છે, તે ધર્મ સ્વયં રક્ષિત છે અને લાખો બદલે કરોડો માનવીઓને આધારભૂત બને છે, પરંતુ જ્યારે તે ધર્મ જ સંકુચિતતા ધારણ કરે છે ત્યારે તે ધર્મનું રક્ષણ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે જૈનધર્મ પ્રથમ વડવૃક્ષની માફક વિસ્તાર પામેલ હોઇને કરોડો પ્રાણીઓનો આધારભૂત હતો પરંતુ તેઓના પ્રચારકોની દીર્ઘદૃષ્ટિના અભાવે ઘણો સંકોચ પામ્યો અને લાખોની સંખ્યામાં રહ્યો કરોડોના ધારણહાર એવા આપણા જૈનધર્મનો વિસ્તાર કરવો હોય તો સંકોચ વૃત્તિનો ત્યાગ કરવો પડશે અને તેના પ્રચારકોને તથાપ્રકારનું સમ્યગ્જ્ઞાન આપવું પડશે; તો જ ધર્મ પ્રથમની સ્થિતિમા આવશે; તેવા પ્રચારકોને માટે ગુરૂકુલ જેવી સંસ્થાઓ ઊભી કરવી. અને તેને માટે શ્રીમંતોએ ઉદાર દીલથી ધનનો પ્રવાહ તેમાં વાળવો જોઇએ કે જેથી દીર્ઘદર્શી વિદ્વાનો પ્રગટે અને ગમેતમ ઉપદેશ આપીને ધર્મનો ફેલાવો કરે. ગુરૂકુલના વિદ્યાર્થીઓ, સમ્યગ્જ્ઞાન મેળવી પોતે નીતિમાન્ બને અને અન્યજનોને નીતિમાન બનાવે તથા જૈનધર્મના તત્ત્વોને ફેલાવે તો જ જાતિવર્ણનો અભ્યુદય થાય. કંપાસ, કુસંપ દૂર થાય અને કાયમ પડે તો ધર્મનો ફેલાવો થતો નથી અને સમાજમા સંકુચિતતા આવતી

લોઇને તેના જ પ્રચારકો હલકા પડે છે અને ભેદભાવને ધારણ કરી પરસ્પર નિન્દા કરવા તૈયાર થાય છે માટે પ્રથમ સમ્યગ્-જ્ઞાનની આવશ્યકતા છે. સમ્યગજ્ઞાન વિદ્યાર્થીઓને જો આપવામાં આવે તો તે વિદ્યાર્થીઓ આગળ વધતા સ્વપરનો ઉદ્ધાર કરી શકે સમાજમાંથી જ ધર્મના પ્રચારકો પાકે છે. સાધુ મુનિરાજો પણ બને છે એટલે તેઓને ગુરૂકુલ દ્વારા પ્રથમ સમ્યગજ્ઞાન આપવામાં આવે તો જ સ્વપરના ઉદ્ધારક બને. દેશસરોનું તેમજ ધાર્મિક સંસ્થાઓનું રક્ષણ કરે, તેવા સમ્યગ્જ્ઞાનીઓના આધારે ધર્મ જયવંતો થાય છે, પ્રથમ વ્યવહારકુશળ સમ્યગ્જ્ઞાનીઓની આવશ્યકતા છે; વ્યક્તિઓ, જ્ઞાતિઓ અગર દેશ જો સમ્યગ્જ્ઞાની હશે તો જ, દેશસરો-સંસ્થાઓ સારી રીતે જાહોજલાલી ભોગવશે આજે ચારે તરફ જૈન સંસ્કૃતિ પર આક્રમણો આવી રહેલ છે. રાજદ્વારી વાતાવરણમાં જૈનનો કોઇ પણ અવાજ સંભળાતો નથી. હાલમાં કાયદાઓ પણ એવા ઘડાય છે કે જૈનોની સંસ્કૃતિ ઉપર ઘા પડે, માટે જૈનોએ ચેતીને ચાલવું જરૂરી છે. એટલે સમ્યગ્જ્ઞાનનો બહોળો ફેલાવો કેમ થાય તેના ઉપાયો લેવા, અને ઉપાયો લઇને સમાજનો-જ્ઞાતિનો અભ્યુદય કરવો. વ્યવહાર જીવનમાં પણ સમ્યગ્જ્ઞાન વિના અભ્યુદય થવો અશક્ય છે

૫૧૨. મનુષ્ય તરીકે જીવન ગુજારવા માટે વિષયાંધતા તેમજ ક્રોધાંધતા-લોભાંધતાને ટાળવી પડે છે, તો જૈન તરીકે જીવવા માટે તો અધિક ટાળવી પડશે. તેઓને ટાળનાર જ, મનુષ્ય તરીકે જીવી શકે, નહીંતર પશુ,

પંખીઓ અને મનુષ્યનો તફાવત રહેતો નથી. પશુ પંખીઓને વિચાર અને વિવેક હોતો નથી, તેથી પ્રતિકૂલતા આવતાં અંધ બની મારામારી વિગેરે કરે છે. મનુષ્યોને પોતાના વ્યાવહારિક કાર્યોમા વિચાર અને વિવેક જો ન હોય તો તેઓની કિંમત રહેતી નથી; માટે જ વિષયાંધતાને ટાળવા માટે અને મનુષ્ય તરીકે જીવવા માટે અંધતાને ટાળવી જરૂરની છે. જન તરીકે જીવવું હશે તો અત્યારના બધા દુન્યવી વિચારો ઉપર કાપ મૂકવો જ પડશે. મનુષ્યપણામાં લાયકાતની જરૂર રહે છે તો જૈનત્વને પામવામા એથી યે અધિક લાયકાત-યોગ્યતા સિવાય જૈનત્વ આવવું અશક્ય છે. જિનેશ્વરની આજ્ઞાઓને જે મસ્તકે ધારણ કરે છે, તેઓ જ જૈન કહેવાય છે. જૈનત્વમા જ ઉપશમ-સંવેગ-વૈરાગ્ય-અનુકંપા અને આસ્તિકતા રહેલી હોય છે. અને આ ગુણોને આધારે આત્મિક વિકાસ સધાતો જાય છે તથા મોક્ષમાર્ગની સન્મુખ અન્તરદૃષ્ટિ જાગ્રત્ થાય છે. પછી શોક સંતાપ પરિતાપાદિકનું પણ બહુ જોર ચાલતું નથી. એટલે મોક્ષમાર્ગથી પાછું હઠાતું નથી. તેમજ સંપત્તિ મળે તો પણ હર્ષઘેલા બનાતું નથી જૈનધર્મ, મતિકલ્પનાથી પાળી શકાતો નથી. તેમજ શ્રીમંતાઈ કે દેવતાઈથી પ્રાપ્ત થાય એમ નથી તે તો આત્મધર્મ છે. જ્યારે તથાપ્રકારના કર્મો ખરે છે ત્યારે જ ધર્મનું પાલન થાય છે એટલે વિષયકષાયના વિચારો અને વિકારોને ત્યાગ કરવા પૂર્વક જિનાજ્ઞાના સંભાવું જોઈએ વિષયકષાયની આસક્તિથી તમોને આત્માની દૃષ્ટિ ઉપર પાણી-દુઃખ લાગેલ છે, સ્વદ અને સ્વર્ગ ખાતર તેમજ દુઃખ-ભય અને મનગમતિ અનુકૂલતા માટે પ્રયત્ન-

પ્રપંચનો, અન્યાયનો, અનીતિનો ભય વિસાર્યો, મનની મોજ ખાતર શાહુકારી વેચી–પ્રતિષ્ઠા આબરૂ ઉપર પાણી ફેરવ્યું; આ સઘળું અનિષ્ટ વિષય કષાયની અંધતાથી થએલ છે. આમ કરવાથી તમોને શો લાભ થયો? સુખનો કેવો અનુભવ થયો? વિચાર તો કરો. અનંતકાલ, મિથ્યાત્વાધકારમાં ગયો. હવે તે અંધતાનો ત્યાગ નહી કરો તો અનંતકાલ સુધી પરિભ્રમણ કરવું પડશે, માટે અમૂલ્ય મનુષ્યભવ પામીને વિષય કષાયની અંધતાનો ત્યાગ કરીને જૈનતત્વને પામો **જૈનત્વના પાલનમાં મોક્ષસુખની યોગ્યતા આવી મલે છે.** પ્રભુતાનો આવિર્ભાવ થતો રહે છે. જાત્યંધતા કરતા વિષયાધતા અને કષાયાધતા બહુ દુઃખદાયક છે. જન્માંધતામા તો એક ભવમાં અથડામણી વિગેરેની પીડા છે. વિષયાધતામા ભવોભવ પીડાઓનો વિપત્તિઓનો પાર આવતો નથી. જેટલા દુઃખો છે તે બધાય વિષયાંધતાથી ઉત્પન્ન થયેલા છે અને ઉત્પન્ન થશે, માટે સાવધ બનો.

વિવિધ માનસિક કલ્પનાઓમાં મગ્ન બનેલ અરે માનવો! વિષય વાસનાના ત્યાગનો માર્ગ નહી શોધો અને ઉન્માર્ગે ગમન કરશો તથા આત્મકલ્યાણના સાધનનો સ્વીકાર નહી કરો, અને પાપસ્થાનકોમા જ રાચીમાચી રહેશો તો માથું ફોડીને મરશો અગર દરિયામાં પડશો તો પણ સત્યસુખ આવીને હાજર થશે નહી અત્યાર સુધી તો તમો મનોરાજ્યના તાબામા છો, મન કહે તે પ્રમાણે કર્યા કરો છો રાગ, દ્વેષ અને મોહ–મમતાના તરંગોમા અટવાયા છો, તેનો તમોને ખ્યાલ છે? કેટલી શાતિ આવી મળી? માનસિક તરંગોના કુતર્કોમાં કદાપિ શાતિ હોતી નથી માટે તે તરંગોને શાત કરીને સુખના સાગરને શોધો.

વિષયસુખના બિન્દુમાં મોજમજા માણતા હોવાથી સત્ય સુખના સિન્ધુની ઓળખાણ થઈ નથી, અને થાય પણ ક્યાંથી ? જ્યાં દૃષ્ટિ વિષયાસક્તિના તરંગોમાં છે ત્યાં સ્થિર–અખંડ અને અનંત અવ્યાબાધ એવા સુખસાગરમાં દૃષ્ટિ ક્યાંથી પડે ? અનીતિ–દંભપ્રપંચના વિચારોના વમળોમા જે ગોથા ખાય છે, તેઓને સત્ય સુખનો માર્ગ ક્યાંથી સૂઝે ? તમારે સત્ય સુખસિન્ધુમા ઝીલીને અનંત આનંદ મેળવવો હોય તો મનઃકલ્પિત વિષય-સુખના બિન્દુનો ત્યાગ કરીને અનંત સુખનો સાગર એવો આત્મા, તેના તરફ નજર કરો. અન્યત્ર સુખ માટે દોડાદોડી દંભપ્રપંચ કરવા નહી પડે. વિવિધ કષ્ટ વિડંબનાઓ ઉપ-સ્થિત થશે નહી. મન, વચન અને તન, સ્થિર થશે. તરંગોની ધમાલ બંધ પડશે. દુનિયામા કાલાવાલા–આજીજી કરવી પડશે નહી અને ધાર્યા કરતા પણ અન્તરમા આનંદ આપોઆપ આવીને મળશે. ફક્ત નજર–દૃષ્ટિ ફેરવવાની છે, જે તમો દુન્યવી પદાર્થોને દેખો છો–દેખી ખુશી થાઓ છો–તે નજરને આત્મના શુદ્ધ તરફ કહેતા–પોતાના તરફ વાળો ! એટલે આપોઆપ સાધનો પણ સારા મળી આવશે. નજર વાળતાં અને સ્થિર થતાં તમોને અપૂર્વ આનંદનો અનુભવ થશે અત્યાર સુધી આત્મા તરફ તમોએ નજર કરી નથી અને જડ પદાર્થો તરફ જ તમારી નજર ચોંટી રહેલી છે, તેથી પોતાનો આત્મા પોતાને પરખાયો નથી અને આધિ–વ્યાધિ અને ઉપાધિના અટવાઈ, દગા–પ્રપંચ–અનીતિમા સુખ માન્યું હવે તો સમજો ! દુઃખ દેવા-વાનું બાકી શું રહ્યું ? તમોને સુખ તો ઘણું છે જ તો પછી દુઃખના માર્ગોનો ત્યાગ કર્યા સિવાય સુખ ક્યાંથી મળશે ? દુઃ

પત્ની, પરિવાર અને પ્રપંચમાં જ મોહ-મમતાના વિચારો અને વિકારો ઉત્પન્ન થાય છે, તેવા વિકારોમાં સુખને શોધવા માટે અહોનિશ વિચારો કરો છો, તેનો ત્યાગ કરીને આત્મિક ગુણોનો એ ઘડી વિચાર કરો. એટલે ઉત્પન્ન થએલ વિકારો ટળવા માંડશે. મન, તન અને વચન પણ સ્થિરતા ધારણ કરશે માટે કલ્પનાનો ત્યાગ કરી સ્થિર થાઓ !

૫૧૩. **વ્યાવહારિક કાર્યોમાં પોતાના બચાવના સાધનોને મેળવ્યા સિવાય બીજાનો બચાવ કરવા જાય તો તે માર્યો જાય છે.** અગર ભારે નુકશાની તેને ખમવી પડે છે-પોતે કરજ કરી અન્ય જનોને સહકાર આપે, દાન વિગેરે કરે અને પ્રશંસાપાત્ર થાય, અને દાન લેનારાઓ તેની વાહવાહ બોલે, તો પણ પરિણામ સુંદર આવતું નથી, અંતે તેનો ઢેડફજેતો થાય છે. આ તો એવું થયું કે માથે દેવું કરીને દાન કર્યું, આવું દાન કરનારની દાનત એવી હોય છે કે જગતમાં પ્રશંસાપાત્ર બનીશું, તેથી અનેક પ્રકારનો લાભ થશે; પરંતુ છેવટે લાભને બદલે ગેરલાભ ઉપસ્થિત થાય છે. તથા ઊંડાં પાણીમાં ડૂબતા માણસને બચાવ કરવા માટે કોઇ ઊંડા પાણીમાં પડે; પરંતુ જો તેને તરવાની-પોતાનો બચાવ કરવાની શકિત ન હોય તો, તારનાર પણ માર્યો જાય છે અને બૂડેલાનો બચાવ થતો નથી. તે રીતે પોતાના આત્માનો જેઓ ઉદ્ધાર કરવા સમર્થ નથી, તે બીજાઓનો ઉદ્ધાર કરવા શક્તિમાન્ બનતા નથી. પોતાના આત્માનો જેઓ ઉદ્ધાર કરવા સમર્થ છે તેઓ પારકાઓનો ઉદ્ધાર કરવા સમર્થ બને છે; માટે પ્રથમ પોતાના ઉદ્ધાર માટે સાધનો મેળવીને સમર્થ બનવું તે હિતકર છે.

નુકશાની અને લાભનો ઉપાય પોતાની શક્તિ અને અશક્તિ ઉપર રહેલો છે. આત્મિક બલવાળો, દરેક શક્તિઓને, દરેક સત્તાઓને અને દરેક સંપત્તિઓને પ્રાપ્ત કરી શકે છે અને પોતાના ઉદ્ધારની સાથે અન્ય પ્રાણીઓનો ઉદ્ધાર કરીને મોહ-મમતા-અહંકારાદિનો અનુક્રમે નાશ કરે છે. પાંચ સાત યુવાનો નદીમાં ન્હાવા માટે પડ્યા. તેમાંથી એક યુવાન ઊંડા ખાડામા ફસાઈ ગયો અને બચાવની બૂમો તેણે પાડી. તે સાંભળી એક સમર્થ તારનાર તેની પાસે ગયો. પેલો તો બાઝી પડ્યો પરંતુ આ તારનાર હોશિયાર હોવાથી બે હાથોને છોડાવી પોતાની પીઠ પર લઈ તેને બહાર કાઢ્યો. જો તરવામા હોશિયાર ન હોત તો બૂડનાર બાઝી પડેલો હોવાથી બન્નેના પ્રાણો જાત. બીજાને તારવા જેટલી શક્તિ હોય તો જરૂર શક્તિને ફોરવવી અને પરોપકાર કરવો તે ઉચિત છે, પણ બીજાને તારવાની તાકાત ન હોય તો જોખમ ખેડવું તે ભયાવહ છે. કેટલાક પોતે તરે છે. પોતાનો બચાવ કરવા સમર્થ હોય છે, અને અન્ય જનોને પણ તારવા શક્તિમાન હોય છે. કેટલાક પોતાનો જ બચાવ કરવા સમર્થ હોય છે અને અન્ય જનોને તારવાની શક્તિ ધરાવતા નથી. કેટલાક વળી એવા હોય છે, કે પોતે પોતાનો બચાવ કરી શકે નહી એવા હોય છે, અને બીજાઓનો બચાવ કરવાની ઇચ્છા વાળા હોય છે અને પ્રયત્નશીલ થાય છે, તથા કેટલા પોતે પોતાનો બચાવ કરી શકતા નથી અને બીજાઓને બચાવી શકતા નથી. આવા માણસો સ્વપનો ઉદ્ધાર કરી શકતા નથી.

૫૧૪. અભિમાન કરવા જેવું તો નથી જ. કારણ કે તે ઉન્માર્ગે દોરી જાય છે. પણ અભિમાન કરવાં પડશે

લાગી જાય કે કોઇપણ પ્રકારે મારે અભિમાનની સાર્થકતા કરવી તો તેજ નિરભિમાનીના પથે પળે છે. અને સત્યાભિમાનવડે આત્મકલ્યાણ સાધે છે. **દશાર્ણભદ્ર નૃપને એવું અભિમાન આવ્યું કે કોઇએ પણ ન કરેલ એવું પ્રભુ મહાવીરનું સામૈયું કરું;** એવા અભિમાનના યોગે સર્વે સામગ્રીને સજી સામૈયુ કર્યું. એ અરસામાં ઇન્દ્ર મહારાજે તેનું અભિમાન ઉતારવા પોતે પણ હસ્તિ વિગેરેની રચના કરીને ત્યાં આવ્યા. ઇન્દ્ર મહારાજાની સંપત્તિ-સાહ્યબી અને સામૈયું દેખી **પોતાનું અભિમાન સાચવવા પ્રભુ પાસે દીક્ષા અંગીકાર કરી.** ઇન્દ્ર મહારાજા દીક્ષા લેવામાં સમર્થ નહી હોવાથી વિરતિધર દશાર્ણભદ્ર નૃપને પગે લાગ્યા અને પ્રશંસા કરી. આ પ્રમાણે સારી રીતે ચટકો લાગે તો પરિણામ સારું આવે છે. મહાનુભાવો ! અભિમાનનો ત્યાગ કરવા અસમથ હોતો, કદાપિ અને કોઇપણ પ્રસંગે તેનો ત્યાગ કરશો નહી, પણ સદ્વિચારો અને વિવેક લાવી અભિમાનને સાચવવાનો ઉપાય લેજો. હતાશ બની ઉદાસીનતાને ધારણ કરશો નહી. અભિમાન, સારા માર્ગે દોરી જાય તો તે સારો ગણાય છે અને ઉન્માર્ગે લઇ જાય તો તેનું ફલ ભયંકર અને જોખમ ભરેલું આવે છે. **દુર્યોધનનું અભિમાન, તેને ઉન્માર્ગે લઇ ગયું.** ભાઇ ભાઇઓમા કલહ કંકાસપૂર્વક લડાઈ કરવામાં તે જ અભિમાને ઘણો ભાગ ભજવ્યો અને કૌરવોનું નિકંદન કરાવ્યું તેમજ અઢાર અક્ષૌહિણી સૈનિકોના પ્રાણો લીધા. આવું અભિમાન સર્વથા ત્યાગ કરવા લાયક છે. **શ્રી ઇન્દ્રભૂતિ (શ્રી ગૌતમસ્વામીને), અગ્નિભૂતિને** પ્રભુ મહાવીરસ્વામીના સહવાસથી કરેલ અભિમાન સફલ થયો

અને કૈવલ્યજ્ઞાન પામી સિદ્ધિપદને વર્યા. આવું અભિમાન તો કરવા લાયક છે. પણ બલ-કુલ-જાતિ-ઐશ્વર્ય વિગેરે આઠ પ્રકારના અભિમાનનો અવશ્ય ત્યાગ કરવો. દુનયવી સંપત્તિ મળતા અજ્ઞજનો જ અભિમાન કરે છે સમ્યગ્જ્ઞાનીઓને તો અભિમાન કરવા જેવું આ સંસારમા ભાસતું નથી, માટે તમોને સર્વથા અનુકૂલતા હોય તો પણ અભિમાન કરશો નહી. કારણ સાંસારિક અનુકૂલતાનો વિશ્વાસ કેટલો ? સમ્યગ્જ્ઞાનીઓની દૃષ્ટિ, આત્માના ગુણો તરફ હોવાથી તેઓને અભિમાનાદિક હોતું નથી. તેઓ સમજે છે કે વિપુલ વૈભવ સાધનસામગ્રી મળી હોય તો પણ આખરે આયુષ્ય પૂર્ણ થઇ નેરે [illegible] અત્રે મૂકી પરલોક જવું પડે એમ છે, સાથે તે આવી [illegible] એમ નથી જ અગર આયુષ્ય દરમ્યાન તે પુણ્યક્ષયે [illegible] જવાનો તેનો સ્વભાવ છે. ક્ષણભંગુર અને વિયોગવાળી [illegible] પ્રાપ્ત કરી અભિમાન કોણ કરે ? સર્વ પાપોનું [illegible] લોભ છે તેમ અભિમાન-અહંકાર પણ છે. લોભ માન મમતા-આસક્તિ-અદેખાઈ વિગેરે મોહનૃપના છે. સમ્યગ્જ્ઞાન યોગે અભિમાન-મમતા વિગેરેનું [illegible] થાય છે તો મોહનૃપનું બલ ઓછું થાય છે

૫૧૫. આત્મધર્મમાં ઋદ્ધિ-સિદ્ધિ [illegible]

[illegible] રહેલ છે. સંયોગસંબંધે મળેલી વસ્તુઓને [illegible] તમોને અધિક છે, પણ તેના [illegible] છે. તેનો [illegible] ન હોવાથી તે [illegible] જીવન પૂર્ણ [illegible] છે, તમોને જે [illegible] [illegible] તે [illegible] [illegible]

મલિનતા-ઉદાસીનતાને બદલે ઉત્સાહ, આનંદ અને ઉન્નતિ થાય. અનાદિકાલની દીનતા-હીનતાનો નાશ થાય અને અનંત ઋદ્ધિ-સિદ્ધિ અને શુદ્ધિના સ્વામી બનાય, માટે મનોવૃત્તિને નિર્મલ કરીને આત્મશ્રદ્ધાને ધારણ કરો.

૫૨૧. પ્રભુ મહાવીરસ્વામીએ, આત્મોન્નતિ માટે જે જે આજ્ઞાઓ ફરમાવી છે, તે આજ્ઞાઓનું પાલન કરવા માટે મનુષ્યોમાં શક્તિ રહેલી છે. અને આજ્ઞાઓનું પાલન કરીને ઉન્નતિના શિખરે આરૂઢ થવાય, એવી જ ફરમાવેલી છે. પાપસ્થાનકોનો નિષેધ કરવાપૂર્વક તેઓના વિચારોનો પણ નિષેધ દર્શાવેલ છે. પાપસ્થાનકોની વિચારણા તેમ જ આચરણાનો યથાશક્તિ જો ત્યાગ થાય તો જરૂર માણસો નિર્ભય, નિઃશંક બને. તેઓના મનમા દીનતા-હીનતા-ગરીબાઈ જેવું કાંઇ ભાસે નહી. શારીરિક, માનસિક અને આત્મિક ઉન્નતિ, ઉત્તરોત્તર વિકાસ પામતી રહે. જેમ જેમ પ્રભુ આજ્ઞાનું પાલન, તેમ તેમ શારીરિક, માનસિક અને આત્માની શુદ્ધિ થતી જાય છે. પ્રભુ આજ્ઞાના પાલનની રુચિ, તે સમકિત કહેવાય છે, અને તે સમકિત-શ્રદ્ધામાં ત્યાગવાલાયક-જાણવાલાયક અને મેળવવાલાયક અર્થાત્ હેય, જ્ઞેય અને ઉપાદેયનું ભાન ભાન થાય છે; એટલે જે માન્યતા-વિચારણા પ્રથમ હોય છે તે બદલાઇને તેજ માન્યતા અને વિચારણા આત્મિક ગુણો તરફ વલણ લે છે, એટલે અસત્યને અસત્ય તરીકે માનવા તૈયાર હોય છે, અસત્યને સત્ય તરીકે માનવા તે શ્રદ્ધાવાન્ તૈયાર હોતા નથી, તેથી તેમને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને મિથ્યાજ્ઞાનમાં શ્રદ્ધા રહેતી નથી. સદ્વિચારણાના યોગે અને સમ્યગ્જ્ઞાનના યોગે મોહ

મમતાના તેમજ વિષય-કષાયના વિચારો અને વિકારો ખસવા માંડે છે. પાપસ્થાનકોમાં મનોવૃત્તિનો અભાવ હોવાથી દુન્યવી પદાર્થો તરફ જેવું આત્મિક ગુણો તરફ આકર્ષણ હોય છે તેવું હોતું નથી. એટલે દુન્યવી પદાર્થો તરફની ચિન્તા-સંતાપ કે પરિતાપ હોતો નથી. કદાચ ચિન્તા વિગેરે થાય તો સ્વલ્પ સમયમા નાશ પામે છે.

માનસિક વૃત્તિ બદલાય છે, ત્યારે નસીબ પણ આપે આપે બદલાતું રહે છે; માટે સદ્ભાગ્યના લ્હાવા લેવા હોય તો પ્રભુ-આજ્ઞાને મસ્તકે ચઢાવો. નિરાશા-ભય-શંકા અને ચિન્તાનો ત્યાગ કરી પ્રભુઆજ્ઞામા રંગાઈ જવું જોઈએ-પ્રભુઆજ્ઞામા રંગાઈ જવું તે. મહાપ્રયત્ને મળેલા પ્રાણોની સફલતા છે અને ભાગ્યયોગે પ્રાપ્ત થએલી અનુકૂલ સાધનસામગ્રીની સાર્થકતા છે. તે સિવાય મળેલા પ્રાણો તથા મળેલી સાધન-સામગ્રી, રહેલો વૈભવ કે સંપત્તિ પરિવાર વિગેરે ચિન્તાજનક તથા ભયભીત બનાવનાર તેમજ વારંવારે શંકાસ્પદ છે. સત્યસુખ આપનાર જો કોઈ હોય તો, પ્રભુઆજ્ઞાના પાલનથી ઉત્પન્ન થએલ શુભ અને શુદ્ધ મનોવૃત્તિ છે; કારણ કે શાંત બનેલી મનોવૃત્તિમા ખોટા વિચારોને આવવાને અવકાશ રહેતો નથી સદ્વિચારો હોવાથી દુન્યવી પદાર્થોમાંથી આસક્તિ ઓછી થાય છે, અને સુદેવ, સુગુરુ અને સુધર્મ તરફ અધિક આકર્ષણ થાય છે. તેથી આત્મના ગુણોની સોળકળા ઉત્પન્ન કરી બંધાતા અટકે છે અને સંવર-નિર્જરા કરી રહે છે.

૨૨૨. દિવ્ય સ્વરૂપ. આપણને જ્યારે કોઈ પ્રતીતિ થાય છે કે આવશ્યક વસ્તુ માટે આપણે આપણી જાતની બહાર દૃષ્ટિ

નાખવાની જરૂર નથી; જ્યારે આપણા જાણવામાં આવશે કે સમસ્ત વસ્તુઓનો ભંડાર આપણી તૃષા નિવૃત્ત કરી શકે એવો દિવ્ય ઝરો, આપણા પોતાનામાં જ રહેલો છે ત્યારે આપણને કોઇ બાબતની તંગી રહેશે નહી, પણ અખૂટ ભંડારનો સાક્ષાત્કાર કરવા માટે આપણે માત્ર આપણા આત્મામાં જ ઊંડા ઉતરવાની આવશ્યકતા છે. દુઃખની વાત એ છે કે, આપણે આપણી અનંત સમૃદ્ધિના ભંડાર તરફ નજર પણ કરતા નથી. સમસ્ત વસ્તુઓને અર્પણ કરનાર પરમ શક્તિની સાથે આપણે રહી શકીએ તેવા છીએ પણ રહેતા નથી.

૫૨૩. જે વસ્તુ પર આપણે ચિત્તને એકાગ્ર કરીએ છીએ તે વસ્તુ જ આપણે મેળવીએ છીએ. આપણી પરિસ્થિતિ, આપણો દરજ્જો, આપણી અનુકૂલતા અને પ્રતિકૂલતા વિગેરે આપણી તલ્લીનતાના પરિણામો છે. જો આપણે રંકતા–દીનતા–હીનતા પર આપણા મનને એકાગ્ર કર્યું હશે તો તે સ્થિતિ પ્રાપ્ત થવાની, અને આત્માના ગુણો પર એકાગ્રતા ધારણ કરશો તો અખૂટ સમૃદ્ધિનો ભંડાર હસ્તગત થશે. આરોગ્ય, સુખ તથા સમૃદ્ધિ પ્રાપ્ત કરવી એ આપણો જન્મસિદ્ધ હક્ક છે; માટે આપણે આપણા હક્કનો સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરીશું તો અવશ્ય તે આપણે મેળવી શકીશું.

૫૨૪. અનંત સમૃદ્ધિના ભંડાર એવા આત્મિક ગુણોની પાસે રહેતાં શીખવું તેના જેવું અન્ય શિક્ષણ નથી. ઘણા માણસો પોતાના આત્માને વિષય કષાયના વિચારોમાં તથા વિકારોમા કેદ કરે છે, અને પછી મુક્ત થવાનો મિથ્યા પ્રયત્ન કરતાં પાંજરાના પંખીની માફક પોતે જ ઉત્પન્ન કરેલ

કેદખાનાની દિવાલ સાથે પોતાની જાતને અફળે છે, અને પીડાઓના પોકારો પાડ્યા કરે છે. પોતાના વિચારો અને વિકારોજ કેદખાના ઊભા કરે છે અને તેમાજ ફસાઈ પડે છે, એમા અન્ય નિમિત્તોનો શો દોષ? જેઓ વિષય કષાયના અગર રાગ-દ્વેષ-મોહના વિકારોના કેદી બનતા નથી, તેઓ સ્વતંત્રતાના સ્વામી બની આત્મકલ્યાણ સાધવા માટે સમર્થ બને છે અને અક્ષય-અનંત સુખના અધિકારી બને છે.

અક્ષય-અનંત સમૃદ્ધિના જેઓ અધિકારી હોય છે, એ મહાશયોને દુન્યવી ઋદ્ધિ-સિદ્ધિ તરફ આકર્ષણ હોતું નથી, તેથી તેઓ ઉદાર બની મળેલી મિલકત જનકલ્યાણ માટે વાપરે છે, એમા સંકોચ લાવતા નથી. કહેવત છે કે-ઉદાર માણસ આપીને શ્રીમંત બને છે અને કૃપણ માણસ પનને સાચવીને ગરીબ બને છે.

પરપ. સંકુચિત મનના કંજુસ અને નકામીલ મનુષ્ય તરફ સમૃદ્ધિનો પ્રવાહ કે ઝડો વહેતો નથી અને વહેતો પણ નથી. આપણી જેટલી ઉદારતા-હૃદયની વિશાલતા તેટલીજ સમૃદ્ધિ આપણને પ્રાપ્ત થાય છે અને ઘણે ઠેકાણે પ્રવાહને બીજો પ્રવાહ આવીને પ્રાપ્ત થાય છે-મળે છે અને બન્ને વધેલા પ્રવાહને બીજો ચોથો મળી નદીના સ્વરૂપને ધારણ કરે છે. નદીસ્વરૂપ બનેલા તે પ્રવાહો સૂકાઈ જતા નથી અગર તેઓનો પ્રવાહ બંધ રહે છે. આપણે જો કૃપણતા, દુર્બુદ્ધિ-સંકુચિતપણા કરીશું તો અનંત સુખના પ્રવાહો બંધ પડશે અને મળતા મળવાની નથી. માટે સજ્જનો ઉપર દર્શાવેલા ઉદાર વિચાર અને વિવેક કરવાની જરૂરી આપણે

રૂપી જલવડે દૂર કરવા જોઈએ; તેથી અશાંતિ, ઉદાસીનતા–ચિન્તાઓ–અસ્વસ્થતા દૂર ખસે છે અને શાંતિ–ઉલ્લાસ–સ્વસ્થતા વિગેરે ઉપસ્થિત થાય છે અને આનંદની ઊર્મિઓનો આવિર્ભાવ કરવા સમર્થ થવાય છે. માનસિક વિકારોએ જે આપણું બગાડયું, તેવું અન્ય કોઈ વ્યક્તિએ બગાડયું નથી. માનસિક વિકારોએ જે તાકાત હણી છે, તેવી તાકાત અન્ય કોઇએ નાશ કરી નથી, માટે માનસિક વિકારોને સદ્વિચાર અને વિવેક કરીને ટાળવા માટે પ્રયત્ન કરવો તે આવશ્યક છે. દરેક ક્રિયાઓમા મનના વિચારોની શુદ્ધિ હશે તો જ તે ક્રિયાઓ ફલવતી બનવાની. શંકા–કાંક્ષાદિને દૂર કરનાર જો કોઈ હોય તો સમ્યગજ્ઞાનપૂર્વકની થએલ મન:શુદ્ધિ છે. મન:શુદ્ધિનું રક્ષણ કરવા માટે સદાય સદ્વિચારો અને વિવેક કરવો અને પુદ્ગલંબનનો આશ્રય લેવો જોઇએ.

૫૩૦. **કોઈ પણ સંયોગોમાં નિરુત્સાહ, નિરાશા, ઉદાસીનતા કે ક્રોધાદિક સહિત શયન કરશો નહી,** તથા કદી પણ ગુસ્સા સહિત, ચિન્તા કે વ્યાકુલતા સાથે શયન કરશો નહી અને કોઈ પણ માણસના ઉપર ધિક્કારની, દ્વેષની ભાવનાનો ત્યાગ કરીને સૂઈ જવું હોય તો સૂજો. દિવસના વિષય કષાયના વિકારોનું પોષણ, રાત્રીએ શયન કરતા અધિક થાય છે, તે વિકારોને હઠાવવા માટે એકેય ઉપાય ઊંઘમાં રહેતો નથી. એટલે કામકાજના અંગે દબાઇ રહેલા વિકારો નિદ્રામા જાગ્રત્ થાય છે તેથી શાતિપૂર્વક નિદ્રા આવતી નથી, માટે નવકાર મંત્ર ગણતા રહેવું.

૫૩૧. **સખત કારણ, ગુસ્સાનું મળ્યું તો પણ**

બીજાઓ ઉપર ક્રોધાતુર બનવું તે પોતાને હિતકર નથી, તો પછી ક્રોધાદિના કારણો ગયા પછી ગુસ્સો-દ્વેષ-અદેખાઈ ધારણ કરવી તે હાનિકર હોય-શક્તિનો હ્રાસ કરનાર હોય: તેમા શી નવાઈ ? તમારું સત્યસત્ત્વને ચૂસી જનાર ક્રોધાદિકને મિત્ર માનશો નહી. તે તો શત્રુ તરીકે હોવાથી કદાપિ તમારું શ્રેય કરશે નહી. કારણ તેનો એવો સ્વભાવ છે. જીવન અલ્પ છે. અને સમય એટલો બધો કિંમતી છે. કે કોઈ પણ પ્રકારે વિષય કષાયના પોષણમા તે સમય વૃથા ગુમાવવો નહી રાત્રીએ શયન પહેલાં શાંત બનો

પક૨. સદ્ભાવનાથી કે વિવેકથી આત્મામાં-તેના ગુણોમાં શ્રદ્ધા પ્રીતિ વધે છે અને રાગ-દ્વેષ-મોહ-મમતા વિગેરે દુર્ગુણો ટળે છે, વસ્તુઓના સત્ય સ્વરૂપને જાણ્યા વિના સદ્વિચાર કે વિવેક આવતો નથી. માટે વસ્તુઓના ગુણદોષોને જાણવા જોઇએ. જે ચિન્તાઓ-સંતાપ કે પરિતાપાદિક થાય છે, તેનું કારણ વસ્તુઓના સ્વરૂપની અજાણતા છે, વસ્તુસ્વરૂપનું જો બરોબર જ્ઞાન થાય તો ચિન્તા-સંતાપ વિગેરે થાય નહી. આત્મિક ગુણોમા જેઓને પૂર્ણ પ્રતીતિ છે તેઓને ઈષ્ટનો લાભ થાય અગર તેનો વિયોગ થાય કે ઇષ્ટ પ્રમાણે ખાતીને મળે નહી તોપણ આનંદમા તેઓને ખામી થતો નથી, પરંતુ આત્મિક ગુણોમા અધિક દૃઢતા થાય છે

આત્માના ગુણોમા જેઓને પૂર્ણ શ્રદ્ધા છે, તેઓને [illegible] જ્યારે [illegible], મમતા-રાગ-દ્વેષને વિગેરે [illegible] આત્મિક વિકાસમ [illegible] [illegible]

મળતો રહે છે અને રાગ-દ્વેષ-મોહ-અદેખાઇને આવવાના દ્વારો બંધ થાય છે; કોઇ પ્રકારનો ભય રહેતો નથી. સત્ય સુખને પ્રાપ્ત કરવાનું સાધન જો કોઈ જગતમા હોય તો જયવંતી આત્મશ્રદ્ધા છે.

૫૩૩. હીનતા કે દરિદ્રતાના વિચારો તે પણ માનસિક વ્યાધિ છે. અને આ વ્યાધિ, અદેખાને-મોહમુગ્ધને બહુ સતાવે છે અને વિવિધ વિડંબનાઓમાં ફસાવે છે. દીનતા હીનતાના વિચારોવાળાઓ તે દીનતા હીનતાનો ત્યાગ કરવા ઘણી ઉથલપાથલ જગતમાં કરે છે, કઇકને પરસ્પર લડાવી મારે છે, કાવાદાવા કરવામા જીવનપર્યંત પ્રયત્ન કરે છે તોપણ, ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર, તેના જેવું પરિણામ આવે છે, કોઇ પ્રકારનો સાર મળતો નથી. જ્યા સુધી આ વ્યાધિ જોરમાં હોય ત્યાં સુધી નરેન્દ્ર કે ઇન્દ્રને સ્વપ્ને પણ સત્ય સુખનો અનુભવ આવતો નથી અને નિરાશા-ભીતિ-તથા આધિ વિગેરે દૂર ખસતા નથી.

૫૩૪. જેઓના વિચારો ઉચ્ચકોટીના હોય છે, તેઓના ઉચ્ચારો અને આચારો ઉચ્ચકોટીના બને છે, અને આધિ-વ્યાધિ અને વિડંબનાઓને આવવાનો અવકાશ મળતો નથી તથા તેઓનું જોર ચાલતું નથી.

મનુષ્ય જેવા મનુષ્ય થઇને અનંતશક્તિના અને અનંત સત્તાના સ્વામી હોતે છતે, નિરાશા ધારણ કરો છો અને ચિન્તાઓમા જીવન પસાર કરો છો, તે આશ્ચર્યની ખીના છે. જો તમે તમારા સદ્ગુણોને ઓળખી સમ્યગ્જ્ઞાનપૂર્વક ગુણવાન્

બનો તો, આધિ-વ્યાધિ વિગેરે ટકી શકે નહી; આત્મામાં અનંતશક્તિ અને સત્તા ભરપૂર રહેલી છે, છતા તેઓના તરફની રુચિ નહી હોવાથી અને સમ્યગજ્ઞાનાભાવે અને તેની ક્રિયાઓના અભાવે દબાએલી રહી છે, માટે સ્થિરતાને [illegible] કરીને તેના દબાણને દૂર કરવા પ્રયત્ન કરો. જ્યારે કુસંસ્કારનુ-અશુભ વાસનાનું દબાણ ઓછું થશે, અને સદ્ભાવના તથા વિવેક જાગ્રત થશે ત્યારે તે સત્તા અને શક્તિ તરફ દૃષ્ટિ પડશે અને સત્તા અને શક્તિના સ્વામી બનવા માટે બળ ફેલવાશે અને સાચા અધિકારી બનશો.

પડપ. સદા સર્વથા અને સર્વત્ર સદ્ગુણોનુ પ્રાધાન્ય છે. સદ્ગુણો સિવાય મહામહેનત કરીને મેળવેલ જ્ઞાન તેમજ ચાલાકી-બોલવાની પ્રવીણતા શોભારૂપ બનતી નથી. આત્માની શ્રદ્ધા તે પણ સદ્ગુણ છે. તેના આધારે ક્રિયારૂપ [illegible] થાય છે. જો જ્ઞાન હશે પણ શ્રદ્ધા નહી હોય તો પાપિક ક્રિયામા ઉપેક્ષાભાવ રહેશે અને ઉપેક્ષાથી જ્ઞાનનું જે કાર્ય હશે તે સાધી શકાશે નહી, માટે પ્રથમ શ્રદ્ધા રાખવાની આવશ્યકતા છે. આત્મામા અનંતશક્તિ, અનંતજ્ઞાન, અનંતસત્તા સમાએલ છે-એવી દૃઢ શ્રદ્ધા હોય તોજ તેનો આવિર્ભાવ કરવા પ્રયાસ થાય છે અને લાગણી થાય છે. આત્મિક શ્રદ્ધા તે સ્વર્ગનું નિશાન છે, અને અનંતસુખની ચાવી છે. જગતમા ત્યાગ કરવા [illegible] પણ વિશ્વાસથી સફલ થાય છે. [illegible] કરે તે [illegible] સ્થિતિ છે તે અસત્યવત્ થાય છે. [illegible] [illegible] [illegible]-[illegible] [illegible] [illegible] [illegible] [illegible].

[illegible]-[illegible]-[illegible]-[illegible]-[illegible]-[illegible] [illegible] [illegible] [illegible].

ઓના મહાન્ શત્રુ છે. તેઓને હઠાવવા માટે અતિશય બલને ફોરવવાની ખાસ અગત્યતા છે.

૫૩૬. **જેઓ સંયોગોના દાસ બનતા નથી, તેઓજ** સ્વાધીનતાને પ્રાપ્ત કરવા સમર્થ બને છે. સ્વાધીનતા તમારી વાટ જોઈ રહેલ છે કે ક્યારે માનવીઓ સંયોગોમાંથી મુક્ત બને અને મારી પાસે આવે. આત્માના ગુણોની શ્રદ્ધાવાળાઓ સંયોગોથી પર થવાની તૈયારી કરતા હોય છે. કોઈ પણ દુન્યવી સંયોગોના દાસ બનતા નથી. તેમને નિરાશા–આશંકા, ભય વિગેરે જે વિઘ્નો કરનાર છે, તે તો તેઓનાથી દૂર હઠે છે. ઘણાખરા માણસો, ભય–શંકા અને નિરાશાથી આળસુ–પ્રમાદી અને ભાગ્યના ભરોસે બેસી રહેનાર હોય છે, તેથી ભય–શંકા વિગેરે તેમને આવીને વળગે છે અને આત્મોન્નતિમાં આગળ વધી શકવા શક્તિમાન્ બની શકતા નથી; ભય–શંકા–નિરાશા–તેમજ અહંકાર–અદેખાઈ વિગેરે દગો દેનારા અને મ્હોટા શત્રુઓ છે.

ભયાદિકનો ત્યાગ કરી જે મનુષ્યો નિર્ભય બની આત્માના ગુણોનો વિકાસ કરે છે–તેઓ જ સત્ય સમૃદ્ધિ–સામર્થ્ય અને સંપત્તિના ભોક્તા બને છે; દુન્યવી સંપત્તિમાં તો વિયોગાદિનો ભય તથા શોક–સંતાપ–પરિતાપ વિગેરે સદાય રહેલા છે–તેમાં સત્ય શાતિ હોય ક્યાથી ? છતાં તેવી સંપત્તિમાં મુગ્ધ બની તેને મેળવવા માટે દોડ્યા જાય છે,–તેને મેળવવા માટે સર્વદા ચિન્તાઓ અને પરિશ્રમ કરતા માલૂમ પડે છે અને આવતી શાતિને ઠોકરે મારે છે.

૫૩૭. **ઉદ્યમ કરો, વસ્તુ મળશે.** આપણે આગ્રહ પૂર્વક જેનો વિચાર કરીએ છીએ અને જેને માટે બળપૂર્વક

૫૪૮. મનુષ્યો, કલ્યાણમય કે સંકટમય સ્થિતિ પ્રથમ વિચારોવડે ઘડે છે. આવી સ્થિતિ ઘડવાની યોગ્યતા પોતાનામાં જ રહેલી છે તો સુંદર વિચારોવડે કલ્યાણમય સ્થિતિ આપણે શા માટે ન ઘડવી ? દુ:ખમય સ્થિતિને ટાળવા માટે આપણે પ્રયત્ન તો નિરંતર કરીએ છીએ, તો પછી સુંદર વિચારોવડે સુખદાયી સ્થિતિ કેમ ન ઘડવી ? સુંદર વિચારોવડે આપણું ભાગ્ય–આપણો પ્રયત્ન સફલતાને પામે છે.

સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિના ભંડારરૂપ મહાન્ દિવ્ય અનંત શકિતના સ્વામી સાથે પદ્ધતિસરની અને ખરા અંતઃકરણની વિચારણા દ્વારા એકતાનતા–એકાગ્રતા સાધીને ગરીબાઇ–માંદગી–વ્યાધિ–આધિ કે બેચેનીને ટાળવાની શકિત દરેક માણસમાં રહેલી છે, એટલે આત્માના ગુણો સાથે એકતાનતા સાધવાથી વિવિધ પ્રકારની બેચેની તથા વ્યાધિઓ નાશ પામે છે અને કલ્યાણમય સ્થિતિ પ્રગટ થાય છે; અનંત ગુણગણના સાગર પરમાત્માની સાથે એકતાનતા એ જ સર્વ સુખ–સામર્થ્ય અને સમૃદ્ધિનું મૂલ છે; આ સિવાય સુખાદિક માટે પ્રયાસ કરવો વૃથા છે.

૫૪૯. મનુષ્યે પોતાના મનના દ્વાર ઉપર બરોબર દેખરેખ રાખીને માત્ર સુખ–સામર્થ્ય અને આબાદી આપે એવા અનુકૂલ વિચારો કરવાની આવશ્યકતા છે; આધિ બેચેની–આપત્તિ–વિડંબના–ઇર્ષ્યા–ના વિચારો રખેને ઘૂસી ન જાય તે માટે ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. જો માનસિક વિચારો ઉપર ખાસ લક્ષ રાખવામાં આવે તો ખરાબ વિચારોનો ભાર છે કે તે સારા વિચારોને ખરાબ બનાવે ?

સાત ભયથી ભયભીત બનવું તે મનુષ્ય જાતિ માટે મહા ભય અને પાપરૂપ છે બીજી કોઈ પણ વસ્તુ જેટલા જીવનોને દાબી દે છે, તે કરતાં ભય, જીવનોને વધુ દબાવે છે બીજી કોઈ વસ્તુ લોકોને જેટલા દુઃખી અને નિષ્ફળ કરે છે. તેના કરતા ભયાદિક, માનવીઓને અધિક દુઃખી અને પાયમાલ કરે છે, અને આત્મિક ગુણોમા શોકતાનતામા વારે વારે નિરાશને ઉપસ્થિત કરે છે. મારા જીવનનું શું થશે ? અમારી મરીશ અને અંતે ભીખારી બનીને ભટકવાનો બગણ વખત આવશે, મારો કોઈ આધાર રહેશે નહી. આવા આવા વિચારો કરીને માણસો ગભરાય છે પણ તેમને સમજણ નથી કે તેઓ [illegible] ઋદ્ધિ-સિદ્ધિ અને વૃદ્ધિના સ્વામી સાથે [illegible] પૂર્વક લગાવી છે તે દુઃખી અને બીખારી બને [illegible] બને જ નહી

૫૫૦. વર્ષોના વર્ષો, યુગોના યુગો સુધી મનુષ્યો એ પોતાના રોગની નિવૃત્તિ માટે [illegible] છે, પરંતુ તે તે રોગોની નિવૃત્તિ માટે [illegible] ભરપૂર રહેતી છે તેનો શોધ કરતા નથી [illegible] છે અંધાધુંધી [illegible] કરતા [illegible] કરવાની તાકાત [illegible] તેને લે [illegible] [illegible] [illegible]

યણ, સારી દુનિયામાં ભટકવાથી કે પૈસાઓ ખરચવાથી મળી શકે એમ નથી. જે અમૂલ્ય હોય તે મૂલ્યથી મળી શકે નહી અને મૂલ્યવડે ખરીદ કરનારને અમૂલ્ય ક્યાથી મળે ?

૫૫૧. શ્રદ્ધાએ સર્વ યુગોમાં ચમત્કાર કરી બતાવ્યો છે. શ્રદ્ધાના આધારે, એક લાકડાનો આકૃતિવાળો ટુકડો કે માટીની બનાવેલ મૂર્તિ કે દોરો ફલ આપવા સમર્થ બને છે. સુંદર અને ઉમદા વિચારોમા જો સાચી શ્રદ્ધા હોય તો અને મંત્રોમા સાચી શ્રદ્ધા હોય તો જરૂર આધિ-વ્યાધિને દૂર કરવા તે સમર્થ બને છે. જેઓએ સફલતા-સિદ્ધિઓ મેળવી છે, તે શ્રદ્ધાના આધારે જ. આત્મામા અને આત્માના ગુણોમા જેઓને સંપૂર્ણ શ્રદ્ધા છે તેઓજ દુન્યવી પદાર્થોમાથી આસક્તિ અલપ કરવા અગર મૂલમાંથી નાશ કરવા સમર્થ બને છે; જ્યા સુધી દુન્યવી પદાર્થોમાં આસકિત છે, ત્યા સુધી આત્માના ગુણોની શ્રદ્ધા બેસે નહી.

૫૫૨. સાચી સમજણ હોય અને વિપત્તિઓને સહન કરવાની તાકાત હોય તો જ, જગતની વિચિત્ર ઘટનાનું પરિવર્તન કરી શકાય છે; સુખ-દુઃખના સંયોગો પોતે જ ઉપસ્થિત કરેલ છે. મનમા જો સમજણપૂર્વક સહન કરવાની શક્તિ હોય તો દુઃખ, અને તેના નિમિત્તો સુખરૂપે પરિણામ પામે છે. ભાગ્યના ભરોસે બેસી રહેવાની આવી પડેલ દુઃખ ખસતું નથી અને સુખશાતિ આવીને મળતી નથી, માટે સહન કરવાની શક્તિને અવશ્ય પ્રાપ્ત કરવી. પંડિતોમા વિદ્વત્તા સારા પ્રમાણમા હોય પણ જો સહનતા ન હોય તો તેઓની ફીતસર કિંમત અંકાતી નથી અને પ્રશંસાપાત્ર બનતા નથી.

૫૫૩. માણસો આનંદ માટે સર્વદા અભિલાષાને રાખી રહેલા હોય છે. સાચો આનંદ ક્યારે ઉત્પન્ન થાય, કે જ્યારે શંકા–ભય–નિરાશા–ખેદ–દ્વેષ તથા આસક્તિનો ત્યાગ થાય ત્યારે જ આનંદ આપોઆપ આવીને મળે; આનંદ મેળવવાનો આ સાચો માર્ગ છે; ધનાદિક પરિગ્રહાદિકમાં દુઃખનો પ્રતિકાર છે પણ સુખ તો નથી, માટે શંકા–ભયાદિકને દૂરથી ચારિત્રશીલ બનો, આનંદ આપોઆપ આવીને મળશે. આનંદ, દોડીથી પણ ખરીદી શકાતો નથી, એ તો ચારિત્રશીલ જીવનથી અને વિષયકષાયના વિકારોનો ત્યાગ કરવાથી મળી શકે છે. જો આનંદ ખરીદી શકાતો હોય તો માણસ [illegible] મહાશ્રીમંતો પણ ધનાદિકનો વ્યય [illegible] તેઓ અને સુખને માટે હાય [illegible] પણ પ્રાપ્ત થયો નહીં; માટે સત્ય સુખ મેળવવું [illegible] ભય–શંકા–નિરાશા–દ્વેષ વિગેરેનો ત્યાગ કરી મોક્ષમાર્ગનું [illegible] જ્ઞાન કરો આવું સુખ આપવાની શક્તિ ચારિત્રમાં જ [illegible] કે, જ્યાં સુધી ચારિત્ર હોય ત્યાં સમ્યગ્જ્ઞાન અને [illegible] પણ [illegible] છે, આ સિવાય આનંદનો અન્ય માર્ગ [illegible]

૫૫૪. આપણે સ્વયં પ્રાણીઓ ઉપર તેમ જ મનુષ્યો ઉપર જેવા વિચારો–અભિપ્રાયો [illegible] તેવા વિચારોની અસર તેમના ઉપર થાય છે. [illegible]

થએલ છે. પૂર્વજન્મમાં માણસાઈ મેળવવાના વિચારો હતા તેથી જ મનુષ્યભવ મળ્યો. જો પશુવૃત્તિના વિચારો હોત તો મનુષ્યભવ મળત નહી. એ તમોને ખબર તો છે કે કોઇ પણ કાર્ય પહેલાં તદ્યોગ્ય વિચારો આગળ હોય છે, સુંદર વિચારોથી સદ્ગતિની પ્રાપ્તિ થાય અને ખરાબ વિચારોવડે નીચ-હલકી ગતિ મળે. મિત્રો ઉપર-સગાંવહાલાં પર તેમ જ પોળ-પાડાના, અરે જ્ઞાતિના-સમાજના-દેશના કે રાષ્ટ્રના સર્વે પ્રાણીઓ ઉપર મિત્રતાના સુંદર વિચારો રાખ્યા હોય તો તે મિત્રો વિગેરે આપણા ઉપર ખરાબ ભાવના રાખશે નહી-મૈત્રીભાવના ધરાવશે. સગાવહાલા ઉપર પ્રેમ રાખીએ તો જ તેમનાં કડવા વચનો સહન કરાય છે. માનસિક વૃત્તિ પણ સદ્વિચારોના આધારે શાત બને છે, ઘણા ઉછાળા મારતી નથી. ધાર્મિક ક્રિયાની સાર્થકતા પણ સદ્વિચારો અને સદ્ભાવનાના આધારે જ રહેલી છે, માટે કોઇ પણ પ્રાણીઓ ઉપર દ્વેષાદિ ધારણ કરો નહી, પણ મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થતાના વિચારો કરો. આવા વિચારોથી જ અવશ્ય આપણું પોતાનું પણ કલ્યાણ સધાય છે એટલે આત્મવિકાસમાં તેવા વિચારો, સારા પ્રમાણમા સહકાર આપવા સમર્થ બને છે. અદેખાઇના વિચારોથી સદ્વિચારોમા વિઘ પડે છે. તેથી જ વિનય, વિવેક, સભ્યતા રહેતી નથી અને જે મુખમા આવે તે પ્રમાણે ફેંકયે રખાય છે.

જો અવળી-ખરાબ માન્યતા હોય છે, તો સદ્વિચારો અને વિવેકાદિ ખરાબ અને અવળા થાય છે. એટલે મિથ્યાત્વ અને અવિરતિ આવીને ઉપસ્થિત થાય છે અને મિથ્યાત્વ-અવિરતિના યોગે મનુષ્યો વિષયકષાયમા રાચીમાચી રહેલ હોવાથી સદ્વિચારો

અને વિવેક પુનઃ પ્રાપ્ત થવો દુર્લભ બને છે. જેટલો સમય સદ્વિચારોમાં વ્યતીત કરશો, તેટલો સમય સફળ બનશે. નિરન્તર અહોનિશ સદ્વિચારો રાખીએ તો જ [illegible] ળી શકે.

૫૫૫. દુષ્ટ વિચારો તથા ભાવનાઓ. રાગ-દ્વેષ અને મોહના વિકારોને વધારી મૂકે છે અને સદ્ભાવના, સદ્વિચારો, રાગ-દ્વેષ અને મોહના વિકારોને દબાવી નેગોના મૂળને [illegible] નાખે છે, તમારે રાગ-દ્વેષ અને મોહના વિકારોને [illegible] કરવા હોય તેમજ મૂળમાંથી નાશ કરવા હોય તો, સદ્વિચાર [illegible] સદ્ભાવના સિવાય અન્ય ઉપાય નથી. મોહના [illegible] છે પણ માનસિક સુખશાંતા આપણા હાથમાં છે, [illegible] પણ સારી ભાવના હશે તો હેત-પ્રેમ રાખીને [illegible] ને સંભાળી સ્વાત્માને નિર્મલ કરીને પોતાના [illegible] [illegible]

પોષીને ખુશી થનાર તે કર્માત્મા કે પાપાત્મા કહેવાય; તથા ઉત્પન્ન થએલ પાપવૃત્તિને તેના પરિણામનો વિચાર કરી સમ્યગ્જ્ઞાનપૂર્વક દાબી દેનાર અગર તેનો સર્વથા ત્યાગ કરનાર, તે પુણ્યાત્મા કે ધર્માત્મા કહેવાય.

૫૫૮. પરાધીનપણાએ, અસંખ્યાતા વર્ષો સુધી ભૂખ તરસ સહન કરી તો પછી સ્વાધીનતાએ તપ-જપ અને સંયમ ની આરાધના થોડા વર્ષો પણ કેમ ન કરવી ? જીવનમાં ચંચલ-મા ચંચલ ધન, યૌવન અને આયુષ્ય છે; છતા તેઓનું રક્ષણ કરવા ખાતર માનવો અકથ્ય પાપારંભો કરી રહેલા છે; તેઓમાં એટલી પણ અક્કલ રહેતી નથી કે પાપો કરીને પોષાએલ ધન, યૌવન અને આયુષ્ય કેવી રીતે રહેશે ?

૫૫૯. અષ્ટાદશ પાપસ્થાનકોને સેવી સુખેથી જીવન ગુજારવાની ભાવનાવાળા ભૂલો કરી રહેલ છે, કારણ કે પાપસ્થા-નકોનું સેવન કરીને કોણે સુખરૂપ જીવન ગુજારેલ છે ? કોઇએ કદાપિ ગુજારેલ નથી જ. સુખરૂપ જીવન તો પાપભીરુ બની, અહિંસા, સત્ય અને સંતોષના સ્વામી હોય તે જ ગુજારી શકે અને તેઓ સ્વજીવનનો લ્હાવો લઇને ઉચ્ચસ્થિતિને પ્રાપ્ત કરી શકે.

૫૬૦. સાપ, કેફ અને પાણીની રેલ કરતાં પણ વિષય કષાયમાં રક્ત બનવું તે મહાઅનર્થકારી છે; કારણ તે વિષયાદિમા રક્ત બનવાથી નરકાદિકના કષ્ટો પણ ઉપસ્થિત થાય છે; ત્યા સ્વપ્ને પણ સુખ હોતું નથી. ભયના ભણકારા સદા આવ્યા કરતા હોય છે એટલે વિષયકષાયમા રક્ત ન બનતાં તેઓને દૂર કરો.

૫૬૧. બાહ્યાત્મા લાલચુ-લંપટ અને લુચ્ચો બને તેમાં અજ્ઞાનતાનો દોષ રહેલો સમજવો. તે જ [illegible] સદ્ગુરુના સહવાસથી અન્તરાત્મા જ્યારે બનશે ત્યારે જ [illegible] દુર્ગુણોનો ત્યાગ કરવા તત્પર બનવાનો. માટે તેનો [illegible] રક્ષાદિ ન કરતા સમજવાનો પ્રયાસ કરવા [illegible] [illegible] સમાએલ છે અને ઉન્નતિનો આધાર પણ [illegible]

૫૬૨. જે આનંદ તેમજ વિનોદ બાહર બાહર ફાંફા મારો છો, તે જ આનંદ અને વિનોદ [illegible] વધવામા વિઘ્નકર્તા બનશે તેમજ [illegible] ઋદ્ધિ-સિદ્ધિ અને વૃદ્ધિને તોડી લેશે, માટે [illegible] આનંદ અને વિનોદ માનો! આ જ આત્માના [illegible] અને વિનોદ ખરા પ્રમાણમા આપવા [illegible] ના શત્રુઓને પણ હટાવી શકો, અન્તરના [illegible] પછી બહારના શત્રુઓનો ભાર નથી કે તેઓ [illegible]

ઠગારી, તૃષ્ણા, રાજામહારાજાઓની ગાદીની પણ બરબાદી કરી નાખે છે. તૃષ્ણા, દુન્યવી વસ્તુઓથી શાંત થતી નથી. શાંત બનતી હોય તો સદ્ભાવના સહિત સમત્વભાવ ધારણ કરવાથી, માટે રાગ–દ્વેષ અને મોહને હઠાવી સમતા રાખો.

અધિક પૈસા પરિવાર વિગેરેથી બેકારી કે બદી ખસતી નથી પણ રાગ–દ્વેષ અને મોહ વિગેરેના વિકારોનો ત્યાગ કરવાથી બેકારી કે બદી ખસે છે. બેકારી અને બદી વિષયવાસનાઓએ જ ઊભી કરેલી છે, તે પૈસાદિકથી કેવી રીતે ટળે?

૫૬૫. પાપી માણસ કરતાં પાપનો ઉપદેશ આપનાર તેમજ તેનો પ્રચારક અતિ ભયંકર છે; પાપી પોતાના જ આત્માને ડુબાડે છે અને પાપનો પ્રચારક અન્ય માણસોને પણ દુર્ગતિનું ભાજન બનાવે છે. પાપી પોતાનો ઘાતક છે અને પ્રચારક સ્વપરનો ઘાતક છે.

૫૬૬. પુરાણા ઇતિહાસની શોધખોળ કરનારાઓએ પોતે ક્યા હતો? અને ક્યાથી આવ્યો તેની પણ શોધ કરવાની આવશ્યકતા છે; ફક્ત પૂર્વના ઇતિહાસની શોધખોળ કરે પણ પોતાની સ્થિતિ પ્રથમ કેવા પ્રકારની હતી તેની તપાસ ન કરે તો તેથી લાભ શો?

૫૬૭. કોઇ ચીજની અછતનો અને ગરજવાન ઘરાકની ગરજનો લાભ ઉઠાવીને તે વસ્તુના મુખમાગ્યા દામ લેવા એ પણ એક જાતની અનીતિ કહી શકાય. નીતિમાન્ તો તેવા પ્રસંગે યોગ્ય કીંમત લે! અધિક લે નહી.

૫૬૮. મુનિના નામનો તેમજ વેશનો મોહ રાખનારે

તીઓ કર્મોવડે થએલ છે. આ કર્મોનો સમૂલ નાશ
જીવ અને શિવમાં તથા સંસારી અને સિદ્ધમાં
રહે નહી. આ ભેદભાવને મૂલમાથી કઢાવવાની શક્તિ
આત્મામાં જ રહેલ છે. જો આપણો આત્મા, સિદ્ધ
વિકારોનો ત્યાગ કરી તથા અહંકાર મમતાને
ગુણોમા અહોનિશ રમણતા કરે તો જીવ ને શિવ
પડેલ ભેદભાવ રહે નહી, જ્યા સુધી આપણો આત્મા,
સ્વરૂપ ભૂલીને વિભાવ દશામા રહેલા છે. ત્યા
દૂર અસવાની નહી જ, અને મોહના આવરણ
નહી, માટે પ્રથમ પાચ ઇન્દ્રિયોની આસક્તિનો
માનસિક વૃત્તિઓને આત્મિક ગુણોમા
નમા સ્થિર કરો
ના પ્રયત્નોવડે—આત્માની શક્તિઓ
તેની જ પોતાના સ્વરૂપને ભૂલી બાહ્ય
આ જીવ, દશાથી પરેલ છે આત્મિક
ને આવિર્ભાવ ત્યારે જ થાય છે

૫૭૩. પ્રત્યેક પ્રાણીઓ, સત્તાએ તો સિદ્ધ સમાન છે પણ રાગ-દ્વેષ અને મોહ જ્યાં સુધી રહેલ છે ત્યાં સુધી કેવલજ્ઞાની કે સિદ્ધ સમાન બનતા નથી અને કેવલજ્ઞાન સિવાય આધિ, વ્યાધિ અને ઉપાધિના સંકટો ટળતા નથી. જ્યારે રાગ-દ્વેષ અને મોહના વિકારો મૂલમાંથી દૂર ખસે ત્યારે કૈવલ્ય જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે. આત્મા જ્ઞાનમય, દર્શન અને ચારિત્રમય બને છે અને સર્વ દુઃખોથી મુકત બની અઘાતીઆ કર્મોનો ઘાત કરી સિદ્ધપદના અનંત સુખનો સત્ય અનુભવ કરે છે; આ અનુભવ, અપૂર્વ હોય છે તેમજ અનુપમ-અનંત હોય છે. જગતમાં કોઇ પણ વસ્તુઓ, તેની બરોબરી કરી શકે નહી.

૫૭૪. અનેકાંતદૃષ્ટિ તે સાપેક્ષ દૃષ્ટિ છે. અનેકાંત-દૃષ્ટિથી રાગ-દ્વેષ અને મોહના વિચારો અને વિકારો ટળે છે અને આત્મસ્વરૂપનું ભાન થાય છે. જેઓને અનેકાન્ત દૃષ્ટિનો લાભ મળતો નથી તેઓ જ રાગ, દ્વેષ અને મોહના ગાઢ બંધનોમા બંધાતા રહે છે, તેથી પરાધીનતા ખસતી નથી અને સ્વાધીનતા સ્વયં આવીને મળતી નથી. જગતનો વ્યવહાર, સાપેક્ષ દૃષ્ટિ સિવાય સુગમ અને સરલ બનતો નથી. તેમજ થએલ ભૂલો તથા થતી ભૂલો પકડાતી નથી-સમજાતી નથી-સમજ્યા સિવાય સુધારી શકાતી નથી, તેથી ભૂલોની પરંપરાથી વ્યાવહારિક કાર્યો પણ હિતકારક ન બનતાં દુઃખદાયક નીવડે છે. જો વ્યાવહારિક કાર્યોમાં સાપેક્ષતાપૂર્વક વર્તન રાખવામા આવે તો, વેર-વિરોધ-કલહાદિક ઉત્પન્ન થાય નહી. અને તે વ્યવહાર શુભ બની શુદ્ધિને મેળવવામાં અસાધારણ સાધન બને.

અનેકાંત-સ્યાદ્વાદ દૃષ્ટિમાં વિઘ્ન કરનાર જો કોઇ હોય તો

એકાંત દૃષ્ટિ છે. એકાંત દૃષ્ટિથી જ માનસિક અશાંતિ [illegible]
છે. તથા અહંકાર-રાગ-દ્વેષ અને મોહ નૃપની [illegible]
છે, એટલે જે સત્ય વસ્તુ હોય તે સમજાતી [illegible]
દ્વૈતતામાં વિનો આવીને અસત્ય ક્ષણવિનાશી [illegible]
અધિકાધિક વલણ વધતું રહે છે એકાંત [illegible]
જાગતો જ રહે છે, તેથી વિશ્વના પ્રાણીઓ [illegible]
પ્રમોદ ભાવના-અનુકંપા અને માધ્યસ્થતા [illegible]
દ્વેષ-અદેખાઈ-ઇતરાજીને આવવાનો અવકાશ [illegible]

૫૭૫. વસ્તુતઃ અનેકાંત-સ્યાદ્વાદની [illegible]
જિનેશ્વરોની આરાધના અને [illegible]
આત્માની આરાધના [illegible] સ્યાદ્વાદની [illegible]
નિર્મલ બની આત્મસ્વરૂપને પામી [illegible]
સમર્થ બને છે. જ્યાં અનેકાંતની [illegible]
અને મમતા પણ રહેતી નથી

વિષયમાં આસકિતભાવ બહુ સતાવે છે અને પીડ ઉપજાવી દુઃખી દુઃખી બનાવી મૂકે છે. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાની સારી રીતે જાણતા હોવાથી વિષયોના ફંદામાં ફસાતા નથી; પણ તેઓને દૂર કરવા દરરોજ વિચારો કરતા હોય છે અને શકય પ્રયાસ કરવામા ખામી રાખતા નથી. ત્યારે વિષય સુખરસિકો, તે સુખમાં મગ્ન બનવા માટે વિવિધ વિચારો અને પ્રયાસ કરતાં હોય છે તેથી તેમા ફસાઈ વિવિધ વ્યાધિગ્રસ્ત બને છે.

૫૭૯. આપણી મહત્વાકાંક્ષાઓવડે આપણે ઉચ્ચતાના શિખરે આરૂઢ થઇએ છીએ, અને ઉચ્ચ આદર્શ હોય તો જ પ્રાપ્ત થએલા ઉત્તમ સાધનો–નિમિત્તો ફલીભૂત થાય છે, માટે ઉચ્ચતાને પ્રાપ્ત કરવી હોય તો ઊંચા વિચારો અને ઉચ્ચ ઇચ્છાઓ રાખો. હલકા વિચારો અને હલકી નીચ ઇચ્છાથી તો આગળ વધાતું નથી તેમજ જે સ્થિતિ છે તેમાંથી પતિત થવાય છે તથા મહત્વાકાક્ષા સાથે પ્રયત્ન પણ પ્રબલ હોય તો જ ધારેલા કાર્યો પાર ઉતરે છે. જો પ્રમાદ–આળસ વિગેરેનો પ્રવેશ થાય તો મહત્વાકાક્ષા વિફલ બને છે; આપણી ઇચ્છાઓ આગળ પડતી કઈ છે તેનો બરોબર ખ્યાલ કરીને પ્રમાદ, આળસ વિગેરેને નિવારી શકય પ્રયત્ન કરતા રહેવું જોઇએ. સાથે સાથે કાર્ય કરવાની વિધિને પણ જાણવાની આવશ્યકતા રહેલી છે. પ્રબલ ઇચ્છા–રીતસર વિધિ અને પુરુષાર્થ અવશ્ય કાર્યની સિદ્ધિ કરી શકે છે, ફકત ઇચ્છાઓ કરવાથી કાર્ય સિદ્ધિ પામતું નથી.

મહત્વાકાક્ષાઓ મૂકી દેવા જેવી નથી જ. ઇચ્છા હશે તો સમય મળતાં પ્રયત્ન થશે અને કાર્ય સધાશે.

મહત્ત્વાકાંક્ષાઓને વિકૃત કરનાર તો કોઈ હોય તો ક્રોધ-માન-માયા અને લોભની અતિરેકતા છે. આ કષાયના [illegible] મહત્ત્વાકાંક્ષાઓને નાશ કરી હલકી અને નીચ ઇચ્છાઓને [illegible] છે. વિચારો પણ હલકા અને અધમ થયા કરે [illegible] ને કેળવવાની ખાસ જરૂર છે. સંયમ ત્રણ પ્રકારનો [illegible] માનસિક, વાચિક અને કાયિક; માનસિક સંયમ તે [illegible] સારા અને મહત્તાના વિચારો કરવા-ઉચ્ચ અભિલાષા [illegible] અને વિચાર-વિવેકપૂર્વક હલકી અભિલાષાઓનો [illegible] તથા વાચિક સંયમ તે કહેવાય કે [illegible] પ્રયત્ન રહેતો હોય.

કાયિક સંયમ, તે કે [illegible] હોય અને અનાચારોનો ત્યાગ હોય. [illegible] [illegible] અને [illegible] [illegible] ત્યાગ કરવાપૂર્વક [illegible] [illegible] કેળવવાનો [illegible]

આત્માના ગુણો તરફ દૃષ્ટિ રાખનાર અને તે તે ગુણોને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરનારની પાસે વિષયો અને કષાયો ભાગતા ફરે છે અને કષાય-વિષયના અનુયાયીઓ ભય-ચિન્તા-પરિતાપ-વ્યાધિ વિગેરે પણ પાસે આવી શકતા નથી. મહાન્ થવાની અભિલાષાવાળાઓ, આત્મિક ગુણો તરફ લક્ષ્ય રાખે નહી તો તે અભિલાષા કયાથી પૂર્ણ થાય? અનંત શકિતના સ્વામી આત્માની આરાધનામા તેમજ તેની સાધનામાં બરોબર લક્ષ્ય રાખીને લીનતા કરનારને દુઃખો રહેતા નથી, માટે આત્માના ગુણો તરફ લક્ષ્ય રાખવા પ્રયત્ન કરવાની આવશ્યકતા છે.

દુન્યવી પદાર્થોના સંયોગો તથા નિમિત્તો દુઃખદાયી નથી, પણ દુઃખદાયક જો કોઈ હોય તો રાગ-દ્વેષ-મોહ-અજ્ઞાનતા-અહંકાર અને મમતા વિગેરે મૂલ કારણો છે. જયા સુધી આ રાગાદિક મૂલ કારણો રહેલા છે ત્યા સુધી કોઈ પણ પ્રકારે પ્રાણીઓને સાચી સુખશાતિ ઉપલબ્ધ થતી નથી. ક્ષણભંગુર વસ્તુઓમા સત્ય સુખ આપવાની શકિત કયાથી હોય? હરગીજ હોય નહી.

૫૮૧. નિર્મલ ચારિત્ર પાળો. શરીરશોભા-સાહ્યબી અને સંપત્તિ માટે મનુષ્યો વિવિધ કષ્ટોને સહન કરીને સુખની અભિલાષા રાખી રહેલ છે, પણ તે સુખ, દુઃખમિશ્રિત છે. દુઃખરહિત સુખને મેળવવું હોય તો દુન્યવી સુખનો ભોગ આપો અને નિર્મલ ચારિત્રનું પાલન કરો. નિર્મલ ચારિત્રના પાલન વિના દુઃખરહિત સુખ કદાપિ મળી શકશે નહી જ. ચારિત્રની આરાધનામાં જે કષ્ટો સહન કરાય છે, તે વૃથા જતા નથી, પણ તેથી આત્મોન્નતિ થવાપૂર્વક સમ્યગ્જ્ઞાનાદિકની પ્રાપ્તિ

[illegible] છે: અહંકાર, મમતા, અટેખાઈ વિગેરે [illegible]
અને અનંત શક્તિ આપોઆપ આવી મળે [illegible]
સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ ધન [illegible]
છે રાંકાદિ દોષો નથી; અને આત્મિક ગુણો [illegible]
સમ્યગ્જ્ઞાનીઓ. જે જે કહ્યું આવે છે તેમ [illegible]
વાદી તેવા વર્ણવે ગણાતા નથી મને [illegible]

૫૮૨. જેમ અર્થ અને કામના [illegible]
[illegible]ને માટે ભયંકર [illegible]
[illegible] અને કામની પ્રાપ્તિ [illegible]
[illegible] ધર્મ અને મોક્ષના [illegible]
[illegible]ની પ્રાપ્તિ [illegible] તે વિદ્યાના-[illegible]
[illegible] રાગ-દ્વેષ અને મોહને [illegible]
[illegible]તાનો આવિર્ભાવ થાય છે [illegible]
[illegible] પરંપરા [illegible]
[illegible] અનંતા નથી, અને [illegible]
[illegible] ધર્મ અને મોક્ષ માટે [illegible]
[illegible] કરવું [illegible]
[illegible] પડે તો [illegible]
[illegible]

૫૮૪. **પાપભીરુ બનો**–પાપ કરતાં પાપ જાહેરાતમાં આવે, તેનો ભય, મનુષ્યોને અધિક હોય છે; તેથી જ તે પાપને છૂપાવવા માટે કોઇ ધર્મક્રિયા કરવાનો દેખાવ કરે છે, કોઇ વળી લાચ રૂશ્વત આપે છે, તેમ જ અધિક વિનય–વૈયાવચ્ચ પણ કરે છે છતાં પાપો છૂપા રહેતા નથી. જો પાપ જાહેર થવાની ભીરુતા કરતાં પાપની ભીરુતા રખાય તો પાપોથી પાછું હઠાય અને સદ્ગુણો આવીને વસે.

૫૮૫. **પ્રાણોના આધારે** જીવન પસાર થાય છે, તે મુજબ સત્ય ધાર્મિક ક્રિયાના આધારે જીવનની સફલતા થાય છે અને આત્મોન્નતિમા આગળ વધાય છે. સત્ય ક્રિયાઓ તે પ્રાણો છે.

૫૮૬. **અહિંસા ત્યાગમાં છે.** રાગ–દ્વેષ–મોહ–મમતા તથા અહંકાર, અદેખાઈ, નિન્દા વિગેરેના ત્યાગ સિવાય અહિંસા ધર્મનું પાલન થવું તે અશક્ય છે. અહિંસા, રાગાદિકનો ત્યાગ માગે છે. તમારી પાસે અહિંસા, સત્યાદિકરૂપી ધન હશે તો વિંડબના–વિપત્તિઓ આવશે નહી; કદાચ પાપોદયે આવશે તોપણ ખસી જશે અને તેઓનું જોર ચાલશે નહી.

૫૮૭. **સાચી અને અખૂટ સુંદરતા તમારી કાયા–માયામાં નથી,** પરંતુ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં રહેલ છે માટે સુંદરતાને કાયમ રાખવી હોય તો વૈરાગ્ય–સંવેગ વિગેરે સદ્ગુણોને ધારવાપૂર્વક ચારિત્રની સારી રીતે આરાધના કરો. ચારિત્રમા જ સત્ય છે–સુંદરતા છે.

૫૮૮. **વૃક્ષની પોલાણે પેઠેલો અગ્નિ, વૃક્ષને ટકવા**

દેતો નથી તે પ્રમાણે મનુષ્યોમાં પેઠેલા [illegible]
અદેખાઈ વિગેરે દુર્ગુણો મનુષ્યોના જીવનને [illegible] કરે છે.

૫૮૯. તમારા અપરાધીઓને શિક્ષા [illegible]
તકલીફ તમો લેતા નથી તે અપરાધીઓને શિક્ષા [illegible]
શાન્ત સર્વત્ર-સર્વથા અને સર્વદા તૈયાર છે [illegible]
શિક્ષા કરી શકતો નથી, અને શિક્ષાઓ [illegible]
એવડા અંધાશો, ઓટલે બાંધોબધા [illegible]

૫૯૦. જ્યારે માનસિક દુષ્ટિઓ, [illegible]
માંગી રહેલ છે ત્યારે પાને [illegible]
[illegible] દુઃખદ્વારે [illegible]
[illegible] અને નિર્વિકારી [illegible]

[illegible] દુઃખ

સમતા–માયાનું મૂલ મિથ્યાત્વ અને સત્યનું મૂલ સમકિત, રોગનું મૂલ ભોગ અને ભોગનું મૂલ સંયોગ.

૫૯૪. ચારિત્ર લેવાની ભાવનાના બલથી સમકિતી, વૈમાનિક દેવના આયુષ્યને બાંધે છે; એટલે સમકિતીને ચારિત્ર લેવાની ભાવના હોય અને અવસર મળતાં સંયોગોનો ત્યાગ કરી ચારિત્ર લે.

૫૯૫. વૈદ્યો કહે છે કે–મરીની સાથે સંચળના સેવનથી હડકાયા કૂતરાનું ઝેર ઉતરે છે. તે પ્રમાણે નમ્રતા અને સરલતાના સેવનથી વેરનું ઝેર ઉતરે છે અને વૈરની પરંપરા અટકે, તેથી મોક્ષમાર્ગમા ગમન કરતા માનવોને વિઘ્નો આવતા નથી.

મરી સાથે કરીઆતાના સેવનથી કમળો મટે છે. તે પ્રમાણે સમ્યગ્જ્ઞાન સાથે સમતાના સેવનથી અનાદિકાલીન ભ્રમણાઓ ટળે છે.

૫૯૬. ટંકણખાર સાથે મરી ખાવાથી પેટમા થએલ બરોલ મટે છે. તે મુજબ પ્રશમ અને વૈરાગ્યથી અન્તરના કામ, ક્રોધાદિક શાત થાય છે.

૫૯૭. આંબળા સાથે મરીના સેવનથી પિત્ત મટે અને જીરા સાથે મરી લેવાથી રક્તપિત્ત મટે તથા બહેડા સાથે મરીના સેવનથી ઉધરસ મટે તે પ્રમાણે આસક્તિના અભાવથી તથા અહંકારના ત્યાગથી અને ગમ ખાવાથી ભવોભવની વિડંબનાઓ અટકે છે અને સમ્યગ્જ્ઞાની બનાય છે.

૫૯૮. મરી સાથે ઘોડાવજને ઘસી ડંખ ઉપર ચોપડ-

૬૧૬. **ન્યાય, નીતિ અને ધર્મના સંસ્કારોનો વારસો પુત્રોને આપવો તે સાચો વારસો છે,** કારણ કે તેથી ધનાદિકના વારસાને તે વારસો સફલ બનાવે છે, એટલે તે ધાર્મિક વારસો ધનાદિક વારસાનો સદુપયોગ કરાવે છે. તમે પ્રથમ કયા વારસાને આપશો? કર્મોનો નાશ કરવા કટિબદ્ધ બનેલ માનવી, કડીઆરો અને સુતાર જેમ કાષ્ઠને કાપતા એકાગ્રતા ધારણ કરે છે તે પ્રમાણે એકાગ્રતા ધારણ કરે તો તે કર્મકાષ્ઠને કાપે પરંતુ જો એકાગ્રતાનો ત્યાગ કરી આડું-અવળું જુએ તો કાષ્ટને બદલે પગમા કુઠાર વાગે અને કાષ્ઠ કપાય નહી; તે પ્રમાણે સ્થિરતા ન હોય તો આર્તધ્યાન-રૌદ્ર-ધ્યાનરૂપી કુઠાર ઘણું નુકશાન કરી નાખે; માટે દરેક ક્રિયાઓમાં એકાગ્રતાની આવશ્યકતા છે.

૬૧૭. **પચીસ વર્ષ સુધી માતપિતા તરફથી પડેલા સુસંસ્કારો** તથા ગુરુદેવે આપેલા સુવિચારો નીચ હલકા મનુષ્યની સંગતિથી એક જ દિવસમાં પરિવર્તન પામી કુસંસ્કારો આવીને સ્થાન લે છે. કુસંસ્કારી સ્ત્રીના એક દિવસના સહ-વાસથી સારા સંસ્કારી પુત્રના વિચારો ફરી જાય છે, માટે સારા નિમિત્તોની ખાસ જરૂર રહેલી છે.

૬૧૮. **શુભ નિમિત્તો** સારા સંસ્કારોને સ્થિર કરી શુદ્ધ આત્મગુણોને ઓળખાવે છે, તેમ ખરાબ નિમિત્તો તેથી વિપરીત પરિણામ લાવી આત્મધર્મથી પતન કરાવે છે, માટે પૈસાઓ કરતાં શુભ નિમિત્તો અત્યંત કીમતી છે, અને વિવિધ વિપત્તિ-ઓમા પૂરેપૂરો સહકાર આપે છે; હિંમત-નિર્ભયતા-ઉદારતા, પાપભીરુતા વિગેરે પણ આવી નિવાસ કરે છે.

૬૧૯. કટુક વચનો સાંભળી કરીને ક્રોધાતુર બનેલા નાડી, પણ વિચાર કરીને સહન કરી લે. [illegible] ક્ષમાને ધારણ કરવાપૂર્વક શાંતભાવે [illegible] વાની ભાવના લક્ષમાં રાખીને દૂર કરી શકે [illegible] કરે તો અધિક સહન કરવાની શક્તિ લક્ષમાં [illegible] સહન કરવામાં ઉભય તરફથી લાભ મળે.

૬૨૦. સાધુને કોઈ ને કોઈ બાબતમાં [illegible] ક્રોધાતુર તરત બનેલા, બાયલા-માણસોમાં [illegible] બનેલા, કરોડિયાં કાઢવા માટે નીકળ બનેલ [illegible] લડાઈમાં જયમાલા પામેલ [illegible] સહન કરવા સમર્થ બનતો નથી. [illegible] પોતાની મેળવી શકતો નથી. [illegible] તેનાં [illegible] પ્રાપ્ત કરી શકે છે.

છે અને શંકાઓને ધારણ કરતાં સહજ બાબતમાં પણ ભડકતા રહે છે.

૬૨૩. **જૈનત્વને ઓળખાવવા** તથા તેની સાર્થકતા કરવા લોકોત્તર વિચાર, ઉચ્ચાર અને આચારની આવશ્યકતા છે; સત્તા-સાહ્યબી નહી હોય તો પણ ચાલશે.

૬૨૪. **દેવની સાહ્યબીથી પણ જૈનત્વ આવશે નહી,** પરંતુ જ્યારે સાત કર્મોની સ્થિતિ એક કોટાકોટી તેમાં પણ ઊણી સ્થિતિ થશે ત્યારે જૈનત્વ આવશે માટે જૈનત્વનો લાભ લેવો હોય તો કર્મકાટ કાઢો.

૬૨૫. **પ્રગતિ કે આત્મોન્નતિમાં** જેટલી સંપત્તિની જરૂર છે તેટલી વિપત્તિની પણ જરૂર છે. **વિપત્તિ આત્મોન્નતિની પરીક્ષા છે-કસોટી છે.**

૬૨૬. **આજ્ઞા—'आणाए धम्मो' જિનેશ્વરની કે સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે** કરેલી ભક્તિ, મુક્તિને ખેંચી લાવે છે. તેથી આજ્ઞા મુજબ ભક્તિ કરવાની ભાવના સદા રાખવી; આ પ્રમાણે ભક્તિ કરવાથી દુઃખોને દૂર કરવા કુયુક્તિઓ કરવી પડશે નહી.

૬૨૭. **તમારી પાસે યથેચ્છ સત્તા,** સંપત્તિ કે સાહ્યબી નહી હોય તો તમો ચલાવી લેજો પણ સત્ય, સંયમ અને તપ વિના ચાલશે નહી; માટે કોઇ પણ ઉપાયે તેને મેળવવા કોશીષ કરજો; તેના વિના કદાપિ જીવનમાં બીલકુલ ચાલશે નહી.

૬૨૮. **વિચારક મનુષ્યોએ, આ પણ વિચાર કરવાની અગત્યતા રહેલી છે,** કે અમો આત્મવિકાસ-આત્મ-

૬૩૧ બરફની માફક ભરયુવાનીને ઓગળતા વાર લાગતી નથી. તથા સંધ્યાના રંગની માફક મળેલી સંપત્તિને ઓસરતા વિલંબ થતો નથી. તેમજ કરમાએલ પુષ્પોની માફક જીવનને કરમાતાં વખત લાગતો નથી; માટે જ્યા સુધી જુવાની-સંપત્તિ અને જીવન હોય ત્યા સુધી પરમાર્થને સાધવા પુરુષાર્થ કરવો, તે બુદ્ધિમાનોનું કર્તવ્ય છે.

૬૩૨ વિષયનું સ્મરણ પણ હાનિકારક છે. વિષયોનું સ્મરણ પણ કોઇ વખતે તેમજ સદાય નુકશાન કરી નાખે છે. ભણનારને ભૂલાવી ઉન્માર્ગે ઘસડી લઈ જાય છે. જપ તપની આરાધના કરનારને તે વિષયનું સ્મરણ સ્થિર રહેવા દેતું નથી અને ભક્તિમાં-ભજનમાં જે રંગ લાગ્યો હોય તેમા ભંગ પડાવીને હતાશ બનાવે છે. બ્રહ્મચર્યવ્રતને ધૂળધાણી કરાવનાર જો કોઇ હોય તો વિષયોનું સ્મરણ છે. કોઇ પણ કાર્ય કરતી વેળાએ જો વિષયનું સ્મરણ થયું તો તે કાર્ય રીતસર થશે નહી; માટે તેઓનું સ્મરણ પણ ન થાય તે માટે ઘણો ઉપયોગ રાખવાની આવશ્યકતા છે ચિત્તની સ્થિરતા વિના સારા વિચારો સ્ફુરતા નથી અને વિવિધ કાર્યોમા વિઘ્નો આવી ઉપસ્થિત થાય છે. ચિત્તની ચંચલતાને વધારનાર વિષય સ્મરણ છે માટે તેવા વખતે અનિત્યાદિ ભાવનાને ભાવી, ચંચળ બનેલા મનને સ્થિર કરીને સારા કાર્યોમાં તેને જોડવું જોઇએ.

સારા નિમિત્તોના આધારે વિષયોનું સ્મરણ થતું નથી. ચક્ષુઓને અને કાનને દેવ-દર્શનાદિ નિમિત્તોમાં સ્થિર કરવાં કે તેનાથી ખસીને બીજે ભટકે નહિ; તેમજ વિકાર ન થાય, ખોટા વિચારો ન આવે તે માટે ખાવા-પીવામાં બહુ સાદાઇ

ખોરાકી બરાબર પચે નહી ત્યારે વિકારો થાય છે અને ઉપજેલા વિકારો મન-તનને બગાડી નાંખે છે. જેણે જીભને વશ કરી છે તેણે પોતાના જીવને વશ કર્યો એમ કહી શકાય.

૬૩૪. મન, વચન અને કાયાથી બ્રહ્મચર્ય પાલનારને પ્રથમ શારીરિક શક્તિ જાગવાપૂર્વક મન સ્થિર થતાં માનસિક દુષ્ટ સંકલ્પવિકલ્પો વિલય પામે છે. અને આત્માના સ્વરૂપનો અનુભવ આવતો રહે છે, પછી તેઓને દંભ-કપટકલા કરવાની જરૂર રહેતી નથી; કારણ કે જે કલ્પનાજન્ય સુખને ખાતર દંભ-પ્રપંચ કરે છે તે સુખ તો સ્વયમેવ આત્મવિકાસ થતાં વિલય પામેલું હોય છે. અને સાચા સુખનો સાગર પોતાની પાસે રહેલ છે; એટલે તુચ્છ અને હલકા સુખની ખાતર તેને મેળવવાનો વિચાર પણ હોતો નથી, પરંતુ જેઓ ત્રિધા બ્રહ્મચર્ય પાલવામાં સમર્થ નથી તેઓ, હલકામાં હલકા અને તુચ્છમાં તુચ્છ, કલ્પનાજન્ય સુખ ખાતર દંભ કરે છે અને કરતા રહે છે, પણ જ્યારે તે સુખ દગો દે છે ત્યારે તેઓની ક્ષણભર આખો ઉઘડી પાછી મીંચાઇ જાય છે અને કલ્પનાજન્ય સુખ ખાતર વળી પ્રયાસ કરતા હોય છે એટલે તેઓને આધિ, વ્યાધિ અને ઉપાધિનો પાર આવતો નથી. આવા કારણોથી તેઓ દુઃખી દુઃખી રહ્યા કરે છે. એટલે સાચા સુખનો આસ્વાદ લેવા બેનસીબ બને છે; માટે દ્રવ્ય અને ભાવથી બ્રહ્મચર્ય પાળવા માટે બાહ્યભાવમા જે વૃત્તિઓ પરિભ્રમણ કરી રહેલ છે, તેને અન્તરમાં વાળો અને ક્ષણે ક્ષણે મનના વિચારોને તપાસો. કાયિક બ્રહ્મચર્ય શારીરિક બલમાં વધારો કરે છે અને માનસિક બ્રહ્મચર્ય આત્મગુણમાં સ્થિર

શ્યક છે. સુખ તો તમારી પાસે નિરન્તર સદાય રહેલું છે કદાપિ તેનો વિયોગ થયો નથી–અને થશે પણ નહી, પરંતુ તેને માટે તમોએ વિચાર સરખો પણ કર્યો નથી, તો તે સુખ ક્યાથી મલે ? નિમિત્તો તરફ નજર કરો છો–તેઓના વિચારો ઘડી પણ ભૂલાતા નથી–અને અથાગ પ્રયાસો કરવામા આવે છે; ધાર્યા પ્રમાણે સારા નિમિત્તો ન મળતા શોકાતુર થાઓ છો, પણ સત્ય સુખના સાધન તરફ નજર પણ કરતા નથી અને સુખની ઝંખના કર્યા કરો છો તે બરોબર નથી, માટે મન અને તનને પ્રથમ વશ કરો.

૬૩૬. **ભૂલોને સુધારો.** ભૂલો બે પ્રકારે થાય છે; જાણતાં થાય છે અને અજાણતાં પણ થાય છે. મોહનીય કર્મના ઉદયે જાણતાં છતાં પણ ભૂલો થાય છે, તેનું કારણ તે કર્મે આત્મશક્તિને દબાવેલી છે–તેથી શાસ્ત્રોક્ત શક્તિ ફોરવી શકાતી નથી; પરંતુ જાણે છે તો ખરો કે આ ભૂલો થાય છે! અને જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષાયિક ભાવ થાય તો, ભૂલો–અપરાધો થાય નહી; તેથી મોહનીય કર્મનો નાશ કરવા માટે સત્સંગ–શાસ્ત્રશ્રવણાદિકની ખાસ અગત્યતા રહેલી છે. શાસ્ત્રશ્રવણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે અને ભાન થતાં આત્મગુણોનું સ્મરણ થાય છે, સ્મરણ થતાં તે ગુણોને મેળવવાનો પ્રયાસ શરૂ છે અને તે માટે પ્રયાસ કરતાં મોહનીય કર્મ રહી શકતું નથ જ્યારે મોહનીય કર્મ ટળે છે ત્યારે જ્ઞાનાવરણીય કર્મ નાશ પામતાં અંતરાય કર્મોનું જોર ચાલતું નથી અને આત્મા કેવલજ્ઞાનને પામે છે એટલે અનંત જ્ઞાન–દર્શન–ચારિત્ર–અનંત સુખનો આવિર્ભાવ આપોઆપ થાય છે. જન્મ–મરણના તેમજ આધિ,

સુખની આસક્તિ રહેલ હોવાથી નિદાનને જાણવાની મતિ-બુદ્ધિ થતી નથી. નરકમાં અત્યંત યાતનાઓ રહેલી હોવાથી સુખ-દુઃખના નિદાનોને જાણવાનો વિચાર આવતો નથી માટે **મનુષ્યભવમાં વિચાર અને વિવેક હોવાથી તેમજ સત્સમાગમ હોવાથી સુખ-દુઃખના નિદાનો જાણી શકાય છે અને પછી દુઃખને ટાળવાનો અને સુખને પ્રાપ્ત કરવાનો ઉપાય થાય છે.** સત્ય ઉપાયવડે દુઃખો રહેતા નથી, માટે પ્રથમ નિદાન જાણવાની કોશીશ કરવી જરૂરી છે. ધનવાન થવાની ઇચ્છાવાળો, તેના નિદાનને જાણે છે, ત્યારપછી જ ધન-સંપત્તિ-વૈભવાદિ મેળવી શકે છે.

૬૩૮. **અસંતોષીને અનુકૂલ સાધનો હોતે પણ ચિન્તાઓ ખસતી નથી.** અસંતોષીને, ધનાદિક યથેચ્છ મળ્યું હોય તો પણ સુખ મળતું નથી, અને સંતોષીને જીવન-નિર્વાહ પૂરતું સાધન મળ્યું હોય તો પણ આનંદ રહે છે. માટે બાહ્યવસ્તુ ઉપર સુખ-દુઃખનો આધાર નથી. તેથી સંતોષને કેળવવા માટે સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરવું આવશ્યક છે. જ્ઞાન-અને ક્રિયા, જીવનનું ઘડતર છે. જ્ઞાન-ક્રિયાવડે ઘડેલું જીવન, સંતોષી બને છે એટલે અહંકાર અને મમતાને રહેવાનો અવકાશ મળતો નથી. આ સિવાય ચક્રવર્તીની કે દેવની સાહ્યબી હોય તો પણ સત્યસુખ સ્વપ્ને પણ ઉપલબ્ધ થતું નથી. **હવે સંતોષ આવે ક્યારે ? તેના જવાબમાં કહેવામાં આવે છે કે-પદાર્થોની ક્ષણભંગુરતાનો ક્ષણે ક્ષણે વિચાર કરે તો તેમજ સમયે સમયે તે પદાર્થોના પર્યાયોના પરિવર્તનનો વિવેક લાવે તો સંતોષ આવી શકે-એટલે**

કોઇ પણ પ્રકારે રહેતી નથી; કારણ કે એવા કેટલાક મનુષ્યો કંકાસ–મારામારી–અદેખાઇ વિગેરેમાં સુખ માની રહેલા છે અને દુર્જનતામાં બહાદુરી માની બેઠેલ છે. પોતાને સુખશાંતિ રહે અને અન્ય પ્રાણીઓ સુખશાતિમા રહે તે માટે સજ્જનતા તથા ધાર્મિકતા કેળવવાની ખાસ અગત્યતા રહેલી છે. તે સિવાય મનુષ્યનું જીવન પશુતુલ્ય ગણાય. મનુષ્ય જીવનનો સત્ય લહાવો–સજ્જનતા અને ધાર્મિકતામાં જ રહેલો છે અને આત્મિક-શક્તિનો વિકાસ, સમાજોન્નતિ અને રાષ્ટ્રઉન્નતિ પણ તેમાં જ રહેલી છે; માટે સત્તા–ધનાદિક મળે ત્યારે ધાર્મિકતાને ભૂલવી જોઇએ નહી.

૬૪૦. **વિચક્ષણ અને સુજ્ઞ મનુષ્ય તે જ ગણાય કે** જે વર્તમાનકાલમાં સદાચારોથી આત્મવિકાસ સાધી ભવિષ્ય કાલને સુધારે, ભૂતકાલના સર્વ ખરાબ વિચારોને–વર્તનને, સદાચારોથી આવવા અવકાશ આપે નહી, અને આગળ આગળ સદાચારોનું દૃઢતાથી પાલન કરી પરોપકારનાં કાર્યો કરે.

૬૪૧. **પાત્રતા પ્રાપ્ત કરો.** મેઘનું પાણી, પાત્રતા પ્રમાણે ફલીભૂત થાય છે તેમ જ્ઞાની પુરુષોની વાણી પાત્રતા પ્રમાણે ફલ આપે છે. કેટલાકને તે પાણી અને વાણી ફલતી નથી તેમાં કહેનારાનો દોષ નથી. પણ પાત્રતાની ખામીનો દોષ છે માટે પાણી–વાણીને દોષ દેનાર મૂર્ખશિરોમણિ કહેવાય! જો પાત્રતા કેળવાય તો પાણી અને વાણી લાભ આપ્યા સિવાય રહે નહી, માટે પાત્રતાને મેળવો.

૬૪૨ **ધન્વંતરી વૈદ્ય.** શરીરના વ્યાધિઓને દૂર કરવા માટે, શુભ વિચારો એટલે આનંદ આવે તેવા વિચારોના જેવો

માટે દવા લેશો અને "કરી" પાલીને દવા ખાશો તો પણ ભવરોગ ખસવાનો નહી; તે તો કાયમ રહેવાનો જ. જો ભવરોગ દૂર કરવા મહાવૈદ્ય-વીતરાગની આજ્ઞા મુજબ વર્તન કરશો તો વૈદ્યોની દવા લેવાની આવશ્યકતા રહેશે નહી અને ભવરોગની સાથે શારીરિક તેમજ માનસિક રોગો જરૂર ખસવાના; માટે પ્રથમ વીતરાગની આજ્ઞા મુજબ વર્તો.

૬૪૯. સૂર્યનો પ્રકાશ બહુ બહુ તો ઉનાળામાં ચાદ કલાક રહે છે. પાછો અંધકાર આવીને જગતને ઘેરી લે છે; પણ જો વિષય કષાયના ત્યાગ કરવાપૂર્વક સમ્યગ્જ્ઞાનના યોગે જે આત્મિક પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય છે તે સદાય કાયમ રહેવાનો અને ભવાન્તરમાં પણ સાથે ને સાથે આવવાનો; કોઇ તેને હઠાવી શકશે નહી.

૬૫૦. દુન્યવી પદાર્થોના રાગને લઇ તમોએ દરિયા-ડુંગરાઓને ઓળંઘ્યા, અને ક્ષુધા-પિપાસાદિ કષ્ટોને સહ્યા, પરંતુ હજી સંસારસાગર તરવો બાકી છે તે તર્યા સિવાય અને ઘાતિ કર્મોને દૂર કર્યા વિના સાચા પદાર્થો નહી જ મળે.

૬૫૧. રાજા-મહારાજાની મહેરબાની મેળવવા માટે દેહ-ગેહ-કુટુંબ-કામિની વિગેરેની પરવા રાખી નહી અને તેઓની આજ્ઞા પ્રમાણે વર્તન કરવામાં ઉભે પગે-ખડાખડા રહ્યા તો પણ ઇચ્છા મુજબ મળ્યું નહી અને આશા પૂર્ણ થઇ નહી. પણ પરમાત્માની મહેરબાની મેળવવા માટે જો દેહ-ગેહ-કુટુંબ-કબીલા-કામિની અને કંચન ઉપરથી મમતાને ઉતારી તેમની આજ્ઞા પ્રમાણે વર્તન રાખ્યું હોત તો આધિ-વ્યાધિ રહેત નહી.

૨૭ કાવ્યસંગ્રહ ભાગ ૭ મો.	૦–૮–૦
૨૮ જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ	૦–૩–૦
૨૯ કુમારપાલ (હિંદી)	૦–૬–૦
૩૦ થી ૩૪ સુખસાગર ગુરુગીતા ગ્રન્થ ૫.	૦–૪–૦
૩૫ ષડ્દ્રવ્યવિચાર (આવૃત્તિ ૩)	૦–૪–૦
૩૬ વિજાપુર વૃત્તાંત ન્હાનું.	૦–૪–૦
૩૭ સાબરમતી ગુણુશિક્ષણ કાવ્ય	૦–૬–૦
૩૮ પ્રતિજ્ઞાપાલન.	૦–૫–૦
૩૯–૪૦–૪૧ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા	૧–૦–૦
૪૦ સંઘપ્રગતિ આ ૨ જી. પૃષ્ઠ ૧૧૨	૧–૦–૦
૪૨ જૈનધાતુપ્રતિમા લેખસગ્રહ ભાગ ૧.	૧–૦–૦
૪૩ મિત્રમૈત્રી.	૦–૮–૦
૪૪ શિષ્યોપનિષદ્	૦–૨–૦
૪૫ જૈનોપનિષદ્	૦–૨–૦
૪૬–૪૭ ધાર્મિક ગદ્યસગ્રહ તથા પત્રસદુપદેશ ભા. ૧	૩–૦–૦
૪૮ ભજનસગ્રહ ભા ૮	૩–૦–૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૧. (આ. ૨)	૨–૮–૦
૪૯ શ્રીમદ્ દેવચંદ્ર ભા ૧ ના ચાર કટકા જુદા પાકા બાંધેલા ૧–દેવચંદ્ર ચોવીસી રૂ. ૦।।।, ૨–નયચક્રસાર રૂ. ૦।।।, ૩–કર્મ-ગ્રન્થ રૂ ૦।।।ન્ન, ૪–વિચારરત્નસાર. રૂ ૧)	
૫૦ કર્મયોગ. (આવૃતિ બીજી) પૃષ્ઠ ૮૦૮	૧૨–૮–૦
૫૧ આત્મદર્શન	૦–૧૦–૦
૫૨ ભારતસહકારશિક્ષણ કાવ્ય	૦–૧૦–૦
૫૩ શ્રીમદ્ દેવચંદ્ર ભા. ૨, (આ. ૨)	૨–૮–૦
૫૪ ગહુંલી સગ્રહ ભા. ૨, (આ. ૨)	૦–૬–૦
૫૪ ગહુંલી સગ્રહ ભા. ૧–૨ બેગા પાકા બાંધેલા	૦–૧૨–૦
૫૫ કર્મપ્રકૃતિટીકા ભાષાંતર.	૩–૦–૦

૯૧ શોકવિનાશક ગ્રંથ	૦–૧–૦
૯૨ તત્ત્વવિચાર.	૦–૬–૦
૯૩–૯૭ અધ્યાત્મગીતા વિ. સંસ્કૃત ગ્રંથ ૫	૧–૦–૦
૯૮ જૈનસૂત્રમાં મૂર્તિપૂજા.	૦–૩–૦
૯૯ શ્રી યશોવિજયજી નિબંધ	૦–૬–૦
૧૦૦ ભજનપદ સંગ્રહ ભાગ ૧૧	૦–૧૨–૦
૧૦૧ ભજનપદ સંગ્રહ ભા. ૧, ૨ (આ. ૪ થી) પૃષ્ઠ ૪૧૬	૨–૮–૦
૧૦૨ ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત.	૧–૪–૦
૧૦૩–૪ શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ	૦–૧૨–૦
૧૦૫ મુદ્રિતજૈન શ્વે. ગ્રન્થગાઇડ	૧–૮–૦
૧૦૬ કક્કાવલિ–સુબોધ	૧–૪–૦
૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહિત)	૦–૧૦ ૦
૧૦૮ પત્ર સદુપદેશ ભાગ ૩	૦–૬–૦
૧૦૯ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વર સ્મારક ગ્રંથ	૦–૧૨–૦
૧૧૦ પ્રેમગીતા–સંસ્કૃત.	૦–૬–૦
૧૧૧ યોગનિષ્ઠ આચાર્ય–શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજીનું વિસ્તૃત જીવનચરિત્ર. પૃષ્ઠ ૮૦૦	૧૧–૦–૦
૧૧૨ અધ્યાત્મસાર.	૦–૧૨–૦
૧૧૩ આંતરજ્યોતિ	૫–૦–૦

ગ્રંથો માટે પત્રવ્યવહારનું સ્થળ—

શ્રી વિજાપુર (ગુજરાત.) શ્રી બુદ્ધિસાગરજીસૂરિ જ્ઞાનમંદિર તથા

મંત્રીઓ શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ—મુંબઈ

C/o મંગળદાસ લલ્લુભાઇ ઘડિયાળી

ટે. ૩૪૭, કાલબાદેવી રોડ,–મુંબઇ ૨

આ સૂચીપત્રમાં મોટા ટાઇપે છપાયલા નામવાળા ગ્રંથો છેલ્લા ત્રણ વર્ષમાં નવી આવૃત્તિપૂર્વક ફરીથી છપાયલા છે